ॐ

સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય મુનિમહારાજ

શ્રી શ્રી શ્રી ૧૦૦૮

ચારિત્રવિજયજી મહારાજ લિખિત

લેખસંગ્રહ.

પ્રથમ ભાગ.

પ્રસિદ્ધ કર્ત્તા

મેસર્સ મેઘજી હીરજીની કંપની,

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

પાયધુની, નં ૫૬૬, મુંબઈ.

વીર સંવત ૨૪૩૯ વિક્રમ સં ૧૯૬૮

મૂલ્ય આઠ આના

અમદાવાદ
પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસમાં
ઠાકોરલાલ પરમાણંદરાય ઠાકોરે છાપ્યો



ગ્રંથકાર વ્યાખ્યાન પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ
શા૦ વિ૦ શ્રી૦ ૧૦૮ શ્રી ચારિત્રવિજયજી.

Shri Krishna Printing Press Anantwadi Bombay 2

સમર્પણ.

શ્રીમાન પરમ પુજ્ય શેઠજી શ્રી

ખેતસિંહ ખીઅસિંહ, જે. પી.

આપ સરખા નરવરોથી કચ્છી કોમનુ સૌભાગ્ય તથા ગૌરવ સંપૂર્ણ રૂપે પ્રકાશી રહ્યુ છે, આપે સ્વાત્મબળને જ અવલંબી વ્યાપારના ક્ષેત્રમા જે વિજય મેળવ્યો છે, તેનો પ્રકાશ અદ્યાપિ અમારા માર્ગમા સહાયતા આપી રહ્યો છે, આપની વિદ્યાવૃદ્ધિ પ્રત્યેની સખાવતો તેમ જ મનુષ્ય પ્રેમની દૈવી ધર્મભાવનાઓ વડે પ્રેરાયેલી કૃતિઓને કાળ કદાપિ ભુસી શકે તેમ નથી. આપના પવિત્ર નામ સાથે જોડાએલી શ્રી જૈન બોર્ડીંગ સ્કુલ, પાલીતાણા, આપના યશઃને વિસ્તારી રહી છે, એ જ સ્કુલની શીતલ છાયામાં શિક્ષણ પામેલો હુ, આપના ઉપકારથી દબાએલો આપની પાસે આ ગ્રંથનુ સમર્પણ કરવા વિનીત ભાવે ઉપસ્થિત થઉ છું તે સ્વીકારશો

હું છું, ભવદીય

મેઘજી.

ઉપોદ્‌ઘાત.

જૈન સાહિત્યના પ્રદેશમા શ્રીમન્ ચારિત્રવિજયજી મહારાજનું લેખન-તથા વ્યાખ્યાન કૌશલ્ય એવુ પ્રકાશવતુ છે કે એ કૂશળતાના પ્રકાશને જોઈ શકવા બીજા પ્રકાશની સહાયતાની કશી અપેક્ષા જ રહેતી નથી. આજ સુધીમા તેમના પ્રસિદ્ધ થયેલા વ્યાખ્યાન સગ્રહ, પ્રવૃતિ-નિવૃત્તિ, પ્રેમથીમુક્તિ, આદિ નાના-મોટા ગ્રથો સાહિત્યના ક્ષેત્રમા બહુ સારો આવકાર પામી ચૂકયા છે. અને એક જૈન મુનિવરની લેખિનીથી આ કાળે આવા ઉદારતાભર્યા સાહિત્યની ખીલવણી થયેલી જોઇને સાક્ષરોના અતરમા ગુજરાતી જૈન સાહિત્યની પ્રગતિ માટે પણ આશાના અકુરો ફુટયા છે મુનિ મહારાજશ્રીના વિચારો એટલા બધા સ્વતત્ર અને મનુષ્ય સ્વભાવનુ ઉડુ અધ્યયન બતાવનારા છે કે તેમના લેખો, તથા વ્યાખ્યાનોએ જૈનોના સપ્રદાયોની સિમાઓની બહાર પણ અત્યત માનભર્યું સ્થાન મેળવ્યુ છે. અર્થાત્ એક શ્વેતામ્બર જૈન મુનિના ગ્રથોનુ વાચન કેવળ શ્વેતામ્બર સપ્રદાયમા જ આવકાર પામે, એ સજોગો, ઉક્ત મહારાજશ્રીની સ્વતત્ર અને ઉદાર કૃતિઓએ પલટાવી નાખ્યા છે અને એ કૃતિઓને શ્વેતામ્બર-સ્થાનકવાસી-દિગબર ઉપરાત જૈનેતર વર્ગોમા પણ વચાતી કરી મુકી છે એ સઘળો મહારાજશ્રીના ઉદાર-નિષ્પક્ષપાત વિચારોનો જ પ્રતાપ નહીં તો બીજું શુ ? મહારાજશ્રીની કૃતિયો માત્ર, માની લીધેલા સપ્રદાયોની બહાર વચાય તેમજ આવકાર પામે તેમા આપણે સર્વસ્વ માની ન લેઇએ તો એ વાચનની અસર કે જે પ્રત્યક્ષ થઇ શકે છે, તે પણ મહારાજશ્રીના વિચારોનુ સર્વગ્રાહીપણું સૂચવી આપે છે. વર્તમાન યુગને કોઇ પણ સાપ્રદાયિક સાહિત્યની અગત્ય નથી. જમાનો ઉડાગહન તર્ક જાળોથી ભરેલા વાગ્‌વિલાસી ગ્રન્થોને માગતો નથી.

તથા આ કાળે યુવાનોની ખેડાયેલી વિવેક બુદ્ધિ શુષ્કવાદ-વિવાદોની ગડમથલને ચાહતી નથી, એ વાત મુનિમહારાજશ્રી ઘણી સારી રીત સમજે છે, અને તેથીજ તઓના પ્રત્યેક લેખમા-તેમજ વ્યાખ્યાનમા વિચારોની વિશાળતા, સ્વતત્રતા, મધુરતા, તથા સ્વાભાવિકતા તરી આવે છે. આ પુસ્તકમા પ્રગટ થયેલા સવ લેખોએ આજસુધિમા સમાજને શુ અસર કરી છે, તે જો કહેવાની અમોને આજ્ઞા કરવામા આવે તો અમે ઘણી જ સાદી ઢબમા માત્ર એટલુ જ કહીશુ કે આ અને આના જેવા મહારાજશ્રીના બીજા લેખોએ, અગ્રેજી કેળવણી પામેલા જૈન યુવકોને ધાર્મિક વિચારો-ક્રિયાઓમા રસ લેતા કર્યા છે અનેક જૈનેતરોને, જૈનદર્શન કેવુ નૈતિક સ્વાતત્ર્ય ધરાવે છે, તેના અભ્યાસ કરવા પ્રત્યે વાળ્યા છે અને સાથી અપૂર્વ અસર તો આ વિચારોની એ છે કે જૈનસમાજના જ પેટા સપ્રદાયોમા રહેલી વિષમતા, ભિન્નતા, મતભેદોની દૂર દૂર રાખનારી દિવાલો જમીનદોસ્ત થઈ છે, અને સઘળા જ એક પરમાત્માના પુત્રો છીએ, એવી ભાવના ઉપજાવી પ્રત્યેકને પ્રેમથી પરસ્પર ચાહતા કરી મૂક્યા છે આના દૃષ્ટાતોમા સ્થાનકવાસી મુનિઓનુ શ્વેતાબર મુનિઓના ઉપાશ્રયમા જવુ-આવવુ, જૈનેતર વિદ્વાનોનુ જૈનમુનિઓને ચાહવુ વિગેરે મૂકી શકાય. તે છતા એમ ધારવામા આવે છે કે મહારાજશ્રીના વિચારો જેવા પ્રકારનુ બળ-વીર્ય ધરાવે છે, તેના પ્રમાણમા આ અસર તો એક અકુર રૂપે જ છે. તે ગમે તેમ હો. પણ એકતાના-બન્ધુતાના-પ્રેમના-શાતિના બીજો તો આવા વિચારોના પ્રયાસે જૈનસમાજમા રોપાઈ ચૂક્યા છે. તે સઘળા બીજો અકુરિત થઈ અન્ય જૈનમુનિ મહારાજાઓની કૃતિયોનુ જળસિચન મેળવી, પ્રફુલ્લિત થાય, એવી જૈન સાહિત્યના ઉપાસકોની આશા અને આશિષ્ છે.

પ્રસ્તુત ગ્રથમા પ્રકટ થયેલા લેખોનો સહેજસાજ પરિચય આ સ્થળે કરાવવો જ જોઇએ, એવી પરપરાને માન આપતી વખતે અમને જરા સકોચ થાય છે. કારણ કે મહારાજશ્રીના પોતાનાજ લેખો એવા પ્રકારનુ તેજ-પ્રકાશ ધરાવે છે કે એ દીપ્તિમાન પ્રકાશ પાસે અમે કેવો પ્રકાશ ધરીએ તો એ પ્રકાશ વધારે ચક્ષુગ્રાહ્ય થઇ શકે તે અમો સમજી શકતા નથી, એ અમો ઉપર જ કહી ગયા છીએ આ ગ્રન્થના સર્વ લેખો એકવાર સામાહિક તેમ જ દૈનિક પત્રોના ખાસ અકોમા પ્રગટ થઇ ચૂક્યા છે, અને એ પ્રકટી-કરણને ઘણો લાબો સમય વઇ જવાથી પ્રાય મળવા મુસ્કેલ થઇ પડ્યા છે, એવુ જોઇ આ સર્વ લેખોને પુસ્તકના રૂપમા, ચિ-રસ્થાયી રહે તે અર્થે પ્રકટ કરવામા આવ્યા છે દૈનિક જેવા વા-ત્તિકપત્રોમા પ્રકટ થતા લેખોમા બહુ મહત્વ હોવાનો સ્વીકાર કેટલા-એક વિદ્વાનો કરતા નથી, પરન્તુ મુનિ મહારાજશ્રી ચારિત્રવિજય-જીના લેખો કે જે ખાસ આમત્રણ અને પત્રકારોની વિનતીઓના વશથી લખયેલા છે, તે લેખોને ઉપરના સ્થાનમા મૂકી શકાય તેમ નથી માત્ર મુનિ મહારાજનો એક જ લેખ અવલોકવાથી ખાત્રી થશે કે વર્તમાનપત્રોમા સ્વાભાવિક રીતે આવવા જોઇતા ઉપલકીયા લેખોથી, આ લેખો તદ્દન જ ભિન્નતા ધારણ કરે છે મહારાજશ્રીનો લેખ વાચતા આપણે તે વિચારોમા એટલા બધા મુગ્ધ થઇએ છીએ કે લખકે મનુષ્યના હૃદયના ઉડા ભાગમા પ્રવેશી, મથન કરી, જે ભાવો આપણા અતરમા, આપણે પોતે નહીં સમજી શકીએ તેવા રૂપમા અવ્યક્તપણે હતા, તે ભાવોને પ્રકટ કરવા પહેલા કે-ટલુ અધ્યયન-મનન કર્યું હશે ? વરસાદ આવ્યા પહેલા ગર્મીથી ખેચાઇ આવેલી ભીનાશથી વાતાવરણ પ્રથમ જેમ તરબો-

ળ થઇ રહે છે, અને એ વાતાવરણમા હદ ઉપરાતની ભીનાશ વધી પડવાથી એકત્ર થયેલી ભીનાશ, વરસાદના રૂપમાં પૃથ્વી ઉપર જેમ એકાએક તુટી પડે છે, તેવોજ કાઇક ભાસ આ લેખોના વાચન વખતે વાચકોને થવા યોગ્ય છે. એટલે કે મહારાજશ્રીનુ હૃદય જાણે કે અનેક મહત્વના વિચારોથી ઘેરાઇ રહ્યુ હોય અને એ વિચારોના તુફાને જ જાણે મહારાજશ્રી પાસે લેખિની પકડાવી બળાત્કારે લખવા પ્રેર્યા હોય, તેવો ભાસ થયા વિના રહેતો નથી. કારણ કે તેમના લેખોમા કોઈ પણ સ્થળે અર્થ વિનાની ખેચતાણ, અસ્વાભાવિકતા અથવા અયોગ્ય વાકયોનો આડમ્બર દેખવામા આવતો નથી હૃદય જાણે વિચારોના દબાણથી અકળાઇને વિખરી વિચારોની વૃષ્ટિ વરસાવતું હોય તેમજ જણાઈ આવે છે આ સઘળુ પૃથક્કરણ પૂર્વક જોવાનો અહીં અવકાશ નથી, છતા માત્ર રેખાદર્શન રૂપે સર્વ લેખો ઉપર એકવાર નજર કરી જઇશુ —

"સહૃદયતાના પડદામા સ્વાર્થ કિવા નિર્દયતા–તેને પરિણામે જમાનાને થતી અસર" એ નામનો પ્રથમ લેખ મહારાજશ્રીનુ ઉડુ નિરિક્ષણ તથા મનુષ્ય સ્વભાવના અનુભવનુ અચ્છુ ચિત્ર રજુ કરે છે. આ લેખ પ્રથમ 'મુબઇ સમાચાર'ના દિવાળીના અકમા પ્રકટ થઇ ચુકયો છે. તેમા તેઓએ એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે નીતિનો સર્વત્ર પ્રસાર કરવા પ્રત્યેક જન મથન કરે છે, જનસમાજ સહૃદય થાય તે માટે એકે એક વ્યક્તિ આતુરતા ધરાવે છે, તે અર્થે નીતિની–ધર્મની મોટી મોટી વાતો કરે છે. આટલુ છતા જનસમાજ નીતિમાન બનવો તો દૂર રહ્યો, ઉલટો વધારે ને વધારે દભસેવી બનતો જાય છે, તેનુ કારણ માત્ર નીતિ–ધર્મનો બાહ્ય દભાચાર જ છે. મનુષ્ય, બીજાઓને નિતિમાન બનાવવાનો ઉપદેશ કરે છે, અનીતિમાન

બનવાથી કેવા દુખો સહન કરવા પડે છે તે સઘળુ દર્શાવે છે, છતાં પોતાની ઇચ્છા તો એવી જ હોય છે કે બીજાઓને નીતિમાન બનાવી હુ સર્વથી સહિસલામત રહુ–બીજાની નીતિનો દુરૂપયોગ કરૂ. મહારાજશ્રી કહે છે કે જ્યા સુધી આવી રીતે ખુલ્લી આંખોમાં ધુળ નાખવાની દાંભિક બાજીઓ રચાય, ત્યા સુધી નીતિ–ધર્મની મોટી મોટી વાતોથી કાઇ વીલુ થનાર નથી. બલકે એવા શુષ્ક ઉપદેશોથી જનસમાજ નીતિનો બાહ્ય સુદર પોષાક ધારી અદરથી દભસેવન કરી, આત્મદ્રોહ કરવા ભણી વળે છે. અને એ રીતે એ દભસેવનની–માયાની–કૂડની–કપટની પ્રવૃત્તિઓ એટલી બધી પ્રબળ થઇ આવે છે કે તેથી જમાનો પોતાનુ રૂપ પલટાવી નાખે છે. માણુસ જો ખરેખરો સહૃદય હોય તો તેની ક્રિયાઓની જ અસર જન સમાજને કૂડ–કપટ–હિંસા–ચોરી આદિ કુત્સિત કાર્યોમાથી બચાવી લે છે પરતુ મનુષ્યને સહૃદય તો બનવુ નથી અને બીજાને સહૃદયતાનો ઓપ ચઢાવી પોતાની સ્વાર્થ સિદ્ધિ કરી લેવી છે જ્યા સુધી આવુ વર્તન રહે ત્યા સુધી વાસ્તવિક પ્રેમભાવ–ભ્રાતૃભાવ–મૈત્રીભાવ પ્રસરી શકે નહી. એટલા માટે મનુષ્યે અતરથી અને બહારથી ખરેખરા સહૃદય બનવાની જરૂર છે. જો પોતે સહૃદય બનશે, તો તેનો પવિત્ર આચારજ અનેક મનુષ્યોને નીતિ–પ્રેમના પવિત્ર માર્ગે લેઇ જશે. કહેવાની જરૂર નથી કે આ લેખમા મહારાજશ્રીએ જનસમાજને અરે! જેને આપણે જમાનાના નામથી ઓળખીએ છીએ તેને, તદ્દન જ દૈવી સ્વરૂપમાં ફેરવી નાખવાનો અનુપમ માર્ગ દર્શાવ્યો છે. અમે અને તમે નીતિની મોટી મોટી વાતો કરવા છતા નીતિમાન બની શક્યા નથી, અમે અને તમે ધર્મની મોટી ફીલોસોફી ડોળીએ છીએ, તે છતા આપણા અતરની શુષ્કતા દૂર થઈ નથી, તો પછી આ-

પણા શબ્દો-અંતરના નહીં પણ મુખના શબ્દોથી જનસમાજને નીતિમાન બનાવવાની ભાવના રાખીએ, અને એ ભાવનાની સિદ્ધિમાં પાછા પડીએ તો તેથી જમાનાનો દોષ કાઢવાની શું જરૂર છે ? આપણે આપણા હૃદયનો ધબકારો સાંભળી શું એમ કહીશું કે આપણે ખરેખરા નીતિના અનન્ય-અડગ ઉપાસક બની શક્યા છીએ ? જો નીતિની આવી અડગ ભક્તિ આપણા અંતરમાં વસી હોય તો જમાનો પોતે જ પોતાનું મલીન સ્વરૂપ ત્યજી દઇ આપણી આગળ શિર ઝુકાવે, એ વાત હવે આપણે આજથી યાદ રાખવાની જરૂર છે અને દંભાચારને તિલાંજલી આપી સાચા સહૃદય બનવાની જરૂર છે. આમ કરવાથી જ જમાનાને યથાર્થ નીતિમાન-ધાર્મિક તથા સદાચારી બનાવી શકીશું. બાકી ઉપરથી સહૃદયતાનો પડદો નાખી અંતરમાં હિંસા-ચોરી-કપટના કિડાઓને ઉછેરવાથી તો એ કીડાઓ આપણું પોતાનું કાળજું કોલી નાખશે, અને જમાનો તો જેવો ને તેવો જ રહી જશે. બીજો લેખ "સર્વ ધર્મોની એકતા" સંબંધેનો છે, અને તે એક ધર્મોપદેશકની ગંભીરતાને શોભા આપે તેવી પક્ષપાત રહિત શૈલીથી લખાયેલો છે મહારાજશ્રીએ તેમાં શ્રોતા-વક્તાઓના અધિકારને લક્ષમાં લેઇ મત-ભેદના સ્વાભાવિક કારણો રજુ કર્યાં છે પરંતુ એ મતભેદો એ નિશ્ચયે ધર્મ નથી, અને તે પ્રત્યે અંધ-આગ્રહ રાખવાથી કલ્યાણ નથી, એ વાત તેઓશ્રીએ વિસ્તારથી, વિવિધ કારણોના પૃથક્કરણપૂર્વક સમજાવી છે. આપણે સઘળા જાણીએ છીએ કે પ્રચલિત ધર્મો, પોત પોતાના દાર્શનિક અને ક્રિયા વિષયક મતોથી ભલે જૂદા પડતા હોય તો પણ તે સર્વનો અંતિમ હેતુ-સાધ્ય તો એક જ હોય છે. છતા કેટલીએક વાર ધર્માંધતા તથા દુરાગ્રહ પરસ્પરમાં વૈરના અને કુસંપના વિષમય બીજો વાવે છે. આમ ન બને

એટલા માટે, મહારાજશ્રી કહે છે કે ઉપદેશકોએ તથા લેખકોએ અધિકાર ભેદને પ્રથમ લક્ષમા રાખી કોઈ પણ મત ઉપર અત્યત ભાર મુકવાથી બહુ સાવધ રહેવાની જરૂર છે. તેમના પોતાના જ શબ્દોમા આ વાત મુકીએ તો "ઉપદેશકે તથા લેખકે પોતાના વિચાર, પ્રમાણોથી બીજાને અનુકૂળ કરવા માટે બેશક કોશેશ કરવી, પણ તેને ફરજીઆત બનાવવાનો આગ્રહ કેવળ હાનિકર છે." ઉપદેશકોએ જ નહીં, પણ જનસમાજના કૂશળ લેખકોએ તથા વક્તાઓએ પણ આ રહસ્ય લક્ષમા લેવાની અગત્ય છે. સર્વ કોઈ પોતપોતાના વિચારોની અમુક ભૂમિકાએ જ હોય છે, તેઓને તે ભૂમિકાને છાજતો ઉપદેશ કરવામા ન આવે અને તેને બદલે કેવળ જ ઉચ્ચ કોટીનો અથવા છેક જ હલકો કોટીનો બળાત્કારે ઉપદેશ આપવામા આવે તો તેનુ પરિણામ અથડામણીમા આવ્યા વિના રહે નહિ. ધર્મની સાથે હૃદયની શાતિ અનન્ય સબધથી જોડાયેલી છે, છતા એ ધર્મો જ કોઇ વાર અશાતિની હોળી સળગાવનારા થઇ પડે છે, તેનુ કારણ માત્ર મનુષ્યની વિચાર ભૂમિકાને નહિ છાજતા ઉપદેશોનો પ્રસાર, એજ છે. માણસોની વિચાર સ્થિતિઓ કેવા પ્રકારે બધાય છે, અને તેને લઇને તેઓને કેવા ઉપદેશોની જરૂર છે, એ સઘળુ વિસ્તારથી આ લેખમા સમજાવ્યુ છે છેક આત્મપ્રદેશ ઉપર ઉભા રહીને, સર્વ પ્રચલિત ધર્મોનુ અવલોકન કરનારને, કોઇ પણ ધર્મમા ભિન્નતા કે અસામ્ય જેવુ જણાતુ નથી. માત્ર તે પ્રદેશ ઉપર થતા અનુભવને વાણીમા-ક્રિયામા ઉતારવા માટે જૂદા જૂદા સજ્ઞાભેદો અને ક્રિયા ભેદો સિવાય અન્ય કશો ભેદ જણાતો નથી જગતમા જે મહાન્ ધર્મો પ્રચલિત છે, તે સર્વ ધર્મોના આદ્ય પ્રણેતાઓ એક સ્થળે ભેગા થાય તો શુ તેઓ પરસ્પરમાં ખડન-મંડન કરવાની ધડભાજમાં

પડી જાય ? આપણે એમ ધારી શકીએ નહીં. કારણ કે તેઓ સઘળા એક જ પ્રદેશના વિહારીઓ હોવાના કારણે તેઓને પ્રત્યેક ધર્મમા માત્ર ક્ષયોપશમ જન્ય ભેદો સિવાય અન્ય કાંઇ ભેદ જણાય નહીં, આ વાત મહારાજશ્રીએ ઉપસંહારમા યુક્તિપુરસર સમજાવી શ્રી આનંદઘનજી મહારાજના અનુભવનું પ્રમાણ આપી સિદ્ધ કરી છે. એકંદરે આ લેખ દુરાગ્રહ-મતાંધતા ટાળવા અને જનસમાજમાં રાષ્ટ્રીય ભાવના ઉપજાવવામા અમૂલ્ય ભાગ આપે છે. ત્રીજો લેખ "મનુષ્યાદિ સામગ્રી પામવી દુર્લભ છે, એટલે શુ ?" એ નામનો છે. મનુષ્યદેહની અમૂલ્યતા સર્વ શાસ્ત્રકારોએ પ્રબોધી છે, જૈનોએ તેને દશ દ્રષ્ટાંતોએ કરી દુર્લભ વર્ણવ્યો છે, અને કોઇએ તેની દુર્લભતાનુ એટલે સુધી પણ વર્ણન કર્યુ છે કે દેવો પણ આ મનુષ્યદેહ પામેલાઓના ભાગ્યની સ્તુતિ કરે છે ! આ વાત શુ ખરી હશે ? જો આ વાત ખરી જ હોય તો જેઓને બે હાથ, બે પગ, બે આંખ, બે કાન ઇત્યાદિ સામગ્રીયો પ્રાપ્ત થઈ છે, તેના જેવુ ભાગ્યશાળી બીજુ કોણ કહેવાય ? અલબત આવી સામગ્રીયો પ્રાપ્ત થવી એ એક સૌભાગ્યની વાત છે, પરંતુ મહારાજશ્રી કહે છે કે માત્ર આવી ઇંદ્રિયાદિ સામગ્રીઓ માત્ર મળવાથી જ મનુષ્યભવની સર્વસ્વ સાર્થકતા થતી નથી. જ્યા સુધી એ સામગ્રીઓનો સદુપયોગ ન થાય, પરહિતને અર્થે તેનુ બળિદાન ન અપાય ત્યા સુધી મનુષ્યદેહ મળ્યો અને ન મળ્યો, એ બન્ને એક સરખુ જ છે. માત્ર બહારથી દેખાતા મનુષ્યદેહ ઉપરથી દુર્લભતાનો નિશ્ચય કરવામા આવે તો વિશ્વાસઘાતીઓ, દુરાચારીઓ, અને મનુષ્યજાતિના શત્રુઓને પણ સંપૂર્ણ ભાગ્યશાળી માનવા જોઇએ. પરંતુ વસ્તુતઃ એમ નથી જો મનુષ્યત્વ મળ્યુ છે, તે મનુષ્યત્વને યથાર્થ રૂપે કેળવાય નહીં, ઇન્દ્રિ-

ઓની પટુતાને સન્માર્ગે વળાય નહીં ત્યાં સુધી એ મનુષ્યત્વ નહીં પણ મનુષ્યત્વના આકારમા રાક્ષસીપણું જ કહેવાય. અને તેટલા માટે એવી મનુષ્યાદિ સામગ્રીની દુર્લભતા પણ અર્થવિહિન થઇ જાય છે. મનુષ્યત્વની સાથે આર્યકૂળ, ઇન્દ્રીય પટુતા, ગુરૂયોગ, તથા ધર્મ આદિની યથાર્થ દુર્લભતા મહારાજશ્રીએ આ લેખમા બતાવી છે, અને બાહ્ય દેખાવોમા જ મુઝાઇ રહેનારાઓને વાસ્તવિક ગુરૂ તથા ધર્મની ઓળખાણ કરવા માટે અસરકારક યુક્તિઓ-શબ્દોમા પ્રેરણા કરી છે. આ આખો લેખ જૈન પત્રના દિવાળીના અકમા પ્રકટ થયો છે. ચોથો લેખ 'ઉપદેશથી વિચાર વૃદ્ધિ કે વિચાર પરિવર્તન?' એ નામનો પ્રશ્નાત્મક આવે છે, જે ઉપદેશકોએ તથા લેખકો વિગેરેએ ખાસ વિચાર કરવા યોગ્ય છે. મહારાજશ્રી પૂછે છે કે ઉપદેશોનો ઉદ્દેશ વિચારોની વૃદ્ધિનો હોવો જોઇએ કે વિચારોના પરિવર્તનનો? અર્થાત્ ઉપદેશક ઉપદેશ આપતી વખતે જનસમાજના વિચારમા વૃદ્ધિ કરવાનો લક્ષ્ય રાખવો ઘટે છે કે સાભળનારાઓના વિચારોને પોતાના વિચાર પ્રમાણે જ અનુસરનારા કરી મૂકવાનો ઉદ્દેશ રાખવો યોગ્ય છે? આ પ્રશ્નનો ઉત્તર જો આજકાલના સામાન્ય ઉપદેશકો પાસેથી મેળવવામા આવે તો આપણે એવા જ ઉત્તરની સંભાવના રાખી શકીએ કે ઉપદેશોથી જનસમાજના વિચારને ગમે તે રીતે પલટાવી નાખી-ઉપદેશકના વિચારને અનુકૂળ જ વિચાર કરતા સર્વને કરી મૂકવા, એ ઉપદેશકોનો પરમધર્મ-પ્રથમ ફરજ હોવી જોઇએ મહારાજશ્રી આવા ઉદ્દેશના અને આવી પ્રવૃત્તિના દુષ્ફળો યુક્તિપુરઃસર આ લેખમા રજુ કરે છે. તેઓ એમ કહેવા માગે છે કે ઉપદેશકોનો ઉદ્દેશ શ્રોતામા વિચારશક્તિ જાગૃત કરી તેને સારાસારનો નિર્ણય કરવા જેવી ભૂમિકાએ સ્થાપવાનો જ હોવો

જોઇએ આ કાળે આ સાધ્ય છેક જ વિસારી મુકવામા આવ્યુ છે અને તેનું પરિણામ કેવા સધર્પણના રૂપમાં આવ્યુ છે, તે સર્વ આપણે જાણી શકીએ છીએ-જોઇ શકીએ છીએ. ઉપદેશક જે ઉપદેશ આપે છે, તેને શ્રોતા વર્ગ અધશ્રદ્ધાએ-મોહદશાએ સ્વીકારી લે છે, અને પોતાની સ્થિતિનો-ભૂમિકાનો વિચાર કર્યા વિના તેને નિર્વાહવાની તૈયારી દર્શાવે છે આથી આ ઉપદેશ ભિન્ન ભિન્ન રૂચીઓવાળા મનુષ્યોમા ભિન્ન ભિન્ન પ્રકારે પરિણમી પથભિન્નતાની વૃદ્ધિ કરે છે. કારણ કે શ્રોતાવર્ગનો સમસ્ત ભાગ ઉપદેશકના ઉપદેશને યથાર્થ સ્વરૂપે ગ્રહણ કરી શકે તેવી સ્થિતિમા કોઈ કાળે હોઇ જ શકે નહીં અને તેથી તેઓના ઉપદેશોનુ પરિણામ પણ આવા નહીં ઇચ્છવા યોગ્ય આકારમા આવે એમા કઇ આશ્ચર્ય નથી. આટલા માટે ઉપદેશકોએ પોતાનો સતત લક્ષ શ્રોતાવર્ગમા વિચાર શક્તિને જ જાગૃત કરવા ભણી રાખવો જોઇએ, અને કોઇ પણ કાળે અમુક ઉપદેશની અમરને તાબે ન થવાનો આગ્રહ કરી વિવેક શક્તિની કસોટીએ ચડાવ્યા પછી જ અમુક વિચારને સ્વીકાર કરવાનો શ્રોતાઓને હક્ક આપવો જોઇએ. ઉપદેશકોએ ઉપદેશ આપતી વખતે પોતાનો મત-વિચાર ફેલાવવાની ઘેલછા ભૂલી જવી જોઇએ છીએ, અને તેને સ્થાને જનસમાજ પોતે જ એ મતને-વિચારને પોતાની અતરગ ભાવનાથી પ્રેરાઇને બહુ માન આપતો થાય, એવી જીજ્ઞાસા સ્થાપન કરવી જોઇએ. આમ થાય તોજ ઉપદેશકોના ઉપદેશનું યથાર્થ મૂલ્ય જનસમાજના સમજવામા આવે. શ્રોતાઓ ઉપદેશકો પ્રત્યે કેટલીકવાર મોહની લાગણીઓથી જુવે છે, અને તત્કાળમા તો તેનું પરિણામ જોઇ ઉપદેશકો હર્ષઘેલા થઈ જાય છે, પરતુ એ અસ્થાયી મોહની લાગણવાળા જીવો જ જ્યારે ફરી જાય છે, અને

મોહને સ્થાને દ્વેષને સ્થાપે છે, ત્યારે એ શ્રોતાની વિચારહિનતા ઉપદેશકને દુ:ખદાયક થઈ પડે છે-વિચારપરિવર્તન કરવાનો ઉદ્દેશ કેટલો હાનિકર છે તેનુ એ કાળે કાંઇક ભાન થાય છે. આ સમસ્ત વિસ્તારનો સાર માત્ર એટલો જ છે કે "શ્રોતાઓએ બીજાના વિચારોને પરવશ રહી પોતાની વિચારશક્તિને ઘરેણે મુકવી ન જોઇએ અને ઉપદેશકોએ પોતાના વિચારને અનુકુળ કરવા માટે બીજાઓની વિચારશક્તિનો નાશ ન કરવો જોઇએ" આ આખો લેખ ઉપદેશકોના કર્તવ્ય ઉપર તદ્દન નવિન પ્રકારનો પ્રકાશ આપે છે, અને આપણે આશા રાખીશુ કે દરેક ઉપદેશક કે લેખક આ ઉદ્દેશને લક્ષમા રાખી જનસમાજની વિચાર શક્તિને કેળવવાનુ પ્રથમ લક્ષ આપશે અને એ રીતે પોતાના કર્તવ્યની સફલતા કરશે. આ પછીનો લેખ "સમ્યગદૃષ્ટિ કિવા અનુયોગોની ઉપયોગિતા" નામનો છે, અને તે શાસ્ત્રિય દૃષ્ટિએ ચર્ચાયલો છે જૈનો પોતાના શાસ્ત્રોને ચાર અનુયોગોમા વહેચાયલુ માને છે. અર્થાત્ (૧) ધર્મકથાનુયોગ (૨) ચરણ-કરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ, આ ચાર અનુયોગો પૈકીના ગમે તે અનુયોગને આશ્રયીને પૂર્વાચાર્યોએ વિવિધ ગ્રન્થની રચનાઓ કરી છે. તે પ્રત્યેક અનુયોગની ઉપયોગિતા કેટલી છે, તથા સમ્યક્ત્વની પ્રાપ્તિમા એ કેટલી સહાયતા આપે છે, એ સ્વતત્ર વિવેચનાથી સમજાવ્યુ છે. અનેક અભ્યાસીઓ, જે અનુયોગમા પોતાને રસ પડતો હોય તે જ અનુયોગની અત્યત માનબુદ્ધિથી પ્રશસા કરી અન્ય અનુયોગોની ઉપેક્ષા કરે છે, તેના અભ્યાસમા કાંઇ ઉપયોગિતા જોતાં નથી. પરન્તુ મહારાજશ્રી આ લેખમા કહે છે કે કોઇ પણ અનુયોગ, ગુણાનુરાગી-મહત્વાકાક્ષી પુરૂષોએ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. ધર્મકથાનુયોગ-કોઇ કોઇને માત્ર દતકથાઓથી જ

ઉભરાનો લાગે છે, અને તેથી તેના અધ્યયન પ્રત્યે અરૂચી પ્રકટ કરે છે; પણ તેમ કરવુ એ બુદ્ધિમાનો ઉચિત માનતા નથી. કથાઓ ભલે કલ્પિત હોય તોપણ તે પ્રાણીસ્વભાવને અનુસરનારી હોઈ સારગ્રાહિ દૃષ્ટિએ તે કથાઓમાથી અનેક મહત્વના સારાશો તારવી કઢાય છે. તે સિવાય રાજા શ્રેણિક, સંપ્રતિ, ચંદ્રગુપ્ત, તથા અશોક આદિ મહાનુભાવોના જીવન-ચરિત્રો પણ આપણા જીવનમા મધુરતા-ધાર્મિકતાના સસ્કારો પાડી શકે છે, એ વાત પણ દુર્લક્ષ આપવા યોગ્ય નથી તેવી જ રીતે ચરણ-કરણાનુયોગ તથા ગણિતાનુયોગ પણ અનુક્રમે હૃદયમા વિશુદ્ધિનુ શોધન કરવા તથા વસ્તુઓના ભેદાભેદનો નિર્ણય કરવામા ઉપયોગી છે. દ્રવ્યાનુયોગની ઉચ્ચતા, સર્વોપયોગિતા કોઇથી છુપી નથી વર્તમાનકાળે આ અનુયોગના અભ્યાસ પ્રત્યે જનસમાજ વધારે ઉત્કટા ધરાવે છે, અને તે વાજબી જ છે. કારણ કે દ્રવ્યાનુયોગના મનન-અધ્યયન વિના આ કાળે જોસભેર ચાલતા જડવાદની સામે ટકી રહેવુ બહુ મુસ્કેલ છે. દ્રવ્યાનુયોગનુ બીજુ નામ તત્વજ્ઞાન પણ છે. જીવ શુ છે, અજીવ શુ છે તથા આશ્રવ-સવર વિગેરે તત્વોમા કયા કયા તત્વો જ્ઞેય છે, હેય છે તથા ઉપાદેય છે, એ સઘળુ આ લેખમા સક્ષિપ્તમાં પણ સ્પષ્ટ રીતે સમજાવવામા આવ્યુ છે. આ એકજ લેખના વાચનથી જૈન દર્શનના મૂળતત્વોનુ જ્ઞાન બહુ સારી રીતે થઇ શકે છે, અને તે અનુસારે પ્રવૃત્તિ કરતા જીવ સમ્યક્ત્વ પ્રાપ્તિ કરી શકે છે આ લેખ પ્રથમ જામનગર જૈન યુનીયન કલબ તરફથી એક પેમ્ફલેટના આકારમા પ્રસિદ્ધ થયો હતો, તેની આ સ્થળે પુનરાવૃત્તિ કરવામા આવી છે ત પછીનો લેખ તીર્થ-યાત્રા દિગ્દર્શન સબધનો છે. આ નિબધમા વર્ત્તમાનકાળે ચાલતી તીર્થયાત્રાની પ્રવૃત્તિ કેટલે અશે મૂળ રહસ્યને સાર્થક કરનારી

છે, તથા તીર્થક્ષેત્રમા આવ્યા પછી યાત્રીએ કેવી શુભ પ્રવૃત્તિઓ કરવાની છે, તે સર્વ વિસ્તારથી સમજાવવામા આવ્યુ છે તીર્થવાસીઓ જેઓ પવિત્ર ક્ષેત્રોમા જીવનપર્યંત નિવસે છે, અને જેઓના યશોગાનો અન્યસ્થાને વસતી ધર્મપ્રિય પ્રજાઓ ગાય છે, તેઓના અપવિત્ર વર્તનો-અવજ્ઞાઓ જોઈ મહારાજશ્રીનુ ચિત્ત બહુ જ નારાજ થયુ હોય તેમ આ લેખના પ્રારભ ઉપરથી જણાઇ આવે છે અનેક યાત્રાળુઓને પણ આવો કડવો અનુભવ થયો હશે. આટલા માટે તીર્થક્ષેત્રોમાં વસતા આપણા સ્વધર્મી બન્ધુઓના જીવનવ્યવહારને સુધારવાની, દરેક યાત્રીની મ થપતિની પ્રથમ ફરજ છે, એ વાત કહ્યા સિવાય પણ સમજી શકાય તેમ છે જૈન શ્રીમાનો તથા જૈનેતર ધનિકો પણ તીર્થયાત્રા નિમિત્તે મોટા મોટા સઘો કાઢે છે, અને દૂર દેશથી હજારો માણસો સાથે લેઈ, ગામો ગામ પડાવ કરતા, મોજશોખ ઉડાવતા તીર્થસ્થાને પહોચવામા "ધર્મ" માને છે, તે અર્થે હજારો-લાખો રૂપીયા ઉપર એક માત્ર કીર્તિ-નામને ખાતર પાણી ફેરવે છે. આ પ્રવૃત્તિ, મહારાજશ્રી ખુલ્લી રીતે કહે છે કે દેશકાળને અનુપયુક્ત તથા વ્યર્થ ખર્ચના ખાડામા ઉતારનારી છે જે કાળે યાત્રાના પુરતા સાધનોની ગેરહાજરી હતી, ચોર ડાકુઓ વિગેરેનો ત્રાસ વર્તિ રહ્યો હતો તે કાળે આવા સઘો કાઢવાની પ્રવૃત્તિ ચાલુ થઇ હોય તેમ જણાય છે. પરતુ આજના શાતિના અને સાધનોવાળા દિવસોમા પણ પૂર્વની પરપરાને ચુસ્તપણે વળગી રહેવુ એ કોઇ રીતે શોભાસ્પદ નથી. તીર્થક્ષેત્રમાં ગયા પછી ત્યા કેવી રીતે વર્તવાનુ છે, તે પણ કોઇ ભાગ્યશાળીઓ જ યથાર્થ રીતે સમજતા હશે. મહારાજશ્રીએ આ લેખમા યાત્રીઓની યાત્રા કેવી રીતે સફળ થાય, તેમના જીવનોમા તીર્થયાત્રા વડે ઉદ્ભવેલા ઉચ્ચ સસ્કારો ચિરસ્થાયી કેમ બની રહે તે સર્વ વિગ-

તોનો વિગતવાર વિવેક કર્યો છે તેથી આ લેખ યાત્રીઓને એક આધ્યાત્મિક ભોમીયા રૂપજ થઇ પડશે, એમા સદેહ નથી. તીર્થ ક્ષેત્રોમાં જઇ આપણે આપણા કષાયો-વિકારોનો ક્ષય કરવાનો છે, અને પૂર્વના પાપોને ભસ્મિભૂત કરી નવા પાપો નહીં કરવાનો નિશ્ચય કરવાનો છે જો આમ ન થાય તો પછી વારવાર તીર્થક્ષેત્રોમા દોડવાની પ્રવૃત્તિ બહુ કીંમતી લેખી શકાય નહીં સાતમો લેખ "ઉપાસક અને ઉપાસ્ય ' એ નામનો છે, અને તે પ્રથમજ આ લેખસગ્રહમા પ્રકટ કરવામા આવ્યો છે એ આખા લેખનો ઉદ્દેશ ભિન્ન ભિન્ન સપ્રદાયોમા એકતા સુસપ સ્થાપવા ભણી વળે છે. આપણા સઘળા સપ્રદાયોનો લક્ષ્ય એક જ હોવા છતા ઘણીવાર આપણે ધર્મના નામે નિગ્રહો ઉભા કરી સામાજીક બળ તથા રાષ્ટ્રીય ભાવનાને આઘાત પહોચાડીએ છીએ એક જ લક્ષ્યવાળા સમુહમા આવો વિગ્રહ કેટલી બધી મૂર્ખતાને સૂચવનારો તથા ઉપહાસ્યાસ્પદ છે તે આ લેખમા મહારાજશ્રીએ, ચકારના અને વ્યસનીઓના દ્રષ્ટાતોથી યુક્તિઓ પૂર્વક સમજાવ્યુ છે. સમસ્ત ચકોરો એક જ ચદ્રના ઉપાસકો છે, તે છતા શુ તેઓ પરસ્પર કદાપિ લડી મરે છે? નહિ જ. વ્યસનીઓના ટોળાઓ ચોરે બેશી કસુબો પીવા એકત્ર થાય છે, તેઓ શુ આપમ આપસમા ટટો કરે છે? નહિ જ. કારણકે તે સઘળા એક જ સાધ્યની સિદ્ધિ માટે મુસ્તાક છે, અને તેથી તેઓ ભ્રાતૃભાવથી એક બીજાને ભેટી પરમ આનદ, પરમ સતોષ, પરમ શાતિ અનુભવે છે આમ છતાં એક જ પ્રભુના નામના ભકતો, એક જ પરમાત્માના પુત્રો કેવળ નામભેદને અર્થે એક બીજાની પાયમાલી કરવા તૈયાર થાય, બીજાના સર્વ નાશમા જ પોતાનો વિજય માને એ અજ્ઞાનતા શુ દયા ખાવા યોગ્ય નથી?

શ્વેતામ્બરો સ્થાનકવાસીઓને નિંદે છે, દિગમ્બરો શ્વેતાંમ્બરોને નિંદે છે, એટલુંજ નહીં પણ એક એક સંપ્રદાયના ગચ્છનો આચાર્ય પણ બીજા ગચ્છના આચાર્યને તિરસ્કારવામાં પોતાની બહાદુરી સમજે છે. આ સઘળી વિટંબના ઉપરથી જોઈ શકાય છે કે આપણે આપણા લક્ષ્યને ભૂલી જઈ કદાગ્રહના ઉંડા કીચડમાં ખુંચી ગયા છીએ. નહીં તો શું એકજ માર્ગના અનુયાયી એવા પ્રાણીઓ, વ્યસનીઓ, વ્યભિચારીઓ જેવા નિર્બુદ્ધિ પ્રાણીઓમાં જેવું ઐક્ય સચવાતું આપણે જોઇ શકીએ છીએ, તેવું ઐક્ય આપણે ન જાળવી શકીએ? આ પ્રશ્નનો ઉત્તર બહુ કઠિન નથી. માત્ર આપણા દુરાગ્રહોએ આપણી વિવેકબુદ્ધિને એટલી બધી દાબી દીધી છે કે આપણી દ્રષ્ટિ વાસિત વિચારોની સિમા બહાર રહેલા ગુણ-સત્યને જોઇ શકતી નથી, અને પરિણામે કુસંપ-કલેશના બીજ વાવી આપણે આપણા પોતાનાજ પગમાં કુહાડ મારવા જેવો મૂર્ખાઇભરેલો પ્રયત્ન કરીએ છીએ. જૈનના ત્રણ ફીરકાઓમાં તથા બીજા સંપ્રદાયોની શાખાઓમાં વિગ્રહ ઉભા કરનારા-તથા ઉભા કરાવનારાઓને આ લેખ વિના માગણીએ અર્પણ કરવો જોઇએ આ પછીનો લેખ એક સંવાદના રૂપમાં છે. તેમાં સુશીલ અને સૌભાગ્ય એવા બે પાત્રોને રજુ કરી તેઓના મુખથી શ્રોતાઓ તથા વક્તાઓ કેવા હોવા જોઇએ, ભિન્ન ભિન્ન વિચાર સ્થિતિવાળા મનુષ્યો પાસે વક્તાઓએ કેવા વ્યાખ્યાનો આપવા જોઇએ, એ વિગેરે સૂક્ષ્મ બાબતો ઘણી સ્પષ્ટ રીતે પ્રકટ કરી છે. આમાં નિરનિરાળી વ્યાખ્યાનશાળાઓમાં સુશીલ તથા સૌભાગ્ય નામના પાત્રોને થયેલા અનુભવ આનંદની સાથે જ્ઞાન આપે એવો છે. વળી તેઓના અનુભવ ઉપરથી આજકાલની શ્રોતાઓની પરિષદો કેવી આડંબરી-દંભી હોય છે, તેનું પણ જ્ઞાન થાય છે, તેમજ

યથાર્થ ઉપદેશકો શ્રોતાઓની વિચારપ્રણાલિકાને કેળવી ઉત્તરોત્તર ઉચ્ચકોટીમા કેવી રીતે લેઇ જાય છે, તેનુ ચિત્ર પણ મનને શાંતિ આપે તેવું છે. આ આખા સવાદના વાચનથી વાચકને ખાત્રી થાય છે કે આજકાલ આપણા ઉપાશ્રયોમા તથા બોધ મદિરોમા જે ઉપદેશ થાય છે, તે સર્વને એક સરખી રીતે ગ્રાહ્ય આપી શકતો નથી અને તેટલા માટે શ્રોતાઓની રૂચિને અનુસરી વ્યાખ્યાનશાળાઓના પણ ઉચ્ચ, મધ્યમ તથા કનિષ્ટ એવા ભેદો પાડવાની જરૂર છે કનિષ્ટ શ્રોતાને, બુદ્ધિમા પણ ન ઉતરી શકે એવા ગહન વિષયો સમજાવવા બેસવુ તે વખતના નિષ્ફળ વ્યય સાથે ગેરસમજને પણ ઉત્પન્ન કરે છે, અને ઉચ્ચ કોટીના શ્રોતાઓને છેકજ સામાન્ય વિષય સમજાવવા બેસવુ એ તેમને અશ્રદ્ધા- ઉદાસિનતા ઉપજાવવા જેવુ છે. આટલા માટે સર્વેને એકજ લાકડીથી હાકવાની પદ્ધતિ આજના જમાનામા ઉપકારક નથી, એ વાત સિદ્ધ કરવાની જરૂર પડતી નથી હવે પછીનો લેખ "મમત્વ અને ઇર્ષ્યા તજ્જન્ય અનર્થો" એ નામનો આવે છે, જેમા ઇર્ષા–મમત–અહકાર આદિ દોષોની ઉત્પત્તિ કેવા નિમિત્તોને લેઇને થાય છે, તે અત્યત મર્મભેદક અને ઉછળતી શૈલીમા વર્ણવવામા આવ્યુ છે આ એકજ લેખના અભ્યાસથી, મહારાજશ્રીનુ મનુષ્ય સ્વભાવ સબધી જ્ઞાન કેટલુ બધુ ઉંડુ છે, તે સહજ પરિશ્રમે સમજી શકાય છે અમે આજ સુધી મમત્વ–ઇર્ષાના પરિણામે કરૂણા રસિક બનેલા અનેક ઐતિહાસીક પ્રસગો વાચ્યા છે, અને હૃદયને રોવડાવ્યુ છે, પરતુ એ સઘળુ, મમત્વ તથા ઈર્ષ્યા, નિર્બળ મનનુ જ પરિણામ છે–સ્પર્ધામા પરાજય પામવાથી જ દબી હૃદય વૈર- ઇર્ષ્યાને જન્મ આપે છે, એ વાત તો અમે મહારાજશ્રી પાસેથી આ પ્રથમ જ શીખ્યા છીએ, એમ અમારે

વિના સંકોચે કબુલ કરવુ જોઇએ. અમે આજ સુધી એમ જ માનતાં હતાં કે જનમનમાથી ઇર્ષ્યા અને વૈરના બીજોના નાશ કરવો એ તદ્દન અસભવિત પ્રયોગ છે, પરતુ આ લેખમા મહારાજશ્રીએ વિવિધ દ્રષ્ટાનોથી અમારી ખાત્રી કરી આપી છે કે જનમનમા મનોબળં। અગ્નિ પ્રજ્વલિત કરવાથી એ વિષમય રાગદ્વેષ બાજોના ભસ્મિભૂત થયા વિના રહેતા નથી. દુર્યોધન તથા દયાબુદ્ધિનું દ્રષ્ટાંત આ વાતને અસરકારક રીતે સમજાવે છે. તેમા દુર્યોધનનો પૌરાણિક પ્રસગ તો આ વિષયમા તદ્દન જ નવા પ્રકારના બોધ આપે છે. પાડવો અને કૌરવોનો સગ્રામ એ જગપ્રસિદ્ધ છે મહારાજશ્રી કહે છે કે આ સગ્રામ આપણને લાગે છે તેમ કાઇ ખાસ રાજ્યપ્રાપ્તિ માટે કે સ્વાર્થસિદ્ધિ માટે નહોતો. પરન્તુ કૌરવોએ પ્રથમ પાડવો જેવા સદ્‌ગુણી-કીર્તિપાત્ર બનવાનો પ્રયત્ન કરેલો પણ જ્યારે તેમા તેઓ નિબળતા વડે ફત્તેહ પામી શકયા નહીં, ત્યારે જ તેઓએ ઇર્ષ્યાળુ અન વૈરી બની ખુન-ખ્વારી કરવા તત્પરતા બતાવી હતી. આ ઉપરથી સાર માત્ર એટલો જ નિકળી શકે છે કે કપટ-પ્રપંચ-અક્ષમા-વૈર્ય-અશ્રદ્ધા-અવિશ્વાસ-ઇર્ષ્યા-મમત એ સહુ મનની નિબળતામાંથી ઉદ્‌ભવે છે. અથવા બીજા શબ્દોમા કહીએ તો સરલ-નિડર અને નીતિપુરઃસર ચાલનારા પુરૂષોના મનમાં આવા વિનાશક અકુર ફુટતા નથી. એટલા માટે દરેક મનુષ્યે સ્વાત્મ રક્ષણને અર્થે, સમાજના રક્ષણને અર્થે નિરભિમાન, નીતિમાન તથા સદાચારી બનવાની જરૂર છે. જો આમ થશે તો ઇર્ષ્યા અને મમત્વનો દાવાનળ, જે શાત થવો આપણા મનને અસભવિત થઇ પડયો છે, તે એક ક્ષણમા ઓલાયા વિના રહેશે નહીં. આવું જગદુપકારક રહસ્ય પ્રકટ કરવા માટે આપણે મહારાજશ્રીના અત્યત

આભારી છીએ અમો આગળ જ કહી ગયા છીએ કે આ લેખ-સંગ્રહમાંના પ્રત્યેક લેખ ઉંડા અવલોકન અને વિચાર પૂર્વક જ લખાયો છે, તે વાત આ માત્ર એકજ લેખના મનનથી પુરવાર થઇ શકે છે. મહારાજશ્રી શરૂઆતમાં કહે છે કે:—

"હુંજ મંદભાગી જેના ઉચ્ચારે અધર કંપે,
ગળ્યો કુવિષય જેનો એવો મહિમાય છે."

અર્થાત—"જે મમત્વ-ઇર્ષ્યાના અનર્થોને વર્ણવતા અધર કંપે, નેત્રોમાંથી અશ્રુ પડે, તેવા વિષય ઉપર લેખિની ચલાવવા માટે મારે પ્રસંગ લેવો પડે છે, તેથી હું મારી જાતને મંદભાગી માનું છું." ભલે આવી મર્મભેદક વાતોનું સ્પષ્ટીકરણ કરવામાં મહારાજશ્રી મંદભાગ્ય માનતાં હોય, તથાપિ અમારે તો એમ કહેવુ જ પડશે કે એ મંદભાગ્યે જ આજે નવીન વિષયનો બોધ પ્રકટાવી જનસમાજના સૌભાગ્યના દ્વાર ઉઘાડી આપ્યા છે અમોને ખાત્રી છે કે આ લેખની અસર જનસમાજને નીતિમાન-મનોબળયુક્ત બનાવશે અને પરિણામે મમત્વ-ઇર્ષાને દેશપાર કરશે શું એ મંદભાગ્યમાં પણ અપૂર્વ સૌભાગ્યનું આશામય દર્શન નથી થઇ શકતું? "જ્ઞાતિ અને સંઘ" તેમજ **ज्ञानक्रियाभ्याम् मोक्षः** એ બન્ને લેખો સંક્ષિપ્ત હોવા છતાં આ કાળે ચાલતી ચર્ચાને તટસ્થ દૃષ્ટિએ ઇન્સાફ આપે તેવા છે. પહેલા લેખમાં જ્ઞાતિ તથા સંઘ એ બન્ને સંસ્થાઓના સ્વતંત્ર સ્થાનોની સિમા નક્કી કરી કઇ સંસ્થાનો કાર્ય પ્રદેશ કેટલો અને કેવો હોવો જોઇએ, તે સૂચવવામાં આવ્યું છે આપણે જોયું છે કે જ્ઞાતિના અને સંઘના કર્તવ્ય ક્ષેત્રનો નિર્ણય નહિ થવાથી એ ઉભય મહત્વની સંસ્થાઓ એક-બીજાની અથડામણીમાં આવે છે અને ઘણા કાળથી સુરક્ષિત રહેલી મર્યાદાને શિથિલ કરે છે આટલા માટે મહારાજશ્રીએ ખુલ્લી રીતે

પ્રતિપાદન કર્યું છે કે જ્ઞાતિ કે જેને વિશેષે કરીને વ્યવહારના ધોરણે કાર્ય કરવાનું છે તેણે તે ધોરણે પોતાનું કામ કર્યા જવું જોઇએ; અને સંઘ કે જેમાં વ્યવહારની સાથે ધર્મ વિશેષ રૂપે જોડાય છે, તેણે ધર્મથી વિપરીત માર્ગમા પોતાની સત્તાનો અમલ કરવો જોઈએ. પણ એમ ના બનવું જોઇએ કે એક સામાન્ય જ્ઞાતિના નિયમોલ્લંઘન માટે એક વ્યકિત સંઘમાંથી અથવા ઉભયમાંથી બહિષ્કૃત થાય અને હદ કરતાં વધુ પ્રમાણમા શિક્ષાનો અનુભવ કરે. બન્ને સંસ્થાઓએ પોત પોતાની દિશામા રહી અનાચારોને દબાવવા કોશેશ કરવી, પણ એક બીજાના કર્તવ્ય પ્રદેશમા આડે આવવાનો અન્યાય કરવો યોગ્ય નથી. આજકાલ જ્ઞાતિ અને સંઘની અથડામણીઓ વધતી જતી હોવાથી નવી રોશનીના યુવકો આવી સંસ્થાનો ખુલ્લી રીતે અનાદર કરવામાં સંકોચ પામતા નથી, અને જો આ સંસ્થાના આગેવાનો આ લેખમાં દર્શાવેલા વિચારોને લક્ષમા લઈ સંસ્થાના બંધારણો સુનિશ્ચિત નહિ કરે તો અમને તો લાગે છે કે જ્ઞાતિ અને સંઘનું પૂર્વકાલિન ગૌરવ સુરક્ષિત રહેવું બહુ મુસ્કેલ છે. એટલા માટે અમે પ્રાર્થના કરીએ છીએ કે જ્ઞાતિ અને સંઘ એ લેખમાથી સાર ગ્રહણ કરી સંઘ તથા જ્ઞાતિના આગેવાનો શિથિલ થતી જતી મર્યાદાઓને વધુ દ્દઢ કરે. જ્ઞાનક્રિયાનો વિષય આજકાલના શુષ્ક અધ્યાત્મિઓને તથા નીરસ ક્રિયાકાંડવાદીઓને એક શિક્ષા રૂપ છે. પાશ્ચાત્ય શિક્ષણની અસરથી હિંદમાં બુદ્ધિ વિલાસનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે. અને જાણે કે એ બુદ્ધિ વિલાસ જ અધ્યાત્મ જ્ઞાન કેમ ન હોય તેવા ભ્રમમા આજનો યુવક વર્ગ પડતો જાય છે. મહારાજશ્રી કહે છે કે આવો વિચાર વિલાસ એ એક જાતના મિથ્યાજ્ઞાન સિવાય અન્ય

કશુ જ નથી. જ્યાં સુધી વિચારના પરિપાક રૂપ નિશ્ચય કરવાની શકિત કેળવાય નહિ, અમુક સિદ્ધાંત ઉપર દૃઢપણે ઉભા રહી, ક્રિયાના નાવનો સ્વીકાર થાય નહીં, ત્યાં સુધી ભવસાગર તરી શકાય નહિ. ક્રિયા વિનાનુ જ્ઞાન સાચી ભવ્યતાના દર્શન કરાવી શકતું નથી, એટલા માટે ક્રિયાનો સ્વીકાર અનિવાર્ય છે. આ લેખ ટુકો છે, અને તેથી વૃદ્ધિ પામતા વિચારો અને કેવુ રૂપ પકડે છે, તે સત્ર વિસ્તારથી સ્પષ્ટ થઇ શકયુ નથી. છતાં ક્રિયાની આવશ્યકતાની જે વાત કહી છે, તેમા મતભિન્નતાને અવકાશ મળે તેવું નથી. માત્ર આપણે એટલી વધુ આશા રાખી શકીએ છીએ કે દ્રવ્યશ્રુતની સાથે ભાવશ્રુતના મધુર સંયોગથી ક્રમે ક્રમે ભવ્ય જીવન કેમ બની શકે તે દર્શાવવા માટે મહારાજશ્રી કોઈ અન્ય પ્રસગે શ્રમ લેશે. "પ્રતિષેધનો રૂપાતરે થતો સ્વીકાર" એ લેખ આજકાલના સુધારકોને એક ફટકારૂપ અને તેમના પોતાના પગ નીચે બળતા દાવાનળને સૂચવનારો છે. સુધારકો જ્ઞાતિભોજન, કન્યાવિક્રય, બાળલગ્ન વિગેરે કુરિવાજોને અટકાવવા યત્ન કરે છે, પરંતુ તેઓ પોતે જ પ્રકારાંતરે આવા કુરિવાજોને અનુમોદન આપે છે, એ વાત ભૂલી જાય છે. "ટીપાર્ટીઓ" આપવી, માનપત્રના મેળાવડાઓમાં ધામધુમ માટે હજારોનો ખર્ચ કરવો અને જ્યા સુધી યોગ્ય કન્યા ન મળે ત્યાંસુધી કુવારા જ જીંદગી ગાળવાનો નિશ્ચય કરવો એવી સુધારકોની આજકાલની પ્રવૃત્તિઓ જમણવારોને તથા વૃદ્ધ વિવાહ–બાળલગ્નને પ્રકારાતરે ટેકો આપનાર થઇ પડે છે. અલબત્ત સુધારકોની આવી પ્રવૃત્તિઓ અધુના તો એક બીજરૂપ જણાય છે, પરતુ જે કુરિવાજો આજે આપણને વૃક્ષરૂપે પ્રત્યક્ષ થાય છે તે રીવાજો પણ એકવાર બીજરૂપે જ હતા એ વાત વિસરી જવી જોઇતી નથી. સુધારકો બાળલગ્નની સામે વિરોધ ઉભો કરે છે,

છતાં તેઓની પોતાની પત્નિઓ સાથે છુટથી હરવાફરવાની પ્રવૃત્તિઓ તેમના સહવાસમાં આવતા બાળકોને એવી સ્વચ્છંદ વૃત્તિ ભણી ખેંચી જાય છે, અને બાલ્યાવસ્થાથી જ પ્રેમ-રાગમા ખુચાય છે. તેથી આ સર્વનુ પરિણામ અતે તો કુરિવાજોના સ્વીકારમાં જ પરિણમે છે. સુધારકોની એ ફરજ છે કે જે કુરૂઢીઓ પ્રત્યે પોતાનો તિરસ્કાર બતાવે છે, તેવી કોઇપણ કુરૂઢીનો કે કુરૂઢીના અશનો પણ પોતાનાથી.જાણુતા-અજાણુતા સ્વીકાર ન થઈ જાય તે માટે બહુ સાવચેતી રાખવાની જરૂર છે. નહિ તો બકરી કાઢવા જતા ઉટ ઘાલવા જેવી આ સુધારાની હિલચાલ ઉપહાસ્યાસ્પદ થશે. આ પછીના ત્રણ લેખો ચર્ચાના રૂપમા છે, અને તે અનુક્રમે 'મૂર્તિપૂજા' તથા 'શંકરદિગ્વિજય' ને ઉદ્દેશીને લખાયેલા છે. આ માહેનો પ્રથમ લેખ જૈન પત્રમાં તથા બીજો લેખ મુબઇ સમાચારના અકમાં પ્રકટ થઇ ચૂક્યો છે. 'મૂર્તિપૂજા' ની ચર્ચા મહારાજશ્રીએ એટલા માટે હાથ ધરી હતી કે તેમના 'વ્યાખ્યાન સંગ્રહ' ના એક વ્યાખ્યાન-ધ્યાનના સબધમાં સ્થાનકવાસી લેખકે કેટલીએક ટીકાઓ કરી હતી. આ ટીકાઓના ઉત્તરરૂપે આ ચર્ચા પ્રકટ થઇ હતી. જો કે તેમાં પ્રતિપાદક શૈલીમા મૂર્તિપૂજાના વિષયનુ વિવેચન નથી પરતુ મૂર્તિપૂજા નહીં માનનારાઓના તર્ક-વિતર્કોનો બની શકી તેટલી કોમળ શૈલીમા જવાબ વાળવામાં આવ્યો છે. ધ્યાતા-ધ્યાન-ધ્યેયની ત્રીપુટીની આવશ્યકતા બતાવી કેટલાએક ઉદાહરણો પૂર્વક મૂર્તિપૂજાની ઉપયોગિતા પ્રતિપાદન કરી છે. બીજો લેખ શકરાચાર્યના કહેવાતા દિગ્વિજય સંબધીનો છે. આ ચર્ચાએ કેવી રીતે જન્મ લીધો હતો, તે પણ અહીં પ્રકટ કરવા યોગ્ય છે. મુંબાઇ સમાચારના એક અંકમાં તટસ્થની સહિથી એક લખનારે એવી મતલબનું લ-

ખાણુ પ્રસિદ્ધ કર્યું હતું કે આદ્ય શંકરાચાર્યે પ્રથમ એકવાર જૈનો ઉપર દિગ્વિજય કર્યો હતો, અને એ દિગવિજયની ત્રાંબાપત્ર ઉપરની એક નોંધ હાલના શ્રી શંકરાચાર્ય પાસે છે. આના ઉત્તર માટે મહારાજશ્રીને પોતાની લેખિની, કેટલાએક જૈનોના આગ્રહથી ઉઠાવવી પડી હતી. તેમાં મહારાજશ્રીએ એ પુરવાર કર્યું છે કે આદ્ય શંકરાચાર્યને કોઇવાર જૈનો સાથે શાસ્ત્રાર્થ થયો નથી, એટલું જ નહીં પણ આનંદગિરિએ પોતાના ગુરૂવર્યની સ્તુતિ કરવાની ઇચ્છામાં આ કપોળકલ્પિત વિગત જોડી દીધી છે. સાથે સાથે એ પણ બતાવ્યું છે કે વર્તમાન યુગમાં ધર્માચાર્યોએ આવા વિગ્રહો ઉઠાવી પ્રજાના એક બીજા ભાગમાં વૈર અને બેચેનીની લાગણીઓ ફેલાવવાથી બહુ દૂર રહેવાની જરૂર છે. આ કાળ હવે ખંડન-મંડનનો નથી, પણ દેશની દરિદ્રતા ટાળવા, સમસ્ત જનસમાજને નીતિના માર્ગે વાળવા, હાથમા હાથ મેળવી સર્વેએ પરિશ્રમ કરવાનો છે. આ લેખની અસર પણ સારી થઈ છે અને ત્યાર પછી આવી કડવી ચર્ચા બહાર આવવા પામી નથી. છેલ્લો લેખ પ્રતિક્રમણ વિષયનો છે. પ્રતિક્રમણ જૈનોની નિત્યની એક આવશ્યક ક્રિયા છે. મહારાજશ્રીએ આ લેખની વિગતોમાં ઉતરતી વખતે જે સ્વતંત્રતા અને શોધક બુદ્ધિનો પરિચય આપ્યો છે, તે અમને તો લાગે છે કે અપૂર્વ છે. આ લેખ કોન્ફરન્સ હેરલ્ડના પર્યુષણના ખાસ અંકમાં પ્રકટ થયો છે, અને તે લેખના પ્રકાશથી અનેક સ્થિતિચુસ્ત જૈન ગૃહસ્થો તથા મુનિઓમાં ખળભળાટ પણ થયો છે. પરંતુ જે ઐતિહાસિક પ્રમાણ, બુદ્ધિગ્રાહ્ય દલીલો અને શાસ્ત્રીય યુક્તિઓવડે પ્રતિક્રમણના વિષયની ચર્ચા ચલાવી છે, તેની સામે થવામા વિરોધીઓએ પોતાની જ સંકુચિત મતિને ખુલ્લી કરી છે. આવા લેખોની જૈનસમાજને બહુ જરૂર છે, અને આપણે આશા

રાખીશું કે મહારાજશ્રીની સ્વતંત્ર લેખિની આવા શાસ્ત્રીય વિષયો ઉપર પ્રકાશ પાડવાની નિરંતર કૃપા કર્યા રહેશે.

અમે આગળ જ કહી ગયા છીએ કે મહારાજશ્રીના વિચારો સાથે ગતિ કરવા જેટલુ બુદ્ધિસામર્થ્ય અમારામા નથી, છતાં માત્ર પરંપરાને માન આપવાને ખાતર તેઓના, આ લેખસંગ્રહમા પ્રકટ થયેલા, લેખો ઉપર એકવાર દ્રષ્ટિપાત કરી જવાનું અમોએ સાહસ કર્યું છે. બનવા જોગ છે કે મહારાજશ્રીના કોઇ આશયને અમે સમજી શકયા ન હોઇએ, સમજ્યા હોઇએ છતા અમારી બુદ્ધિના અનુસારે તેને વિપરીત અર્થમા ખેચી ગયા હોઇએ. મહારાજશ્રીનો પ્રત્યેક લેખ જૈનસમાજમા એક નવીન જ પ્રકારનો ઉમેરો કરે છે, અને તેથી તેના ઉપર આ કરતાં પણ વિશેષ અવલોકનની જરૂર છે. આપણે આશા રાખીશુ કે કોઇ સાક્ષર ભવિષ્યમાં આ સર્વ લેખોના રહસ્ય-મર્મને વધારે વિસ્તારથી સમજાવવાનો પ્રસંગ લેશે અને એ રીતે મહારાજશ્રીના સ્વતંત્ર-ઉદાર-ભાવપૂર્ણ વિચારોના પડઘા પ્રત્યેક વ્યક્તિના અંતરમા પ્રતિધ્વનિત કરશે.

प्रकाशक.

અનુક્રમણિકા.

લેખસંગ્રહ.

સહૃદયતાના પડદામાં સ્વાર્થ કિંવા નિર્દયતા-તેને પરિણામે થતી જમાનાને અસર.

સહૃદયતા, એ હૃદયનો સર્વથી ઉચ્ચ અને ઉદાર ગુણ છે. પણ બાહ્યાભ્યંતર પોષાયેલો તે હોય ત્યારે અર્થાત્ દંભ રહિત તે હોય ત્યારે. **अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यापरिग्रहः** અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ઇત્યાદિ ગુણોને એ સહૃદયતા પોષે છે. એટલે સહૃદયતાથી એ નિયમો પળાય છે, પણ સહૃદયતાને ઉત્પન્ન કરવામા એ નિયમો કારણભૂત નથી. અહિંસા એટલે મન કર્મ અને વાણીથી કોઇને હણવા કે દુઃખ આપવાથી દૂર રહેવું તે તો શુ એ સહૃદતા હૃદયમા પ્રેમની લાગણી વિના પાળી શકાશે ખરી કે ? કદાપિ નહીં. સત્ય એટલે જુઠાનુ પ્રતિદ્વંદી-જુઠાથી ઉલટુ. આ સત્ય પણ હૃદયની કોમળતા વિના કેમ પાળી શકાય ? અસ્તેય એટલે ચોરી નહીં કરવી તે. જે વિષય-પદાર્થ અન્યના છે, તેના ઉપભોગમા ગુપ્ત રીતે વર્તવુ તેનુ નામ ચોરી કહેવાય છે, આ ચોરીને જે સહૃદય હોય તે પોતાના હૃદયમા સ્થાન આપે ખરો કે ? પોતાના પ્રાણી પદાર્થ પ્રત્યે તેવુ જ કોઇ વર્તન ચલાવે તો કેટલુ દુઃખ થાય, એવી દયાર્દ્રતા જ તેને ચોરીમાથી ખાળે છે, અસ્તેય સેવાવે છે.

બ્રહ્મચર્ય એ એક પ્રકારનું શૌચ છે. અને તેથી મન-હૃદયની પવિત્રતા થાય છે. અપરિગ્રહ, બાહ્યત્યાગ અને આભ્યંતર નિર્મમત્વથી ઓળખાય છે. આ અપરિગ્રહના અભાવે નીતિ અનીતિ પરીક્ષિત થઈ શકતી નથી અને તેને જ લેઇને જગત્માં અંધાધુની પ્રવર્ત્તી રહી છે. બાહ્યત્યાગ એટલે જેમ બને તેમ બહારની ઉપાધિ ઓછી કરતા જવી. આથી હૃદયમા શાંતિ અને નિરૂપાધિ રહે છે. અભ્યંતર નિર્મમત્વ એટલે હૃદયમાંથી પ્રાણી-પદાર્થો પ્રત્યેનું મમત્વ દૂર કરવુ. આ બન્ને ભેદો વાસ્તવ સ્વરૂપે એક જ છે. પ્રાપ્ત કેમ જળવાઈ રહે એવું મમત્વ તજી દેવુ એ દ્રવ્ય પરિગ્રહ છે, અને ઇચ્છામાં ઉદ્ભવતા નૂતન પદાર્થ પ્રત્યે નિરાસક્ત રહેવુ તે આભ્યંતર નિર્મમત્વ છે.

આ બધા નિગ્રહ, અન્ય પોતાની તરફ એવા જ નિગ્રહથી વર્ત્તે તે માટે પાળવાના છે અને તેનો હેતુ આ વિશ્વવ્યવસ્થા સુસંપથી અને સુવ્યવસ્થિત જળવાઈ રહે અને પ્રાણીઓ એક બીજાને અડચણ વિના પોતાના ઐહિકામુષ્મિક કલ્યાણમાં આગળ વધે એ સમજાય છે. પોતે અહિંસા પાળવી એ બીજાને તે શીખડાવવા બરાબર છે પોતે સત્યભાષી, સત્યાનુવર્ત્તી બનવુ તે બીજાને સત્યપ્રિય બનવામા જોડવા માટે છે. પોતે ચોરીથી દૂર રહેવુ એ અન્યને ચોરી કરતા અટકાવવા બરાબર છે. શૌચ, મન-હૃદયની પવિત્રતા એ પણ અન્યની આપણા પ્રત્યે તેવી પ્રવૃત્તિના લોભે છે. અપરિગ્રહ એટલે દેહ નિર્વાહ ઉપરાંત વિહિત સાધનોનો પણ ત્યાગ અથવા અનંગીકાર અથવા મમત્વ બુદ્ધિથી અસ્વીકાર, આ પણ અન્યને આપણા એ વ્રતમા ક્ષતિ નાખતા દૂર રાખવા અને તેમને પણ તે ક્ષતિમાંથી દૂર કરવા માટ છે. શુ આ સહુ દયારહિત મનુષ્ય કરી શકે ખરો ? કદાપિ નહી. આથી ખરી રીતે તો એમ જ સમજાય છે કે

દયામાંજ સહૃદયતા, હૃદયની આર્દ્રતામાં જ-પ્રેમભાવનામા જ ધર્મવ્યવહાર: સર્વેની સુષ્ઠુતા, સુવ્યવસ્થા અને શુભ આનંદ રહ્યાં છે. અને જો એમ છે તો દયા એ સર્વ ધર્મ, સકળ સુવ્યવસ્થિત વ્યવહારનો પાયો-મૂળ છે. સૌ કોઇ પોતાનાં મન-શરીરને ઇજા ન પહોંચાડે એવા વર્ત્તનની અન્ય પાસે ઇચ્છા ધરાવે છે, અને તે છતાં ઇજા પામે છે. સૌ કોઇ પોતાથી અન્ય કોઇ જુઠું ન બોલે, સત્ય અને સરળ રીતે વર્ત્તે એમ ઇચ્છે છે, છતાં એવુ ઇચ્છનારાઓમાંથી ભાગ્યે જ કોઇ તેમ અનુભવે છે. વિશેષ બધા તો જૂઠા, ઠગ, અસરળ મનુષ્યોના કેન્દ્રમાં જ પોતાને ઉપસ્થિત નિહાળે છે. સૌ કોઇ પોતાના પ્રાણી-પદાર્થ ગુપ્ત રીતે છીનવી ન લે અને પોતાના જ બન્યા રહે એમ ઇચ્છતા છતા પણ એથી વિરૂદ્ધ અનુભવ કરે છે, અર્થાત્ ચોરાઇ જતા નિહાળે છે. ચોર તો ચોરી કરે પણ પ્રાણી-પદાર્થો પણ ચોરના હસ્તમાં જવા ગતિ કરતા હોય એમ સ્પષ્ટ અનુભવે છે, ઇત્યાદિ ઇત્યાદિ થવાનું કારણ શુ છે, તે તપાસીયે છીએ ત્યારે એમ સમજાય છે કે તે તે મનાતી વાચ્છા તે મન, હૃદયથી પોષાયેલી વાચ્છા નથી, પણ એક પ્રકારના વલખા છે. તે તે ઇપ્સિતની પાછળ નકામા હવાત્યાં જ છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તેવી વાંચ્છાનુ ફલિત જે તેવા આચારોની પોતામાં હૈયાતી-વર્ત્તનમા સ્થિતિ, પ્રાય તેઓને હોતી નથી. અથવા હોય છે તો નિરોધમા ટકાવી રાખવાનુ તેઓમાં અસામર્થ્ય હોય છે, અને તેને લેઇને જ પોતાના મનોરથમા પ્રાય: સર્વથા તૃપ્ત થતાં નથી, અને બીજાની પ્રવૃત્તિને માટે મન, હૃદયમાં અસંતુષ્ટ રહે છે. પોતાને અનુકૂળ અન્યને બનાવવાનો સૌથા સરળ ઉપાય તો એ જ છે કે કોઇ પણ પ્રકારે આપણે તેમને અનુકૂળ બનવું, અને પછી તે તે સ્વત: જ આપણને અનુકૂળ બનશે.

આવા નિરોધ કાતરો, પ્રથમ તો પોતાની પ્રવૃત્તિમા–અમુક નિગ્રહમા પોતાનાથી યથાશક્ય નહીં રહી શકતા હોવાથી આત્મ અસતુષ્ટ રહે છે, અને પુનઃ અન્યે પોતાને અસંતોષ ઉત્પન્ન કરતા દ્વિગુણ પ્રજ્વલી ઉઠે છે. પરતુ પોતે બીજાને અનુકૂળ નહીં બનવાનું એ પરિણામ છે, એમ સમજતા નથી. ક્ષણે ક્ષણે વસ્તુ–પ્રસગ સામે ચીડાઈ ચીંથરા ફાડે છે અને દ્વેષ ધરે છે, પણ પોતાને આત્મસયમ–નિરોધ પાળતા પરસેવો છૂટે છે. આથી તો એમ થાય છે કે ચોરને ચોર રહેવુ છે, બીજા ચોર રહે ને પોતાની ચોરી કરે, તે ઠીક નથી જણાતું. આ કેમ જ બને? જુઠાને જુઠાણુ છોડવું નથી, બીજાને પોતા તરફ સત્ય–સરળ–વફાદાર બનાવવા છે, તે ક્યાથી થાય? પોતાના મન, હૃદયમા ગદકી–મળ ભર્યો રહેવા દેવો છે, બીજાને નિર્મળ–નીખાલસ બનાવવા છે! કેવી અલભ્ય વાત? આવા પ્રકારની નીતિના ધોરણથી મનુષ્ય, પોતાને અનુકૂળ સર્વ પ્રસગો રહેવાની અને અન્યને રૂચે કિવા ન રૂચે પણ પોતે તો બીજા પ્રત્યે ફાવે તેમ વર્તવાના હઠને વશ બની બેસે છે, દુરાગ્રહી બને છે. પોતાને તો અન્યનુ અનુકૂળ વર્ત્તન જોઇએ છીએ, પણ બીજાને અનુકૂળ રહેવાના પ્રતિબધમા રહેવુ ગમતું નથી આથી પછી એમ બને છે કે પોતાના વિષે તેવા સદ્‌વર્ત્તનનો દભાચાર તે મનુષ્યને ધરવો પડે છે. દીલભરદીલ એ સાદા પણ પ્રચલિત ન્યાયના ધોરણે એ દભાચારની પૂજા–અતીથિ સપર્યા–સુશ્રુષા પણ સામેથી દભ જ કરવામા જોડાય છે. હુ તમને ઠગુ છુ, તમે મને ઠગો છો, હુ તમારા પદાર્થની ચોરી કરૂ છુ, તમે મારા પદાર્થની ચોરી કરો છો, હુ તમારી સાથે અસત્ય અને અસરળ વર્ત્તુ છુ, તમે મારી સાથ અસત્ય અને અસરળ વર્ત્તો છો. હુ તમને હણુ છુ, તમે મને હણો

છો, હુ તમારામા વિશ્વાસ સ્થાપી શકતો નથી, તમે મારામા તે રાખી શકતા નથી. હુ તમારી સાથે વ્યવહારમા જોડાયા છતાં શકાકૂલ રહુ છુ, તમે મારી સાથે વ્યવહારમા જોડાયા છતા શકાકૂલ રહો છો. પ્રાય. સાપ્રત કલિકાળમા અત્ર તત્ર આવો જ વ્યવહાર દષ્ટિગોચર થાય છે. અને તે, જ્યા પર્યંત એક બીજાથી તેને છેક ઉઘાડો પડતો છુપાવી શકાય છે, ત્યા પર્યંત એક બીજાનો વ્યવહાર બન્યો રહે છે. લોકો પણ તેને બેશ છે એમ નિહાળે છે. પણ જ્યારે એકથી અન્યનો તેવા દંભ વ્યવહારમા પરિચિત થાય છે ત્યારે સ્વાભાવિક તે પ્રત્યે તેને અણગમો આવ છે, અને એમ તે સામાથી પરિચિત થયુ કે તુરત તે મિત્ર મટી અમિત્ર બની બેસે છે. આમ વિરોધ અને વૈર રોપે છે અને સર્વથા તેના અહિતમા વર્તવા લાગે છે. કમકે તેને પછી જગતમા પોતાનુ અયોગ્ય આચરણ તે ઉઘાડુ પાડી દેશે એવી પ્રબળ ભ્રાંતિ રહે છે. સામો કરે છે, પણ એવુ સહૃદયતાથી તે સગ્રહી શકતા નથી અને એથી પરસ્પર ઉભય શત્રુ બની એક બીજાને ખલક બહાર મુકવા પોતાના સામર્થ્ય-વિશેષથી મચે છે. અરે ! આવા પ્રકારની રીતિએ જમાનાને કેવી માઠી અસર પહોંચાડી છે ?

મલિત મનનો એવો સ્વભાવ હોય છે કે, તે ભુલથી નમવુ ઇચ્છતુ જ નથી. પણ ઉલટુ પોતાની ભુલને અન્ય-સામો નિભાવી લે, એવી ઇચ્છા ધરાવે છે. આ કેમ જ બને ? અપકારથી મનમા ગ્લાનિને આદર જ ન આપે એવા મહાત્માઓ જ સૌ હોવા શું સંભવે છે ? આથી તે અપકાર મેળવનારને ખેદ તે અપકાર કરનાર ઉપરથી છુટતો નથી. આવા પ્રસગે અપકાર કરનાર જો પોતાની ભુલ કબુલી નમ્ર બને છે, તો યદ્યપિ એ દુ:ખ તો તે અપકાર પા-

મનારને ચીતા પ્રવેશ પર્યંત શલ્ય તુલ્ય સાલે છે, તથાપિ પુનઃ અપકારને અપકારથી ભેટવાનો પ્રસંગ ઉદ્‌ભવતો નથી. પણ બને છે એવું કે અપકારક તો એમાથી પણ જાય છે, ઉલટો તે પોતાને અપકાર પામી સામો વળગતો આવે, એટલે કે હું અપકાર કરૂં અને તું સહી રહે એવો તારા ઉપર મારો હક છે, એવા દુરાગ્રહને સેવે છે અને જ્યારે આમ ન્યાયનો સીરસ્તો પણ તુટે છે ત્યારે પરિણામ એ આવે છે કે પ્રેમ, કોમળતા, સહૃદયતા એ સૌ સ્વાર્થમાં દબાઇ જાય છે. અને તેને સ્થાને નિર્દયતા પોતાનુ રૂપ પ્રકટ કરે છે. કેટલો અંધો કાળબળનો મહિમા ? આવી રીતની મનુષ્ય-પ્રકૃતિથી ભુલની નિવૃત્તિને બદલે ભુલમાં ઉમેરો થાય છે, અને કોમ-કોમમાં, મજહબે મજહબમાં, સંસ્થાએ સસ્થામા, કુટુંબે કુટુબમા, વ્યક્તિએ વ્યક્તિમાં, સર્વત્ર કલહ, વિરોધ, કુસપ ઉદ્‌ભવે છે. આનુ કારણ સહૃદયતાની જ ખામિ છે. આ ખામિએ જમાનાને બહુ બુરી અસર કરી છે. ભાઈ, ભાઈ તરીકે દેખાઈ આવતો નથી. સ્ત્રી, સ્ત્રી તરીકે અને પતિ, પતિ તરીકે દેખાઇ આવતાં નથી. તાત્પર્ય કે જે ગુણ-ધર્મોનું અસ્તિત્વ જેમાં હોવું સંભવે છે, તે સહૃદયતાની ખામિએ હોતું નથી. અને હોય છે તો દંભના રૂપમાં અથવા નિર્બળતાવાળું હોય છે. આથી પ્રત્યેક પરિસ્થિતિ કર્કશ, કુરૂપ અને અવ્યવસ્થિત જમાનાની દૃષ્ટિગોચર થાય છે.

વાચક ! સહૃદય થા ! સાચો સહૃદય બન ! દંભાચાર દૂર કર અથવા તું સહૃદય હોય તો તારી સહૃદયતા-તારી હૃદયની ઉદારતા હું નિહાળું. જોઉં છું કે તે કેવી ટકે છે, તુટે છે કે નહીં ? જો ! તું બીજાને તારા સંબંધમાં ગમે તેમ બોલવા દે, ગમે તેમ વર્ત્તવા દે, તું તારા સૌખ્યની, તારા સ્વાર્થની, તારી અનુકૂળતાની અન્ય પા-

સેથી કાંઈ જ પરવા નહી ધરાવ! તું તારા પોતાના કર્તવ્યને સંભાળી સ્વ સંતુષ્ટ રહે. બીજા પાસે તારા સુખમાં સુખ, દુખમાં દુ:ખ, સ્વાર્થમા સ્વાર્થ, અનુકૂળતામા અનુકૂળતા મનાવવાનો તને કાંઇ જ અધિકાર નથી. જગતને ગમતું જોઇએ છીએ. તને પણ તારૂ ગમતું જોઇએ. બસ, આજ ઝગડાનુ મૂળ છે. જે તને રૂચે તે બીજાને ક્યાંથી જ રૂચે? તારા અંત:કરણની સામગ્રી જેવી જ બીજાની હોય એમ સર્વથા બનવું અશક્ય છે. તો અન્યની રૂચી ઉપર પોતાના સ્વાર્થની વગ ચલાવવી તું રહેવા દે. એથી તું સ્વાર્થ, સાખ્ય, અનુકૂળતાની આશા રાખતો નહી, પણ ઉલટો વિરોધ વધારીશ. જેમ જેમ તું બીજાની પાસે તને ગમતાની ઇચ્છા ધરાવીશ તેમ તે તારૂ અણગમતુ જ આચરશે. જનમનનો એવો વિલક્ષણ સ્વભાવ છે કે, જેની આપણે અત્યંત સ્પૃહા રાખીએ તેને માટે આપણને તે અયોગ્ય માની અલભ્યતા અર્પતું જાય છે, અને આમ છતાં તે સ્પૃહા રહિત નથી. તું નિસ્પૃહી બન અને તારી તે પ્રત્યે નિસ્પૃહતા નિહાળી તને તદ્દન હાથમાથી ખોઇ બેસવાની તે ફીકરમાં પેસશે અને તારી વાંચ્છા ઉપરાત સુખની સરળતાની તારા ઉપર નીછાવર કરશે. પણ તું એક વખત એ મન તારે લાયક થવાને અયોગ્ય છે અને તેથી તું વિરક્ત–ઉદાસીન છે એવું સપૂર્ણ ભાન થવા દે. તેને પરાણે મેળવવાને રાતો–પીળો નહી બન. તારો નોકર તારાથી નિમકહરામ વર્તે છે, નહીં? તારા ઉપર કોઇ મૈત્રી નથી રાખતું? શા માટે? તને તેની અત્યંત સ્પૃહા છે. તું એ મીત્રીની બનાવટને તારા માટે અલભ્ય દેવતુલ્ય નહીં બનાવ. તું તેવી દેવતુલ્ય બની, નિસ્પૃહ, નિરાસક્ત–અળગો રહે, અને તે તેઓની મેળે તને વળગતા આવશે. તારા વફાદાર બનતા, તને ચાહતાં આવશે, અને તે ઘડીએ

પણ તું નિસ્પૃહ-નીરાળો રહીને જ તેના ઉપભોગમા જોડાજે. જનપ્રભૃતિ એક બીજાથી દુખી અને અસતુષ્ટ દેખાય છે. તેનુ કારણ એ જ કે તે ઉપભોગના વિષયમા આસક્તિ સાથે જોડાય છે. તુ, અમુક મારૂં અને તે મારૂ જ બન્યુ રહે એવો મમત્વ કર નહી. હુ અમુકનો અને તે તેવો જ રહુ એ નીતિનો તુ સ્વીકાર કર; તો જ તું સહૃદય છે, તો જ તે હૃદયમા ઉદારતાનો ગુણ પોષ્યો છે, અને યાદ રાખજે કે તો જ તે જહાન અને જમાનાને જીત્યો છે. પણ નહી, તારાથી તેમ નહી બને. તુ સ્વાર્થી છે. અત્યત સ્વાર્થી છે. સ્વાર્થના ક્ષતિ તારાથી સહાતી નથી. અને તેથી જ તેમા ક્ષતિ પહોચે છે. તુ તારા પ્રાણી-પદાર્થોમા જબરજસ્તીની ફરજ પાડે છે, અને જે એમને અમુક કિવા મર્યાદે પણ રૂચતી નથી. આથી ઉપર ઉપરનો તને એ સ્વાર્થ દેખાડે છે. અદર ખાનેથી તને તે અમરળ વર્ત્તતા રહે છે તુંયે સમજે છે, તોપણ તારી જીકર તુ છોડતો નથી. તુ એથી નિત્ય પ્રતિ લમણા લીધા કરે છે, ને તેમ જ વર્તે છે. તારા સ્વાર્થને લીધે તું સર્વ અને સર્વસ્વને અધોગતિએ મુકે છે અને તારા યોગ જો તુ સ્વાર્થને છોડીને વર્ત તો તારા પ્રતિકૂળ પ્રાણી પદાર્થો જેનો ઉદ્ધાર-સુધારણા થવી ઘટે છે તે પણ અધોગતિએ પહોચે છે અને એવા પરિવર્તનની પરિસ્થિતિએ છેવટે અધોગતિએ પહોચતા પણ તે પોતાની ભુલ નહી ખોળતા તારી જ ભૂલ ખોળે છે.

પામર જનહૃદય, તારી સહૃદયતા તે જોઈ. મૂઢ! બાહ્ય શરીરમા ક્ષતપાકાદિની સુધારણા પ્રત્યે પણ તું જેવો કાળજીવાળો રહે છે તેટલો તું શરીરના આભ્યતર વ્યાધિના અનેક પ્રકારના દોષોની સુધારણા કરવા, તેની ચિકિત્સા કરી તેનુ શમન કરતો નથી. પણ ઉલટા તેને

કુપથ્યના પ્રસંગો અર્પી પોષે છે-વધારે છે અને તેના કટુ ફળનો ભોક્તા પણ તું જ બને છે.

શેઠ બની, નોકરે ચોરી કરી, તેના માટે તેને દુનીયાપાર મુકવા મથે છે, તેને કાયદા અને ન્યાયમંદિરની મદદથી નમિયને દોરે છે, તેથી તેનુ શુ સુધાર્યું ? તું તેના મનના આભ્યંતર વ્યાધિને મારી શક્યો ખરો ? જગ પણ તેમ સમજતો નહી તે જ્યા પર્યંત ચોરીના કારણોથી મુક્ત નહીં બને ત્યા પર્યંત ચોર જ રહેવાનો છે, અને તે કરેલી વાજબી નશીયતનો પણ તે બદલો જ લેવા મહેનત કરશે પણ તું તેને કાઢી ન મૂક. તેને ચોરી કરવાનુ કારણ તેટલી આવશ્યકતા હશે એમ સમજી પુન તેમ નહી કરવા તાકીદ આપી તેના પગારમા વૃદ્ધિ કર, તો તે ચોર કદિ નહીં થાય. કેટલાક એમ સમજે છે કે એક વખત ગુન્હો દરગુજર કરવાથી તેવો મનુષ્ય ફરી તેમ કરવા લલચાય છે. એ વાત કિંચિત્ અંશે ખરી હશે, પણ તું તો તારી સહૃદયતામાથી જો નહી પુન તે તેમ કરે તો તેને તું સમજાવી રજા આપી દે. આથી જ વહેલો મોડો પણ તે કદી સુધરશે, પણ નફરત કરવાથી તો તે જરૂર વકી જશે, વિરોધી થશે. કારણકે તે અજ્ઞ છે. તું પણ અજ્ઞ ન થા. શત્રુ તરફ મિત્રભાવે તારાથી ન વર્તાય તો તે પણ નિર્બળ પક્ષ છે છતા ત્યાસુધી ઠીક છે. પણ આશ્રિતને-તારાને તો તું શત્રુ નહીં બનાવ, તેનુ તો રક્ષણ કર તે મૂઢ, અજ્ઞાનતા વશ વર્તતા છતા પણ તેનુ યોગક્ષેમ તારા હસ્તકમા મુક્યુ છે, તેનો તુ નિર્વાહ કર, પશુવત્ પણ તેનુ પાલન કર વીધિ-નિષેધને સમજે નહીં તે પશુ જ છે, એ જો સમજતો હોય તો તારા હિતમા હાનિ આણે ખરો ?

જેવાની સાથે તેવા થવુ એ જો નીતિ છે એમ કોઈ કહેતું

હોય તો હું પૂછું છું કે એથી વધીને બીજી કોઈ અનીતિ છે? ભલે, નીતિકાર તેને નીતિ માનતા હોય, અને તેમ નહીં વર્ત્તનારને નીતિ અજ્ઞ-મૂર્ખ કહેતા હોય. માર માર કરતો સામો આવનાર પણ તારી ક્ષમાના તેજાબમાં ગળી પાણી ન થઈ જાય તો તું ધીરજવાળો ક્ષમા ગુણસંપન્ન શાનો છે? એથી તો તું સહૃદય નહીં પણ નિર્બળ ઓળખાશે. તારી સહૃદયતા તો માત્ર નામની મનાશે, અથવા તો તેને આચારમા ટકાવી રાખવા જેટલા નિગ્રહવાળો નથી-નિરોધ કાતર છે, એમ લેખાશે. તું તારા પ્રત્યે અપકાર કરનારને ક્ષમા અર્પ, એટલુ જ નહીં પણ તેનો ઉપકાર કર, તો જ તુ સહૃદય છે, અને તેમ કરી શકે તો જ તું તારા પાછળ જમાનાને દોરે છે-એટલે નવો જમાનો બાંધે છે. તારો અપકાર કરનાર પણ તારા ચરણમા લજ્જાવંત થઈ પડે છે અને તેનુ ભવિષ્ય સુધારવાને માટે તારો ઉપકાર માને છે. જમાનો તને દેવસદૃશ આશ્ચર્યચકિત બની નિહાળે છે. તારા કર્ત્તવ્યસત્રમાં અન્ય પણ માળાના મણકા બની પરોવાય છે, અને તું એક દેવ સૃષ્ટિ તારી આજુ બાજુ ઉભા કરે છે. યાદ રાખ કે જેટલી ભલાઈ દોષોને ભુલવામા છે, તેટલી તેને યાદ લાવવામાં નથી. તું દરગુજર કર, દૈવને હવાલે તેમને છોડી દે. યાદ રાખ કે, મનુષ્ય-જીવન મનુષ્ય તરીકે દેખાઇ આવવામા છે. બીજાનુ બગાડી તારૂં તું શુ સુધારશે? જેટલે દરજ્જે તું બીજાનુ બગાડશે તેટલે દરજ્જે, બલ્કે તેથી અધિક તારૂં બગાડશે. મનુષ્યપણાની સ્થિતિથી તું દૂર જતો જશે, માનવજન્મ, જે મોક્ષની અનવધિ ઉપયોગીતા માટે મળ્યો છે, તે મિથ્યા પ્રવૃત્તિમાં ગુમાવીને અપકીર્ત્તિ મુકીને જ મરશે. જન્મ અને મરણની જાળમાં અવટાતો જ રહેશે. મનુષ્ય, ગુન્હાનું મૂળ મેળવવા પ્રયત્ન કરતો નથી, આથી જ તે સવેળા સુધરતો નથી.

મહત્તા, દંભને ભોગે મેળવી શકાતી હોત, નિગ્રહની નિર્બળતાથી મળતી હોત તો સત્યાચાર અને નિરોધને કોણ નમત ? પીતળનો ચળકાટ જો કનકને ભુલાવવા સમર્થ થઈ શકયો હોત તો કનકનો કોણ ખપ કરત ? તાત્પર્ય એ જ છે કે દભ તે દભ છે અને તેને સેવનારા દંભી—અનર્થાર ભી છે.

ફરેબના ફિરેસ્તાએ, દુનીયા ! તને આંજી છે. દંભના પુતળાંએ, દુનીયા ! તને પ્રપચનું પાપી નામ બક્ષ્યુ છે. તારામા વસતાં સૌ કોઈ જ તેવા નથી. તારા ઉપર શ્રેષ્ટો પણ વસે છે. તેવા શ્રેષ્ટોની વસેલી દુનીયા ! હું તને ચેતાવું છે કે તું મોહમુક્ત રહેજે, સુવર્ણથી પીતળને પરીક્ષવામાં તારી નિપૂણતા તું ગુમાવતી ના પણ અફસોસ ! પ્રાયે તેવાઓને ઓળખી તારવી જુદા કાહાડવાને તેવાના કપાળ પૃષ્ટમાં કાંઈ રેષા અંકિત થઈ નથી ! તું ઠગાય છે ! ઠગા ! તેમા જ તારી સહૃદયતા છે, અને તેવા ને માટે તેવા કર્મ જ પ્રેરાયા છે, તે પરવડશે. બગલો માછલીને ફસાવી, મુખમા ઉપાડી લે છે, પણ તેને પણ બીજો બગલો મળી રહે છે. તે જ તેને દંભની શીક્ષા આપે છે. નબળાને સામે નબળો મળી જ રહે છે, અને તે જ તેને નબળાઇની શીક્ષા આપે છે. શ્રેષ્ટથી નેષ્ટને કોઈ દિવસ પરવડી શકાયુ છે ?—શ્રેષ્ટતા મુકી શકાઈ છે ? આનું નામ જ સહૃદયતા છે, આનુ નામ જ હૃદયની આર્દ્રતા—કોમળતા છે—આનું જ નામ વિશાળ પ્રેમમયતા છે. સર્વાત્મભાવે જોતા કોણ કોણનો શત્રુ છે ? કોણ કોનો મિત્ર છે ? કાંઇ જ નથી. તેમ નહીં સમજનારા અને તે સિદ્ધાંતને છોડી વિચરનારા આત્મવંચકો જ છે. તેઓની કૃતિ એ જ તેમને નશીયત છે તેઓને સુધારો, પણ સંહારો નહીં, અને તે પણ સહૃદયતાથી. તમારા સ્વાર્થને નિહાળી નિર્દય નહીં બનો. દયા ખાઓ, દ્વેષ ધરો નહીં. દ્વેષ, દોષ ઉપર

કરવો ઉચિત છે, વ્યક્તિ ઉપર નહીં. તેમના દોષને સંહારો. **शाठं प्रति शाठ्यं कुर्यात्** એ કૂટ નીતિને સ્વીકારી જમાનાને જેમ બુરી પરિણતિમા શઠોએ મુક્યો છે તેમ સહૃદયો, તમે પણ બુરી પરિણતિમાં મુકો નહીં. જેવા તમે તેવો હુ એ તો વિખવાદ ને કડવાશની નીતિ છે. જેવો હુ તેવા તમે એ નીતિનુ બહુમાન કરો. તથાસ્તુ !

સર્વ ધર્મોની એકતા.

ધૃ એટલે ધારણ કરવુ તે ઉપરથી ધર્મ શબ્દની વ્યુત્પત્તિ સિદ્ધ થઇ શકે છે, એટલે કે મનુષ્ય ધારણ કરે તે ધર્મ. આ અર્થને વિશાળ ભાવમા વાચીએ તો સસારના સામાન્ય જીવનમા આપણને ક્ષણે ક્ષણે જે રાગદ્વેષમય જીવનમા રગદોળાવુ પડે છે તથા ક્લેશ અને વિષવાદ આદિથી જે અનવધિ પરિતાપ સહવો પડે છે, તેમાથી મુક્ત રાખી તેની પેલી પારના ભવ્ય જીવનમા માણસને લઇ જાય તે ધર્મ. ધર્મ જ આપણને અહિસા, સત્ય, ત્યાગ આદિ સર્વે શુભ ભાવનાઓ આપે છે. ઘણી વાર આપણે ધર્મ વીર નરવરોના જીવનવૃતાત વાચી, તેઓની અદ્‌ભૂત દશાઓને કલ્પના સમાન ગણી કાઢીએ છીએ, પણ એટલુ તો સર્વ કોઇને કબુલ કર્યા વિના નહીં જ ચાલે કે ભલે આપણી દશાને જે ધર્મ ભાવનાઓ અશક્ય અને અસાધ્ય સમાન થઈ પડી છે, તે ભાવનાઓ માણસોની દૃષ્ટિ સન્મુખ ન હોત તો આજે આ સસારના રાગદ્વેષમય જીવનોની કલુષિતતાનો પાર રહેત નહીં. મોહ, મમત આદિથી નીપજતા દુષ્ટ પરિણામો નિરવધિ થઇ રહેત. અનાદિ કાળના વિભાવે જે અશુભ સસ્કારો પ-

ડયા છે, તેને ભુંસવાને બદલે વધારે દ્રઢ બનાવનારા સંયોગો પ્રાપ્ત થાત, કારણુ કે પાપ અને ભવના ભય વિના પ્રવર્ત્તતા સંસારી જનોને જોઇને, વ્યવહારથી અતીત એવી કોઈ બીજી ભાવના આપણી દૃષ્ટિમા આવી જ શકત નહીં ધર્મોએ સ્વર્ગ-નર્કના ઉપદેશથી, કર્મના વિચારથી, ઇશ્વર કોપના સંભવથી ઉચ્ચ ભાવનાઓની અને વર્ત્તનની ઉંડી છાપ પાડી છે. સારાંશ એ છે કે મનુષ્યને શાન્ત, નિરૂપાધિક અને અનંત સુખમય જીવનનો માર્ગ બતાવનારી જો કોઈ પણ વસ્તુ હોય તો તે ધર્મ જ છે. મનુષ્યને અધમતામા ન પડવા દેતા ખરેખરી આનંદ-જ્ઞાનમય સ્થિતિમા સ્થાપનાર ધર્મ જ છે.

ધર્મ શબ્દ સંસારના દરેક ભાગમા દરેક વ્યક્તિને અને દરેક પ્રાણીને પરિચિત છે મા કોઈ પોતે જે ધર્મના કુળમા ઉત્પન્ન થયાં હોય છે તે ધર્મને માટે અભિમાન ધરાવે છે, દરેક ધર્મના મૂળ સિદ્ધાન્તો જીંદગીની ઉન્નતિ અર્થજ રચાયેલા હોય છે. આપણે હાલ જે ચારે તરફ નજર ફેરવીશુ તો ઠેકાણે ઠેકાણે ધર્મના કલેશો જોવામા આવશે. આવા ઝગડાઓનુ મુળ તપાસતા આપણુને સમજાશે કે દરેક ધર્મના સ્થાપકોએ જે ઉદ્દેશથી, જે પ્રકારના અધિકારીઓ માટે ઉપદેશ કરેલો છે, તેવા ઉદ્દેશથી તેવા અધિકારીને તથા પ્રકારનો ઉપદેશ સંભળાવવામા આવતો નથી. આ સમજવા માટે અધિકાર એ શુ છે તે વિચારવુ જોઇએ

જગતમા અનેક મનુષ્યો છે. જેટલા મનુષ્યો છે, તેટલી પ્રકૃતિઓ છે. કપાળે કપાળે જુદી મતી એ બહુ જુની લોકકથની સત્ય છે. દરેક માણુસના ક્ષયોપશમને લઇને ભિન્ન ભિન્ન સમાજો બંધાય છે. દેશ, ન્યાત, જાત, આદિ સર્વની તે પ્રમાણે વ્યવસ્થા થાય છે. આવી રીતે દરેક વ્યક્તિનુ જે જુદાપણું છે, તેનો વિચાર કરીશું

તો ભિન્નતા એટલી બધી જણાશે કે તેનો પાર પામી શકાય નહીં. શરીર અને મન, વિચાર અને સ્વભાવ એ આદિનું ભિન્નત્વ પ્રસિદ્ધ જ છે. પણ તેના તે માણસોમાં આજનો સ્વભાવ અને કાલનો સ્વભાવ પણ જુદો—સવારનો અને સાંજનો પણ જુદો જણાય છે. પ્રત્યેક મનુષ્યે પોત પોતાની આખી સૃષ્ટિ જ નવી નવી ગોઠવેલી. અને કલ્પેલી લાગે છે. સૃષ્ટિ—વિચાર સૃષ્ટિ એક હોવા છતાં અનત જેવી ભાસે છે. હવે આવા જુદા જુદા અધિકારવાળાને એક સત્ય સમજાવવામા આવે તો તેઓ પોતાના ક્ષયોપશમ પ્રમાણે જુદી જુદી રીતે ઘટાવી ગ્રહણ કરે. કેટલીક વખતે સત્યને અસત્ય તરીકે પણ માની લે. આ વિષય જરા વધારે સુસ્પષ્ટ કરવા એક બે ઉદાહરણ લઇશુ

હિન્દમાં ઉત્પન્ન થયેલાં પ્રાય. સર્વ દર્શનોમાં આ એક સામાન્ય અને સર્વમાન્ય માનીનતા છે કે આત્માની શક્તિ અનત છે. કીડીથી લઈ મનુષ્ય પર્યંત સર્વમા એક જ પ્રકારનો આત્મા છે. આવા આત્માની વાત અણસમજુ—અનધિકારી પાસે કહેવાથી તેનો ઘણીવાર દુરૂપયોગ થાય છે વેદાત જે 'અહબ્રહ્માસ્મિ' નો સિદ્ધાત ઉપદેશે છે, તેનો ઉપદેશ શ્રોતાને યોગ્ય અધિકાર પ્રાપ્ત કરાવ્યા વગર કરવામાં આવે તો તે લાભને બદલે હાનિ કરે છે. ભક્તિનો હેતુ અને મર્યાદા પણ તે જ પ્રકારે ઉચ્ચ હોવી જોઇએ. પરંતુ વૈષ્ણવોમાં જોઈશુ તો તેઓ ઘણીવારે તેને હદબ્હાર લઈ જાય છે, અને અનિષ્ટ ફળો ઉપજાવે છે. જૈનોમાં પણ સ્યાદ્વાદનો ગહન ઉપદેશ અનધિકારી જનોને આપવાથી, ગમે તેવા કાર્યમા તેનો દુરૂપયોગ કરતા જોવામા આવ્યાં છે. મુસલમાનો દીન, દીન પોકારે છે, જે એમ સુચવે છે કે આપણે સર્વે એકધર્મી છીએ, પરન્તુ તેમાં પણ તે દીનનો અર્થ

કજીઓ કરવો, એવો અધિકાર વગરના મનુષ્યો તરફથી કરવામા આવે છે. રાગદ્વેષ વગરના વીતરાગ દેવના અનુયાયીઓ રાગદ્વેષને ઉત્તેજતા જોઇએ છીએ. તેની ત્રણ મુખ્ય શાખાઓમા પણ મૂર્તિપૂજક જૈનો મૂર્તિને છેવટ સુધી માન્ય રાખે છે, સ્થાનકવાસીઓ મૂર્તિ કે જેની જરૂર અમુક સીમા પર્યંત હોવા છતા સર્વથા અસ્વીકાર કરે છે; દિગંબરો નિશ્ચય વિચારને વળગી રહે છે, અને શ્વેતાબરો નિશ્ચયને ગૌણ અને વ્યવહારને મુખ્ય માને છે. આ ઉપરથી સમજુ જનો સહેલાઇથી સમજી શકશે કે ભક્તિની જરૂર બેશક છે, પણ તે અધિકાર ભેદને લઇને જ. મૂર્ત્તિ અને 'અહંબ્રહ્માસ્મિ' આદિની જરૂર છે, પરતુ તે અધિકાર ભેદને લઇ અમુક ભૂમિકાએ જ. વ્યવહારની જરૂર છે પણ નિશ્ચયને અળગો કરી શકાય તેમ નથી. એ પ્રમાણે સામાન્ય ગુણોથી ધર્મના ઉડા રહસ્યો અધિકારથી સમજી શકાય તો સર્વ ધર્મોની શુ એકતા ન થાય? જ્યાં એકમેકથી અધિકતા–સરસાઇ પ્રકટ કરવામા આવે ત્યાજ વિચારો મટીને વિકારો થાય છે, એ વાત બહુ લક્ષમાં રાખવાની છે. જ્યાસુધી વાત, પિત્ત અને કફ શરીરમા યોગ્યતાપૂર્વક રહે છે, ત્યાસુધી જ શરીર નિરોગી રહે છે. એક બીજાની અધિકતા થવાથી તે જ પ્રકૃતિઓ પ્રકોપતા પામે છે, અને પરિણામે રોગની ઉત્પત્તિ થાય છે. તેવી જ રીતે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો સમાન હોય છે, ત્યારે મનુષ્ય સ્વભાવ અકુશમા રહે છે, અથવા જ્યારે એક ગુણની ન્યૂનતા હોય ત્યારે તે ગુણનો વિશેષ ઉપયોગ કરવાથી ઇષ્ટ પ્રવૃત્તિમા રહી શકાય છે. પરંતુ તેમ ન થતાં સત્વ અતિશય વધી જાય તો મનુષ્ય જોગી બની જાય. રજસ્ ગુણ વધી જાય તો ઐશ્વર્યવાળી દશામાં ગરીબાઇની કીંમત અંકાય કે રહે નહીં. અને

તમસ ગુણની અધિકતા થતા ક્રોધ-કષાય જન્મ પામે, મારા મારી ચાલે. માટે અધિકારભેદ લક્ષમા રાખી અભ્યાસ કરવો અને કરાવવા જોઇએ. આથી કરીને જે જે દશાએ જે જે સત્યો પ્રાપ્ત થવાં જોઇએ તે તે સત્યો સમજાતા બીજા ઉપરનો દ્વેષ ઉદયમાં આવશે નહીં એ ઓના ક્ષયોપશમના ભેદમા એકતા થશે.

મતના સ્થાપકો જુદા જુદા અધિકારીઓને ઉદ્દેશીને જુદા જુદા પ્રકારના ઉપદેશો આપી ગયા છે. જુદી જુદી જાતના માણસોને માટે તથા પ્રકારના સિદ્ધાંતો અને નિયમો બાંધેલા છે. જુદા જુદા વર્ગના મનુષ્યો માટે જુદા જુદા વ્યવહાર શાસ્ત્રો ઘણા લખાયેલા છે. અધિકારીઓનો લક્ષ રાખી ક્રિયાઓ પણ ભિન્ન પ્રકારની યોજવામા આવી છે. ટુંકામા કહીએ તો અધિકારને વિચારણામા લઇને જ ક્રિયાઓ-અનુષ્ઠાનો, કથાઓ, ધર્મશાસ્ત્રો, નીતિશાસ્ત્રો, વ્યવહારો અને નિત્ય નિયમો સ્થાપવામા અને ઉપદેશવામા આવ્યા છે. આજે તે સઘળાનો યથાર્થ ઉપયોગ ન થવાથી અનેક પ્રકારની અવ્યવસ્થાઓ અનુભવવી પડે છે.

આવા જુદા જુદા પ્રકારના અધિકારીઓ માટે જુદા જુદા પ્રકારના નિયમો તથા બંધારણો રચવામા મનુષ્ય સ્વભાવનુ નિયમિતપણું અવશ્ય હોવુ જોઇએ સ્વભાવને શુદ્ધ યા નિર્મળ અને અશુદ્ધ યા મલીન એવા બે ભાગમા વહેંચી શકાય. શુદ્ધ સ્વભાવમા અશુદ્ધતા ભાગ્યે જ થાય છે. તેથી તેમા ગમે તેવા પ્રકારનો ઉપદેશ પડે છતા તેનુ પરિણામ તો શુદ્ધ જ આવે છે. અશુદ્ધ યા મલીન સ્વભાવ પોદ્‌ગલિક સ્વરૂપ સબધી હોવાથી તે આસપાસના સંજોગોને લેઇને પોતાનુ રૂપ બદલાવ્યા કરે છે. એટલે કે તેને જેવો ઉપદેશ કરવામા આવે તેવું રૂપ તે પકડી લે છે, લાભહાનિનો વિવેક થઇ

શકતો નથી. આવી સ્થિતિને લઇને ઉપદેશ કરવામા અધિકારીને ઓળખવાની ખાસ આવશ્યકતા છે. યોગ્યને યોગ્ય ઉપદેશ મળવાથી તે ઇચ્છિત ફળ જરૂર પ્રકટાવે. અયોગ્યને ઘણીજ ઉચ્ચ ભૂમિકાવાળો ઉપદેશ હાનિકર થાય છે. આની સાથે ઉપદેશકોએ, પોતાની વૃત્તિમા કે વિચારમા જે ભિન્નતા હોય તે પણ લક્ષમાં રાખવી જોઇએ અને ત્યાર પછી ઉપદેશ આપવો જોઈએ. કોઇને વૈરાગ્ય તો કોઇને જ્ઞાન, કોઇને ક્રિયા તો કોઇને તપ, કોઇને અધ્યાત્મ તો કાઇને સામાન્ય નીતિનો ઉપદેશ પ્રિય કિવા અપેક્ષિત હોય છે. અગર આજ વિષયોનો જો એકાંતે ઉપદેશ આપવામાં આવે છે તો શ્રોતાઓ તેને તેના યથાર્થ સ્વરૂપમા ગ્રહણ કરી શકતા નથી. તેઓને એવીજ ટેવ બેસી જાય છે કે એકનુ મંડન થવાથી બીજાનુ ખડન થાય છે. ઉપદેશકને પણ, પોતે જે ઉપદેશ આપે છે, તે એકાતમા અપાય છે, તેનો લક્ષ નહીં રહેવાથી, તેમજ તેવો ઉદ્દેશ શ્રોતાઓને નહીં સમજાવવાથી એકનું સ્થાપન કરતા બીજાનું ખડન થાય છે, એવી ગેરસમજ ફેલાય છે. માત્ર ઉપદેશકોના સબધમા જ એમ બને છે એમ નથી પણ લેખકોના વિષયમાં પણ તેમજ થાય છે. આથી કરીને મોટો ખળભળાટ થાય છે.

ઉપદેશકે તથા લેખકે પોતાના વિચાર, પ્રમાણોથી બીજાને અનુકૂળ કરવા માટે બેશક કોશેશ કરવી, પણ તેને ફરજીઆત બનાવવાનો આગ્રહ કેવળ હાનિકર છે, કારણ કે શ્રોતા અને વક્તા, વાચનારા અને લખનારા એ બન્નેમાં એકસરખી વિવેક શક્તિ હોતી નથી. વકતામાં ઓછી હોય તો કેટલીકવાર શ્રોતામાં વિશેષ હોય છે. લખનાર સાંકડા વિચારનો હોય છે તો વાંચનાર ઘણીવાર ઉદાર વિચારનો હોય છે. આમ પ્રતિકૂળ સ્થિતિવાળાનો સંજોગ થવાથી,

જેમ પ્રતિકૂળ દવાઓનુ મિશ્રણ દર્દીને જીવલેણ થઇ પડે છે તેમ તે સંજોગો પણ અધીકાર વગરનાને હાનિકર થાય છે, શબ્દોની મારામારી થાય છે. આશય-સાધ્ય વસ્તુ ભૂલી જવાય છે અને સત્ય રહસ્ય હમેશને માટે અંધકારમાંજ રહે છે. સત્ય રહસ્ય પ્રકટ ન થવાથી વિચારની કદાપિ એકતા થતી નથી, કારણ કે વિચારની એકતા હમેશા અવિરોધી સત્યમાજ રહેલી છે, અને જ્યા સુધી વિચારની એકતા થતી નથી ત્યાસુધી કૃતિમાં તો એકતા સંભવેજ શી રીતે ? આના સમર્થન માટે એક બીજુ દ્રષ્ટાંત લેઇશુ કેટલાકો એમ કહે છે કે અમે જે લખીએ છીએ તે બાળ જીવો માટે જ લખીએ છીએ, જેથી તેઓ ભ્રમણામા ન પડે આમ લખવા છતા બાલ, યુવાન અને વૃદ્ધ એ ત્રણેમા સ્વાભાવિક ભેદ હોય છે, તે લક્ષમાં રહેતો નથી, અને બાળકોને માટે જે ખાસ અપવાદ રૂપ હોય તે સર્વને માટે કા ન હોય તેમ ઉત્સર્ગરૂપે ઉપદેશ કરવામા આવે છે, જેથી તેમા યુવાન્ અને વૃદ્ધનો પણ સમાવેશ થઇ જાય છે. ખરી રીતે બાળકોને માટે બાળશીક્ષણ અને બાળપોથીનો ઉપયોગ કરવામા આવે છે તેમ યુવાનો માટે યુવાન્ શીક્ષણ અને યુવાન્ પોથી, અને વૃદ્ધ માટે વૃદ્ધ શીક્ષણ અને વૃદ્ધ પોથી એવો ક્રમ શા માટે ન હોવો જોઇએ ? અહીંઆ બાલ, યુવાન્ અને વૃદ્ધને માટે જે ભૂમિકા બાંધવામાં આવી છે તે આયુષ્યના ભેદે નહીં પણ અધિકાર-જ્ઞાનના ભેદે કરીને છે. માટે બાળ જીવોના હિતને ખાતર જ્યારે ઉપદેશ દેવામા આવે ત્યારે વિદ્વાનને જુદા પાડવા જોઇએ. છતા જો તેઓને પણ બાળજ ગણી લખવા, બોલવા કે ધમકાવવામા આવે તો તે મોટી હાનિકર ભૂલ છે.

આવા અધિકાર ભેદને લેઇને અશુદ્ધતા કે મલીનતા ઉદ્‌ભવે છે, એટલુ જ નહી પણ અધિકાર ભેદની સાથે બીજા ઘણાંક કા-

રણે છે કે જેથી મલીનતા આવે છે તે મલીનતા પૌદ્ગલીક હોવાથી અસ્થિર છે. તેથી થયેલા મતભેદો પણ અસ્થિરજ હોય છે. હવે ઉપર કહ્યુ તેમ મલીનતાના બીજા કારણોમા મુખ્ય કારણ વાસિત વિચાર અથવા ચિત્તક્ષોભ છે.

• વાસિત વિચાર એટલે આગળથી બાધી દીધેલો અભિપ્રાય કે નિર્ણય, અથવા વિવેક કીધા વગર, અગર ન્યાય સિવાયના બીજા કોઈ કારણથી એક વસ્તુ પ્રત્યે દૃઢ સદ્ભાવ અગર અભાવવાળુ વલણ. આ વ્યાખ્યા આપવા સાથે એટલુ ઉમેરવાની જરૂર છે કે બીજી ઘણી વ્યાખ્યાઓ તેમા ભેળવી શકાય એમ છે પણ તે ભાગ્યેજ સંતોષકારક હોય છે તે છતા વાસિત વિચારોના આશયને વધારે ખુલ્લો કરવા અધ આગ્રહનુ નામ આપીશુ. આવો આગ્રહ ચાર પ્રકારે આપણા અનુભવવામા આવે છે એક તો જન્મભૂમી અને ક્ષેત્રને લેઇને. બીજો સ્વભાવને લેઇને, ત્રીજો અમુક માની લીધેલા સીદ્ધાતોને લઇને, અને ચોથો અજ્ઞાનતાભરી સ્થિતિ ચુસ્તતાને લઇને. આ સ્વરૂપને બરાબર સમજવા ચાર ઉદાહરણોની મદદ લેઇએ.

(૧) ક્ષેત્રને લઇને અધઆગ્રહ—કેળવણી હમેશા માણસને ક્ષુલ્લકતામાથી ઉચ્ચ સ્થિતિ ઉપર લઇ જાય છે. તે છતાં તે કેળવણી, આપણા ઉપર આપણી જન્મભૂમિએ અને ક્ષેત્રે કરેલી અસર તદ્દન નાબુદ કરી શકતી નથી. યાદ હશે કે કેટલીક વખત બે જાણીતા કવિઓ શેકસપીઅર અને કાલીદાસની સરખામણી કરતાં બેમાથી કાણ ચડે એવા પ્રશ્નનો નિર્ણય લેખકો કરે છે. અગ્રેજ લેખક હોય તેણે શેકસપીઅરના ઘણા ગ્રન્થો વાચેલા હોય છે, જ્યારે કાલીદાસના ઘણાં થોડાં અને તે પણ ભાષાંતર કરેલાં પુસ્તકો—કાવ્યો વા-

ચેલા હોય છે. હીંદી લેખકે કાલીદાસનાં ઘણાં નાટકો અને શેક્સ-પીઅરનાં ઓછા નાટકો વાચેલા હોય છે. આથી કરીને એક બીજા તે વિષે ચર્ચા કરતાં પોતાના ક્ષેત્રમા-દેશમા થયેલા કવિનો પક્ષ લે છે. અગ્રેજ કહે છે કે શેકસપીઅર ચડીઆતો છે, અને હીંદી કહે છે કે કાલીદાસ ચડીઆતો છે. આવી રીતે જન્મભૂમિના અભિમા-નને લેઇને ન્યાય અને સ્વતત્ર વિચારને ક્ષતિ પહોચે છે.

(૨) સ્વભાવને લેઇને અંધ આગ્રહ-સ્વભાવ એટલે વ્યક્તિના માનસિક અને શારીરિક બધારણુ કે જેથી તે માણસની લાગણી, વિચાર, અને ક્રિયા સ્થાયી થઈ જાય છે તે. સ્વભાવ વિવિધ પ્રકા-રના હોય છે અને તેમાંનો એક સ્વભાવ અથવા બે કે ત્રણનુ મિ-શ્રણ દરેક વ્યક્તિમા હોય છે, કે જેથી તેના અભિપ્રાયો સ્વભાવની અસરને લઇને અમુકજ દિશામા બધાયલા હોય છે. જે રીતે દેશની આબોહવા મનુષ્યના જીવનનું બધારણુ કરી શકે છે, તે રીતે સ્વ-ભાવ કે જે મનુષ્યના માનસિક હવા પાણી છે તે પણુ તેના નિર્ણયો બાંધવામાં ઘણીજ અસર કરે છે. દાખલા તરીકે પૂર્વ અને પશ્ચિમ લ્યો, અને જુઓ કે ત્યાંના નિવાસીઓનું માનસિક બધારણુ કેવી રીતે અમુક વિચાર શ્રેણી ઉપર આગળથીજ ઢળેલુ હોય છે. હીંદી-ઓને "સાયન્સ" તરફ સારો ભાવ ઘણો ઓછો હોય છે. મોટા ભાગે તેઓ ધ્યાન અને ધાર્મિક પ્રેરણાઓથી હમેશા વીંટળાયેલાજ હોય છે, કારણુ કે પૂર્વજો તરફથી જેનો વારસો મળ્યો હોય છે તેથી તેનુ બીજામા બહુજ ઓછુ મન જાય છે. બીજી બાજુએ પ-શ્ચિમની પ્રજામા નસીબને કે દૈવને આધિન થવા જેવુ-જે હીંદા-ઓમાં જોવામા આવે છે-તે હોતુ નથી. તેઓ ઘણાંજ ચંચળ, સ્વ-તત્ર, અને સુધારા તરફ એકદમ આગળ વધવાવાળા હોય છે. તેઓ

જ્ઞાન, રાજનીતિ કે વ્યાપારમાં જ્યાં સુધી જીત મેળવતા નથી, ત્યાં સુધી હઠાવ્યા પણ હઠતા નથી. આવી રીતે પશ્ચિમમા વ્યવહાર કાર્ય તરફ આગ્રહ હોય છે, ત્યારે પૂર્વમા પ્રાય કલ્પના સૃષ્ટિજ ઉપર નિર્વહવામા આવે છે. તો બન્ને ઉપયુક્ત, પણ એકને માટે વિવેક વગર અંધ આગ્રહ રાખવામાં આવે તો તેથી મોટામા મોટુ જોખમ ખેડવુ પડે છે. આવી રીતે ભવ્યતા તરફ જવાવાળા લોકો વીધિ અને મોટી સામગ્રી સાથે પૂજા કરવાનુ ચાહે છે, જ્યારે કેળવાયેલા લોકો જ્યા તત્ત્વજ્ઞાન હોય છે ત્યાં જાય છે.

(૩) સ્વીકૃત સિદ્ધાંતોનો આગ્રહ-સિદ્ધાત એટલે જે વહેવારમાં મુકી ન શકાય તે, એમ નહી, પરતુ અમુક માણસે માનેલો સિદ્ધાત એટલે સર્વમાન્ય અને સપૂર્ણ માની લીધેલુ સૂત્ર. પછી તે માણસ તત્ત્વજ્ઞાની હોય, વિજ્ઞાની હોય, અધ્યાત્મી હોય કે વૈદ્યશાસ્ત્રી હોય-ગમે તે હોય, તે કહે કે અમુક આમજ થવુ જોઇએ, આ સિવાય બીજા કોઇ પ્રકારે હોઇજ શકે નહીં, આવો જે પકડી લીધેલો મમત. આથી થાય છે એમ કે કોઇ પણ માણસ બીજા માણસના સિદ્ધાન્તથી વિરૂદ્ધ વર્ત્તે છે તો તેને ગમે તે પ્રકારે તે સિદ્ધાન્ત ઉપર લાવવા અગર તે સિદ્ધાન્તને ફરજીઆતપણે મનાવવાનો પ્રયત્ન થાય છે મતલબ કે કોઇપણ સિદ્ધાન્ત હોય તો તેનુ સમર્થન કરવાને બદલે જે બીજા પ્રમાણો લાભમા હોય તેનો સ્વીકાર કરવામાં આવે છે, અને જે પ્રમાણો વિરૂદ્ધમા હોય તે લક્ષમા લેવામા આવતા નથી, બલ્કે તે તરફ ધિક્કારની નજરથી જોવામાં આવે છે. ઉદાહરણ તરીકે શંકર અને માધવ લઈએ. શંકરે અદ્વૈતવાદ સિદ્ધાન્ત તરીકે માની લીધો, તેથા ઉપનિષદ્ આદિનો અર્થ અદ્વૈતવાદને જે રીતે અનુકૂળ આવે તે રીતે કર્યો. જ્યારે માધવાચાર્યે દ્વૈત-

વાદના પોતાના સિદ્ધાન્તને તદ્દન અનુકૂળ થાય તેવીજ રીતે તે સર્વનો અર્થ કીધો. આવા દાખલા વ્યવહારિક જીવનમાં ઘણીવાર અનુભવવામા આવે છે. એક વખતે બે કેળવાયલા માણસો એક દુકાનદારનુ લ્હેણું આપ્યા વિના નાસી જાય છે. આ બે કેળવાયેલાઓ વિનયવાળા અને મળતાવડા હોવાથી તે દુકાનદાર એવો એક સિદ્ધાન્ત બાંધી લે છે કે જેટલા વિનયવાળા, કેળવાયેલા અને મળતાવડા હોય તે સઘળા લુચ્ચા હોય છે. આવો સિદ્ધાન્ત માનવાથી વિનયી લોકોના મદદ વ્યવહારનો લાભ મળવામા અંતરાય પડે છે.

(૪) અજ્ઞાનતાથી ભરેલી સ્થિતિચુસ્તતા—કેટલાક માણુસો એવું માની બેઠા છે કે—

पुरणामित्येतत साधु सर्वम એટલે જેટલુ પુરાણું હોય તેજ સાચુ છે કેટલાકો ઇજીપ્તની મહાન્ પીરામીડ જેવી ઇમારતો જોઇને આશ્ચર્યથી ચકીત થાય છે, અને વર્તમાન ઇજનેરોએ બાંધેલી ભવ્ય ઇમારતોમાં પણ દોષોનુજ દર્શન કરે છે કેટલાએકો હીન્દુના ઉપનિષદોની ભવ્યતા સ્વીકારે છે, ત્યારે વળી જૈનોમા રહેલા વિશ્વ-વ્યવસ્થાનાં નવ તત્ત્વો તરફ તદ્દન જ પ્રમત્ત રહે છે. કેટલાએકો સીસેરો જેવા વકતાઓના ઘણાજ વખાણ કરે છે ત્યારે વર્તમાન સમયના બાબૂ સુરેન્દ્રનાથ બેનરજી જેવા વકતાની નિંદાજ કરે છે. આ બધો સ્થિતિચુસ્તતાનો અજ્ઞાન આગ્રહ નહીં તો બીજુ શું?

આવી રીતે વાસિત વિચારના ચાર સ્વરૂપો સમજાવ્યા. આ ઉપરથી સમજી શકાશે કે અંધ આગ્રહથી સત્ય વિચારો ઘણાજ દૂર રહે છે. તેથી સત્ય અને શુદ્ધ વિચાર ઉદ્ભવી શકતા નથી. હવે આવો અંધ આગ્રહ દૂર કરવા શુ કરવુ જોઇએ? કે જેથી સત્ય વિચાર બરાબર કરી શકાય તે તપાસી જઇએ.

૧. એક વિદ્વાન્ કહે છે તે પ્રમાણે કોઇએ એક અભિપ્રાય ઉપર હદ ઉપગત પ્રીતિ ન રાખવી જોઇએ. તેમજ જ્યા સુધી અમુક વાતને પૂર્ણપણે જાણી સત્ય તરીકેની પ્રતી ન થાય ત્યા સુધી એ સત્ય છે એવી ઇચ્છા મરખી પણ ન કરવી જોઇએ (આપ્ત વચન આમા અપવાદ રૂપ છે એ વિસરવુ નહી) આમ થવાથી તેને સત્ય તરીકે લેખવાની ઇચ્છા કરવા જેવુ રહેશે નહીં. કારણ કે જે અ-સત્ય–ભ્રમમૂલક છે તે શુદ્ધ પસંદગીને કદાપિ પામશે નહી.

૨. વિષયની બન્ને બાજુઓ તપાસવાની ટેવ પાડવી. સામાન્ય રીતે એવુજ બને છે કે જે વાત બીલકુલ આપણે માનતા નથી તેમા સૂક્ષ્મ રીતે વિચારતા એટલુ બધુ પ્રમાણવાળુ અને વિચારવા જેવુ મળી આવે છે કે જે આજસુધી કેવળ અધકારમા જ રહ્યું હોય માટે સર્વ બાજુને શાતિ અને સ્થિરતાથી તપાસવી જોઇએ. એવી વાતો સાભળવા અને વિચારવામા સ્વતત્ર થવુ જોઇએ. જે વિષયમાં આપણો આગ્રહ બેસી ગયો હોય છે તે સબધે કોઈ પુછપરછ કરે છે, ત્યારે આપણને કેટલીક વખત કટાળો આવે છે, અને તે સબધે વિચારશક્તિને પરિશ્રમ આપવો નિરર્થક સમજાય છે. કટાળો એટલા માટે આવે છે કે આપણી માનીનતા તકલાદી હોવાથી બાજી બાજુની ટક્કર લઈ શકતી નથી. આ ઉપરથી તુરતજ જણાઈ આવે એમ છે કે આપણી માનીનતાનો પાયો મૂળથીજ ઢીલો છે. અગર તે સત્ય જ છે, એવો વિશ્વાસ હોય તો કદી પણ યોગ્ય સંજોગો મળ્યા પછી, તે વાત જે કારણોથી આપણે માન્ય રાખતા હોઇએ તે કારણો સામે ધરવાને ના પાડી શકીએ કે ત્રાસ પામી શકીએ ! આપણી માનીનતા ખરી હોય તે છતાં પણ તેની બન્ને બાજુઓ વિષે ચર્ચા કરવામા નામરજી જણાવીએ તે જ બતાવી આપે છે કે આપણી માનીનતામાં આપણે કેવા કગાળ છીએ.

૩. એક બાબતનો નિર્ણય કરવા માટે તે સબંધે જે જે મહાન્ પુરૂષોએ જુદી જુદી રીતે કહ્યું છે તે સર્વ તપાસી જવું જોઇએ. આ તપાસ માટે તેને યથાર્થ રીતે અભ્યાસવા જોઇએ, એટલું જ નહીં પણ તેની સાથે તે કહેનાર પુરૂષોના વિચારોની સ્વાભાવિક વલણ પહેલા જોવી જોઇએ અને બીજુ તેઓના જન્મની ભૂગોળ મર્યાદા, તેઓ કયા કાળમાં હતા તે કાળ, તેઓ તે વખતે જે સયોગોમા હતા તેનુ બારીક નિરિક્ષણુ પણુ કરવુ જોઇએ. દાખલા તરીકે હેમચદ્રાચાર્ય, હરિભદ્ર સૂરિ, શંકરાચાર્ય, કે સેંટપોલ વિગેરેના ધર્મગ્રન્થો તપાસતા ઉપલી હકીકતો જોવી જોઇએ. એટલે લેખક જો પૂર્વવાસી હોય છે તો તેનુ વલણુ દૈવવાદ તરફ સહેજે ઢળતું હોય છે. આવા વિચારથી મૂળ લખનારના ભાવો વાચવાની ચાવી મળે છે. વળી અમુક માણુસો કાર્યકુશળ હોય છે, તેથી તેઓમાં અતર અને તેઓની સેવાઓનુ તુલનાત્મક જ્ઞાન થાય છે.

આ ઉપરથી કહેવાનુ એ છે કે અમુક ધર્મના રહસ્ય સાથે એકતા ધરાવે છે કે નહીં તેમજ અમુક ધર્મગ્રન્થ પ્રામાણીક અને મનુષ્યને સસારની પેલી પારની સ્થિતિએ થઈ જવામા સહાયક છે કે નહી તે સમજવામા—જાણુવામા આગળથી અમુક સજોગોને વશે બંધાઇ ગયેલા આપણુા વાસિત વિચારોને જડમૂળથી ઉખેડી નાંખવા જાઇએ.

બીજુ એ પણુ કહેવાનુ છે કે વાસિત વિચાર ભલે ન હોય પરંતુ અમુક ધર્મ કે ધર્મના ગ્રન્થનુ મનન કરતાં ચિત્તક્ષોભ ન થવો જોઇએ. અહીંઆં ચિત્તક્ષોભ એટલે શુ અને તેમા કેનો કેનો સમાવેશ થાય છે, તે સારી રીતે સમજવુ જોઇએ, કારણુકે તે જ જગતની દરેક પ્રવૃત્તિનો નિર્ણય કરવામા મદદગાર છે.

ચિત્તક્ષોભ એટલે અતિશય લાગી આવતાં મન ઉપર જે કાંઈ આકસ્મિક અસર થાય કે અનુભવ થાય તે. આપણે શાંતચિત્ત હોઇએ ત્યારે જે વિચારો આવે છે તેના કરતા ઉશ્કેરાઈ ગયેલી વૃત્તિમાં તેથી અધિક સ્ફુરે છે. કેટલીક વખતે એકદમ દોલત આવી મળતા આનંદ વર્ત્તાઇ રહે છે. પ્રિય મિત્ર કે સગા સબધીનું મૃત્યુ સાભળતા દુઃખ થઈ આવે છે. આ સર્વ ચિત્તક્ષોભ છે. એ તિવ્ર સ્વરૂપમા બહુ ગભીર થાય છે. જો કે તેની ઉત્પત્તિ માત્ર કષાય-માથી છે, પણ તેને ત્રણ વિભાગમાં વહેચી શકાય (૧) ભય, (૨) અભિમાન, (૩) અનુરાગી પક્ષપાત.

આ ત્રણે અતિશય પ્રમાણમા થવાથી સત્ય ઘણુ વેગળુ પડી જાય છે. અને ધર્મ સબધે બોલતા તેનુ સત્ય રહસ્ય સમજવામા આવતુ નથી.

૧. ભય-એટલે કોઈ વિઘ્ન ભવિષ્યમા પડવાનુ આગળથી ધારી લેવામા આવ્યુ હોય તેથી મન ઉપર થતી અસર. દષ્ટાંત તરીકે કેટલાક આચાર્યો અને ઉપદેશકો એવો ભય રાખતા જણાય છે કે અમારૂ બહુમાન હવે વિશેષ સમય ટકી શકશે નહી, તેથા તેઓ શિષ્ય-અનુગામી વર્ગને પણ એવી ફરજ પાડે છે કે તમારે અમુક જ વાંચવું, અમુક જ સાભળવુ, અમુકનો જ સસર્ગ કરવો, ઇત્યાદિ. આમ થવાથી વસ્તુતઃ જે બોધ અને સ્વતંત્ર વિચાર જન્મ પામે તેને આગળથી જ ગુગળાવી નાખવામાં આવે છે

૨. અભિમાન-એટલે અમે ચડીઆતા છીએ એવી લાગણી. આથી બીજા બધા ઉતરતા છે એવા દુરાગ્રહમા પ્રવેશાય છે. આવા અભિમાનમાં, તિરસ્કાર વૃત્તિનો અંશ મુખ્ય રીતે હોય છે. તિરસ્કારને પરિણામે અમે સંપૂર્ણ છીએ એવું મિથ્યાભિમાન તથા તે સપૂર્ણતાનો

ખોટો દાવો નીભાવવાને માટે દંભ, માયા આદિ સેવવા પડે છે. અહીઆં જણાવવું જરૂરનું છે કે ઉચ્ચ જ્ઞાતિની દશા ધાર્મિક માણસ તરીકેની પદવી પ્રામ કરવામા પહેલેથી તે છેલ્લે સુધી વિનય અને લઘુતા યુક્ત હોવી જોઇએ અઢાર દૂષણ રહિત શ્રી પરમાત્માથી કોઇ સપૂર્ણ નથી, તેથી જેમ જેમ ઉંડા ઉતરીએ છીએ તેમ તેમ નવું નવુ જાણવાનું-અનુભવવાનુ મળતુ જાય છે, અનેકતામા એકતા જોઇ શકાય છે, આગળ ગતિ કરતા ઉન્નતિ તરફ પ્રયાણ કરી શકાય છે. એક મિથ્યાભિમાની બીજાને ધિક્કારે છે તેથા ખરૂં શાણપણ, ખરૂ જ્ઞાન, અનેક ફાંફાં મારવા છતા મેળવી શકતો નથી, કૂપમડુકની પેઠે પોતાનોજ મત, પોતાનોજ ઉપદેશ, પોતાના ધર્મગ્રથો એજ સત્ય છે, બાકી બીજા બધા મિથ્યાપ્રલાપી છે એવી સકુચિત મતિ થઇ જાય છે, અને મારૂ તેજ સારૂ એવા મતવ્યથા, સારૂ એ મારૂ એ કલ્યાણકર સિદ્ધાત તણાઇ જાય છે.

૩ અનુરાગી પક્ષપાત-કેટલેક પ્રસગે અતિ અનુરાગથી પક્ષપાત આવી જાય છે. ગુરૂઓ શિષ્યના મોહથી તેનો પક્ષ લે છે, જ્યારે શિષ્ય સિવાયના બીજા માણસોમા ભૂલ જુવે છે. માબાપો પુત્રો તરફના અનુરાગને લેઇને પોતાનો દોષ ભૂલી જાય છે, અને બીજાનો દોષ કાઢવામાં તત્પર થાય છે. એક દાખલો આપીશુ. મારા સાંભળવામાં એમ આવ્યુ છે કે **મીસીસ** એની **બીસટ** કે જે એક વિદુષી છે, એમ સર્વ તરફથી સ્વીકારવામા આવ્યુ છે, તેણીનુ પોતાનું બાળક રોગથી પીડાતું હતુ ત્યારે તે જે ચીસો પાડતું હતુ તેથી તેને બહુજ ખેદ થયો. તેણીને એવો વ્હેમ આવ્યો કે જે પ્રભુને નિરંતર પૂજવામા આવે છે તે ઘણો જ નીચ, નિર્દય અને ક્રૂર હોવો જોઇએ, કે જે મારા બાળકને તેના કાંઇપણ દોષ વિના આટલી બધી પીડા

આપે છે. આથી તેણીએ નિશ્ચય કર્યો કે ઇશ્વરજ જો આવો હોય તો તે પૂજાને પાત્ર નથી આ ઉપરથી જણાશે કે પોતાના બાળકને માટે એની બીસટને મર્મમા લાગી આવ્યુ અને તેથી ઇશ્વરના સ્વરૂપ સબધે સત્ય નિર્ણય ઉપર આવી શકાયુ નહી તેણીએ શું પહેલાં પોતાના પડોશના કે સબધીના બાળકોને રડતા નહીં જોયા હોય ? બીજા કોઇને દુખથી રીબાતા નહીં નીરખ્યા હોય ? એ વખતે આવો ઇશ્વર પ્રતિ અભાવ ન આવ્યો અને પોતાના બાળકને પીડાતુ જોઇનેજ એવો સશય ઉઠયો તેનુ શુ કારણુ ? એજ કે પોતાના બાળક તરફ અતિશય અનુરાગ અને તેથી જન્મેલો પક્ષપાત.

તારતમ્ય એ છે કે કોઈ વસ્તુ સબધે એક સત્ય નિર્ણય ઉપર આવવુ હોય તો દરેક મનુષ્યે, અને વિશેષે કરીને ઉપદેશકોએ ઉપર કહેલા અધિકાર ભેદ લક્ષમા રાખવા જોઇએ. વાસિત વિચારો તથા ચિત્તક્ષોભનો ત્યાગ કરવો જોઇએ, કારણ કે સ્વભાવ અશુદ્ધ છે. આમ જો થશે તો આપણે જે વિષય વિષે ચર્ચા કરીએ છીએ તેનો સહેજે નિર્ણય થઈ શકશે. હવે પ્રસ્તુત વિષય ઉપર ઘણી સહેલાઇથી આવી શકીશુ. વિષયનો સત્ય નિર્ણય બાધવામાં આડે આવતા આવરણો ઉપર દૂર કરી ચુકયા.

અશુદ્ધ સ્વભાવી જીવ એમજ માને છે કે જુદા જુદા મતોને એકતા ઘટી શકે નહી, તેમનામા ઐક્ય થઇ શકે નહીં. આવા સકુચિત દ્રષ્ટિવાળા જીવો એકતારૂપી કલ્પવૃક્ષને ફલદાયી બનાવવામાં અતરાયભૂત છે. તેઓ વિચાર કરે તો સમજે કે દરેક મતમા—તત્ત્વોમા સામાન્ય ભાગ દુનીઆના સર્વ મતવાળાને પ્રાયશઃ માન્ય હોય છે. આ સામાન્ય એવા વિશ્વસંમત તત્ત્વો અને નિયમો, બધારણો અને ઉપદેશો, ધર્મશાસ્ત્રો અને નીતિશાસ્ત્રો શુદ્ધ સ્વભાવના આધાર-

વાળા હોય છે. વિશેષત્વ એ બીજાથી પોતાનું કાંઇક ભિન્નત્વ જ-ણાવે છે. આ મલિન સ્વભાવનુ પરિણામ છે. મલિનતાને લીધે એક અંશે મનાયેલી વાત સર્વાંશે સત્યરૂપે સ્વીકારી બીજાઓથી જુદા પડવાની પ્રેરણા કરે છે અને જુદાપણાથી શુદ્ધતાના અભાવે મારૂં તેજ સાચું એવો અંધ આગ્રહ પ્રકટે છે બીજાઓને ખોટા-મિથ્યા-વાદી માની લેવાથી કોઈ દીવસે એકતા થતી નથી. ધર્મોની એકતા થતી નથી તેનું એજ કારણ છે કે સત્યવાદી અને મિથ્યાવાદીના ભેદોએ ઝેરનો મોટો વારસો આપણને આપ્યો છે. ખરી રીતે જોતાં તો જુદા જુદા મતો, શુભ આશયથી મનાયેલા એકપક્ષી વીચાર સીવાય અન્ય કાંઈજ નથી. આવા મતોને અમુક હદની બુદ્ધિના ગુણના પરિણામ રૂપ કહીશુ તો તે અયોગ્ય નહીં ગણાય. આપણે એમ સમજવાનું નથી કે આવા મતવાળાઓએ કરેલા વ્યવહારિક બંધારણ સર્વને માટે ફરજીયાતજ છે. માત્ર તે મતના સ્થાપકે પો-તાના બુદ્ધિબળથી અમુક નિર્ણય ઉપર આવી તે નિર્ણય લોકોને કલ્યાણને માટે ઉપદેશ્યો. એક મતનો સ્થાપક જેમ મનુષ્ય છે, અને તેને જેમ સ્વતંત્ર વિચાર કરી યોગ્ય સત્ય શોધી કાઢવાની સ્વતં-ત્રતા છે તેમ દરેક માણસને પણ પોતાની બુદ્ધિનો શુદ્ધોપયોગ કર-વાનો તથા અમુક નિર્ણય ઉપર આવવાનો અધિકાર હોવોજ જોઇએ. તે પણ પોતાને યોગ્ય ક્રિયા કેમ ન કરે ? મતના સ્થાપકને, બીજા મતથી જુદા પડવાના કારણભુત સ્વભાવની મલિનતા હતી, તેમ બીજી વ્યક્તિઓમાં પણ છે તેનો તે ઉપયોગ કરે તો તેમાં કોઇ પણ જાતનો અટકાવ મુકી શકાય નહી. જુદા જુદા મતોની ઉત્પતિ જુદા જુદા વિચારોને લઇને છે, એમ આપણે ઉપર અધિકાર ભેદ વખતે જોઈ ગયા છીએ. હવે મનુષ્યને જો શુભ બુદ્ધિથી ઉપજતા

વિચારો પ્રકટ કરતા અટકાવવામાં આવે તો વિચારશક્તિને ચગદી નાંખવા જેવું ઘાતકી કામ ગણાય વહેવાર ઘણા પ્રકારનો હોઈ શકે. સાધારણ રીતે તેને બે ભાગમાં વહેચવામાં આવે છે જ્ઞાનીનો વહેવાર અને અજ્ઞાનીનો વહેવાર. જ્ઞાનીનો વહેવાર જ્ઞાનીઓનેજ માટે ઉપયોગી અને કલ્યાણકર છે. અજ્ઞાનીઓનો વહેવાર અજ્ઞાનીઓ માટેજ. ઉપયોગી છે. જ્ઞાની પાસે અજ્ઞાનીનો વહેવાર પળાવવો જેટલો હાનિકર્ત્તા છે, તેટલોજ અજ્ઞાની પાસે જ્ઞાનીનો વહેવાર પળાવવો, નહીં ઇચ્છવા જોગ છે. આથી અજ્ઞાની જન જ્ઞાનીની હદમાં નજ આવી શકે એમ કહેવાનો મુદ્દલ આશય નથી.

કેટલાએક સખ્ત બધારણો જે અજ્ઞાનીઓ માટે યોજવામા આવેલા છે તે જ્ઞાની પાસે પળાવવા જતા ઘણા વિપરીત પરિણામો આવે છે, કકાસો ઉત્પન્ન થાય છે, નવા નવા મતમતાતર ઉદ્‌ભવે છે અને ઈર્ષ્યાવૃત્તિ પ્રસરે છે. કેટલીક બાબતમા બુદ્ધિ અને યુક્તિનો નિરોધ થાય છે. સામાન્ય દ્રષ્ટિથી જોતા સર્વ ધર્મોમા ઘણું ઐકય જોવામાં આવશે. ક્રીશ્ચીયાનીટી, બૌદ્ધ, જૈન, ઇસ્લામમા કયાઇ પણ બધુતા, ભ્રાતૃભાવ અને મનુષ્ય પ્રેમના સબધમા નિષેધ જોવામા આવશે નહીં. આમ સામાન્ય ધર્મમાં તો ધર્મોનું ભિન્નત્વ બહુ ખુચતું નથી. પણ મલીન સ્વભાવવાળી જે બુદ્ધી તેને લીધે વિશેષ ધર્મમાં મતભેદ પડે છે, અને મલીન બુદ્ધી અનિત્ય હોવાથી સર્વાંશે સત્ય હોઇ શકે નહીં, તેથી સર્વમાન્ય પણ હોઇ શકે નહીં. જ્યારે સર્વ માન્યતાનો અભાવ હોય ત્યારે મતભેદ પણ સ્વાભાવિક રીતે રહે. મતભેદના લીધે વિરોધ થાય અને તેથી ધર્મની મારામારીઓ જોવામાં આવે, કુસંપ વધે, ઐકય અટકે, અને વ્યાવહારિક અને આધ્યાત્મિક જીવનને આગળ વધવામાં વિઘ્ન આવે. આવા સંજોગોમાં નાયકો-આગે-

વાનો, ધર્મગુરૂઓ અને તેવાજ બીજા લાગવગવાળા લોકો અમુક અભિપ્રાયને અથવા અમુક વિચારને અમલમા મુકાવવા માટે આગ્રહ કરે તો પરિણામે બખેડાઓ ઉભા થાય.

સર્વેને સંપ પ્રિય છે–એકતાને સર્વ કોઇ હૃદયથી ઇચ્છે છે, અને ઐક્યની સર્વ કોઈ આવશ્યકતા સ્વીકારે છે, તો વાક્ ચતુરાઇની ખાતર, બુદ્ધિનુ બળ અજમાવવાની ખાતર, યુક્તિ પ્રયુક્તિની કસોટી ખાતર થયેલા સંવાદો વિવાદ રૂપ માની વિષવાદને શા માટે જન્મ આપવો જોઇએ ? ઇસુ ખ્રીસ્તી, બુદ્ધ, મહમદ, કે જીન કોઇએ પણ મારામારી કરવાનુ ફરમાવ્યુ નથી. સૌએ આત્માને ઉચ્ચ સ્થાને લઇ જવાની જુદી જુદી રીતિઓ બતાવી છે. દરેકનુ સાધ્યબિંદુ એકજ છે. દરેકના વિચારમા સમાનતા એક જ પ્રકારની હોય છે વિશેષ-તાનો જે ફેર છે તે વિચારને લઇને છે. ત્યારે જે સામાન્ય શુભ વિચારો છે, તેનો વિચાર કરી આપણે સર્વે એક જ છીએ, અને એક જ ધર્મવાળા છીએ, એટલે કે વહેવાર તેમ જ પરમાર્થને ઉંચે દરજજે લઇ જવાના જીજ્ઞાસુ છીએ એમ માની, કુસંપને દુર કરી સંપથી શા માટે ન વર્ત્તવુ ? જો ખ્રીસ્તીધર્મમા મનુષ્ય દયા બતા-વેલી હોય તો બૌદ્ધમતમા મનુષ્યને મારવાનુ ફરમાવવામાં આવ્યુ નથી. મુસલમાનના મતમા પણ મનુષ્યની હિંસાનો ઉપદેશ કરવામા નથી આવ્યો, તેમજ જૈન મતાનુયાયી પણ મનુષ્ય દયાથી વિરૂદ્ધ નથી. તો પછી દરેક મતવાળાએ શા માટે વિરોધ રાખવો જોઇએ ? કોઇ પણ મતવાળો કુસંપ વધારવાનુ ફરમાવતો નથી. કોઇ પણ દર્શનમાં અનીતિ આદરવાનો ઉપદેશ નથી. માત્ર ક્રિયાના ભેદને લે-ઇને–માર્ગના ભેદને લઇને શા સારૂ કુસંપના બીજ વાવવાં જોઇએ ? દર્શનકારો જ્યારે ઉચ્ચ હદે પહોંચવાને સારૂ દર્શનોની સ્થાપન

કરે ત્યારે દર્શનના માનનારાઓમા "હુ" જેવા શબ્દો શા સારૂ હોવા જોઇએ ?

વાચનાર વિચાર કરશે કે એકતા વગર આગળ વધતા ઘણી મુશ્કેલીઓ નડે છે ઐક્ય કરવામા ઘણા મતાગ્રહીઓ મતનો ભેદ લાવી આડા આવે છે. તેઓએ ખાત્રીથી માનવુ જોઇએ કે જેવી તેઓ ધારે છે તેવી ભિન્નતા જેવુ કાઇ નથી. શુદ્ધ દ્રષ્ટિથી દરેકમા સામાન્યપણે કાઇક તો સરખુ જ છે, અને સરખી રહેલી વસ્તુજ ઐક્યભાવના સદ્ભાવનુ મૂલ કારણ છે. ભિન્નભાવ, અપૂર્ણતા તથા અજ્ઞાનતા સૂચક છે. માટે સરખાપણું ગૃહણ કરી એકતાના માર્ગમા કાટા ન વેરવા એજ આદરણીય છે.

ફરી કહેવાનુ કે ધર્મોમા જે ભિન્નત્વ દેખાય છે, તે કુદરતી નથી, પણ ઔપાધિક છે. ધર્મ શબ્દના જુદા જુદા અર્થ થયા છે, અને તેમા પણ અર્વાચીન ભાવનાના રગે કરીને એ શબ્દમાં અનેક ભ્રાતિઓ પડી છે. પશ્ચિમની પ્રજામા એજ શબ્દના અગે કર્ત્તવ્યની ભાવના પ્રચલિત છે. અમુક માણસ અમુક સ્થિતિમા હોય અને અમુક પ્રસગે તેને વર્તન કરવાનો ભાગ પડે તો તેણે સર્વ વાતનો વિચાર કરી મનને નિષ્પક્ષપાત રાખી, સ્વાર્થનો ત્યાગ કરી અમુક એક માર્ગેજ વર્તવુ એને કર્તવ્ય કહે છે. આને ફરજના નામથી પણ ઓળખવામા આવે છે. આવી રીતે ધર્મ શબ્દનો કર્તવ્ય, ફરજ, નીતિ, સદાચાર, એ અર્થ હમણા થાય છે તેમાં મોટો દોષ છે. કર્તવ્ય, ફરજ આદિ બધાં આચારના સ્વરૂપ કે રૂપાતર છે, અને તેમનો પ્રદેશ વ્યવહારમાં છે. જેણે ઐહિક સુખ પ્રાપ્ત કરવામા પુરૂષાર્થ માન્યો છે તેનો આચાર, અને જેણે વહેવાર નીવારતા નિત્યાનદમાંજ પુરૂષાર્થ માન્યો છે, તેનો આચાર ભિન્ન પડશે. એકનુ કર્તવ્ય બીજાથી

ભિન્ન પડશે. એકની નીતિ બીજાથી ભિન્ન પડશે. એકનુ સત્ય બીજાથી ભિન્ન પડશે. ધર્મ તો વિશ્વવ્યવસ્થાનું યથાર્થ સ્વરૂપ વિચારીને પરમ પુરૂષાર્થની ભાવનાનો નિશ્ચય કરવામાં છે, અને તેજ જીવનનો ઉદ્દેશ સમજવો જોઇએ આમ થવાથી સર્વ ધર્મોમા એકતા સમજાશે.

અનેક સંપ્રદાય, મત અને પંથ વિદ્યમાન છે, તેનું કારણ ધર્મની વ્યાખ્યાને અંગે રહેલુ મતભિન્નત્વ છે. ધર્મના અનેક ઉત્તમ રહસ્યો જન્મ પામ્યા છે, અને તેથી અનેક મતો થયા છે. તેથી ભિન્નત્વ પણ અનંત પ્રકારનું વ્યાપ્ત થઇ રહ્યું છે. પરન્તુ દરેક તત્ત્વજ્ઞાની, અને ઉંડી ખોજ કરનારા જ્ઞાનીઓનો મત તો એજ છે કે વસ્તુતઃ તત્ત્વમાં કાંઇ ભેદ નથી. ખરી રીતે જોઇએ તો તેમ હોઇ પણ શકે નહી સત્ય વસ્તુ એકજ હોય. બે વિરોધી વાતો સાથે સાથે સત્ય ન હોય અને જેટલુ જેટલુ ભિન્નત્વ જણાય છે, તે તે ભિન્ન ભિન્ન અધિકારને અથ હોય અતિ ઇષ્ટ અને લાભકારી પણ ગણી શકાય. આવા સાધનોના ભિન્નત્વને લેઇને સાધ્યભેદ માનવો અને તેથી કલહનો વિસ્તાર કરવો તથા સત્ય ધર્મના તત્ત્વને ભિન્ન ભિન્ન કરી નાખવા એજ વસ્તુત અનિષ્ટ છે. માણુસ જ્યા સુધી તત્વભેદ માનતો ન હોય, ધર્મભાવના એકની એક માનતો હોય, ત્યાંસુધી અમુક સંપ્રદાય કે મતને તે અનુસરે તેટલાથીજ પરસ્પરમાં કલહ કે વિદ્વેષ ઉપજવો જોઇએ નહીં. પોત પોતાનો જે સંપ્રદાય કે ધર્મ હોય તેને પૂર્ણ શ્રદ્ધાથી પાળવો અને બીજાના ધર્મનો વિદ્વેષ ન કરવો એજ ખરી ધાર્મિકતા છે. આ દેશની ઉન્નતી કોઇપણ દિવસે થવાની હોય તો તે આખા દેશના અંતઃકરણનું ઐકય ' થયા વિના થવાની નથી. આવું ઐકય ધર્મભાવનાની ઉન્નતી વીના આવવાનું નથી. જૈનોમાં થયેલા અધ્યાત્મમસ્ત યોગીવર શ્રી આનંદ-

ઘનજીનું પદ બહુજ મનન કરવા લાયક છે. તેઓ આવી જ એકતાના આવેગમાં ગાય છે કે—

" રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવરી,
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવરી.–૧ રામ
ભાજન ભેદ કહાવત નાના, એક મૃતિકા રૂપરી,
તૈસે ભેદ ખંડ કલ્પના રોપીત, આપ અખંડ સ્વરૂપરી.–૨ રામ.
નિજપદ રમે રામ સો કહીએ, રહીમ કરે રહેમાન રી,
કરસે કરમ કાનસો કહીએ, મહાદેવ નિર્વાણરી.–૩ રામ.
પરસે રૂપ પારસ સો કહીએ, બ્રહ્મ ચીન્હે સો બ્રહ્મરી,
ઇહ વિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મરી.–૪ રામ.

છેવટે આપણે ઇચ્છીશું કે હાલના ગુરૂઓ, આચાર્યો, ઉપદેશકો, આ ઉપર જણાવેલી સર્વ ધર્મોની તત્ત્વતઃ એકતા લક્ષમા રાખી ધર્મને વાડા રૂપે–મત રૂપે–ભિન્ન રૂપે મિથ્યા માની લીધેલી ભાવનાને છોડી દઈ સર્વમાન્ય ધર્મભાવનાનો સ્વીકાર કરી તેનો પ્રસાર કરાવવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરશે, ત્યારે જ સર્વ અન્તઃકરણોનુ ઐક્ય થશે અને તેથીજ દેશની અને જગતની ઉન્નતિ થશે. આ ઉન્નતિ સર્વત્ર પ્રસરો ? એટલે સર્વ મતાવલબીઓ પોતામાં બીજાઓની સાથે સાદૃશ્ય જુવો અને વિશ્વમૈત્રીભાવ અને એકતાનો વિજયધ્વજ સર્વ દીશામા ફરકો. તથાસ્તુ.

મનુષ્યાદિ સામગ્રી પામવી દુર્લભ છે; એટલે શું ?

દરેક આર્ય ધર્મશાસ્ત્રોમાં સાધારણ રીતે ઘણા ભાગે એમ લખેલુ જોવામાં આવે છે કે " મનુષ્યભવ, આર્યકુલ, પાંચે ઇન્દ્રિ-

ઓની પટુતા, ગુરૂયોગ, શાસ્ત્રશ્રવણ અને છેવટ ધર્મ, આટલા વાના પામવા દુર્લભ છે. આ વાક્યોની સાદી સમાલોચના એમ કરવામાં આવે છે કે-(૧) મનુષ્ય ભવ એટલે બે હાથ, બે પગ, વિગેરે માત્ર મનુષ્યાકૃતિનુ પામવુ તે. પછી તે મનુષ્ય ગમે તેવો હોય અર્થાત્ ગમે તેવા આચરણ અથવા ગમે તેવા વિચારવાળો હોય તે તરફ ધ્યાન આપવામાં આવતું નથી. આવા પ્રકારનો મનુષ્યભવ પામવો એ દુર્લભ છે એમ તો મહર્ષિઓએ કહેવાનો હેતુ રાખેલો ન જ હોવો જોઈએ. કારણ કે એવાં નામ માત્ર મનુષ્યોનો તો દુનીયામા તોટો જ નથી. અર્થાત્ એ જોતા તો "મનુષ્યપણુ પામવુ દુર્લભ છે" એ મહર્ષિઓનુ કહેવુ સાદી સમજના માણસોને ગળે ઉતરે તેવુ નથી. છતા બરાબર વિચાર કરીએ તો "મનુષ્યપણુ પામવુ એ દુર્લભ છે." એ વાત સત્ય છે. અને તે એ રીતે કે માત્ર મનુષ્યાકૃતિ પામવી એ દુર્લભ છે એમ નથી, પણ **ખરૂં મનુષ્યપણું** પામવુ દુર્લભ છે, એવો મહર્ષિઓનો કહેવાનો આશય છે. જે મનુષ્યો મનુષ્ય જાતના દ્વેષિ છે, મનુષ્યોના સંહારક છે, મનુષ્યોને દુ:ખ દઈ કેદમાં નખાવી ભુખે મરતા કરી, પોતાના સ્વાર્થને માટે તેમના પ્રાણોનો નાશ કરી રાજી થાય છે, તેઓ મનુષ્ય નથી, પણ પોતાને મનુષ્યના નામે ઓળખાવનારા રાક્ષસો છે. રાક્ષસો અને રાક્ષસીઓ માટે એમ માનવામા આવે છે કે તેઓ મનુષ્યોને મારી નાખી તેનું ભક્ષણ કરતા હતા. પણ માર્યા પછી ભક્ષણ કરવુ તેના કરતા જીવતા મનુષ્યોનું ભક્ષણ કરવું એ વધારે નિર્દયતા ગણાય છે. હાલમાં આપણે જોઇએ છીએ તો ઘણા દુર્જનો મનુષ્યજાતનું લોહી પીતા દેખાય છે. એટલે કે મનુષ્યોની નિંદા કરે છે, તેઓને ત્રાસ આપે છે, તેઓ ઉપર હડહડતા જુઠા કલંકો મુકે છે, તેઓને દુનિયાની દ્રષ્ટિમાં હલકા પાડવાની કોશેશો

કરે છે, અને એ રીતે ઘણાઓને જીંદગીભર પાયમાલ કરતા નજરે પડે છે. આથી ઘણા લજ્જાળુ મનુષ્યો પોતાથી કમનસીબે થઇ ગએલા અકાર્યને લઇને આત્મઘાત કરે છે, કેટલાએક શ્રીમતો દ્રવ્ય-હિન બની જવાથી વિષપાન કરી, સદાને માટે આ દુનિઆ છોડી ચાલ્યાં જાય છે. આનુ મૂળ કારણુ તપાસીશુ તો માલમ પડશે કે આ બધુ નિંદકોના અને દુર્જનોના ભયથી થવા પામે છે. મરના-રના મનમાં સામાન્ય વિચાર એ જ સ્ફુરે છે કે લોકો મારી વાતો કરશે, નિંદા કરશે, અપમાન કરશે, માટે હવે મારે જીવીને શુ કરવું? આ ઉપરથી ખાત્રીથી માની શકાય છે કે જો દુનિયામા નિં-દાખોર દુર્જનો ન હોય તો આવા જીવો પોતાના પ્રાણોનો નાશ કોઇ કાળે કરે નહી. તેથી એવા પ્રકારના આચરણવાળી મનુષ્યાકૃતિને મનુષ્ય કહેવા કરતાં રાક્ષસો કહેવા એ વધારે સારૂ છે. કારણુ કે જેમના હ્રદયમાં ઇર્ષ્યા અને દ્વેષ, કાલકુટ ઝેરની માફક ભરેલા છે, તેવાઓ કાઇપણુ અપકૃત્ય કરતા પાછી પાની કરતા નથી. જો તેવા-ઓનુ ચાલે અને રાજ્યભય માથે ન હોય તો સામાન્ય મનુષ્યોને રી-બાવી રીબાવી આ દુનિઆમાથી દુર કરતા વાર લગાડે નહીં. એક મા-ણુસે ભુલે ચુકે એક વખત જો ચોરી કરી હોય તો દુર્જનો તેવાની જીં-દગી નકામી કરી નાખે છે, એટલે "આણે અમુક ઠેકાણે ચોરી કરી, આ ચોર છે, ખરાબ માણુસ છે, અપ્રમાણિક છે, રાખવા લાયક નથી, માટે ભુલે ચુકે એને રાખશો મા," ઇત્યાદિક બોલી તે માણુસને સદાને માટે દુનિયામાથી કાઢી નાખતા, તેવા દુર્જનના હ્રદયમા દયા આવતી નથી. આવા મનુષ્યો અને હિંસક પશુઓ તેમ જ કહેવાતા રાક્ષસોમા કંઇ ફેર લાગતો નથી. આચરણુ આવા પ્રકારનુ છતા તેને મનુષ્યપણુ કહેવુ અને તે પામવું દુર્લભ છે એમ કહેવુ એ મહર્ષિઓનું વાક્ય કહેવાય

નહીં. છતાં જ્યારે મહર્ષિઓનુ એ મહાવાક્ય છે કે "મનુષ્યપણું પામવું દુર્લભ છે" ત્યારે તેમાં કાંઇક વિશેષ રહસ્ય સમાયલુ હોવું જોઇએ એ સમજાય તેવું છે. અને તે એમ લાગે છે કે પૂર્વે લખ્યાથી ઉલટું. એટલે કે જેઓ મનુષ્યજાતિ તરફ બન્ધુની લાગણીથી જોનારા છે, મનુષ્યને માટે જેઓ સ્વાત્માર્પણુ કરે છે, અને મનુષ્ય જાત માટે સર્વસ્વ આપવા જેઓ તૈયાર થાય છે, ગમે તે શરતે, અને ગમે તે ભોગે, મનુષ્ય માટે જેઓ સહાય કરવા અભેદ બુદ્ધિએ એક પગે તૈયાર રહે છે, મનુષ્ય જાત સુખી કેમ રહે, તેઓને આનન્દના, સુખના અને જ્ઞાનના પુરતાં સાધનો કેમ મળે, એ જ વિચાર અહર્નિશ જેમના હૃદયમા રમ્યા કરે છે, મનુષ્યોના દુખ દેખતા જેમના નેત્રો અને હૃદય રૂદન કરે છે, અને ટુકામા કહીએ તો કોઇ પણ મનુષ્ય પછી તે ગમે તે જાતિનો અને ગમે તે કુલમા ઉત્પન્ન થએલો હોય, ગમે તેવા વર્તનવાળો હોય, ગમે તેવી હાલતમાં હોય અને ગમે તેવા સંકટોમાં સપડાયલો હોય, તોપણુ તેને માટે પોતાથી બનતું કરવા-કરાવવા જેઓ અહર્નિશ પોતાની જીંદગી ગાળે છે તેઓ જ મનુષ્યપણુ પામ્યા કહેવાય. અર્થાત્ ખરા મનુષ્ય કહેવાય. બાઇબલમા મનુષ્યની કીંમત કેવી આકવામા આવી છે અને પાશ્ચાત્ય દેશીય પ્રજા મનુષ્ય જાતિને માટે કેટલા કેટલા પ્રયાસ અને સગવડ કરી આપવાના પ્રયત્ન કરે છે એ બધુ જોઇને આપણુ આર્ય પ્રજાને શુ શરમાવવા જેવુ નથી? કુદરતી રીતે મનુષ્યને મનુષ્ય થકી ભય હોઇ જ શકે નહી. અને જો મનુષ્યને મનુષ્ય થકી ભય ઉત્પન્ન થાય તો તેને મનુષ્ય કહેવાય જ કેમ? એક ૧૬ વર્ષની આર્ય ભૂમિમા ઉત્પન્ન થયેલી પુત્રી, પોતાના પાલક પીતાની ભયંકર માંદગી છતાં પણુ મધ્યરાત્રીને સમયે વૈદ્ય અથવા ડાકટરને તેડવા એકલી

બહાર જઈ શકશે ? અથવા તો તેણીનો દુઃખથી પિડાતો પિતા તે-ણીને જવાની અનુમતી આપવાની વગર આનાકાનીએ હીંમત કરી શકશે ? કદી નહીં. આનું કારણ વિચાર કરીશુ તો સમજી શકાશે કે ગામ અથવા શહેરમાં, મધ્યરાત્રિએ બહાર જવામાં સિહ, વ્યાઘ્રાદિ-કનો ભય તો હોતો જ નથી. પણ જે કાંઈ ભય લાગે છે તે માત્ર વ્યભિચારી, હલકા, હરામખોર અને અવિચારી **મનુષ્યોનોજ** લાગે છે. હવે આવી અનેક રીતે જ્યારે મનુષ્યોને મનુષ્યોથી ભય ઉત્પન્ન થાય છે ત્યારે તેવાઓને મનુષ્ય કહેવા એ વિચાર બુદ્ધિવાળાઓને કોઇ રીતે ઉચિત લાગે તેમ નથી. મનુષ્ય જાતની ફરજ છે કે મનુષ્ય જાતિમા ગમે તે વ્યક્તિ હોય તેને નિઃસ્વાર્થ વૃત્તિએ ગમે ત્યારે સ-હાયક થઇને ઉભું રહેવું જોઇએ. એક માણુમને પોતાના ઘેરથી પો-તાના નીકટના સંબધીને ત્યા જવુ હોય તો ત્યા 'હુ શુ કરીશ' અને ત્યા 'મારી સહાય કોઇ કરશે કે નહી ?' એ વિચાર શુ તેના હૃદયમા ઉત્પન્ન થવો જોઇએ ? નહીં જ. કુદરતી રીતે તેના મનમાં તે નિશ્ચિત જ હોવો જોઇએ. કારણ કે તે સારી રીતે જાણે છે કે "મારા સગાઓ મારે માટે ગમે તે કરવા તૈયાર છે, ત્યા મને કોઇ જાતની ન્યુનતા નથી, ત્યાં મને કશો ભય રાખવાનું કારણ નથી અને ત્યા મને કોઇ બીજાની સહાયતાની પણ જરૂર નથી." જેમ એ રીતે તે માણુસ નિશ્ચિત રહે છે તેજ પ્રમાણે મનુષ્યને મનુષ્યથી નિર્ભય રહેવા જેવુ થવુ જોઇએ. કારણ કે મનુષ્યો પણ અરસપરસ સહાય કરવાને બધાયલા છે અને તે પ્રકારના મનુષ્ય ધર્મને જેઓ અતિક્રમે તેઓને મનુષ્ય કહેવા તે એક જાતનુ મૃષાવાદ જ છે. વળી આર્યધર્મનો સિદ્ધાત આટલામા જ અટકતો નથી. પણ આના કરતા પણ ઉંચી સ્થિતિએ તે બંધાયલો છે—એટલે કે શાસ્ત્રકારો જ્યારે

मैत्रि मे सर्व भूतेषु એ પ્રમાણે **સર્વ પ્રાણી** પ્રત્યે મિત્રતાના ભાવથી જોવાનુ કથન કરે છે, તો પછી મનુષ્યે મનુષ્ય જાતિ પ્રત્યે કેવી વત્સલતા રાખવી જોઇએ તે સ્વત સહેજે સમજી શકાય તેવું છે. અને જેમ મનુષ્યપણુ પામવું દુર્લભ છે તેમ એ મહાવાક્યનું રહસ્ય સમજાવું એ પણ સામાન્ય મનુષ્ય નામધારી પ્રાણીઓને માટે દુર્લભ જ છે

(૨) મનુષ્યભવને માટે આટલુ કહ્યા પછી હવે આર્યકુળને માટે ધ્યાન ખેચીશ. આર્ય કુલનો સામાન્ય અર્થ હાલમા એવો કરાતો જોવામા આવે છે કે કુલક્રમથી અથવા જ્ઞાતિબંધારણથી મદિરા માંસાદિક જે કુલમા વાપરવામાં આવતાં ન હોય તેવા કુલમાં અવતાર થયો હોય તે આર્યકુલ પામ્યો ગણી લેવામા આવે છે, પછી તેવો માણસ ખાનગી રીતે અથવા તો જ્ઞાતિબધારણની ચુંગાલમાં આવી ન શકે તેવી રીતે, પોતાને પસદ અભક્ષ્ય ભક્ષણ કરતો હોય, અથવા તો પોને જાતે દ્રવ્યવાન્ હોઇ વગવસીલો ધરાવીને અથવા તો એક બે સારી ડીગ્રીઓ અથવા ખેતાબો મેળવી રાજકીય પ્રબળ સત્તાના દીમાકમા રગાઇ ગએલો હોય અને જેના પ્રભાવથી બીચારા સામાન્ય મનુષ્યો તેના એ અપકૃત્યો ખુલી આખે જોવા છતાં તેને કાઇ પણ કહી શકે નહીં, આવી રીતે નિર્ભયપણે ગમે તેવા પ્રકારના સ્વચ્છદપણે વર્તવામા પોતાને સ્વતત્ર માની બેસે અને છતા પોતાને ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલા માને, એ શુ એક જાતનો ભ્રમ નથી ? હાલમા જુદી જુદી વણિક કોમોમાં ઓસવાળ જ્ઞાતિનિષ્ટ વણિકો પોતાની ઓસવાળ જ્ઞાતિને સર્વોત્તમ ગણે છે અને બીજાઓ તેને ટેકો આપતા જણાય છે, પણ માત્ર ઓસવાળ જ્ઞાતમા અથવા બીજા ગમે તે ઉચ્ચ કુળમા ઉત્પન્ન થવાથી જ પોતામાં ઉત્તમતા માની લેવી,

એ તો એક જાતની સ્થૂળ મુર્ખાઇ જ છે ઉત્તમ કુલમા ઉત્પન્ન થ-વાથી જ ઉત્તમતા નથી પણ તે કુળની ઉત્તમતા જાળવી રાખવામાં જ ઉત્તમતા છે. ઉત્તમ ગણાતા કુલોના પૂર્વજોનુ વર્તન ઘણા ઉંચા પ્ર-કારનુ હોવું જોઇએ અને એ પ્રમાણે ઉંચા પ્રકારના વર્તનથી તેવાં કુલો ઉત્તમ ગણાયા છે એમ લાગે છે. પણ હાલમા કેટલાએક અ-જ્ઞાનીઓ માત્ર ઉત્તમ કુલમા ઉત્પન્ન થવાથી જ પોતાને ઉત્તમ માની લઇ, પોતે ગમે તે ખાય, ગમે તે પીએ, અને ગમે તેવી હલકી કા-મોના સસર્ગ સદા સેવે, છતા અમો ઉચ્ચ કુલના છીએ એવુ અભિમાન ધરાવે અને પોતાની દ્દષ્ટિએ પોતાથી ઉતરતા મનાતા પણ ઉચ્ચ વર્તનવાળા અન્ય વણિકોને તુચ્છ દ્દષ્ટિથી નિહાળે અને તેવા-ઓથી પોતામાં આભડછેટ આવતી માને એનુ નામ કુલની ઉત્તમતા નહીં અને શાસ્ત્રોમા મહર્ષિઓએ ઉત્તમ આર્યકુળ પામવુ એ પુણ્યનો ઉદય માનેલો છે તે આવા મિથ્યાભિમાનીઓને માટે તો નહીં જ. પણ જેઓ ખરેખરી ઉત્તમ રીતે કુળ પ્રમાણે પોતાનુ વર્તન ઉત્તમ રાખે તે જ ઉત્તમ ગણાય અને તેવુ કુળ પામવુ એમા પુણ્યનો ઉદય છે એમ માનવુ એ બરાબર અને આવશ્યક છે. પૂર્વોક્ત કુલાભિ-માન માત્ર વણિકોમા છે એમ નથી. પણ બ્રાહ્મણો અને ક્ષત્રિઓ વિગેરેમા પણ તેમજ જોવામાં આવે છે-કે જેઓ ગમે તેવા વર્તન છતા માત્ર કુળમા ઉત્પન્ન થવાથી જ પોતામા ઉત્તમતા માની લઇ બીજાઓને તુચ્છકારે છે. જ્યારથી આ દિશા પ્રાપ્ત થઇ અર્થાત્ નિ-રર્થક કુળાભિમાન, જાત્યભિમાન વધ્યા, અને વર્તન તરફ દુર્લક્ષતા પેદા થઇ, ત્યારથી હિંદમા વસતા આર્યજનોમા કુસંપના અને અનેક દુરાચારોનાં તેમ જ કુરિવાજોના અને ભુખમરાના બીજ રોપાયાં. કેમકે એકમેકને ઉતરતી દ્દષ્ટિથી જોતા શિખ્યા તેથી કુસપ વધ્યો. ઉત્તમ

વતનને તિલાંજલી અપાણી અને પોતાની કન્યાઓને, નામ માત્ર પણ ઉચ્ચ કુળમા આપવાનો કુરિવાજ ચાલ્યો. તે એટલે સુધી કે તેવા નામધારી ઉચ્ચ કુળનો વર બાળ હોય યા વૃદ્ધ હોય, નિર્ધન હોય યા સધન હોય, નિરોગી હોય યા રોગી હોય અને મૂર્ખ હોય કે વિદ્વાન્ હોય, તે તરફ ધ્યાન આપવાની બીલકુલ દરકાર કરવામાં આવી નહીં, અને કુળાભિમાનને લઇને યોગ્ય નરોના અભાવે તેવા અયોગ્યોને કન્યાઓ અપાણી. તેથી દુરાચરણો વધ્યા, દુરાચરણોને લઇને ધર્મસેવા, દેશસેવા હૃદયમાથી નષ્ટ થઈ. પુનર્લગ્નાદિ કુરિવાજોનો પ્રચાર વૃદ્ધિ પામ્યો અને તેના પરિણામે વર્ણસંકર પ્રજા પેદા થવા માડી. વળી અમો ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થએલા હોવાથી અમુક જાતનો ધંધો, અમુક જાતની નોકરી, અમુક જાતનો કળા-વ્યાપાર અમારાથી કમ કરી શકાય ? આવા ને આવા મિથ્યાભિમાનમાં પોતાની અને પોતાના વંશજોની ભૂખમરાથી ઘણાઓએ પાયમાલી કરી છે અને હજી કરે છે. વાચકવૃન્દો, હવે આ ઉપરથી સમજી શક્યા હશો કે ઉત્તમ કુળ એટલે શુ ? ઉત્તમ કુળ કોને કહેવુ ? અને ઉત્તમ કુળ પામવુ દુર્લભ છે તેની યથાર્થ વ્યાખ્યા શુ ?

(૩) પાચે ઇન્દ્રિઓની પટુતા—એ વાક્યની સાદી સમજ એમ લેવામા આવે છે કે બને કાનથી સાભળી શકાય, આખોથી દેખી શકાય, નાકથી સુંઘી શકાય, જીવ્હાથી સ્વાદ લઈ શકાય અને શરીરથી શિત ઉષ્ણાદિ સ્પર્શ અનુભવી શકાય. આ પ્રમાણે પાચે ઇન્દ્રિયો પોત પોતાનુ કામ બરાબર બજાવી શકતી હોય તેને પાંચે ઇન્દ્રિયોની પટુતા કહેવામા આવે છે અને તે પામવી તે પુણ્યોદય ગણાય તેમજ દુર્લભની સુલભતા ગણી શકાય છે. આ વાક્યનો પણ આવી રીતે અસમંજસ અર્થ કરવામા આવે છે. જો તેટલાથી જ દુર્લભતાની

સુલભતા થતી હોય તો પછી પશુ અને મનુષ્ય એ બન્નેમા કંઈ તફાવત નથી. કારણ કે તેવી રીતે પાચે ઇન્દ્રિઓ તો પશુઓ પણ પામેલા છે. વળી આંખથી ગમે તેના રૂપ-રગાદિ જોવા અને તેમાં આખનો વ્યાપાર ચલાવવો, અને પોતા કરતાં કોઈની ઉચી સ્થિતિ દેખી પોતાના હૃદયને બાળવું, કાનથી સગિતાદિ શ્રવણ કરવા અને શૃગાર વિલાસના શબ્દોમા એકાગ્રતા કરવી તથા પરનિંદા અને સ્વ-પ્રશંસા સાંભળવામાં અત્યાનદ માનવો, જીવ્હાથી અશુભ વાક્યો ઉચ્ચારવા, કુસપ વધારવો, ચુગલી કરવી, કર્કશ વચન બોલવા અને કામોત્પાદક શબ્દોનો પ્રવાહ ચલાવવો, શરીરથી કોઈનુ અહિત કરવું અથવા તો એ ઇન્દ્રિઓના પોષણ માટે અનેક જીવોની હિસા કરવી, અનેકને દુ:ખ દેવા, આ પ્રકારના કામોમા એ પાચે ઇન્દ્રિઓને રોકવી અને છતા એ ઇન્દ્રિઓનો જોગ પામવાને પુણ્યોદય માનવો, એ એક જાતની મુર્ખાઈ નહી તો બીજુ શુ કહેવાય ? શુ પાચ ઇન્દ્રિઓની દુર્લભતા મહર્ષિઓએ કથન કરેલી છે તે આવા કૃત્યોમા તેને જોડવાના હેતુથી કથન કરેલી હોવી જોઇએ ? લેખક તો એટલાથી સતોષ પામતો નથી. તે તો આગળ વધતા-વિચારતા, કાંઈક જુદું જ જુએ છે. નેત્રોથી યત્નપૂર્વક નિરીક્ષણ કરવુ કે જેથી આ વિનશ્વર દેહથી કોઇ પણ જતુને પીડા ઉત્પન્ન ન થાય, મહાપુરૂષો અને મહાપુરૂષોની શાત મુદ્રાઓ (મૂર્તિઓ) ના દર્શન કરવા અને તેમ કરી તેમાથી જ્ઞાન મેળવી તેમના જેવો બનવા પોતાના આત્માને સંબોધવો. તેમ જ અનેક ગુણી પુરૂષોના ગુણ જોઇ ગુણાનુરાગી બની તેમાથી પોતાથી બની શકતા ગુણો ગ્રહણ કરવા, કાનથી સુવાક્યો શ્રવણ કરવા અને અનેકના દુખોની હકીકત સાભળવી અને તેમને શાતિના વચનોથી શાતા પમાડી, જીવ્હા ઇદ્રિની સફલતા કરવી તથા

ગુણીની પ્રશંસા, ઇશ્વર–પ્રભુ સ્તુતિ, આત્મનિંદા અને બીજાના અલ્પ ગુણને પણ સારા રૂપમાં પ્રશંસવા અને શરીરથી કોઇનું પણ ભલું થાય, પરોપકાર થાય તેવાં કાર્યો કરવા. આ પ્રમાણે જુદી જુદી ઇન્દ્રિઓને જુદા જુદા માર્ગે પ્રવર્તાવવામા આવે, તે તરફ લક્ષ રાખવામાં આવે તો જ તેને પાંચે ઇન્દ્રિઓ પામ્યાની સાર્થકતા ગનાય, અને એ સ્થિતિ પ્રાપ્ત થવી એમાં જ ખરી દુર્લભતા છે. પોતાની અને તે પણ પોતાની પ્રિય વસ્તુને ખરાબ સ્થિતિમા મુકી, ખરાબ કરવાને કયો ચતુર મનુષ્ય તૈયાર થાય? મળેલી પાચે ઇન્દ્રિયોને અશુભ કામમાં દોરવી, પોતાનુ જેનાથી અહિત થાય એવા કાર્યો કરી તે જ ઇન્દ્રિઓના ક્ષયને કરનારા કારણોને મેળવવા એ શુ ચતુર મનુષ્યનુ કામ છે? નથી જ. છતા પણ જો તેમ કરવામાં આવે તો પછી કાગડાની કોટે મોતીની માળા પહેરાવવી અને વાદરાના કઠમા હીરાનો હાર પહેરાવવો એ જેમ મૂર્ખાઈ સૂચક છે, તેમ જેઓ પાચે ઇન્દ્રિઓ પામીને તેને એવા અપકૃત્યોમા રોકે છે, તેઓને તેની પ્રાપ્તિ એ કોઈ પણ રીતે પુણ્યનો ઉદય ગણી શકાય નહીં. એટલુ જ નહીં પણ તે પાપનો જ ઉદય ગણાય અને પરિણામે તે અધોગતિમાં લઈ જનાર જ છે માટે પાચે ઇન્દ્રિઓની પટુતા પામવી–એટલે તેને શુભ માર્ગે પ્રવર્ત્તાવવાની સ્થિતિ પામવી એ જ દુર્લભ છે.

(૪) ગુરૂયોગ પામવો તે દુર્લભ છે ગુરૂયોગ એટલે પોતાના મનના માનેલા ગુરૂ, તેમનો મેલાપ થવો અને તેઓની પાસેથી શાસ્ત્રોનું શ્રવણ કરવું, આમ મનાઇ ગએલ છે. પણ જો તેમ જ હોય તો તો હાલમાં નજર કરતા ગુરૂયોગ દુર્લભ છે એમ કહેવું એ હાસ્યાસ્પદ છે. કારણ કે હાલમાં તો ગુરૂનો યોગ સેવકોને હસતો–રમતો સામો આવીને મળી જાય છે. એટલે ગુરૂના યો-

ગની દુર્લભતા તો બીલકુલ દેખાતી જ નથી. પણ ઉલટુ ગુરૂઓને સેવકોની દુર્લભતાની હાડમારી ભોગવવી પડે છે! અને એમ હોવાથી જ જ્યાં જુઓ ત્યાં "અમો ઘણા સારા છીએ, અમો તમારા કુળના અને તમારા બાપદાદાના ગુરૂ છીએ, તમારા ધર્મના અમો ગુરૂ ગણાઇએ છીએ, માટે અમોને માનો, અમારૂં બહુમાન કરો, અમો જ તમોને મુક્તિનો માર્ગ દેખાડનારા છીએ, તમારૂં ભલુ પણ અમારાથી જ થવાનું છે, જો જો ધ્યાન રાખજો ? ભુલે ચુકે બીજા ધર્મ ઢોંગી ગુરૂના ફંદમા ફસાતા નહી. અમુક ગુરૂમા અમુક ખામી છે ને અમુકમાં અમુક ખામી છે. (પોતે જાણે સર્વગુણસંપન્ન હોય તેમ.) તમારા પિતા, તમારી માતા અમોને આમ આદર આપતા ને આમ માન આપતા, માટે તમારે પણ અમારા તરફ પૂજ્યભાવ અને ગુરૂભાવ રાખવો જોઇએ, તમો બીજાઓ પાસે જઇ અમારા પાસે આવતા નથી એ ખોટુ કરો છો " વિગેરે અનેક રીતે જુદા જુદા પ્રપચોથી, વાક્યપટુતાથી, દીનતાથી, સેવકોને પોતાના કરવાનો પ્રયત્ન કરતા ગુરૂઓ ઠામોઠામ, ગામોગામ, અને ધામોધામ નજરે પડે છે. ગુરૂઓના મડળો, ગુરૂઓના ટોળાઓ અને ગુરૂઓની મડળીઓ આ આર્યાવર્ત્તમા જ્યા જુઓ ત્યા અથડાતી આજકાલ સેકડો નજરે પડે છે. અને જ્યા જુઓ ત્યાં ધાર્મિક વ્યાખ્યાનો, કથાઓ વચાઇ રહ્યા છે અને લાખો સાભળનારાઓ સાભળી રહ્યા છે. તો પછી "ગુરૂનો જોગ પામવો અને શાસ્ત્રશ્રવણ કરવું એ દુર્લભ છે." એ વાક્ય આપણા મહર્ષિઓએ કા તો ભુલમા લખેલુ હોવુ જોઇએ અથવા તો તે વખતે આવા હાલના જેવા ગુરૂઓનો સદ્ભાવ ન હોવો જોઇએ અને તેથી તે વાક્ય લખાયલુ હોવું જોઇએ એમ માની લેવું પડે છે!' પણ વાચકો, એ મહાવાક્યને

સામાન્ય વાક્ય માની તેની અવગણના કરવી અથવા તો સાદો અર્થ કરી તેની ઉપેક્ષા કરવી એ ઉચિત નથી. તે મહાવાક્ય કેવા આશયથી લખાયેલુ હોવું જોઇએ તેનો વિચાર કરવો જોઇએ. વિચારતા માલમ પડે છે કે તે વાક્યમા અતિ ગંભીર અર્થ સમાયલો છે, અને લાગે છે કે ગુરૂનો યોગ મળવો અને તેમના મુખથી શાસ્ત્રશ્રવણ કરવુ એ અતિ દુર્લભ જ છે. ગુરૂ શબ્દ જ સુચવી આપે છે કે સંસારાતિત વિલક્ષણ વિશિષ્ટ ગુણગરિષ્ટતા જેમનામા પ્રાપ્ત થએલી હોય, તેવા મહાન્ પુરૂષો હોય તે ગુરૂ કહેવાય. સંસાર વાસનાથી જેઓ વિમુક્ત હોય, કામ ક્રોધાદિક અને મોહ મત્સરથી સદા વેગળા હોય, અને જેઓની બુદ્ધિ, જેમના વિચારો અને જેમનુ વર્ત્તન લોકોત્તર-નિર્મળ હોય, અને જેઓ નિંદા સ્તુતિમા સમભાવે વર્તવાવાળા હોય, જેમનાથી મન, વચન અને કાયા એ ત્રિકરણ યોગે કોઈનું પણ અહિત થતું ન હોય અને જેમની મુદ્રા મોહનાશક, શાન્તસુધારસોત્પાદક હોય, જેમના દર્શનથી ગમે તેવા પામર પ્રાણિમા પણ પવિત્રતા પેદા થયા વિના રહે નહીં, જેઓ વિઘ્નધ્વંસી હોય, કુસંપનો નાશ અને સંપની વૃદ્ધિ કરનારા હોય, દરેક જીવોમાંથી જડતાનો નાશ કરી જીવ ભાવ ઉત્પન્ન કરનારા હોય, ગુણાનુરાગી, ગુણાનુમોદી, ગુણાનુજીવી, અને અગુણીને ગુણી બનાવનારા એવા જે ગુરૂ હોય તેવા ગુરૂનો જોગ બનવો એ ખરેખર દુર્લભ જ છે અને તેવાઓના મુખથી શાસ્ત્રશ્રવણ થવું એ પણ ઘણું દુર્લભ જ છે. કારણ કે તેવા પુરૂષો, શાસ્ત્રોનું શ્રવણ, તે જે હેતુ અને આશયથી લખાયલાં હોય તે પ્રમાણે યથાસ્થિત કરાવે છે, તેવાઓ શાસ્ત્રોમાથી ગમતું બોલનારા અને અણગમતુ છોડનારા હોય જ નહીં. શાસ્ત્ર સાગર સમાન છે. તેમાંથી જેને જેવુ ગમતું હોય તેવું શોધી

કાઢી શકાય છે. યુક્તિવાળાઓને યુક્તિઓ મળી શકે છે, કુયુક્તિવાળાઓને કુયુક્તિ મળે છે, ઉત્સર્ગવાળાને ઉત્સર્ગ મળે છે અને અપવાદવાળાને અપવાદ મળે છે, ઉચ્ચ શ્રેણિવાળાઓને ઉચ્ચ દૃષ્ટાંતોના દર્શન થાય છે અને પતિતોને પતિત કરવામા પતિત દૃષ્ટાંતો મળી આવે છે. વળી કેટલાકો, જ્યારે પોતાને, પોતાના વિચારને અનુકુળ બોલવું હોય અથવા સમજાવવુ હોય ત્યારે તેને અપેક્ષાનું પુછડું લગાડી દઇ "પોતે અમુક અપેક્ષાથી આમ બોલે છે અથવા તે લખાણ અમુક અપેક્ષાથી થએલુ છે." એમ પોતાને મનગમતું સમજાવવાને પણ પાછા હઠતા નથી. તેમ જ જ્યારે કોઇના પરત્વે દોષારોપણ કરવાનો હોય છે ત્યારે શાસ્ત્રોમાથી અમુક અમુક છુટાં છવાયા વાક્યો શોધી કાઢી તે ટાકી બતાવી "આમ કરવું તે શાસ્ત્ર વિરૂદ્ધ છે" અને "તેમ કરવુ તે શાસ્ત્ર વિરૂદ્ધ છે" વિગેરે યુક્તિથી ભોળા લોકોને ભરમાવવાને માટે શાસ્ત્રસાગરમાંથી તેવી વાતોને પોતાના ઉપયોગમાં લેતા બીલકુલ આચકો ખાતા નથી. આવા પ્રકારના ગુરૂઓના મુખથી જે શાસ્ત્રશ્રવણ કરવું તેને શાસ્ત્રશ્રવણ કરવું કહેવાય જ નહીં, પણ તે નામધારી ગુરૂઓના વિચાર, તેઓની ઇચ્છા, અને તેમના માર્ગનુ શ્રવણ કર્યું કહેવાય. માટે પૂર્વે વર્ણવેલા એવા જે ગુણગરિષ્ટ ગુરૂઓના મુખથી શાસ્ત્રશ્રવણ થવુ તે જ નિષ્કામ વૃત્તિનું કથન હોવાથી, તેનાથી શ્રોતાઓના દોષોનો નાશ થાય છે અને તેઓ સતોષને પામે છે. તેમજ આત્મ સન્મુખ થઇ પ્રશસ્ત પરિણામી તેઓ બને છે. માટે આ ઉપરથી હવે સમજી શકાશે કે એ પ્રકારનો ગુરૂયોગ અને શાસ્ત્રશ્રવણ એ ખરેખર દુર્લભ જ છે. જો આર્યાવર્ત્તમા ધર્મને નામે મારામારી, કાપાકાપી, કલેશ, કંકાસ, કુસંપ, કજીઆ, કડવાશની વૃદ્ધિ, ધર્માન્ધપણું, એકમેકના

ધર્મના નાશમાં પોતાના ધર્મની ઉત્તમતા, અને છેવટે રાગદ્વેષનો નાશ એ ધર્મનો જે અંતિમ હેતુ છે તે અંતિમ હેતુને જો જલાંજલી અપાતી હોય, તો તે દરેકનું કારણ વર્ત્તમાનકાળમાં વિચરતા ગુરૂવર્યો અને તેમના પાસેથી થતું શાસ્ત્રશ્રવણ એ જ મુખ્ય છે. લોકોમા સાંભળવાની અને ગુરૂ કથન કરે તે પ્રમાણે વર્ત્તવાની શ્રદ્ધા અંતર્ગત રહેલી છે પણ સુયોગને અભાવે તેનું વિપરીત ફળ જોવામા આવે છે, અને એ રીતે શાસ્ત્રશ્રવણની વાસ્તવિક દુર્લભતા તે દુર્લભતા રૂપે જ રહેલી છે.

(૪) ધર્મ—ધર્મ શબ્દનો અર્થ હાલમા જે રીતે કરવામા આવે છે તે એ છે કે પોતાના મત અને સમુદાયે માનેલા ધર્મને માન આપવુ. હમેશાં ન બને તો વર્ષમા એકાદિવાર પણ ધર્મના લેખાતા સ્થાનોમા હાજરી આપવી અને તે સાથે તે ધર્મને અગે મુકરર કરાએલા ફરજીઆત કર આપી દઇ તે ધાર્મિક દફતરમાં પોતાનુ નામ નોધાવી, પોતે તે ધર્મ માને છે એમ દુનિઆને જાહેર કરવુ. તે ધર્મવાળાઓની સખ્યામા પોતાનો વધારો કરવો અને એ પ્રમાણે ધર્મી માણસોની સખ્યાની વૃદ્ધિ જોઇ રાજી થવુ. આટલાથી માની બેસવુ કે અમો ધર્મ પામ્યા છીએ, પણ એ બધા ઉપરથી ધર્મ પામવામા દુર્લભતા છે એમ કોઇ રીતે સ્વીકારી શકાય તેમ નથી. કારણકે ખરે ખરી રીતે તો જેમા ધર્મ હોય તે જ ધર્મી ગણાય છે. પણ હાલમાં તો વેશ્યાગમન કરનારા, તેમજ છળ, પ્રપચ, અને દગો કરી ધર્મના સોગન ખાઇ પૈસો મેળવનારા પણ ધર્મીમાં ખપે છે. અને એ રીતે માનનારાઓને પણ ધર્મી માનવામાં આવે તો પછી ચિન્તા એ ઉત્પન્ન થાય છે કે આ જગત્માં પાપી કહેવા કોને ? કેમકે ખુલ્લી રીતે પાપાચરણોને સેવનારાઓ પોતે પોતાને ધર્મિમાં ગણાવવા માંગે છે, કોઇ એમ

નથી માનતું કે અમે ધર્મિ નથી, તો પછી પાપ શબ્દ નિરાશ્રય અને નિરાધાર થઇ પડશે. આથી સહેજે સમજી શકાય તેમ છે કે યથાર્થ ધર્મ અને ધર્મિ, એવા કહેવાતા ધર્મ ધર્મિ કરતા વિલક્ષણ હોવા જોઇએ. ધર્મ શબ્દનો અર્થ માત્ર અમુક પ્રવૃત્તિમાં નથી વપરાતો, પણ માત્ર શુભ પ્રવૃત્તિ એજ ધર્મક્રિયા કહેવાય છે અને તે ક્રિયાથી થતું જે કાર્ય તેને ધર્મ કહેવો જોઇએ. અર્થાત્ આત્મ ગુણોની જે નિર્મળતા તેનો સ્વીકાર અને આત્મ ગુણની જે મલિનતા તેનો ત્યાગ-તે ધર્મક્રિયા. અને તેથી થએલુ જે કાર્ય તેને ધર્મ કહેવો આમ સમજી શકાય છે આ વિષે વિશેષ સ્પષ્ટ કરવા આપણે જરા બીજી બાજુ તપાસીએ. ધર્મક્રિયા બે જાતની હોય છે. એક તો અંતરંગ અને બીજી બાહ્ય અથવા શારીરિક. આ બાબતમા બે મત પડે છે. કેટલાએક એમ માને છે કે બાહ્ય ક્રિયાથી અંતરંગની શુદ્ધિ થાય છે અને તે વડે જ અંતરંગ ક્રિયા થાય છે. જ્યારે બીજાઓ એમ માને છે કે અંતરંગની શુદ્ધિ અને અંતરંગની ક્રિયા તે જ બાહ્ય ક્રિયાની માતા છે. શુભ, અશુભ ગમે તે ક્રિયા મનની પ્રેરણા વિના અને તેમાથી થતા લાભની ઇચ્છા વિના કોઈ કાલે થઈ શકતી નથી. કઇ પણ ક્રિયા કરવા તરફ જે પ્રેરણા થાય તે કઇ પણ હેતુ વિના તો ન જ થાય, હેતુનો આધાર અંતઃકરણ ઉપર રહે છે. માટે શૂન્ય મનથી તો કાઇ થઈ શકતું જ નથી. વળી જો એમ બને તો ઉંઘતા માણસ પણ નકામા ન જ ગણાય. માટે આ બધા ઉપરથી પ્રથમ પક્ષ કરતાં બીજા પક્ષને વધારે સબળ ગણવો પડે છે. એટલે કે અંતઃકરણની શુદ્ધિની પ્રથમ જરૂર છે. કાર્ય માટે મુખ્ય બે કારણ માનીએ તો ચાલી શકે તેમ છે. એક તો ઉપાદાન કારણ કે જે કાર્ય સાથે રહે છે તે, જેમ ઘટ સાથે માટી,

જુ નિમિત્ત કારણ તે, ઘટ બનાવવામાં મદદગાર દંડ ચક્રાદિ કા·
ો. આ કારણો કાર્યના અંતે કાર્ય સાથે રહેતા નથી. આ ઉપ·
ી આપણે એટલુ તો કહેવુંજ પડશે કે ઉપાદાન કારણ વિનાનુ
ત્ત કારણ કાઇ કામનું નથી. જો પ્રથમ ઉપાદાન કારણ હોય,
ી કર્ત્તા જ્ઞાતા હોય, તોજ નિમિત્ત કારણને ઉપયોગમા લગાડી
ય તેમ છે. નિમિત્ત કારણની જરૂરીઆત નથી તેમ નથી. પણ
ુક વખત પછી અને અમુક વખત સુધીજ તેવી જરૂરીઆત
છે. બાહ્ય ક્રિયા નિમિત્ત કારણ છે અને અતરંગ ક્રિયા (ક્રિ·
શુદ્ધિ) ઉપાદન કારણ છે. કર્તા આત્મા પોતે છે અને કાર્ય
માની પૂર્ણ નિર્મળતા છે. બાહ્ય શુભક્રિયા અતરંગની શુદ્ધિ
ા દંભ ગણાય છે અને તે માટી વિના દંડ ચક્રાદિ જેમ નકામાં
તેમ ફોકટ છે. અંતરંગ શુદ્ધિની પ્રેરણાથી ચાલેલી બાહ્ય શુભ
ા પૂર્ણ 'આત્મ શુદ્ધિએ વિરામ પામે છે. માત્ર શુદ્ધિ શુદ્ધિમા મળી
ા રૂપે સાથે રહે છે. જેમ આશ્રવ (કર્મ પુદ્‌ગલ એટલે કર્મના
કણોનુ આવવું) તે બે ભેદે છે એટલે કે દ્રવ્ય આશ્રવ અને ભાવ
શ્રવ. એમાં જેમ ભાવ આશ્રવ વગર દ્રવ્ય આશ્રવ નથી એમ
ા શાસ્ત્રો પ્રતિપ્રાદન કરે છે, તો પછી સવર (કર્મનુ રોકવુ) તે
ભાવ સવર પછી જ દ્રવ્ય સવર થઇ શકે. અને એમ થાય
ટલે ખુલ્લે ખુલ્લુ નક્કી થયુ કે બાહ્ય ક્રિયા તે અતરંગની જેવી
ા, તેને અનુસાર જ થઇ શકે છે. આ સ્થિતિએ પહોચવુ અને
વા સ્વરૂપે ધર્મનું પામવુ તે દુર્લભ છે તે સ્પષ્ટ રીતે સમજાય તેવું છે.

વાચકવૃન્દો, આ ઉપરથી જોશો કે **મનુષ્યાદિ સામગ્રિ પામવી**
ર્લભ છે, એ આપ્ત વચન ખરેખર સત્ય વંદનીય અને ગ્રાહ્ય છે. માટે
ી દુર્લભતા ટળીને તે સર્વ સામગ્રિ આપણને પ્રાપ્ત થાઓ. તથાસ્તુ.

ઉપદેશથી વિચારવૃદ્ધિ કે વિચાર પરિવર્ત્તન ?

દુનીયામા સાદો ક્રમ એ ચાલે છે કે ઉપદેશકો ઉપદેશ દે છે અને શ્રોતાઓ સાભળે છે. સામાન્ય નિયમથી તો એમ જ હોવું જોઇએ કે શ્રોતાઓ કરતા ઉપદેશકોમા વિશેષ જ્ઞાન હોવુ જોઇએ અને તેમ ન બનવાથી ઉપદેશકનો ઉપદેશ ઉચ્ચ સ્થિતિના શ્રોતાઓને અસર કરી શકતો નથી અથવા તો કંટાળો આપે છે. જેથી ઘણી વાર ઉપદેશક પોતામા જે ન હોય તે કરતા વિશેષતા માની લેવાથી પોતાના અધિકારનો તિરસ્કાર થાય છે, અને તે તિરસ્કારથી પોતે પોતાની હદ ઓળગી ક્રોધાવેશમાં આવી એવા વિચાર-તરંગો ઉઠાવે છે કે 'ઉચ્ચ શ્રેણીના શ્રોતાઓ મારો ઉપદેશ શ્રવણ કરવા આવતા નથી તેથી તેઓ મારા ઉપર અશ્રદ્ધાળુ છે' અથવા તો 'મને તેઓ માનની દ્રષ્ટીએ જોતા નથી.' આવા વિચારતરંગો હૃદયમાં આવવાથી ઉતરતી પંક્તિના શ્રોતાઓ કે જેઓ ઉપર પોતાથી અસર થએલી હોય તેઓદ્વારા, ઉચ્ચ શ્રોતાઓના અભિપ્રાય જાણ્યા સિવાય, તેમનો તિરસ્કાર કરાવવામા, નિર્ભત્સના કરાવવામા અને તેઓ શ્રદ્ધાવિહીન છે એવો ઢોલ પીટાવવામા તત્પર થઇ મોટો કોલાહલ કરી મુકે છે. તેને લઇને સમજુ વર્ગમા અને અણસમજુ વર્ગમાં બે પક્ષ બંધાઇ જાય છે અને તેથી કેટલીકવાર મોટા કંકાસો થઇ પડે છે.

આવી જ રીતે ઉચ્ચ શ્રેણીના ઉપદેશકોનો ઉપદેશ ઉચ્ચ શ્રેણીના શ્રોતાઓ સમજી શકે છે, પણ ઉતરતી પક્તિના શ્રોતાઓ તે ઉપદેશ સમજી શકતા ન હોવાથી, પોતે પોતાના અજ્ઞાનને લઇને, કાંતો ઉપદેશક એક તરફી ઉપદેશ આપે છે એવું સમજી જઇ પોતે તેવા ઉચ્ચ ઉપદેશકોને ગેરઈન્સાફ કરે છે, અથવા તો યદ્વાતદ્વા સમજી

જઇ પોતાની યોગ્યતા તપાસ્યા વિના પોતામાં તથા પ્રકારનું જ્ઞાન શ્રવણદ્વારા પ્રાપ્ત થયુ માની અને સ્વઅધિકાર ભુલી જઇ વ્યવહારથી પરાંગ્મુખ બની ઉચ્ચ ઉપદેશકોના ઉપદેશને કલંકિત કરે છે. આવા કારણથી પણ લોકોમા ઘણે ભાગે બે પક્ષ બંધાઈ ગયેલા દેખાય છે. એક અધ્યાત્મ પક્ષ, અને બીજો વ્યવહાર પક્ષ. વ્યવહાર પક્ષને આધીન રહેનાર અધ્યાત્મને નિંદે છે, અને અધ્યાત્મિઓ વ્યવહારને નિંદે છે. આ અથડામણી બંને મૂર્ખ સમૂહોમાંથી ઉત્પન્ન થએલી હોય છે. એટલે કે પોતામા યોગ્યતા પ્રાપ્ત થયા વિના–તથા પ્રકારનુ જ્ઞાન થયા વિના, ઉચ્ચ શ્રેણીના ઉપદેશોથી અધ્યાત્મી બની જઇ વ્યવહારનિંદકો થઇ પડે છે, અને સામાન્ય ઉપદેશકોના ઉપદેશથી અધ્યાત્મથી વિમુખ રહેલા વ્યવહારમા મગ્ન બની, વ્યવહાર સ્થાપક સ્થિતિના સ્વરૂપનું ભાન થવાની યોગ્યતા પોતાનામાં ન હોવા છતાં વ્યવહાર જ્ઞાની બની જઇને અધ્યાત્મને નીંદે છે.

આ ફળ ઉપદેશકની અયોગ્યતા, અને શ્રોતાઓની અયોગ્યતાને લઇને પ્રાપ્ત થાય છે.

પંથો અને મત બે જાતના મનુષ્યોમાથી ઉત્પન્ન થાય છે, એક વિચારશીલ વિદ્વાનોમાથી, અને બીજો અવિચારશીલ મૂર્ખોમાંથી.

વિચારશીલ પુરૂષોમા વિચારશ્રેણી વધતા, કેટલાકને વિચારની તપાસ કરતા, પૂર્વ વિચારો કરતાં ઉત્તર વિચારો વધારે શ્રેષ્ઠ અને સ્વીકારવા યોગ્ય લાગવાથી, તેઓ પૂર્વ વિચારોને મુકી ઉત્તર વિચારો સ્વીકારે છે, અને કેટલાએક તો પૂર્વ વિચારોમાંજ સત્યતા માની ઉત્તર વિચારોની સ્થિતિને નહીં પહોચેલ હોવાથી, પૂર્વ વિચારોની સ્થિતિમાં રહે છે, જેને લઇને બન્નેમાં વિચાર ભેદથી મતભેદ પડે છે. પણ તેવો મતભેદ લાંબો વખત ટકી રહેતો નથી, કેમકે પૂર્વ વિચારશીલ પુરૂષ, વિ-

ચારશીલ હોવાથી વિચાર પ્રણાલિકાએ ચાલતાં એક કાળે ઉત્તર વિચારનેર વીકારનાર પણ બની શકે છે. અને તેથી પૂર્વ વિચારવંત અને ઉત્તર વિચારવંત બન્ને એક માર્ગને સ્વીકારનારા થાય છે.

અજ્ઞાનમાથી જ્ઞાનદશા જેટલે જેટલે અંશે એકએકને એકએકથી ન્યૂનાધિક હોય છે તેટલે અંશે એકએકથી એકએક વ્યક્તિ અથવા સમૂહ જુદા પડે છે. પણ જ્યારે તે ન્યુનાધિકતા ટળી સાદશ્યતા અથવા તો પૂર્ણતાને પામે છે, ત્યારે દ્વિધાભાવ ટળી એકતા એની મેળે પ્રાપ્ત થઇ જાય છે, અને તેથી વિચારભેદથી થતા અનેક પંથો, તત્ત્વોના વિચારથી એક દિવસ એક કાળે એક પંથ થવા સંભવ છે.

હવે અવિચારશીલ પુરૂષોમાં જે પંથભિન્નતા પેદા થાય છે તે માત્ર ઉપદેશકોના ઉપદેશની અસરથી થાય છે. જે ઉપદેશકમાં વક્તૃત્વ શક્તિ અને યુક્તિ પ્રકાશ વધારે હોય તેઓ તેવા સમુદાયને પોતાના તરફ ખેંચી લઇ, પોતાના ઉપદેશની અસર તેમના ઉપર કરી, તેવાઓને પોતાના મતાનુયાયી (વિચારાનુયાયી) બનાવે છે, ત્યારે કેટલાએક ઉપદેશકો ચમત્કાર બતાવી અથવા તો એવા કોઇ પણ પ્રયોગથી તેવાઓને સુખી કરી, પોતામાં યોગ્યતાની અને પૂજ્યપણાની છાપ તેવા અવિચારશીલ પુરૂષો ઉપર પાડીને, પછી પોતાના ઉપદેશથી પોતાના મતાવલંબી બનાવે છે. આવા મતોના સમુદાય ભિન્ન ભિન્ન મત રૂપે રહે છે, અને ક્રમે તેવા મતોમા અને મતાવલંબીઓમાં ક્લેશ કંકાસ પેદા થાય છે, જેને લઇને મતવૃદ્ધિ અને આગ્રહવૃદ્ધિ પ્રગટે છે, અને ભેદમા વધારો થતો જાય છે.

ઉપદેશ અને શ્રવણ તે કેવા પ્રકારે હોવુ જોઇએ તે તરફ વિચાર કરીએ તો એમ સમજાય છે કે ઉપદેશ તે શ્રોતામાં વિચાર ઉત્પન્ન કરવાનું એક સાધન છે. સાંભળનારે સાંભળવું અને ત્યારબાદ

તેનું મનન કરવુ, તેની સાથે અમારે ગ્રહણ કરવા લાયક છે કે નહિ, એ વિચાર કરવો જો તેની યોગ્યતા પોતામા પ્રાપ્ત થઇ હોય તો તેને સ્વીકારી ક્રિયામા મુકવુ, અને જો તે યોગ્યતા પોતાનામાં નથી એમજ જણાતું હોય તો તે ઉપદેશ બીજા અધિકારીઓ માટે છે એમ માની પોતે તેને ન સ્વીકારતાં, પોતાને યોગ્ય ઉપદેશ માટે ફરી શ્રવણ કરવાની આકાક્ષા રાખવી.

બીજી રીતે ઉપદેશથી પોતામા તથા પ્રકારના ગુણ અને આત્મસત્તા પ્રાપ્ત કરવી, અને તે સત્તા પ્રાપ્ત થયા પછી પોતાની સત્તાનુકૂળ પ્રવૃત્તિ કરવી, જેને લઇને તે પ્રવૃત્તિ પોતે અસ્ખલિત રીતે યાવત્ કાલ સુધી સારી રીતે ટકાવી શકે

ઉપદેશથી ઘેલા બની જઇને એકદમ તે અસરને તાબે થઇ, તેથી દોરવાઇ જઇને એકદમ કઇ પણ કરી નાખવામાં આવે છે તો તે લાંબો વખત ટકતું નથી, અથવા તો પાછળથી પસ્તાવાનું થાય છે. ઉપદેશ દ્વારા આવી રીતે દોરવાઇ જવાની ટેવ હોવાથી, અને પોતામાં વિચારશીલતા ન હોવાથી ઘણી વખત એવું બને છે કે શ્રોતાઓ જુદા જુદા ઉપદેશકોના ઉપદેશ બળથી પૂર્વ અસરને નાબુદ કરતા અને અપર અસરને સ્વીકારતા દેખાય છે, જેને લઇને તેઓ જીદગી સુધી એક નિશ્ચય ઉપર આવી શકતા નથી.

ઘણાઓને એક ભવમા અનેક સ્થિતિએ પરીવર્તન પામતાં જોઇએ છીએ. પહેલાં વૈશ્ણવ, પછી જૈન, જૈનમાં પણ પછી અપર જૈનપણું, અને તે પછી વેદાન્તી, અને છેવટ સ્વામીનારાયણ થઇ જાય છે. અને છેવટ સુધી તેવાઓ એક પણ નિશ્ચય ઉપર આવી શકતા ન હોવાથી, માત્ર ઉપદેશની અસરથી જ તણાતા, આ સમુદ્રમાં ડુબકીઓ મારતા છેવટ સસાર સમુદ્રના તળીયે બેસતા દેખાય છે.

આ ઉપરથી મતલબ લખવાની એ છે કે શ્રોતાઓએ, ઉપદેશ શ્રવણુ કરવો, અને તેને માટે વિચાર કરવો અને તદનન્તર સ્વીકારણીય લાગે તો સ્વીકારવુ, અને અસ્વીકરણીય હોય તો ન સ્વીકારવુ, પણ જેમ વ્યસનને પરાધીન થયેલા વ્યસની વ્યસનાનુકૂળ પદાર્થ મળવાથી વ્યસની બની જઇને તે અસરને તાબે થઇ પોતાની મુળ સમજણુને ખોઇ બેસી મનુષ્યપણું ભુલી જઇ અને પશુવત્ ચેષ્ટા કરવા માડે છે, તેવી દશા શ્રોતાઓમા ન હોવી જોઇએ.

જે મનુષ્ય મનુષ્યપણાને ઓળખતો નથી, જેને પોતાના બુદ્ધિબળ ઉપર વિશ્વાસ નથા, જેને પોતામા જીદગી સુધી અજ્ઞાનતા માની વિચાર કરવાની ટેવ નથી તેઓ પોતે પોતાને સમજી શકતા નથી. અને બીજાના દોરવાયા દોરવાઇ જઇ, મનુષ્ય ધર્મ ભૂલી જઇ પોતાનુ ઉપહાસ્ય વિદ્વાન્ વર્ગમા કરાવે છે.

કેટલાકને વ્યક્તિમોહ, વચનમોહ અને વિચારમોહ ઉત્પન્ન થઇ જાય છે, જેને લઇને પોતે તેજ સારૂ માને છે, અને પોતે વિચાર કરી શકતા નથી. જ્યારે તે મોહ દ્વેપના રૂપમા બદલાઇ જાય છે ત્યારે તેઓને તેજ વ્યક્તિ, તેનાજ વચન અને વિચાર અણગમતા થઈ પડે છે, તેથી ભલે તે સત્યતાવાળા હોય, સત્યવિચાર હોય તોપણુ તે ગમતા નથી. વળી અવિશ્વાસપણું એક જાતનો વિકાર છે, કે જેથી સત્યવચન અને સત્ય વિચાર હોવા છતાં અવિશ્વાસની નજરે જોવાથી—સાભળવાથી તે તરફ લક્ષ રહેતું નથી. કેટલાક, ધર્મશાસ્ત્રોના માહાત્મ્ય પૂર્વ પુરૂષોએ ઘણી જ સારી રીતે વર્ણવેલા છે કે જેમનું શ્રવણુ કરીને, તે શાસ્ત્રને પૂજ્ય શાસ્ત્ર માનીને તેમા જે લખેલુ છે તે દરેક સત્યજ છે, તેમા શંકા કે પ્રશ્ન થઇ શકે નહીં; આમ માની લઇને તેવા પૂજ્ય પુસ્તકોમા રહેલ ગભિરાર્થનો વિચાર કરી શકતા

નથી. અને તેથી શ્રવણ તે શ્રવણ રૂપેજ રહે છે. પૂજ્ય પુસ્તકો પૂજ્ય હોવાનું કારણ એ છે કે તે પુસ્તકોનું શ્રવણ વધારે વિચારપૂર્વક સાંભળવું અને તેમા કહેલી વાત ઉપર વધારે લક્ષપૂર્વક શાંતિથી વિચાર કરવો. કેમકે તેમા કથેલ હકીકત એક કે સામાન્ય રૂપે લખાયેલી હોતી નથી. આમ વિચાર કરવો જોઇએ તેના બદલામાં તે પુસ્તકોનુ માત્ર શ્રવણ કરવું આમ માની લેવું એ વિચાર નહીં વધવાનું કારણ છે. કેટલાએક તો ત્યા સુધી માની બેસે છે કે તે પૂજ્ય પુસ્તકોની હકીકત અથવા તેને મળતી હકીકત બીજાં પુસ્તકોમા લખાયેલી હોય તો તે પુસ્તકો પૂજ્ય પુસ્તકો નથી, એમ માની લઇને સત્ય લખાયેલ હકીકત તેની પણ ઉપેક્ષા કરવામા આવે છે, અને તેવા પુસ્તકોને પૂજ્ય પુસ્તકો નહિં માનતા અપ્રમાણીક પુસ્તકો ગણે છે આવા લોકોએ સમજવુ જોઇએ કે પૂજ્ય પુસ્તકોના વિચાર પૂજ્ય છે, અને તેજ ગ્રાહ્ય અને વંદનીય છે. તેમજ તેવા પુસ્તકોની:જે પૂજ્યતા વર્ણવેલી છે તે પણ વિચારની ઉત્તમત્તાને લઇનેજ છે. અને તેવા વિચારોને જો આપણે પૂજ્ય ગણુતા હોઇએ અને આપણે વિચારોપાસક હોઇએ, તો તેવા વિચારો ગમે ત્યાં લખાયેલા હોય અને ગમે તેના લખેલા હોય તોપણુ તે વાંચનારને ગ્રાહ્યજ છે. આ બધુ ન સમજવાનું, વિચાર કરવાની અને વિચારપૂર્વક શ્રવણુ કરવાની ટેવ ન હોવાથી બને છે.

જો કે કેટલાક વિષય એટલા બધા ગભીર હોય છે કે તેના ઉપર સામાન્ય માણુસ વિચાર કરી શકતો નથી, તો તેને માટે પોતે તેવા વિષયનો અનધીકારી છે, એમ માની જે વિચારોનો પોતે અધીકારી હોય તે વિચારો પોતે કરવા, અને તેવાંજ શાસ્ત્રો શ્રવણુ કરવા; કે જેને લઇ એક કાળે પોતે પણુ તેવો અધિકારી બનવા

પામે, અને કઠીણુ વિષયોપર પણ વિચાર કરનારો થઇ શકે.

જૈનમાં મતિપૂર્વક શ્રુતજ્ઞાન બતાવેલુ છે. તે પણ એજ સુચવે છે કે વિચારપૂર્વક શ્રવણ કરવું જોઇએ જેટલે અશે મતિની નિર્મળતા હોય તેટલેજ અશે શ્રવણ થઈ શકે છે. કેટલીક પરોક્ષ હકીકત પ્રત્યક્ષ ગમ્ય નથી, જેથી આગમ પ્રમાણથી માનવી પડે છે, પણ તેનો વિચાર ન કરવો એવો નિયમ નથી. આગમ પ્રમાણ આપ્ત પુરૂષના વાક્યને જ મનાય છે, તો આપ્ત વાચ્યતાનો વિચાર કરવાની જરૂરજ છે. તે આપ્ત વચન સમજવાને માટે વિચારનીજ જરૂર છે. કોઇ કોઇના કહેવાથીજ આપ્ત વચન માની લેવાતુ નથી, અને તેમ માની લેવુ તે યોગ્ય પણ લાગતુ નથી.

આત્મામા અનત શક્તિ છે અને તેને ખીલવવી તેને માટેજ ઉપદેશની જરૂર છે, તેમાં પણ દરેકને ઉપદેશની જ જરૂર છે, એમ પણ હોતું નથી. કેટલાકમાં આત્મ નિર્મળતા હોવાથી નિસર્ગ બોધ પ્રાપ્ત થાય છે, અને કેટલાકમા તેમ ન હોવાથી ઉપદેશથી બોધ પ્રાપ્ત થાય છે.

બોધ શબ્દનો અર્થ જ્ઞાન સમજવાનો છે. દરેક માણુસ પોતાનામા હૃદયપૂર્વક થતા વિચારો અથવા તો બીજાઓ તરફથી સાંભળેલા વિચારોને પોતાના વિચારો કરી લે અને જ્યારે તેને એવો વિશ્વાસ થાય કે આ મારા વિચારો છે ત્યારેજ તે વિચારોને તેણે ક્રિયામા મુકવા એ મનુષ્ય જાતનો ધર્મ છે.

વનસ્પતિમા પણ આપણે આ શક્તિ અનુભવી શકીએ છીએ, અને જોઈ શકીએ છીએ કે અનેક જાતના વૃક્ષસમૂહથી બનેલો બગીચો એક જાતના પાણીમાંથી પોતપોતાને અનુકુળ પૌષ્ટીક તત્ત્વને ગૃહણ કરી પોતાને પોષે છે. તેમજ આપણી ઇન્દ્રીઓ પણ અનેક

રસથી બનેલા ખોરાકને ભોજન અનતર પોતપોતાને અનુકૂળ રસને લઇને શાતિ મેળવે છે. તેમાં જેટલે અશે ઈન્દ્રીય સ્વભાવથી ભિન્ન જો કાઈ લેવાઈ જાય છે તો તેટલે અશે વિક્રિયા પેદા થાય છે, અને પોતાની ક્ષીણુતા સાથે પીડાને અનુભવે છે અને જ્યારે દવા-દ્વારા તેવા પ્રતિકુળ તત્ત્વોનો નાશ કરવામા આવે છે ત્યારેજ ફરી શાતિના સ્થાનને અનુભવી શકે છે. સાયન્સ પણ એજ શીખવે છે કે એક પદાર્થમા કયા કયા પદાર્થના તત્ત્વો મળવાથી તે વિભાવતાને પામેલ છે, અને તેવા તત્ત્વોથી રહીત નિર્મળ-શુદ્ધ પદાર્થ કેવી ક્રિયા-થી કરવામા આવે છે, અને તે પછી તેમા મૂળ સ્વભાવ શુ રહે છે તેમજ અનુકુળ પૌષ્ટીક કયા પદાર્થને કયા પદાર્થનો, અથવા તો પદાર્થના તત્ત્વોનુ મિશ્રણ છે, તેનો વિચારપૂર્વક નિર્ણય કરે છે. તેવીજ રીતે વિચારને માટે પણ હોવું જોઇએ. દરેક મનુ-ષ્યે પોતાના વિચાર સાથે મળેલા બીજાના વિચારોને દુર કરી શુદ્ધ વિચારી બનવુ, અથવા તો પોતાના વિચારને અનુકૂળ અને પૌષ્ટીક વિચારોથી પોતાના વિચારોને અલકૃત કરવા, અને બીજા મિશ્રિત વિચારોને પોતાના વિચારને તાબે રાખવા, પણ પો-તાના વિચાર તે વિચારને તાબે નજ કરવા. દુનિયામાં જુદા જુદા માણુસોના વિચારમાથી પોતાને અનુકૂળ અને પૌષ્ટીક વિચાર અંગી-કાર કરવા અને તેને પોતાના વિચારરૂપે પરિણુમાવવા. પણ પોતાના વિચારને ગૃહણુ કરેલા વિચારરૂપે ન પરિણુમાવવા, એ સાવચેતી વધારે રાખવાની છે પોતાના વિચારોને વિક્રિયા વિનાના રાખવા અથવા બનાવવા, અને તે મુજબ પોતાનું વર્તન રાખવુ તે પણ મનુષ્ય જાતનો ધર્મ છે. વિચાર-સ્વતત્રતા, વિચાર-વિશુદ્ધિ અને વિચાર-વિશાળતા પણ તેનુજ નામ કહેવાય છે.

પારકા વિચારો જ્યા સુધી પારકા રૂપે પોતાના હૃદયમાં ભાસે

છે, ત્યા સુધી તે વિચારો દ્વારા કોઈ પણ મનુષ્યને કોઇ કાર્ય પણ કરવાની ફરજ રહેતી નથી. એટલે જ્યા સુધી બીજાના વિચારો પોતાનામા પરિણમી પોતાના વિચાર રૂપે થયા નથી, ત્યા સુધી તે ક્ષણીક રહે છે, જેથી તે વિચારો વારંવાર બદલાય છે. આવા સમયમા તે વિચારો પોતાના જ્યા સુધી ન થાય ત્યા સુધી તેને ક્રિયામા મુકવા નહી. કારણ કે એક વિચારને અમુક ક્રિયામા મુક્યો તેટલામા તે વિચાર બદલાતા વળી બીજી ક્રિયા કરવી પડે છે. આથી એક વખત અમુક ક્રિયા થાય ત્યારે તરત જ બીજી ઘડીએ તે ક્રિયાથી વિપરીત ક્રિયા, વિચાર બદલવાને લઇને થાય. તેથી અવસ્ય ખળભળાટ, એક જાતનો બળવો, ક્રિયામા ચચળપણું વિગેરે થાય છે. માટે બીજાના વિચારોપર તદ્દન પરવશ રહી, પોતાની વિચાર શક્તિને ઘરેણે મુકવી ન જોઇએ. અને જો બીજાના વિચારોનુ જ અનુસરણ કરતાં શીખી જવાય તો તેથી પોતાના વિચારોનો નાશ થાય છે. તેને લઇને એક કાલે એક માણુસ સમજુ છતા મૂર્ખ બની જાય છે, તેમ ન થાય અને દરેક મનુષ્ય પોતાના વિચાર અનુકુળ વર્ત્તન કરતા શીખે, તેમ જ વિચાર નિર્મળતા કરતા શીખે એ જ આ લેખનો ઉદ્દેશ છે.

સમ્યગ્ દ્રષ્ટિ કિંવા અનુયોગોની ઉપયોગિતા.

સ્થૂલ દ્રષ્ટિને કેટલીકવાર નજીવી લાગતી બાબતોના વર્ણનમા શાસ્ત્રકારનો એવો ગૂઢ સકેત સમાયેલો હોય છે કે તે વિષય ઉપર જેમ જેમ વધારે વિચાર કરતા જઇએ તેમ તેમ તેમાં નુતનતાની ઝાખી થયા વિના રહે નહિ. સર્ગ, પ્રકરણ, અધ્યાય ઇત્યાદિ ભાગો એકજ

પુસ્તકમાં પાડવાના શુ હેતુઓ હોય છે તે વિચારકોને ઘણી સહેલાઇથી જણાઇ આવે છે. આ જ પ્રમાણે જૈન શાસ્ત્ર ચાર પ્રકારના અનુયોગમાં વહેચાયેલુ હોઇ, ઘણી વાર સામાન્ય મનુષ્યો એક એક પ્રતિ વધારે માનની, પ્રેમની કે ઉગ્રતાની લાગણીથી જુએ છે. તો બીજા તરફ સહેજ અણગમાની કે શિથિલતાની નજરથી નિહાળે છે. આમ થવામાં સામાન્યત. એવો હેતુ હોવાની કલ્પના થાય છે કે, વિભાગોના ઉદ્દેશને અધ્યાયી બરાબર સ્પર્શી શકતો નથી અને તે-થી જ કોઇ કોઇ વાર અજ્ઞાનતાજન્ય વિટંબણાઓ ઉદ્ભવે છે. માટે આપણે સૌ પહેલાં ચાર અનુયોગોની વ્યાખ્યા કિંવા સ્થાન તપાસીએ. ત્યાર પછી તેઓના પારસ્પરિક સબધ વિષે વિચાર કરીશુ. પરંતુ તે પહેલા એટલુ કહેવુ બહુ અગત્યનુ લાગે છે કે ચારે અનુ-યોગોની ઉપયોગિતા વસ્તુ સ્થિતિનો નિર્ણય કરવા માટે જ હોય છે. આવો નિર્ણય કરતા અંત કરણમાં જે તર્ક-વિતર્કો સ્ફુરે તેના સ-માધાનમાં પણ તે મોટી સહાયતા આપે છે, તે આપણે આગળ જતાં જોઇશુ.

(૧) ધર્મકથાનુયોગ

આ અનુયોગની તપાસ કરતાં જણાય છે કે તેને બે ભાગમા વિભક્ત કરવામા આવ્યો છે. એટલે કે તેમા જે પ્રકારનાં દ્રષ્ટાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેના બે વિભાગ થઈ શકે એમ લાગે છે, એક ઐતિહાસિક અને બીજો કાલ્પનિક-પણ સંભવિત. સમા-જને વ્યવહારમા જેટલી ઉપયોગિતા ઇતિહાસની છે તેટલી જ ઉપ-યોગિતા આ ઐતિહાસિક ધર્મકથાનુયોગની સ્વીકારવામાં બાધ નથી. ઇતિહાસ શાસ્ત્રની પ્રશસા કરતા અને બીજાં શાસ્ત્રોની તેની સાથે તુલના કરતાં લૉર્ડ બેકન કહે છે કે "કવિતાના અભ્યાસથી એક માણસ

ચતુર અને તિક્ષ્ણ બુદ્ધિવાળો બને છે. **ગણિતના** અભ્યાસથી તે ચોક્કસ થતાં શીખે છે. **પદાર્થવિજ્ઞાન** શાસ્ત્રના અભ્યાસથી તે ઉંડા વિચારનો બને છે. **નીતિશાસ્ત્રના** અભ્યાસથી તે ગંભીર થતાં શીખે છે. **તર્કશાસ્ત્ર** તથા **અલંકારશાસ્ત્રનો** અભ્યાસ કર્યાથી ત કરારના મેદાનમાં ફતેહમંદીથી લડાઇ ચલાવવાને સામર્થ્યવાન બને છે. પણ **ઇતિહાસના** અભ્યાસથી તો તે ડાહ્યો, અક્કલમંદ, દાનાવ બને છે, અને તે ખરેખર માણસને ડહાપણ શીખવે છે. તે દૃષ્ટાંતથી શીખવનારૂં એક **શાસ્ત્ર** છે. તે એક દર્પણ છે કે જેમાં સર્વ પ્રકારના બનાવો તથા બીનાઓની પ્રતિમા આપણી સમક્ષ રજુ થાય છે એટલુ જ નહી પણ તેપરથી આપણે કેવી રીતે વર્તવુ તે વિષે આપણને ધડો મળે છે." ખરૂં જોતા ઇતિહાસની આ પ્રશંસા અવાસ્તવિક નથી એમ કહેવું જોઇએ. મનુષ્ય ધારે તો પોતે કેવો થઇ શકે અને પોતાની ઉન્નતિ માટે શુ શુ કરી શકે તે જાણવાનું જો કોઇ ઉત્તમ સાધન હોય તો તે ઇતિહાસ જ છે, એમ સર્વ કોઇ સ્વીકારે છે. કોઇ કોઇ સમયે ઉન્નત જીવનના અવલોકનથી આપણી લાગણીઓ એવી તો સતેજ થઇ આવે છે અને અંતઃકરણ એવું તો જાગૃત થઇ જાય છે કે તેથી આપણી આશાઓમાં અને શ્રદ્ધાઓમા કયા અજ્ઞાત ઝરામાંથી નવા ચૈતન્યનો પ્રવાહ વહેવા લાગે છે તે આપણે સમજી શકતા નથી. આવી રીતે મનુષ્યજીવનને ઉચ્ચ સ્થિતિએ લાવવાના કામમાં મહાન્ પુરૂષોના ઐતિહાસિક જીવનવૃત્તો જે અસર કરે છે તે અપ્રતિમ જ છે એમ કોણ નહીં કહે? **શ્રેણીક, સંપ્રતિ, ચંદ્રગુપ્ત, અશોક,** તથા **જ્ઞાતાસૂત્ર** માંહેની **મેઘકુમાર** વગેરેની કથાઓથી તેમના ભાવની ઉન્નત્ત શ્રેણીઓ, કૃત્યોની આવલીઓ ઉકેલી શકાય છે અને તેઓના મધુર જીવનને અનુરૂપ

જીવન ગાળવા મનુષ્ય પ્રેરાય છે. એક સ્થળે કહ્યુ પણ છે કે—

यद्यदा चरति श्रेष्ट स्तत्त देवे तरो जन

स यत् प्रमाणं कुरुते लोक स्तदनुवर्तते

અર્થાત્ જે પ્રમાણે મહાન્ પુરૂષો વર્તે છે, તેનુ જ અનુકરણ બીજા સઘળા લોકો કરે છે. જે વસ્તુને શ્રેષ્ઠ પુરૂષો પ્રમાણ ગણે છે તેને જ અનુસરીને બાકીના લોકો વર્તે છે. એક બીજે સ્થળે પણ કહ્યુ છે કે-
महाजनो येन गत स पन्था.

આવી રીતે ઐતિહાસિક કથાઓ ઉપર ભાર મુકીએ છીએ તેપરથી જાણતા અજાણતા કોઇએ એમ વિચારવાનુ નથી કે-કાલ્પનિક વિભાગ ઉપેક્ષા કરવા યોગ્ય છે. કેટલીક વખત ઐતિહાસિક વાતો કરતા કાલ્પનિક પણ સભવિત વાતો સમાજ ઉપર વધારે સારી અસર કરે છે. એ વાત એટલા જ ઉપરથી સમજી શકાશે કે સારા વિદ્વાન્ સાક્ષરો પણ સાહિત્યના ક્ષેત્રમા કાલ્પનિક સંવાદો તથા કથાઓની આવશ્યક્તાઓને હૃદયથી સ્વીકારે છે અને તેમાં માનવ જીવનને ઉન્નત કરનારૂ કિવા જનસમાજને ઉચ્ચ આદર્શ ભણી દોરનારૂં તત્ત્વ હોય તેમ માને છે. આવી માન્યતામાં મળવાનુ પણ અમને તો યોગ્ય જ લાગે છે. કારણ કે કથા ભલે કલ્પિત હોય તોપણ તેમા પ્રાણી-જન સ્વભાવના જે ચિત્રો ખેચવામાં આવે છે તે તો કોઇ કાળે કલ્પિત હોઇ શકતા નથી. મતલબ કે તે કાલ્પનિક કથાઓનો ઝોક મુખ્યતાએ તો પ્રાણીજીવનના તત્ત્વો ભણી જ વળતો હોય છે તેથી તે નિરર્થક નથી જતાં. દાખલા તરીકે હિતોપદેશ, પચતત્ર કે ઇસપ્સ ફેબલ્સ માંહેની ગમે તે એક કાલ્પનિક વાર્ત્તાનું જો બરાબર મનન કરશો તો જણાશે કે-તમને તેના અભ્યાસથી પ્રાણી સ્વભાવનો પરિચય થયા વિના રહેશે નહિ. તેમજ સારગ્રાહી દ્રષ્ટિએ

વ્યવહારોચિત સાર પણ મળ્યા વિના નહિં રહે વાઘ અને શિઆળનો સંવાદ જો કે કાલ્પનિક છે પણ તે તેઓના સ્વભાવને અનુસરતો હોઇ સંભવિત છે અને તે ઉપરથી તે સ્વભાવના મૂળ કારણો શું છે—એટલે કે વાઘના વચનોમા વિકાળતા હોવાનું શુ કારણ છે અને શિઆળના શબ્દોમા મૃદુતા હોવાનુ કારણ શુ છે .તે તપાસવા મન પ્રેરાય છે. આ તપાસના અનુસંધાનમા જેમ જેમ વધારે ઊંડા ઉતરતા જઇશુ તેમ તેમ કામ-ક્રોધાદિ કપાયોના સ્થાન-તેથી ઉદ્‌ભવતી વિરૂપતા તથા તેના સ્વભાવમા થતા ફેરફારોની આશ્ચર્ય પમાડે તેવી પરંપરાનો પત્તો લાગ્યા વિના રહેશે નહિ. તે સિવાય આજસુધીમા તેનો અવિચ્છિન્નપણે ધુરંધર આચાર્યો તરફથી પણ જે સ્વીકાર થતો જૈન શાસનમા અનુભવાયો છે તે વિગત પણ આ અનુયોગના બીજા ભેદને અનુમોદે છે. ઉદાહરણ લેઇએ:—આપણામાં મૂળ, ટીકા, ચૂર્ણી, નિર્યુક્તિ અને ભાષ્ય વગેરે મળીને પંચાંગી બને છે તેમાં ભાષ્યકાર ભગવાને જે કથાઓ પોતાના ભાષ્યમાં લીધી છે તે પૈકીનો મોટો ભાગ આવી કાલ્પનિક કથાઓનોજ બનેલો હોય તેમ દીસે છે. આથી પણ એમ માનવાને મદદ મળે છે કે મહત્વતા વિના એ કાલ્પનિક કથાઓનો સ્વીકાર થાય નહિ.

(૨) ચરણ-કરણાનુયોગ.

સર્વ શાસ્ત્રો, કાયિક, વાચિક, અને માનસિક શુદ્ધિની પ્રથમ આવશ્યકતાને એક અવાજે સ્વીકારે છે. આવી યોગ વિશુદ્ધિ સંયમ વિના થઇ શકતી નથી અને ચરણ કરણાનુયોગની સફળતા ઇંદ્રિય નિગ્રહમાં-સંયમમા પુરી થતી હોવાથી તેની ઉપયોગિતા ખુલ્લી છે. જે સંયમી હોય તે વિરક્ત હોય. વિરક્ત હોય તેજ નિરૂપાધિક ભાવે

રહી શકે. નિરૂપાધિક પુરૂષોને અનેક સંકલ્પ-વિકલ્પોનો નાશ અથવા ઉપશમ સ્વાભાવિક રીતે જ હોય છે. આવી રીતે અપ્રશસ્ત તર્ક-વિતર્કોના ઉચ્છેદથી કિંવા તે ઉપરના અંકુશથી વિશુદ્ધિનું શોધન થાય છે. વિશુદ્ધિના શોધનથી વૃત્તિ અંતર્મુખ થાય છે. આ ભૂમિકાએ આંતરિક દ્રષ્ટિનો અંતરાત્મા સાથે યોગ પ્રાપ્ત થાય છે. અને તે યોગને સેવવાથી યોગી ઉત્કૃષ્ટ પદે પહોંચે છે. આવા પુરૂષો બીજા પદાર્થોનું પૃથક્કરણ અને વસ્તુઓનો યથાર્થ વિચાર કરી શકે છે તેવી સૂક્ષ્મ રીતે બાહ્યવૃત્તિવાળા પુરૂષો કરી શકતા નથી. આટલા જ માટે ઉન્નતિ ક્રમમા આગળ વધવા ઇચ્છનારાઓને આ અનુયોગ અતિ ઉપયોગી છે, એમ દર્શાવ્યુ છે. તે સંબંધી વિશેષ વિચાર આપણે આગળ જતા કરીશુ

(૩) ગણિતાનુયોગ

ગણીત, એ દુનીઆની દ્રષ્ટિને પોતાની તરફ આકર્ષતુ એવુ જે સાયન્સ તેનું એક પ્રધાન અંગ મનાય છે. પ્રધાન અંગ એટલા માટે કહેવાય છે કે સાયન્સના બીજા અંગો અપૂર્ણ સ્થિતિમા હોઇ દીવસે દીવસે આગળ વધતા જતા હોવાથી પ્રગતિશિલવિજ્ઞાન કહેવાય છે, ત્યારે ગણીત એ સંપૂર્ણ અંશે ખીલી રહેલુ વિજ્ઞાન કહેવાય છે. ગણિતાનુયોગના નિયમો એટલા બધા ચોક્કસ છે કે તેના નિયમોમા–Theories મા કાલક્રમે પણ પરિવર્તન સંભવી શકે નહિ. આવા વિષયના અધ્યયનથી, ઉપર બેકનના શબ્દોમા કહ્યુ તેમ મનુષ્યમાં નિશ્ચયાત્મક બુદ્ધિ પ્રફુલ્યા વિના રહે નહિ એટલુજ નહીં પણ તે વિચાર શક્તિને, તેમ જ એકાગ્રતાને પણ મજબુત ગતિ આપે. વ્યવહારમા પણ ઘણીવાર અનુભવ થાય છે કે ગણિતાનુયોગમાં કુશળ મનાતો પુરૂષ પોતાની એકાગ્રતાથી કિંવા નિશ્ચયાત્મક દ્રઢતાથી કદિ નિષ્ફળતાને પામતો

નથી. મોટા મોટા સરવાળાઓ તથા બાદબાકીઓમાં અથવા બીજા શબ્દોમાં કહીએ તો સંયોગીકરણમાં અને પૃથક્કરણમાં એકાગ્રતાની એટલી બધી જરૂર પડે છે કે તેમાં એક પગથીયું ભૂલનાર સહસા નિષ્ફળતા અનુભવ્યા વિના રહે નહિ. સારાંશ એ છે કે વ્યવહાર દ્રષ્ટિએ જોતા વસ્તુઓના ભેદાભેદનો નિર્ણય કરવામા અથવા ક્રયવિક્રય કરવામા ગણીત જેમ ઉપયોગી છે તેમ આત્માર્થી જનોને પણ એકત્વ, પૃથકત્વ, સવિતર્ક અને સુવિચાર વિગેરે શુકલધ્યાનના અંશભૂત પ્રકારો હોઇ તે અતિ ઉપયોગી છે એમ વિચાર કરતા લાગે છે. વિતર્ક—વિચાર એ એકમા હોવાનું ન ઘટે–અનેકમા જ હોય. અને અનેકપણું એ ગણિતનો વિષય હોઇ વ્યવહાર કરતાં અધ્યાત્મમા પણ તેની ઉપયુક્તતા ખુલ્લી રીતે જણાઇ આવે છે. અમે ઉપર કહ્યું કે—તે પૃથક્કરણમા તેમ જ સંયોગીકરણમાં બહુ ઉપયોગી છે, તેમ કહેવામા અમારી પાસે શું કારણો છે તે માત્ર એક જ દ્રષ્ટાંતથી બતાવીએ. જીવરાશીને ખમાવતા આપણે રોજે પ્રતિક્રમણમા કહીએ છીએ કે “સાત લાખ પૃથ્વી કાય.........વિગેરે” આમા સાત લાખ પૃથ્વીકાયની જીવાયોનીનો નિર્ણય કરવા માટે જો ગણિતાનુયોગની સહાયતા ન લેવાય તો નિશ્ચયાત્મક બુદ્ધિ દ્રઢ થાય નહિ. સાત લાખ પૃથ્વીકાયનુ પૃથક્કરણ કરવા માટે ગણિતનો આશ્રય લેતા આ વિષય સહેજે સ્પષ્ટ થઇ જશે. પૃથ્વીના ખર, રત્ન ઇત્યાદિ ભેદે ૩૫૦ ભેદ થાય છે. તેમા વર્ણના પાંચ, ગંધના બે, રસના પાંચ, અને સ્પર્શના આઠ લેતા સમુચ્ચયે ૨૦ થાય. આ વિશને ત્રણુસે પચાસ સાથે ગુણતા સાતલાખ પૃથ્વીકાય સિદ્ધ થાય. એજ રીતે એક વસ્તુ સ્વરૂપમા સમાતાં કેવી રીતે ન્યુન થાય છે તથા વિરૂપમા જતાં કેવી રીતે વિસ્તરે છે તેનો પણ નિર્ણય થઇ શકે

છે. ૫૦ રૂપિઆનો એક જથ્થો જ્યાંસુધી એક છે ત્યાંસુધી તે એક છે. પણ જેમ જેમ તે વ્હેંચાતો જાય છે તેમ તેમ તેનો વિસ્તાર વધતો જાય છે, અને તે એટલે સુધી કે છેવટે તે અનંતમા આવીને સમાયછે ગણિતનો પણ એવો અબાધિત નિયમ છે કે હરકોઇ વસ્તુને શુન્યે ભાગતા તે અનંતતામા આવી મળે, તે વિષે ગણિતાનુયોગના અનુભવીઓને વધારે વિસ્તારથી સમજાવવાની ભાગ્યે જ જરૂર પડે. આ રીતે સંખ્યાતા અને અસંખ્યાતાના નિર્ણય માટે ગણિતશાસ્ત્ર ઘણું ઉપયોગી છે, એવી સ્વત સિદ્ધ ભૂમિકાએ પહોચવામા બાધ નથી. પ્રસંગોપાત પદાર્થવિજ્ઞાનમાં પણ આ ગણિતાનુયોગ કેવી આશ્ચર્યભરી રીતે ઉપયોગિતામા આવે છે તે બતાવીએ. એમ કહેવાય છે કે પૂર્વે આ દેશમાં શિલ્પવિદ્યા એટલી બધી ઉન્નતિની સીમાએ પહોચી હતી કે એક ચિત્રકાર માત્ર પગના એક અંગુઠા ઉપરથી આખા દેહનુ ચિત્ર ફ્તેહમંદીથી ખેંચી શકતો. આ વાત આજે ઘણાંઓને અસંભવિત સરખી લાગશે, પણ ગણિતાનુયોગના પારગામીને આમા કાંઇ આશ્ચર્ય જેવુ જણાતુ નથી. તે પગના અંગુઠાના વર્તુલને ત્રણ ગણી રેખાથી માપે છે અને તેટલા જ માપના ફ્ણાને પોતાના ચિત્રમા દોરે છે. એ ફ્ણાને બે ગણી રેખાથી માપી પગની પીંડીને ચિત્રે છે. અને તે પ્રમાણે અનુક્રમે યોગ્ય માપ લેતા આખુ ચિત્ર તૈયાર કરે છે. કહેવાનો આશય એ કે ચિત્રકાર શરીરના ગમે તે એક અંગ અથવા ઉપાગ ઉપરથી આખુ ચિત્ર તૈયાર કરે છે અને દુનિઆને અજાયબીમા નાંખે છે. આ સર્વ પ્રતાપ ગણિતનો જ છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ ઘટાવતા ગણિતાનુયોગમા સિદ્ધ-હસ્ત પુરૂષ જગતના ગમે તે એક અંગ અથવા પદાર્થ ઉપરથી એક આખી વસ્તુનો ખ્યાલ કરે છે અને છેલ્લે એકત્વમા આવી વિરમે છે. આમ વ્યવહારમા તેમ અધ્યાત્મમાં ગણિતાનુયોગની અત્યાવશ્યક્તાને કયો બુદ્ધિમાન નહીં સ્વીકારે ?

(૪) દ્રવ્યાનુયોગ

વસ્તુગતે દ્રવ્યનું લક્ષણ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત સત્; એમ બંધાય. ઉત્પાદ એટલે ઉત્પત્તિ. જો કે કોઈ વસ્તુની કોઈ કાલે નવી ઉત્પત્તિ સંભવતી નથી, પરંતુ પર્યાય રૂપે તેનું રૂપાંતર થવું તેને ઉત્પત્તિ કહેવાય. વ્યય એટલે નાશ. આમાં પણ જો કે કોઈ વસ્તુનો કોઇ કાલે સર્વથા નાશ હોઇ શકતો નથી, પરંતુ પર્યાય રૂપે સ્થિત્યંતર થવું તેને વ્યય કહી શકાય ધ્રૌવ્ય એટલે સ્થિતિ. પદાર્થનું પદાર્થ રૂપે (matter) રહેવું તે ધ્રૌવ્ય. આટલાજ માટે જૈનો પદાર્થોને નિત્યાનિત્ય કહે છે. અન્ય દાર્શનિકો વસ્તુને એકાંત નિત્ય માને છે. નિત્યનું લક્ષણ કેવી રીતે બાંધે છે, તે હવે જોઇએ. તેઓ એમ કહે છે કે અપ્રચ્યુત, અનુત્પન્ન સ્થિરેક રૂપો હિ નિત્યં–એટલે કે જેમાં કાંઈ નાશ પામવાપણું નથી, તેમ ઉત્પન્ન થવાપણું નથી, પણ જે ત્રણે કાળ સ્થિર હોય તેને નિત્ય પદાર્થ કહેવાય. જૈનો અહીં જુદા પડે છે અને નિત્યનું લક્ષણ બાંધતા કહે છે કે **તદ્ભાવાવ્યયં નિત્યં** એટલે કે તે પદાર્થનું અવ્યય–નાશ નહીં પામવાપણું તેનું નામ નિત્ય. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જૈનો પર્યાયથી પદાર્થને અનિત્ય માને છે અને દ્રવ્ય રૂપે પદાર્થને નિત્ય માને છે. કારણ કે **न द्रव्यविपुत्ता पर्यायाः** અને **द्रव्याणि न पर्याय विपुत्तानि** એટલે કે પર્યાય વિનાનો દ્રવ્ય હોઇ શકતો નથી અને દ્રવ્ય વિના પર્યાય હોઇ શકતા નથી. **अर्थ क्रि ।कारित्वं द्रव्यं** એ વાકય આને પુષ્ટિ આપે છે–કે જે વાકયને આશ્રયીને બૌદ્ધોમાં ક્ષણિકવાદ પ્રવર્ત્યો હોય તેમ બોલાય છે. ઉક્ત વાક્યનો તાત્પર્ય એ છે કે પદાર્થ જે ક્રિયા કરી રહ્યો હોય તેનું નામ દ્રવ્ય છે. અહીંઆ બૌદ્ધ કહે છે કે તો પછી ક્રિયા નાશ થયે અર્થનો–દ્રવ્યનો પણ નાશ થવો જોઇએ. દાખલા તરીકે ઘટ રૂપ

જ્ઞાનનું જે થવું તદ્રૂપી આત્માની જે ક્રિયા તે ક્રિયાનો કારક આત્મા છે અને ક્રિયાકારિત્વ પદાર્થનું લક્ષણ છે. આત્મા પદાર્થ છે આત્માથી ઉત્પન્ન થયેલી ઘટજ્ઞાન રૂપી ક્રિયા અને તેનો નાશ થયેથી સાથે તદાત્મક આત્માનો પણ નાશ થવા જોઇએ. જૈનો આ ક્ષણિક વાદને સ્વીકારતા નથી. તેઓ કહે છે કે ઘટજ્ઞાન નાશ પામ્યું ત્યાં આત્માનો તજ્જન્ય જ્ઞાનનો પર્યાય નાશ પામ્યો-પરિવર્તન પામ્યો, અર્થાત ઘટાભાવ રૂપે જ્ઞાન ઉત્પન્ન થયું. પર્યાયના સંબંધમાં જૈનો શું કહે છે તે જોઇએ તેઓ કહેછે કે क्रम भाविन पर्यायाः એટલે કે ક્રમે ઉત્પન્ન થાય તે પર્યાય કહેવાય અને सहभाविन गुणाः એટલે કે સાથે રહેનાર તે ગુણ. એને લઇને गुणाणं मासओ द्रव्य-ગુણોનો આશ્રય જે કોઇ તે દ્રવ્ય છે એમ કહેવાય છે. ઉદાહરણ લેઇએ. જ્ઞાન એ આત્માનો ગુણ છે, ઘટના અસ્તિત્વરૂપે જે જ્ઞાન થયું તે આત્માનો પર્યાય છે અને ઘટના અભાવરૂપે જે જ્ઞાન થયું તે પણ આત્માનો પર્યાય છે. અહીંઆ જ્ઞાન રૂપી ગુણ તે સદ્ભાવ અને અભાવ રૂપે તો એકજ છે, માટે સહભાવિ ગુણ અને ક્રમભાવી તે પર્યાય છે, એમ કહેવાય છે.

હવે દ્રવ્યની સાથે ગુણ અને પર્યાય કેવી રીતે રહે છે તે આપણે તપાસીએ.

જૈનો મુખ્યત્વે છ દ્રવ્ય માને છે (૧) જીવ (૨) ધર્મ (૩) અધર્મ (૪) આકાશ (૫) પુદ્ગલ (૬) કાળ. આમા કાળને કેટલાક આચાર્યોએ ઉપચારિક પદાર્થ તરીકે સ્વીકાર્યો છે, તેથી તે સંબંધી વિવેચન અત્ર આવશ્યક ધાર્યું નથી. બાકી જે પાંચ રહ્યા તેમાં પુદ્ગલ સિવાયના દરેક અમૂર્ત છે. તેના ગુણ-પર્યાય તપાસવા પ્રથમ જીવ દ્રવ્યને લેઇએ. જીવ એક દ્રવ્ય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ તેના

આત્માના ગુણુ છે. એ જ્ઞાનદર્શનનું ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન પદાર્થ રૂપે ઉપયોગનું થવુ, અને તે ઉપયોગનું બદલાવુ તે પર્યાય છે. જ્યારે દર્શન પર્યાય હોય છે-એટલે કે જ્યારે સામાન્ય જાતિ વિષયક હોય છે, ત્યારે વિશેષ ઉપયોગ ગૌણુ રૂપે રહે છે. અર્થાત જે કાલે ઘટત્વ, પટત્વ, વિગેરેનો સામાન્ય જાતિ વિષયક ઉપયોગ પ્રવર્તતો હોય છે, તે કાલે બીજો વિશેષ ઉપયોગ-આ ઘટ છે-આ પટ છે એવો ઉપયોગ ગૌણુ રૂપે રહે છે, તેથી જ્ઞાન ઉપયોગ સભવતો નથી, એમ કહેવાય છે. સામાન્યમાં પણુ એક ઉપયોગની ઉત્પત્તિ અને બીજા ઉપયોગનો નાશ એ બન્નેનું એકજ ક્ષણે થવુ તે **દર્શન પર્યાય** કહેવાય છે.

જ્ઞાન પર્યાય—ઘટ રૂપે જ્ઞાન છે. તે જ્ઞાનમાથી ઘટાભાવ રૂપે પરિણુમન તે જ્ઞાનપર્યાય કહેવાય.

ચારિત્ર પર્યાય—આત્માના ગુણોમાં રમણુતા તે ચારિત્ર. આત્માના ગુણો અનેક છે તેમાં જે જે વખતે જે જે ગુણમાં રમણુતા પામતો હોય તેને તે વખતે ચારિત્ર પર્યાય કહેવાય.

આ રીતે જીવ દ્રવ્ય, આશ્રયી દ્રવ્ય, ગુણ પર્યાયની રૂપરેખા ખેચી. હવે બાકીના દ્રવ્યમા પણુ એ રીતે જ સમજી શકાય. આકાશ દ્રવ્ય લેઇએ, આકાશ એક દ્રવ્ય છે અને તે નિત્યાનિત્ય છે. નિત્યાનિત્ય એટલા માટે કહીએ છીએ કે સયોગાકાશ અને વિભાગાકાશ એવા બે ભેદો તેમા પડી શકે છે અને અવસ્થા ભેદે અવસ્થાવાનનો પણુ ભેદ પડે એ પ્રસિદ્ધ ન્યાય છે. ધર્માસ્તિકાય,* અધર્માસ્તિકાય

---

* અસ્તિકાય—અસ્તિ અહીંઆ અવ્યય છે, અને તે પ્રદેશ વાચી છે, કાય-સમુદાય. અસ્તિકાયમા પણુ એ ખાસ જ્ઞાતવ્ય છે, ૬ અસ્તિકાયમાં પુદ્ગલાસ્તિકાયજ એવા છે કે જેના અનેકાનેક ભેદ થઈ શકે પરતુ આકાશ,

અને પુદ્ગલાસ્તિકાય માટે પણ એજ રીતે સમજવાનું છે. પુદ્ગલાસ્તિકાય પ્રત્યક્ષ હોવાથી તે વિષેનો સંક્ષિપ્ત વિચાર અત્ર નોંધવા જેવો જણાય છે. તેમાં પરમાણુ દ્રવ્ય છે, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ એ તેના ગુણ છે. વર્ણનું વર્ણાંતર અને રસ આદિનું રસાંતર થવું તેને પર્યાય કહે છે.

આ ચારે અનુયોગોના સ્થાન તપાસવાનો આશય એ છે કે એ પ્રત્યેકનું નિરૂપણ નવ તત્ત્વમાં કયા સ્થળે સહાયભૂત થાય છે, અને તેની ઉપયોગિતા કેટલે દરજ્જે છે, તેની તપાસ કરવી. એટલું તો ચોક્કસ જ છે કે તત્ત્વના નિરૂપણમાં એ મોટી સહાય આપે છે, પણ પૃથક્કરણ દ્રષ્ટિએ જોતાં તે પ્રત્યેકના સ્થાનનું નિર્ધારણ ક્યાં ક્યાં સાર્થક છે તે જોવાની અત્ર મુખ્યતા છે.

શાસ્ત્રકારને આપણે અનેકવાર એમ વાજબી રીતે પ્રરૂપતા અનુભવી શકીએ છીએ કે જીવાદિક નવ તત્વને જે યથાસ્થિતપણે સમજે-સર્દહે તેને સમ્યક્ત્વ હોય. આ કથન સર્વથા સત્ય છે. પરંતુ માત્ર તેના સ્વરૂપને સમજી લેવાથીજ સમ્યક્ત્વ અથવા શુદ્ધ શ્રદ્ધા-યથાર્થ જ્ઞાન થાય તેમ સંભવતું નથી. ભલે સમજવા પુરતું જીવાદિક પદાર્થનું જ્ઞાન લોકોપયોગી કિંવા કથનોપયોગી હો, પરન્તુ તેથી જે આંતર્ શુદ્ધિ-આત્મિક સુખની પ્રાપ્તિ થવી જોઇએ તેમાં તો તે નિષ્ફળજ નીવડે. મતલબ કે નવ તત્વને યથાર્થ રૂપમાં સમ-

---

જીવ તથા ધર્મ અધર્મ અસ્તિકાયના સમુહમાં કદાપિ ભેદ થતો નથી. એક દ્રષ્ટાંત લેઇએ. સર્પની પુંછડી કાપતાં, એટલે સર્પના દેહથી તે અલગ થતાં થોડીવાર-જ્યાં સુધી સર્પના દેહમાં અસ્તિકાયનો સમુહ નથી સમાતો ત્યાં સુધી તરફડે છે, તેનું એજ કારણ છે કે જીવાસ્તિકાયનો પ્રદેશ કપાયેલી પુંછડી અને સર્પના દેહ સાથે એક સબંધ હોય છે

જ્યા પછી તદનુસાર શ્રદ્ધા બંધાય નહિ તથા આત્મ વિચારણામાં ઉતરવાનું મંથન થાય નહિ, ત્યા સુધી જીવાદિના અભ્યાસથી ઉપજવી જોઇતી સિદ્ધિ સર્વથા પ્રાપ્ત થવી સભવે નહિ. ત્યારે હવે જીવાદિ તત્વને અભ્યાસવા પછી તે અભ્યાસના પરિપાકરૂપે આત્મસ્વરૂપના ચિંતનમા કેવી રીતે ઉતરવું એ પ્રશ્ન આપણી સન્મુખ રજુ થાય છે. ચાર અનુયોગોને આશ્રયીને અમે એ કઠિન પ્રશ્નને ઉત્તર આપવાનો પ્રયત્ન કરીએ છીએ.

ઉપર એમ કહેવામા આવ્યુ કે જીવાદિ નવતત્વના યથાર્થ જ્ઞાતાને સમ્યકત્વ થાય. (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ. (૬) સવર. (૭) નિર્જરા (૮) બધ (૯) મોક્ષ. આ નવ તત્વો વિશ્વ વિખ્યાત છે.

જીવ અને અજીવનું સ્થૂલ રૂપ પામ્યા પછી દ્રવ્યાનુયોગની સહાયતા લેઇ તેનું નિરીક્ષણ કરશુ તો આ બે તત્વોના આતર્ રહસ્ય ઉપર ઉજ્વલ પ્રકાશ પડયા વિના રહેશે નહિ. કારણકે દ્રવ્યાનુયોગનો પાયોજ મૂળતત્ત્વ ઉપર રચાયો છે. જીવ અને અજીવ તત્ત્વના મર્મને પામ્યા પછી આત્મા સાથે તેને સભાવીશુ તો, સમ્યકત્વ હોવામાં શાસ્ત્રકારે ઉપર જે કારણો બતાવ્યા છે, તેમાં રહેલા સકેતનું આપણને દર્શન થયા વિના રહેશે નહિ. સારાશ એ છે કે જીવ અને અજીવ તત્ત્વને સમજ્યા પછી, આત્મ વિચારમાં ઉતરી, જ્ઞેયને અનુભવ રૂપે, હેયને ત્યાગ રૂપે, અને ઉપાદેયને સ્વીકાર રૂપે ક્રિયામા મૂકવાથી જે જ્ઞાન થાય તેજ યથાર્થ સમ્યકત્વ કહેવાય. પૂર્વોક્ત બે તત્ત્વોના સપૂર્ણ ફળને પામવા દ્રવ્યાનુયોગ કેટલો ઉપયોગી છે, તે હવે સમજવામા આવ્યું હશે, છતાં દ્રવ્યાનુયોગ આપણને શુ પ્રેરણા કરે છે તે સંક્ષેપમાં જોઇ લઇએ.

સુવિશાળ એવા દ્રવ્યાનુયોગને સક્ષેપમાં વાંચીએ તો તેનો એજ નિષ્કર્ષ છે કે **एकोऽहं नास्ति मे कश्चित्**–એટલે કે હુ આત્મસ્વરૂપે એકજ છુ. મારૂં કોઇ નથી. શરીરાદિ જે જડ પુદ્‌ગલના વ્યાપારો છે તેથી હું અતિરિક્ત છુ અનત જ્ઞાન, અનત દર્શન અને અનતચારિત્ર એ મારા ગુણો–સામર્થ્યો છે. મારાથી–આત્માથી ભિન્ન એવો જે અજીવના વૈવિધ્યો તેથી હુ આવરિત છુ. અજીવના જે વૈવિધ્યોથી હુ દબાયેલો છુ તે આઠ પ્રકારનુ છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય (૪) અતરાય (૫) વેદનીય (૬) નામ, (૭) ગોત્ર (૮) આયુષ્ય વિગેરે. મારામા અનત સામર્થ્ય હોવા છતા હુ તેથી વચિત છુ, એજ સિદ્ધ કરે છે કે મારૂં એ સામર્થ્ય કર્મના કોઈ વૈવિધ્યથી દબાયેલુ છે. આ કર્મના વૈવિધ્યને જ્ઞાનાવરણીય કર્મના નામથી ઓળખવામા આવે છે. જ્ઞાન અને દર્શન કોને કહે છે તે અમે દ્રવ્યાનુયોગની વ્યાખ્યા કરતા બતાવ્યુ છે. વિશેષ જ્ઞાન સાથે સામાન્ય જ્ઞાન રહેલુજ હોય આ સામાન્ય જ્ઞાન–દર્શન પણ પ્રાદુર્ભાવમા યથાસ્થિત પણે અનુભવાતું નથી તે પરથી જણાય છે કે અજીવના વૈવિધ્ય પૈકી એક એવુ છે કે જે આ દર્શનને દાબે છે આને દર્શનાવરણીય કર્મ કહે છે. શરીરસ્થ આત્માને શરીર ઉપરના શરીરાનુકૂળ સંજોગો ઉપર રાગ અને પ્રતિકૂળ ઉપર દ્વેષ, ઇચ્છાની પ્રબળતા, સયમ પ્રત્યે અભાવ વિગેરે દોષો જોવામા આવે છે, તે અજીવના વૈવિધ્યો પૈકી જે મોહનીય કર્મ, તેની સત્તાનુ પરિણામ છે. આવીજ રીતે બાકીના કર્મો સંબંધે વિચારવુ. જેમ કે આત્મશક્તિ અનત હોવા છતા આત્મા કવચિત્ ડરે છે, દીનતા દર્શાવે છે, નાશીપાશી મેળવે છે, તે સર્વ અતરાય કર્મની સત્તાનું બળ છે. સુખ દુખનું સવેદન શરીરદ્વારા ઇંદ્રિયોદ્વારા અને

મનદ્વારા, આત્મા કરે છે, તે વેદનીય કર્મની સત્તાનું સૂચક છે. શરીર અને તેના અંગોપાંગ, પ્રત્યેક દેહધારીઓના ભિન્ન ભિન્ન રૂપે ભાસવામાં તથા સ્થૂલ સૂક્ષ્મ સ્વરૂપે રૂપાંતર પામવામા નામકર્મ કારણ ભૂત હોવાનો નિશ્ચય થાય છે. આત્મા સ્વસ્વરૂપે સર્વદા પૂજ્ય અને પવિત્ર હોવા છતા અમુક કૂળમા ઉત્પન્ન થવાને લીધે સ્પર્શ્ય અને અસ્પર્શ્યની ઉપાધિને પામે છે; તે ગોત્ર કર્મનો જ પરિપાક છે, એમ સહેજે સમજી શકાય છે. આત્મા, શરીરમા અમુક કાળ સુધી સ્થિરતા કરે છે, તેને લોકો જીંદગી—આયુષ એવા નામથી ઓળખે છે. જેના ઉદયથી આત્મા એક શરીરમા અમુક અવધિ પર્યત રહે છે, તેને આયુષ્ય કર્મ કહેવામા આવે છે. આ કર્મના બે ભેદ છે. (૧) સોપઘાતી, (૨) નિરૂપઘાતી. કેટલાક જીવોને વિષપાનથી કે શસ્ત્રના આઘાતથી આપણે મરણ પામતાં જોઇએ છીએ તે આ સોપઘાતી કર્મને લેઇને હોય છે. જ્યારે બીજા એવા જીવો હોય છે કે જેઓને ઉપલા આઘાતોની કાંઈ અસર થતી નથી અથવા થાય છે તો તેવે પ્રસગે પ્રતિકારના સાધનો આવી મળે છે. તે નિરૂપઘાતી નામના કર્મને આભારી છે મતલબ કે આઘાત થયે આત્મા શરીરથી છૂટો થાય તે સોપઘાતી અને આઘાત થવા છતા શરીર અને આત્માનો સંયોગ છૂટો ન થઇ શકે તે નિરૂપઘાતી નામક આયુષ કર્મ કહેવાય આ પ્રકારના—ઉપર કહ્યા તે રીતના આઠ જાતના કર્મોથી આત્મા આવરણ પામ્યો છે. દ્રવ્યાનુયોગનો મૂળ ઉદ્દેશ આત્મામા આવુ ભેદ જ્ઞાન પ્રકટાવવાનો છે. એટલે કે જીવ અને અજીવના સ્વરૂપને જાણ્યા પછી આત્માના અનંત સામર્થ્યને પ્રકટાવવા ભણી, અજીવના—કર્મના નિમિત્ત બળને ક્ષીણ કરવા ભણી સતત ઉપયોગ રાખવો, એ આ અનુયોગના અભ્યાસનુ ખુલ્લુ રહસ્ય છે.

જીવ અને અજીવના દ્રષ્ટિબિંદુથી અમે દ્રવ્યાનુયોગનું રહસ્ય સમજાવવા પ્રયત્ન સેવ્યો. હવે ચરણકરણાનુયોગ વિષે વિચાર કરીએ. આ અનુયોગમાં નવ તત્વમાં બે તત્વો સિવાય આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા તત્વાનો સમાવેશ થાય છે. આશ્રવ એટલે આગમન-નવા કર્મોનું આવવું. બંધ એટલે કર્મોનો બંધ થવો અને સંવર એટલે નવા કર્મને રોકવા નિર્જરા એટલે કર્મની ક્ષીણતા ચરણ કરણાનુયોગમા બાકીના આ તત્ત્વોનો રહસ્યાર્થ શું છે તે આ પ્રમાણે વિચારવાથી જણાશે —

મનુષ્યના ચરિત્રો બે પ્રકારના હોય છે સંયમી અને અસંયમી. સંયમી તેમનો સમાવેશ સંવર અને નિર્જરા તત્વમા થઈ શકે કારણ કે સંવર અને નિર્જરા એ બે તત્ત્વો ઉપાદેય હોઈ તેના ઉપાસક જ ખરા સંયમી કહેવાય અને આશ્રવ તથા બંધ એ બે તત્ત્વો હેય હોઇ તેનો સમાવેશ અસંયમી જીવમા થાય, તેથી તે પ્રશસ્ત ચરણકરણાનુયોગમા આવી શકતા નથી. મતલબ એ છે કે-જીવ અને અજીવ એ બે તત્ત્વો જ્ઞેય હોવાથી તેના અભ્યાસના પરિપાક રૂપે ભેદ જ્ઞાન પ્રકટવું જોઇએ અને ચરણકરણાનુયોગમા હેય અને ઉપાદેય તત્ત્વોના અભ્યાસના પરિપાક રૂપે આશ્રવ અને બંધનો ત્યાગ કરી સંવર તથા નિર્જરાનો સ્વીકાર થવો જોઇએ. આમ જો થાય તો જ ચરણકરણાનુયોગનું વાસ્તવિક રહસ્ય પામ્યા કહેવાઇએ. ધર્મકથાનુયોગ, ઉક્ત અનુયોગમા મોટી સહાય આપે છે, કારણ કે ધર્મકથાનુયોગમા પ્રાયશઃ પુણ્યશાળી અને પાપી જીવોના વૃત્તાંતોનોજ વિસ્તાર હોય છે. આ વૃત્તાંતો ઉપરથી પુણ્ય અને પાપ કોને કહેવાય તે સમજવા સાથે આપણા પરિણામ કેવી દિશામા વહે છે તે જાણવાનું-અનુભવવાનું મળે છે. ધર્મકથાનુયોગના અધ્યયન પછી સ્વાભાવિક રીતે આત્મામાં

"હું પાપની પ્રવૃત્તિમાં છુ કે પુણ્યની" તેવો પ્રશ્ન ઉઠે છે. આ પ્રશ્નનું ઉત્તર ચરણકરણાનુયોગદ્વારા મેળવી શકાય છે. ગણિતાનુયોગ આત્મજ્ઞાનને સુદ્રઢ કરવામાં અતિ ઉપયોગી છે, તે આપણે ઉપર જોઇ ગયા છીએ. એકમાથી અનેક કેવી રીતે આવી મળે તે આ અનુયોગના અધ્યયનથી સમજી શકાય છે સામટી રીતે કહીએ તો દ્રવ્યાનુયોગ મુખ્ય અને અવશેષ અનુયોગો તેને મજબૂત રીતે સહાયતા આપનારા છે. દાખલા તરીકે દ્રવ્યાનુયોગ કહે છે કે—આત્મા નિશ્ચય નયથી શુદ્ધ છે—અનત દર્શન, અનત જ્ઞાન, અનત ચારિત્રથી યુક્ત છે. પરતુ જ્યાંસુધી તે જીવનુ વર્તન, (ચરણકરણાનુયોગની સહાયથી) સયમી થયુ નથી, ત્યાંસુધી તે સસારના કીચડમા રઝળતો એક પામર જીવ છે સામાન્ય ઉપરથી વિશેષ ઉપર જવું એ વિજ્ઞાનશાસ્ત્રનો યુક્તિયુક્ત સિદ્ધાત છે. ધર્મકથાનુયોગ સયમી અને અસયમી જીવોના ચિત્રો આપણી સન્મુખ રજુ કરે છે, અને અપવિત્રતામાંથી પવિત્રતામાં જવા પ્રેરણા કરે છે. એકમાથી અનેક રૂપે થવું અને અનેકનુ એકમાં સમાવું એ ગણિતશાસ્ત્રનો મૂળ સિદ્ધાત છે. આત્મા એક હોવા છતા મોહબુદ્ધિથી પરમા કેવી સ્વબુદ્ધિ કરી રહ્યો છે, તે સમજાવે છે. સારાશ એ છે કે જીવ અજીવના સ્થુલ જ્ઞાનને આત્મિક અનુભવમાં ઉતારવાને અને સમક્તિજન્ય અવ્યાબાધ સુખને પ્રકટાવવામા આ ચારે અનુયોગોની ઉપયોગીતા પૂર્ણ થાય છે. કહ્યુ પણ છે કેઃ—

जीवाची नव पयच्थे
जो जाणयि तम्स होइ सम्मत्तं ॥

એટલે કે જીવાદિ નવ પદાર્થોનું જે યથાર્થ સ્વરૂપ જાણે તેને સમ્યક્ત્વ હોઈ શકે.

७४

તીર્થ-યાત્રા દિગ્દર્શન.

તિતિર્ષૂ જે તરવાની ઇચ્છાવાળો તેને તરવાની અભિલાષા-મનોરથ જેનાવડે સિદ્ધ થઇ શકે છે તેનુ નામ તીર્થ કહેવાય છે. સમુદ્રમાં નૌકાદ્વારા મુસાફરો-પાયો જેમ તરી પોતાના લક્ષ્યસ્થાને પહોચે છે તેમ તીર્થરૂપ નૌકાથી ભવિજનો ભવસમુદ્રમાથી આત્માને, કર્મના યોગે આવી મળેલી દેહ ઇત્યાદિ યાતનામાથી તારી, લક્ષ્ય જે મુક્તિ તેના સ્થાને લઇ જઇ શકે છે. તીર્થ એ તારક નૌકા છે. ભવિઓ તેના મુસાફરો છે. તીર્થોમા ઉદ્ધરેલા-મોક્ષે ગયેલા-મહાનુભાવોના ચરિત્રો તેમના સુકાનીઓ છે. યાત્રાળુને તીર્થે જવાનો આ તરવાનો મૂળ ઉદ્દેશ છે.

આ પ્રમાણે તરવાની, આત્મિક કલ્યાણને મેળવવાની, મન-કર્મ અને વાણીથી જાણે કિંવા અજાણે થઇ ગયેલા પાપની નિવૃત્તિની, (આદિ અભિલાષાઓ) સબળ અંતરંગ ભાવના પૂર્વક તીર્થે જવાથી જ ફળીભૂત થાય છે. તીર્થ પણ તેવા હૃદયના ખરા તિતિર્ષૂઓને જ તારે છે. એમ ન હોય તો તીર્થમા વસતા પ્રત્યેક તરી જવા ઉદ્ધરી-જવા જોઇએ. પણ તેમ નથી.

તીર્થમા વસતા પ્રત્યેકે કોઇ મહાન્ પુણ્યના ઉદયે આપણો અત્રે નિવાસ થયો છે એમ માની, સતત કિંચિત પણ કલુષિત પાપવાળી પ્રવૃત્તિનો પોતાને સ્પર્શ થવા દેવાનો સ્વલ્પ માત્ર પણ અવકાશ નહિ આપવો જોઇએ. તેમજ યાત્રાળુઓએ કોઇ સુકૃતના મહોદય રૂપ-પાપના પુંજ માત્રને પ્રજાળી મોક્ષના-કલ્યાણના માર્ગે જવાની સ્થિતિમાં આત્માને સ્થાપે એવો તિર્થયાત્રાનો આપણને પ્રસંગ-લાભ

મળ્યો છે, અહિ આપણે તરવા-ઉદ્ધરવા, પાપોને ધોવા-ખોવા આવ્યા છીએ એવી ભાવના રાખી, લેશ પણ પાપવાળી પ્રવૃત્તિને આદર નહિ આપવો જોઇએ. જ્યા જે મૂકવા આવ્યા ત્યાથીજ તેનુ ગ્રહણ થાય તો તે કેવી મહાન્ ભૂલ કહેવાય? મલિન વસ્ત્રો જે પાણીથી નિર્મળ થાય તેજ પાણીથી જો વસ્ત્રો મલિન થતાં હોય તો કોઈ પણ સમજુ માણસ તે પાણીમા ધોવાની ઇચ્છા રાખે ખરો કે? તાત્પર્ય કે તીર્થવાસીઓની તેમજ યાત્રાળુઓની વૃત્તિ-પ્રવૃત્તિ પાપ રહિત રહે તોજ તે તીર્થ તેમને તારક છે. અને તેઓ તેના અવલંબને તરવાને પણ લાયક છે. નીચેનુ સુભાષિત એજ રહસ્ય-એજ મર્મને ખુલ્લો કરે છે. તે સુભાષિત આવુ છે-

अन्य क्षेत्रे कृत पापं तीर्थक्षेत्रे विनश्यति ॥
तीर्थक्षेत्रे कृत पाप वज्रलेप प्रजायते. ॥

ભાવાર્થ—અન્ય સ્થાને કરવામા આવેલુ પાપ તીર્થક્ષેત્રમા ધોવાય છે પણ તીર્થક્ષેત્રમા કરવામા આવેલુ પાપ વજ્રલેપ તુલ્ય અર્થાત્ દઢ-તેમાથી પછી ઉદ્ધાર ન થઇ શકે તેવુ-બને છે, તે સ્પષ્ટ જ છે. પૃથ્વી ઇત્યાદિ અન્ય સ્થાનો આપણા પાપના ભારથી કલુષિત બનતા છતા પણ આપણને તે પોતાના ઉપર ધારી રહે છે. પણ તીર્થરૂપ નૌકા તો તેવા બોજો વધવાથી ભવસમુદ્રમા જ, બેસનારને બોળી દે છે. તીર્થ પુકારી પુકારી કહે છે કે બહારથી તમે ગમે તેવો પાપનો બોજો લઇને આવશો તે ખેચી ભવપાર હુ મૂકી શકુ એટલુ મારામાં સામર્થ્ય છે. પણ મારા સ્થાને પ્રાપ્ત થયા પછી તેવા બોજાની નવી વોરગત કરશો તો પછી મારૂ બળજોર નથી. વૈદ્ય, રોગીએ પોતાની મૂર્ખાઇથી અગ ઉપર આણેલા દુઃસાધ્ય રોગોનો પણ ઉપચાર કરી શકે છે, પણ તેની ચિકિત્સા તળે આવ્યા પછી રોગી

જો વિધિ-નિષેધની સમજણથી ઉલટી પ્રવૃત્તિ કરે, કુપથ્યને સેવી વ્યાધિને પોષે, કિંવા વધારે તો તે અસાધ્ય બની જતા વૈદ્યના હાથ હેઠા પડી જાય છે. પછી તેની ચિકિત્સાનુ બળ ચાલી શકતું નથી. તેમજ યાત્રાળુઓ-ભવિઓ ભવસમુદ્રથી તરી મુક્ત થવા તીર્થે આવ્યા પછી જો કુપથનો સંગ કરે તો પછી તે તીર્થરૂપ નૌકા તેમને તારી શકવા અસમર્થ છે ન્યાયાધીશે કરેલી ગુન્હાની શિક્ષાથી છૂટવા, ઉપરી અદાલતમાં અપીલ લઈ જઈ શકાય છે અને ઉપરી અદાલતના ઠરાવ ઉપર ખૂદ રાજાધિરાજ પાસે અપીલ લઇ જઇ શકવાનો અવકાશ છે, પણ રાજાધિરાજે બહાર પાડેલી શિક્ષાથી છૂટવા ક્યાંઇ પણ અપીલ કરવાનો અવકાશ નથી જ. એ શિક્ષા વજ્રલેપજ છે એને તો પછી ભોગવે જ છૂટકો છે તેવીજ રીતે ઇતર સ્થાને કરેલા ગુન્હાઓ-પાપોની માફી તીર્થસ્થાન બક્ષે છે પણ તીર્થમા આવી કરેલા ગુન્હાઓથી છૂટવા પછી અપીલ લઇ જવાનું ઠેકાણુ નથી. એ તો અમલદારી ઠરાવ નથી પણ ખુદાનો રાજકીય ઠરાવ છે, એ વજ્રલેપજ રહે છે.

ઉક્ત સુભાષિત જો કે તીર્થવાસીઓ તેમજ યાત્રાળુઓ ઉભયને લાગુ પડે છે પણ તીર્થવાસીઓને વિશેષ લાગુ પડતું હોય એમ દેખાય છે. તેનુ કારણ તીર્થવાસીઓને પતિતપાવન તીર્થક્ષેત્રના કાંઠે આપણે બેઠા છીએ, તેથી આપણો સદા ઉદ્ધાર જ છે, આવી ભૂલ ભરેલી માન્યતાને લીધે સદ્ અસદ્ પ્રવૃત્તિના વિવેક તરફ કેટલીકવાર દુર્લક્ષ રહે છે. એ દેખીતું જ છે કે રંકને લક્ષ્મિની કિંમત હોય છે. સ્વલ્પ માત્ર મળવાથી પણ તેને તે જીવની માફક પ્રાણધન તુલ્ય સમજી જાળવે છે. ધનિકોને-મૂડીવાળાઓને તેની એટલી બધી દરકાર રહેતી નથી. તીર્થવાસીઓ મૂડીવાળા ધનિકોને સ્થાને છે. યાત્રા-

જુઓ તેની ભુક્ત કરવાને પાત્ર હોય તેમ કલ્પી શકાતું નથી. યાત્રાળુ યાત્રાના સ્થાનમાં આવી–તીર્થમા પગ મૂકી બનતા સુધી ગમે તેવો પાપી હોય તોપણ વિશુદ્ધ મનોવૃત્તિવાળો રહેવા ઉદ્યમ સેવે છે. બનતા પર્યંત તે પાપને મનમાં સ્થાન લેવાનો અવકાશ આપતો નથી. સ્થીરવાસીઓમાં ડગલે ડગલે તેવુ સ્ખલન થતું અનુભવાય છે. આમ થવાનુ કારણ અમૂલ્ય પણ સમિપે રહેલી વસ્તુની કિમત નહિ સમજાવાપણું, અને દૂર કષ્ટે કિવા પ્રયત્ને સાધ્ય વસ્તુના ઉપયોગમાં મતિ જનમનની સ્વાભાવિક રીતે રહે છે એજ સમજાય છે. " अतिपरिचयादवज्ञा " એ સૂત્ર ઉપયોગની સમજણ રહિતોને માટે છે, કારણ તેમની બુદ્ધિ માત્ર નવલમાં જ આદર અને ઉપયોગની દૃષ્ટિવાળી રહે છે. તેવાઓની કયાઇ સ્થાયી શ્રદ્ધા નથી, પ્રેમ નથી, આસ્થા નથી, આદર કિવા ઉપયોગ નથી. ટુકામાં કહીએ તો ઉપયોગનું સ્વરૂપ જ તેઓ સમજ્યા હોતા નથી. તેમનો ઉપયોગ ઈચ્છાજન્ય જ રહે છે. ઇચ્છાને ઉપયોગમાં વિલાવી દેતા નથી. અર્થાત ખાવાની ઇચ્છા થઈ તે વખતે માત્ર ભોજનનો ઉપયોગ તેઓ ભાળે છે પણ ક્ષણેક પશ્ચાત્ જમી રહ્યા પછી પાણી પણ પીવાને જોઇશે તે વાત તેઓ વિસરી જાય છે. આથી વસ્તુની તો તેઓ પણ અવજ્ઞા કરતા નથી, વાસ્તવ કોઇ વસ્તુની અવજ્ઞાને પણ અવકાશ નથી. પણ તેવા અજ્ઞો તે તે વસ્તુના પરિચયનો પોતાના લાભના વિષયમાં દુરૂપયોગ કરે છે, અર્થાત પ્રાપ્તનો યથાવત્ લાભ તેઓ લઈ શકતા નથી. તીર્થના સંબધમાં પણ આવાને માટે ઉપરોક્ત કથન છે. પ્રાજ્ઞ–મર્મજ્ઞ તો મનુષ્ય તરીકેના જીવનને કેટલી વાતો–બાબતો અવશ્ય ઉપયોગી છે, તે પ્રથમથીજ મુકરર કરે છે અને તે નિર્ધારેલા કેન્દ્રમાં એકી વખતેજ સહુમાં દૃષ્ટિ કરતો રહે છે. એકની પ્રબળતામા બીજાને

લોપતો નથી. સહુમાં ઉપયોગના વાસ્તવ સ્વરૂપને તે ભૂલતો નથી. સમષ્ટિ તરીકેની તેની ઉપયોગની દૃષ્ટિમા પોતે નિર્ધારેલી વસ્તુ માહેની એક પણ જૂની બહુ પરિચિત જોતો નથી પણ તેને નિત્ય નૂતન રૂપે પ્રેમથી નિહાળી પરિચય મજાનો અને વિવેકથી કેળવે છે આવા સમજુઓ માટે તેની અવજ્ઞાનો અવકાશ છે જ નહિ અને તેથી તેમને માટે આ કથન નથી, એટલુ જણાવી "તીર્થક્ષેત્રે કૃત પાપ" એ સુભાષિતના પુન વિવેચન ઉપર આવીએ. ઉક્ત સુભાષિત કેમ જાણે કોઈ યાત્રાળુએ તીર્થવાસીની અશ્રદ્ધા, અનાસ્થા, લોભ ઇત્યાદિ કલુષિત વૃત્તિ તેમજ ઉલટા આચરણો નિહાળી ઉચાર્યું ન હોય એમ જણાય છે. તે કહેનાર તેમાથી એ ધ્વનિ ઉપજાવી દેખાડતો જણાય છે કે, અરે તીર્થ વાસીઓ! અમે યાત્રાળુઓ દૂર સ્થાનથી કષાયને ધોવા-ખોવા દુખો સહી દ્રવ્ય ખરચી લાબી મજલો કરી અહીં આવીએ છીએ, તમે અહીં તેના સમીપેજ બેઠા છો, તમે મહદ્ ભાગ્યશાળી છો, તમારી પ્રવૃત્તિ લોભ, અશ્રદ્ધા, કષાય, ઈત્યાદિથી અમારા કરતા બહુજ અશે ન્યૂન હોવી જોઇએ, પણ એથી ઉલટુ જ જોવામા આવે છે અમે કેટલા તીર્થમાં શ્રદ્ધાવાળા બની આત્માનુ કલ્યાણ સાધવાને આવીએ છીએ. શુભ માગ યથાશક્તિ વિત્તનો વ્યય કરીએ છીએ. તમે પ્રવૃત્તિમદ દેખાઓ છો. તમે સમજતા હો કે અમે તીર્થના કાઠેજ વસેલા હોઈ સ્વતઃ—વિના પ્રયત્ને વિના ઉચિત પ્રવૃત્તિએ પણ આત્માના શ્રેયના—કલ્યાણના માર્ગ ઉપર છીએ તો એ તમારી ભૂલ સમજાય છે, જો એમ જ આત્મકલ્યાણ સધાતું હોય તો તમારી જ માફક અનેક તિર્યંચો જેઓ ત્યા વસે છે તેઓ પણ આત્મ કલ્યાણને પ્રાપ્ત થવા જોઇએ. વિધિમા તો અવશ્ય આદર રહેવોજ જોઇએ. અમે નિર્લોભ, નિર્મત્સર બહુ નહિ

નો બે દહાડા પણ અત્રે રહેવા ઉદ્યમ સેવીએ છીએ, તમારી તો સતત એવીજ પ્રવૃત્તિ રહેવી જોઇએ. તમે અમારી પાસેથી દ્રવ્યની અણઘટતી લાલચ કરી નિર્લોભવૃત્તિનો ત્યાગ કરો છો, પ્રત્યેકમાં મત્સર ઇત્યાદિને સેવી માત્સર્ય અને કષાયને પણ અનુમોદો છો-પોષો છો. કોઇ કહેશે કે " अर्थवादो-युक्तिवादो ऽयं " અર્થાત એ તો બધો અર્થવાદ છે. યુક્તિવાદ છે. સાક્ષર, વિષયનું ધારે તે રીતે મંડન કરી શકે-આપણે તેમજ માનીએ છીએ, તથાપિ એટલુ તો ચોક્કસ નિહાળવામા આવે છે કે તીર્થવાસીઓમા યાત્રીઓ પાસેથી દ્રવ્ય કઢાવવા વિગેરેની કેટલીક લોભપ્રવૃત્તિ રહે છે. કેટલીક શુભપ્રવૃત્તિની મંદતા અને તેને બદલે અશ્રદ્ધા, દંભ, અનાચાર, ઠગાઈ ઇત્યાદિ દોષો નિહારવામા આવે છે. તીર્થમુંડીઆનો ઉપાલંભ પોતા ઉપર આણવાનુ કારણ એ તીર્થવાસીઓની અનિવાર્ય લોભવૃત્તિજ જણાય છે. બહુધા તીર્થવાસીઓની સ્થિતિ દુર્બળ-દુઃખી દેખાવાનુ કારણ તેમનો લોભ, અશ્રદ્ધા, અનાચાર, યાત્રાળુઓ પાસેથી પૈસા કઢાવવા માચ્યુ જુઠ બોલવુ, ઇત્યાદિ પાપકૃતિ જ હોય એમ સમજાય છે.

તીર્થોમા તીર્થાધ્યક્ષો કિંવા વહિવટ કરનાર સત્તાવાળાઓએ જે યાત્રાળુઓ પાસેથી કર ઇત્યાદિ નિમિત્તે પૈસા લેવાની પરંપરા કરી મૂકી છે તે અનુચિત સમજાય છે. યાત્રાળુઓની શક્તિ અને શ્રદ્ધાના પ્રમાણમા એ કર ઇત્યાદિ નિયમ લાગુ પડવો જોઇએ, એમ સમજાય છે.

અગાઉ જણાવી ગયા પ્રમાણે અંતરંગ ભાવના પૂર્વક યાત્રાએ-તીર્થે જવુ એજ તીર્થે જવાનો ખરો હેતુ છે. મોટાઇની ખાતર, યશની ખાતર, મોટા મોટા સંઘો કાઢવા અને તેમાં નાના કિંવા મોટા અધિકારી કિંવા અનધિકારી સર્વને લેવા, સ્થળે સ્થળે ડેરા તંબુઓ નાખવા, ગામ ગામના આમંત્રણો સ્વીકારી જ-

મવું રમવું, સાથે નૃત્ય ગાયનનાં સાધન રાખી નાચ મુજરાની ગમ્મતો ઉડાવવી, તીર્થોમાં જઈ મોટાઇની ખાતર, યશની ખાતર, વિવેકની દૃષ્ટિ વિના પૈસાનો વ્યય કરવો એ સઘળું કુતૂહલ સરખુંજ લાગે છે. સંઘપતિએ, તીર્થે જવાની-યાત્રા કરવાની શુભેચ્છા સંપન્ન થઇ તો પોતાના દ્રવ્યથી યાત્રા કરવાને દ્રવ્યથી અશક્ત તિતિર્ષુ અ-ધિકારીને સાથે લેવા એજ સંઘ કાઢવાનો અને પોતાને મળેલા પૈ-સાનો સદ્‌વ્યય કરવાનો ફલિતાર્થ છે. ઐતિહાસિક દૃષ્ટિથી જોતા એમ માલૂમ પડે છે કે આવા સંઘો કાઢવાની શાસ્ત્રોએ અગર જે વખતમાં ખાસ ભાર મૂકીને ભલામણ કરી છે, તે તે કાળને લઇનેજ યોગ્ય છે. એક વખત એવો પણ હતો કે દૂર દેશથી દ્રવ્યવાન કિ-વા સાધારણ માણસ યાત્રા કરવા જાય તો તેને ચોર લુટારા ઇત્યા-દિની માર્ગમાં મોટી ભીતિ રહેતી હતી. તેવા કાળમા એકલાં દોકલાં યાત્રાએ નિકળવા હિંમત કરવી તે પૂરા વિચારવાળું તેમજ મુસ્કેલીભરેલુ હતું. આવા સંજોગોની વચમા કોઇ યોગ્ય શ્રીમાન્ સંઘ કાઢતા તો તેની જોડે અનેક યાત્રાળુઓ નીકળતા. નોકર, ચાકર, ચોકિયાત, પ-હેરા ઇત્યાદિની તે સંઘપતિના ખર્ચે યાત્રાળુઓને સગવડ મળતી અને તેથી કિફાયતે-થોડા ખરચે સામાન્યો-ગરીબો યાત્રાનો અ-પૂર્વ લાભ લઇ શકતા, તદુપરાત તદ્દન ગરીબોને માટે ખાવા પીવા ઇત્યાદિ ખર્ચખુંટણની સંઘપતિના પદરથી જોગવાઇ પણ થતી હતી.

અન્ય દર્શનીઓમાં બીજી રીતે યાત્રા કરવાનો પ્રકાર પણ ઉપલા કારણથી જ ચાલતો હતો. તેઓ કાવડ લઈ ભીક્ષુકના વેષે અળવાણે પગે તેમનાં અડસડે તીર્થો કરતા હતા. તેઓને આવા ભીખારી હાલે જોઈ ચોરો તેમના તરફ લક્ષ કરતા નહિ. હાલમાં રેલ્વેઓ થઇ છે, સ્થળે સ્થળે ચોકી પેહેરાઓના જાપતા

વિગેરેની સગવડો પણ જોવામા આવે છે. આગળના ભયનો હમણા સમૂળગો નાશ થયો છે, છતા અજ્ઞાની અને માત્ર યશનાજ ભૂખ્યાઓ સેકડો માણુસોને રેલ્વેમા બેસાડી, ખાવાપીવાનું સઘળાનું ખર્ચ માથે ઉપાડી લઇ સંઘ કાઢવા મંડયા છે, તે કોઈ રીતે ઉચિત દેખાતું નથી. આમ કરવાથી રેલ્વે ફીના અને ખાવા ખવરાવવાના જે પૈસા થાય છે તેટલા પૈસા તીર્થક્ષેત્રમા વપરાતા નથી. આ રીતિ પદ્ધતિ જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ છે. તેથી સઘ કાઢવાનો શાસ્ત્રોક્ત ઉદ્દેશ મુદ્દલ સચવાતો નથી સઘ કાઢવાનો ઉદ્દેશ એ છે કે પોતાની મુસાફરીમા–માર્ગમા સ્વધર્મીઓ સાથે મિલાપ થાય, પરસ્પર પરિચય-ઓળખાણ તેમજ ગુણોનો લાભ થાય, ગામેગામના દેરાસરોના તેમજ ત્યા રહેલા મુનિઓના દર્શનની તક મળે, સ્થાન સ્થાન પ્રતિ સ્વધર્મીઓની સારી નરસી સ્થિતિ નિહાળવાની તક મળે–કે જેથી તેનો ઉચિત-ઘટતો ઉપાય થઈ શકે. સઘપતિએ, પોતાના માર્ગમા જોવામા આવેલ સ્વધર્મીઓની સ્થિતિ વગેરેનો આવશ્યક મુખ્ય મુખ્ય હેવાલ પોતાની નોધપોથીમા ટાકી લેવો જોઇએ અને યાત્રાથી ઘેર આવ્યા પછી પોતાની મુસાફરીમા જોવામાં આવેલા પોતાના ગરીબ ભાઇઓની સ્થિતિ તરફ લક્ષ કરી, યથાશકય મદદ આપવા જોગવાઇઓ કરવી જોઇએ સઘપતિના દરજ્જાના મોભામા–માનમા સ્થાન સ્થાન પ્રત્યે બીચારા સ્વધર્મીઓ, તેઓના બળદો–ઘોડાઓ બની તેમના રથો, વાહનો, ગાડીઓ ખાધે ધરી ખેચે, બહુમાન કરે, સામૈયા કરે, પગે લાગે તેનુ પરિણામ ગણ્યમા આવે તો તે શુ કામનુ? સઘપતિ સેકડોના હજારો ઉપર મોટાઇના લાભમાજ પાણી ફેરવતા હોય એમજ જણાય છે, તેઓ ઘેર આવ્યા પછી પોતે માર્ગમા જોયેલા તેમજ પોતાના આગણે મદદની આશાએ આવી ઉભા રહેલા પોતાના દુર્બ-

ળ ભાઇઓની કાઇજ દયા ખાતા નથી. પૈસા જો કોઇપણ રીતે પુણ્યમાજ ખરચવો જોઇએ એવો તેમનો હેતુ હોય તો પોતાના અનાથ ગરીબ ભાઇઓની દયા ખાઇ, યથાશક્ય આપવુ અપાવવુ, મદદ કરવી, કરાવવી જોઇએ, એ પણ પુણ્યનોજ માર્ગ છે. કોઇ સઘપતિ થયો તો તેણે સઘપતિની સ્થિતિએ-દિશાએજ રહેવુ જોઇએ. નહીં તો નાટકમા જેમ અમુક વખત-અમુક કલાકને માટે પાત્ર (એકટર) રાજા ઇત્યાદિનો વેશ ભજવે છે પણ પછી જુઓ તો તે એનો એજ-એની એજ માથે ટોપી, એના એજ કપડાએ ગામમા રખડતો હોય છે, તે માફક આપણા સઘપતિઓ પણ તે એકટરની માફક વેશ ભજવનારા બરાબર કહેવાય.

જે જે તીર્થે જવાય તે તે તીર્થના માહાત્મ્યનુ જ્ઞાન તેમજ તેના ઇતિહાસની માહેતી મેળવી ત્યા જવુ જોઇએ. આબુએ જઈ આવ્યા, બોયણીએ ગયા, સમેતશિખર કે સિદ્ધગિરિ, અતરિક્ષજી કે મક્ષિજી ગયા પણ તે તે તીર્થોના માહાત્મ્ય શુ છે, તે તેનો શુ ઇતિહાસ છે, તે જાણ્યા વિના તીર્થનો ખરો આનદ મેળવી શકાતો નથી, તેમજ આત્મિક કલ્યાણને મેળવવાનો હેતુ જોઇએ તેવો પાર પડતો નથી.

અમુક તીર્થોમા કોણ તીર્થંકરો મોક્ષે ગયા છે, કોણ તપ તપ્યા છે, કોણ કોણ દેવો, મુનિ મહાત્માઓ થઇ ગયા છે, નિવસ્યા છે, કયા માહાત્મ્યથી એ ભૂમી તીર્થરૂપ પાવન ગણાય છે? તે તે સઘળુ આપણા જાણવામા હોય છે તો તે તે સ્થાનોમા નિવસેલા-મોક્ષે ગયેલા મહાનુભાવોના ચારિત્ર્ય ઇત્યાદિનુ સ્મરણ, ચિતન, શુભ ભાવના ઇત્યાદિ થતાં તે દ્વારા આપણી મલિનવાસના ટળવાથી આત્મા કષાયરહિત બને છે અને તીર્થનો ખરો હેતુ જે તરવાની ઇચ્છા તે આપણે સાધી શકીએ છીએ.

પ્રસગને લઇને લખવું પડે છે કે અંતરિક્ષજી—મક્ષિજી એ હાલ શ્વેતાંબરી અને દિગબરીનુ મિશ્રિત તીર્થ થઈ પડયુ છે. મક્ષિજી અંતરિક્ષજી શાથી, તેની ઉત્પત્તિ શી રીતે? તે જાણનારા તો ઉભય પક્ષમા ઘણા થોડા જ હશે. પણ અમારૂ તીર્થ કરી લડી મરવા તૈયાર થાય છે આ અજ્ઞાનતા નહીં તો બીજુ શુ છે? ખરી રીતે શ્વેતાંબરીના નાના મોટા જે જે તીર્થો છે તે દરેક તીર્થોનો મૂળથી જેટલો મળી શકે તેટલો હાલના જમાનાને અનુસરતી રીતે—કે જે રીતને અન્ય વિદ્વાનો પણ સ્વીકારે, તેવી રીતનો ઇતિહાસ લખાવી જાહેરમા મૂકવાની જરૂર છે પૂર્વે તીર્થકલ્પો લખાતા હતા પણ તે પદ્ધત્તિ હાલમાં પૂર્ણ રીતે ઉપયોગી લાગતી નથી. તેમા સુધારાની અગત્ય છે.

સિદ્ધાચળજી ઉપર કેટલાક નવાણું યાત્રાઓ કરે છે, તેઓ એકેક દીવસમા બબ્બે ત્રણુ ત્રણુનો વારો વઢાડે છે, આથી દર્શનની ભાવના પૂર્ણ રીતે થઈ શકતી નથી. પૂર્ણ વિધિથી અને ભક્તિપૂર્વક જ તે થવી જોઇએ. કેટલાકો ડોળીમા બેસી તે જાત્રાઓ કરે છે. અમાગમત પ્રમાણે તેવી રીતે નવાણુ કરવાને બદલે નવ જ પણુ પગે ચાલીને જ કરવી, તે શ્રેષ્ટ જણાય છે, કેમકે યાત્રા હમેશ પગે ચાલીને કરવી જોઇએ.

શાસ્ત્રમા લખે છે કે કોઇ પણ દેવ કે દેવીની આશાતના ન કરવી અને રાજાને પ્રતિકૂળ કોઇ રીતે ન બનાવવો. અન્ય લોકોના તીર્થ પ્રત્યે આશાતના નહિ કરવાથી તેઓને પણ આપણા તીર્થ પ્રત્યે અનાદર બુદ્ધિ નહિ થવાનું ઉપયોગી શિક્ષણ આપણે આપીએ છીએ. રાજાને પ્રતિકૂળ નહિ બનાવવાથી તે આપણા તેમજ તીર્થના રક્ષણ અને હિતમાં તત્પર રહે છે. વળી, તેમ કરવાથી આપણે

મિથ્યાદૃષ્ટિ બની જતા નથી, કેમકે તેમ બનવાનો આધાર તો શ્રદ્ધા ઉપર છે.

તીર્થ, તારક શી રીતે છે તે સવાલ જો કે અસ્થાને છે, પણ આપણે તેનો ખુલાસો કરીએ. તે એટલા માટે તારક છે કે તીર્થંકર મહારાજો ત્યા સમોસર્યા હોય, વિચર્યા હોય, આત્મ કલ્યાણને સાધી મોક્ષે ગયા હોય છે, અનેક ગણધરો, મુનિ મહાત્માઓ ઇત્યાદિ પુણ્ય ચરિતોની અનેક શુભ પ્રવૃત્તિથી, ત્યાના શુદ્ધ પુદ્ગલોથી, શુદ્ધ વાતાવરણથી એ ભૂમી-એ સ્થળ પાવન બની રહેલુ હોય છે, અને તેથી પોતાની સીમામા આવનારના આત્મા તથા મનની શુદ્ધિ થાય છે અને ત્યાના શુદ્ધ વાતાવરણના સ્પર્શથી જે જે મહાનુભાવોએ ત્યાં રહી આત્મકલ્યાણ સાધ્યુ હોય છે તેમના સ્મરણથી તેઓમા શુભવૃત્તિનો પ્રવેશ થાય છે. આવી તરૂણતામા આનદ આવી ગયો તો પછી સસારના ઉપાધિવાળા આનદથી જીવ ઉદાસીન બને છે, આત્મકલ્યાણનો-સ્વરૂપાનદનો ગ્રાહક બની જાય છે અને પૂર્વ મહાનુભાવના પથે વિચરતા પરિણામે તરી જાય છે-મુક્ત બની રહે છે.

આવી તીર્થભૂમિને મલિન વાતાવરણ કટલેક દરજ્જે અશુદ્ધ કરે છે ત્યાની નિકટમા અશુભ પ્રવૃત્તિના બીલકુલ અવકાશ ન હોવો જોઇએ સંસારીઓ આસપાસમા ઘરબાર બાધી સ્થિતિ કરીને રહે છે. સ્ત્રી ઇત્યાદિ સાથે રહી ગૃહસ્થાશ્રમ સેવે છે, વિષયોપભોગ કરે છે, પ્રજોત્પત્તિ કરે છે આ સર્વ પ્રવૃત્તિ તીર્થક્ષેત્રના વાતાવરણને કેટલેક દરજ્જે મલિન કરનારી છે। તીર્થક્ષેત્રની આજુબાજુની લગભગ દસ પદર ગાઉ સુધીની પૃથ્વી આવી પ્રવૃત્તિથી મુક્ત હોવી જોઇએ. અર્થાત્ ગૃહિઓ ત્યા વસે તો ભલે, પણ તેટલા દૂર વસવા જોઇએ એમ હાલના સજોગો જોતા ઉચિત જણાય છે. તીર્થે આવતા યા-

ત્રાળુઓને સીધુ સામાન પુરૂ પાડવા ઇત્યાદિનો ઉચિત વણુજવ્યાપાર કરવા વૈશ્યો વિગેરે ભલે ત્યા રહે, પણ તે સહુ તેટલા કાર્ય પરત્વેજ ત્યાં ટકવા જોઇએ. તીર્થક્ષેત્રમાં જઇ પ્રહીએ અને ગૃહિણીએ બ્રહ્મચર્યવ્રત પાળવુ જોઇએ. તીર્થ જવાનો હેતુ મોજમજા કરવાનો નથી, તે પવિત્રભુમિના સ્પર્શથી મલિનતા દૂર કરવાનો છે. મલિન વાસનાને પોષવાથી સ્થાન મલિન વાતાવરણવાળુ બને છે મલિન પ્રવૃત્તિથી તીર્થક્ષેત્રને મલિન પરમાણુઓનો સ્પર્શ થતા મલિન બને છે અશક્ય પરિહારના કારણે ઉક્ત તીર્થોમા વ્યવસ્થા, ચોકી પહેરા ઇત્યાદિને માટે નોકરો ચાકરો, સ્ત્રી છોકરા સાથે રહે તે વિષય દુર્લક્ષ કરવા જેવો છે. તીર્થ ગયા પહેલાની આપણી મનની સ્થિતિમા ત્યા જઇ આવ્યા પછી અવશ્ય ફેરફાર થવો જોઇએ. શુભ સંસ્કારનો, શુભપ્રવૃત્તિની ભાવનાનો ઉદય થવો જોઇએ. તીર્થક્ષેત્રો આપણા પાપોને બાળી આપણુને પવિત્ર કરે છે, તેથી પુન. પુન. પાપો કરી પવિત્ર થવા તીર્થક્ષેત્રમા દોડયા જઇએ તેવુ યાત્રા કરવાનુ રહસ્ય નથી. તેમ કરવાથી તરી જવાનું મનાતું હોય તો તે એક જાતનો ભ્રમ છે. પૂર્વકૃત પાપના પશ્ચાત્તાપ પૂર્વક રહી નવેસરથી નહિ કરવાનોજ તેનો આશય છે. તીર્થક્ષેત્રોમાં જઈ લીધેલા નેમો નિર્વાહવા જોઈએ, મૂકી દેવા જોઇએ નહિ. કેટલાકો કંદમૂલાદિ અભક્ષ નહિ ખાવા વિગેરે અનેક નેમો ત્યા અંગીકાર કરી પાછળથી તે તે ખાવા, સ્વાદેંદ્રિયને વશ વર્ત્તી પ્રવૃત્તિ કરે છે. આવા કરેલા પચ્ચખાણ શુ કામના છે? આમ કરવાથી તો મૂળ નેમ કરવુ તેજ પાપ છે. તેમા વળી પચ્ચખાણુને લઇ તેને ફોક કરવાથી તો, ઉભય કર્મના–પાપના ભાગી થવાય છે. આમ કરવુ એ તો જેમ " મિચ્છામિ દુક્કડ " ઘેર ઘેર સાધારણ થઈ પડયુ છે તેવી એ પણ પ્રવૃત્તિ મનાય. ધંધામાં–વેપારમા કુડ–કપટ કરવુ, ધર્મના

સોગન ખાવા, વ્યાજ ખાવા, એકના બમણા દામ કરી ગરીબો દૂભવાને અને એ વિધિ અનીતિ મેળવેલા પૈસાથી તીર્થોમાં હડીઓ કરવાથી તીર્થ તારતું હોય એમ માનવાનું નથી. અનેક વાર તીર્થયાત્રા કર્યા છતાં અનીતિ ન ગઇ, અને એજ રહી તો તે ઉદ્યમ, આવર્તન પુનરાવર્તનની જેમ વૃથા કાયક્લેશનેજ સૂચવનારો છે. તીર્થે જઇ આવ્યા બાદ તુચ્છ બુદ્ધિ એની એજ રહી, તીર્થે જઇ આવ્યા બાદ લપટતા, દુરાચાર, ચોરી, વ્યભિચાર જેવા ને તેવાં જ રહ્યા, તીર્થ કરીને આવ્યા બાદ વિશ્વાસઘાત, છલદભ, બદદાનત ન બદલાય, તીર્થ કરી આવ્યા બાદ પરનિંદા, પારકા છિદ્રો જોવા, પરધન, પરાઇ દારા તરફ પાપદૃષ્ટિની બુરી એબ ન ટળી તો તેવાઓએ તીર્થે જઇ આવ્યાનુ સાર્થક્ય શુ કર્યુ? કશુ જ કર્યુ નથી. અથવા તો શુ તેઓ પહાડપર ચડવા અને ઉતરવાના શ્રમમા જ એના સાર્થકયને સમજી ઘેર આવ્યા છે? તેવો શ્રમ, તેથી પણ વધારે શ્રમ તો ઘરને આગણે બેઠા પણ ઉઠાવી શકાય તેમ છે. અથવા તો શુ તેવાઓ ત્યા જઇ ખરચેલા પૈસાથી તે તે દુર્ગુણોને મૂલવી-ખરીદી આવ્યા છે? ઇજારે અથવા પટ્ટે લખાવી લાવ્યા છે? પોતાના પાપોની માફી મેળવી આવ્યા છે? અરેરે પામરો! ભાઇઓ! કર્મની-પાપોની સજારૂપ આ ભવ યાતના તો મળી છે, એથી વધીને અનંત ભવની યાતનામા પડવાનો ઉદ્યમ શા સારૂ સેવીએ છીએ? તીર્થ એ પ્રભુનું ઘર છે. એ પ્રભુને ઘેર જઇને પણ પાપોને ખોઇ આવતા નથી તો પછી પાપોને ખોવાનુ બીજુ કયુ સ્થળ છે! અથવા શુ તીર્થોને ફોસલાવીએ છીએ? નહિ જ. એથી આત્મવચક જ બનાય છે. કૃપણ જેમ ધનની પોટલીને જોવીને તેવી જાળવી ઘેર લાવે તેમ પાપોની પોટલી અવિચ્છિન્ન આબાદ ઘરે કા પાછી લાવો છો? તેને પાછો લઇને કાં હીડયા આવો છો? અને

તે છતા તીર્થે જઇ પુણ્ય મેળવવાના અભિલાષો કરી તે તે પવિત્ર નામોને કા કલકિત કરો છો? આવી યાત્રા કરી કિંવા ન કરી ઉભય સરખું જ છે.

તીર્થમાં ૫૮ રી પાળવાની આવશ્યકતા છે. પ્રથમ તો બ્રહ્મચારી-કચ્છમદ્ધ યાત્રાળુએ રહેવુ જોઇએ, મનને વિકાર પામતાં કબજે રાખવુ જોઇએ, નહીં તો મલિન વિચારોથી તીર્થમા રહેવી જોઇતી માનસિક પવિત્રતાનો ભગ થાય છે.

એકલઆહારી-એક વખત જ આહાર લેવો જોઇએ-જમવું જોઇએ. જઠરમાં બે વખત ખોરાકનો બોજો નહિ પડવાથી શરીરની જડતા જતી રહે છે અને તેથી શરીર અને મન સ્ફુર્તિમા રહે છે અને ધર્મધ્યાન ઇત્યાદિ પ્રવૃત્તિમાં ઉત્સાહ રહે છે

સચિત પરિહારી રહેવુ જોઇએ. અચિત વસ્તુ ખાવાથી બુદ્ધિ નિર્મળ રહે છે અને મુનિધર્મના ભાવની જાગૃતિ રહે છે.

ભોયસથારી અર્થાત્ પથારીએ સૂવુ જોઇએ. વિભવ વિલાસાદિમાં રાગ ઉત્પન્ન કરાવે તેવી પલગ ઇત્યાદિ શય્યામાં સૂવુ જોઇએ નહિ.

પાય અનવારી એટલે અળવાણે પગે વિચરવું જોઇએ. ધર્મને માટે, આત્મિક કલ્યાણને માટે તીર્થમા આવવાનો હેતુ છે. ત્યાં ઉપાન-પગરખાં પહેરવાથી કીડી મકોડી ઇત્યાદિ જીવો ચુંદાઇ-પીલાઇ જવાનો સંભવ હોઇ, પાપમુક્ત થવાનો તીર્થમા આવવાનો હેતુ યથાવત્ સરતો નથી. કેટલાક શ્રીમતો ગાડીઓમા બેસી ઘોડા દોડાવે છે તેથી નીચે કેટલાક જીવો પીલાઇ જાય છે. સમૂહને લઇને થયેલી ગીરદીમા કોઇ અડફેટમાં આવી પીલાઇ જાય છે. આથી ઘોડા અને બળદોને પણ ત્રાસ થાય છે. આ સહુ નહિ થવું જોઇએ.

ગુરૂસહ પગચારી-ગુરૂને સાથે લઈ તીર્થે નીકળવુ જોઇએ.

ગુરૂથી પ્રત્યેક તીર્થના માહાત્મ્યનુ જ્ઞાન તેમજ બીજુ પણ ક્ષણ ક્ષણ પ્રત્યે વિધિ નિષેધનુ જ્ઞાન મળવાની સાથે, નિત્યપ્રતિ તેઓ દ્વારા વ્યાખ્યાન શ્રવણ ઇત્યાદિનો લાભ મળતો રહે છે. મન, બુદ્ધિ ઉપર સદુપદેશના ઉપચારોથી નિર્મળતાની ભાવના સતત બની રહે છે. અર્થાત ઉપદેષ્ટા સદ્ગુરૂની સાથે સહગમનથી ઉચિત માર્ગમા જ પ્રવૃત્તિનો આદર બન્યો રહે છે. ટુકામા તીર્થક્ષેત્રે નીકળી જેટલી બને તેટલી તપશ્ચર્યા, ઉપવાસ, અનશન ઇત્યાદિ તિતિક્ષા ઉઠાવવાની છે. ગૃહિઓને-સસારીઓને વ્યવહારમા ઘરને આગણે તેવા ઓછો અવકાશ કિવા અનુકૂળતા હોય છે. તેઓને સગે-પ્રસગે તીર્થમા આગમનથી એજેસેજે તેવી તક મળે છે અને તેથી 'રાજા દાને અને પ્રજા સ્નાને' એ કહેવતની માફક ભવિઓ સહેજ કલ્યાણને સાધી શકે છે

તીર્થ એ શબ્દમા સ્થાવર તેમજ જગમ ઉભય તીર્થનો સમાવેશ થાય છે. આપણુ કથન આ સ્થાને સ્થાવર તીર્થોને માટે છે. પ્રત્યેક સ્થાવર તીર્થો અને તેના માહાત્મ્યો આપણા શાસ્ત્રોમા અનેકશ કથાયા છે, તેથી આપણે તે વિષયને અહીં નહિ ચર્ચતા, તીર્થ અને તેનુ માહાત્મ્ય-વર્ણન સામાન્ય રીતે વર્ણવવા ઉદ્યોગ સેવ્યો છે. તાત્પર્ય કે નિરાળા નિરાળા તીર્થો અને તેના માહાત્મ્યો ચર્ચવાનો આ વિષય નથી. તીર્થનો અર્થ સારો કાઠો એવા પણ થાય છે. પ્રાયશ. નદી કિવા જળસ્થાનની પેલી બાજુ જવુ હોય કિવા આવવુ હોય તો તેના મુકરર બાધેલા આરાથી, કાઠથી જવાય અવાય છે. તે દીર્ઘ કાળની જવર અવરથી ખરાબા-ઉડાણ ઇત્યાદિ ભયથી રહિત અને પરિચિત થઈ પડેલ હોય છે. ત્યા ઉતારૂઓનો સથવારો પણ સાધે છે-મળે છે. તારાઓ પણ તુબાં ઇત્યાદિ તરવાના સાધનો લઇ

બેઠા હોય છે અને તેથી સહજ સહજ સહુના સમાગમના આનંદમા ઉતારૂ સાધનવડે પેલે કાંઠે તરી ઉતરે છે. તેવીજ રીતે તીર્થ એ પણ ભવસમુદ્રના કાંઠા છે—આરા છે. ત્યા પ્રાયશ અનેક તારાઓ રૂપ સતપુરૂષોનો સમાગમ મળી આવે છે, અનેક તિતિક્ષુઓનો સમાગમ પણ મળી આવે છે, અને એક બીજાની સહાયથી ભવિજનો પોતાના આત્માના કલ્યાણનો માર્ગ સાધી શકે છે. કોઇ શ્રેષ્ટ જીવ, શુભના ઉદયથી તરી કીનારે પણ પહોચે છે. શિવાય અનેક દેશના યાત્રાળુઓનો સમૂહ તીર્થમા બનતો હોવાથી જૂદા જૂદા દેશના લોકોની રીતભાત, ભાષા, ઇત્યાદિનો પણ પરિચય મળે છે અને એ રીતે અનેક વ્યાવહારિક જ્ઞાન મેળવવાના પ્રસગો મળી આવે છે. "देशाटन पंडितमित्रता च ' એ સુભાષિત માહેના દેશાટન અને પંડિતોનો સમાગમ એ બે અત્રસ્થાને યથાવત્ લાગુ પડે છે. આ ઉપરાંત અનેક મુનિમહાત્માઓના દર્શનનો—સદ્બોધનો પણ લાભ મળે છે. તીર્થસ્થાન પ્રાયશ પર્વતો ઉપર વિશેષે કરીને જોવામા આવે છે, તેનુ કારણ ઉપરના ભાગમા શુદ્ધ વાતાવરણ રહે છે. સુદર સરોવરો, ઝરણાઓ, વિના વાવ્યે, વિના માળીની દેખરેખે ઉગી પુષ્પમહોર ઇત્યાદિ વિભવશ્રીથી ડોલી રહેલી, મદમદ સુરભીથી બહેકી રહેલી વનશ્રી, ઈત્યાદિ નિસર્ગના આનદના બાગનુ અવલોકન કરતા, ચિત્ત પ્રભુની લીલામા, કીર્તનમા, ભક્તિમા મસ્ત બની રહે છે. સંસારની વાસનાઓને, દૂષિત વિચારોને વિસરી જાય છે, તેમ જ શુદ્ધ અને પ્રશાત બની જાય છે. વળી પર્વતોમા ગુફાઓ, કદરો, વીવરો ઇત્યાદિને લીધે તે સ્થાન ભજન તથા ધ્યાનને માટે નિરૂપદ્રવી અને એકાંત હોઇ, તીર્થંકર મહારાજો, મુનિઓ, સતો ત્યાં નિવસ્યા હોય છે—આનંદમાં વસ્યા હોય છે. આત્મકલ્યાણને સાધ્યા હોય છે, કોઇ

સાધતા હોય છે. તેથી તે સર્વદા તીર્થોને માટે ઉચિત સ્થાન સમજાય છે. પૂર્વ પુરૂષોએ તે સ્વીકાર્યા છે અહા ! એ મનોહારી પર્વતનો દેખાવ, તે ઉપરના ઝરણા, ગુહાઓ, વૃક્ષો, વનસ્પતિ અને તે ઉપરના તીર્થોનો આનંદ નિહાળી આવા ઉદ્દગારો નીકળી જાય છેઃ—

પદ ગજલમાં અથવા હરિગીતમાં.

નકી પહાડ આ નહિ મૂર્તિમતિ એ પાડની પ્રતિમા દીસે,
ઉપકાર અર્થે અન્યના વિભવો રહ્યો ધરી નિજ વિષે. નકી.
જળ ઘોધ નિર્મળ અમિત સુંદર નિર્મળાં વગે વહે,
ઉપયોગ અર્થે એ થકી જગ અન્ય નદ નદીઓ લહે નકી.
નિજ ઉદર મધ્ય અઢારભાર ઉગાડી સર્વે ઔષધી,
નિજના નહિ ઉપયોગની સહુને દીધી અરપી બધી. નકી.
જમરૂખ, દાડમ આમ્રવૃક્ષો સ્વાદુ સુરસ ફળે ફળ્યાં,
આપી પ્રસાદી પથિકને કહે મહદ્‌ભાગ્ય તમો મળ્યા. નકી.
તરૂપુષ્પ ડોલર દાઉદી કયહિ કયહિ મધુ ને માધવી,
ડોલી રહ્યા સુમનસ સુગંધે જેમ સાધુ સાધવી. નકી.
વિટળાઇ વિટપે વલ્લી કયહિ બની રહી મોદ નિપાવિકા,
આદર્શ જ્યમ વ્યવહારમા શોભે શ્રાવક શ્રાવિકા. નકી.
વપુવ્યાપ્તિ કંટકની છતા ગુલ આબ તરૂ ગુલાબ દે,
સંકટ છતાં ન સુવાસ તજીએ એમ શીખામણ વદે. નકી.
પ્રોત્ફુલ્લ કમળો તજી ષટ્પદ જાય નહિ ચંપક કને,
તજવી કરી મૈત્રી કહે અમને ન શોભે અધમને. નકી.
કેકી કપોતજ કોકીલા શુક સારિકા સારસ અને-
કલરવિત કૂજીત થઇ વધાવે પથિકના આગમનને. નકી.
સુંદર લહરથી ત્રિવિધ સમીર અહા શો સુખમય સંચરી,

દુ:ખનું ભુલાવી ભાનને આનંદ મનમા દે ભરી. નકી.
આધિ ઉપાધિ ભૂલવા વળી સર્વ દુ ખના ભાનને,
આથી ઉચિત જન કયા જૂએ વિશ્રામ સ્થળ કે સ્થાનને. નકી.
વિભવથી આનંદ કંદ ભરી ભરી નેણુ આ નગરાજની,
નિરખ્યા જ કરીએ ભૂખ તરસ વિસારી કીંમત કાજની. નકી.
જ્યાં પરમપાવન તીર્થ શાંત ગુહાઓ વાસ એકાતને,
ચારિત્રવિજય ન મૂકવા પલભર ગમે સર્વ મને નકી.

ભાવાર્થ—આ પહાડ નહિ પણ પાડ-ઉપકારની પ્રતિમાજ જણાય છે. કારણુ, જે બીજાના ઉપકારના અર્થે પોતાના વિભવોને ધરી રહ્યો છે, જેના ઉપર નિર્મળ જળના ધોધ—સુંદર નિર્ઝર ઝરણાઓ વેગથી ખળ ખળ અવાજ કરતા વહી રહ્યા છે, જેમાથી પોતાના ઉપયોગને અચ જળ બીજાં નદનદીઓ વહે છે-મેળવે છે. પોતાના ઉદરમા અઢારભાર વનસ્પતિને ઉગાડી પોતાના ઉપયોગને માટે નહિ પણુ જેણે બધાને આપી દીધી છે. જેના ઉપર જમરૂખ, દાડમડી, આબાઓ, સ્વાદુ અને સુરસ ફળોથી ફળી રહ્યા છે, જે પથિકોને પોતાના ફળની પ્રસાદી આપી જાણે અમારા મહદ્‌ભાગ્ય કે અતિથિસત્કાર કરવાને તમે મળ્યા, એવા વિનયને સૂચવી રહેતા દેખાય છે કયાહી ડાલ અને દાઉદી, કયાંહી મધુ અને માધવી, જેમ સાધુ અને સાધવી પોતાના સુમનસ—સારા મનની સુવાસથી અર્થાત્ સુવ્યાપારથી યત્રકુત્રચિત્ સહુને તર્પતાં—સતોષ ઉપજાવતા ડોલી રહે છે, એટલે કે જ્યા વિચરે છે ત્યા સુવાસ ફેલાવે છે, તેમ સુમનસ્ સુપુષ્પોની સુગધી ફેલાવતા ડોલી રહ્યા છે. કયાંઈ વૃક્ષથી વેલી વીંટળાઇ આનંદ ઉપજાવી રહી છે. જોનારની આંખે વ્યવહારમાં આદર્શ શ્રાવક શ્રાવિકાના દર્શનમાં રજુ થાય છે. શરીરે કાંટાની વ્યાધિ

છતાં ગુલ-ફૂલ અને આમ-સુગંધ ગુલાબના વૃક્ષ આ રહ્યા છે તે જાણે સંકટ પડતા છતા પણ પોતાની સુવાસ કેમ છોડીએ ? અર્થાત્ નહી છોડીએ, એવું શિક્ષણ આપતા સમજાય છે. પ્રોત્ફુલ્લ કમળોને મૂકી પટ્પદ-ભ્રમર ચંપાની નિકટમા પણ જતો નથી, તે જાણે એમ સૂચવે છે કે મૈત્રી કરીને તજવી તે અમને નહિ પણ અધમને શોભે છે અર્થાત તે સજ્જન નહિ પણ દુર્જનનુ-અધમનુ લક્ષણ છે. કેકી, કપોત, કોકીલા, શુક, સારિકા અને સારસો કલરવકુંજન ગાનથી જાણે પથિકના આગમનને વધાવતા હોય નહિ શુ ? એવા અનુભવ મળે છે. સુંદર લહરીથી ત્રિવિધ વાયુ સંચરી, દુઃખનુ ભાન છોડી મનને આનંદમા મસ્ત બનાવી દે છે. આધિ ઉપાધિ અને દુઃખ માત્રનુ ભાન ભૂલવા માટે આથી પછી પર્વતથી ઉચિત વિશ્રામ સ્થળ મનુષ્ય બીજે કયા નિહાળવાનો હતો ? એમ થઈ આવે છે. નગરાજની આનંદના મૂળ રૂપ એ બધી વિભવશ્રી જાણે ભૂખ્યા અને તરસ્યાં કામ અને કાજને છોડી નેત્રોએ નિહાળ્યા જ કરીએ, એવી તલ્લીન બની જવાય છે. જ્યા પરમપાવન તીર્થો ભજન અને ધ્યાનને માટે એકાંતે વસવા ગુફાઓ એ સઘળુ જોઈ એ સ્થળ ચારિત્રવિજયને પળભર પણ મૂકી ખસવાનુ મન થતું નથી. અસ્તુ.

શિખરિણી વૃત્ત.

કહે છે પહાડોને અચલ સઘળાઓ મુખ બધે,
વળી મુક્તિને યે અચલપદ શાસ્ત્રો પણ વદે,
સમાને શોભે છે સતત મઈત્રી (મૈત્રી) ના વિસરીએ,
બની તેના સંગી અચલપદ મુક્તિનું વરીએ ૧
વળી જાણી પૃથ્વી નિલય વસવા યોગ્ય મનથી,
સદા સંસારીને અમ નિવસવું યોગ્યજ નથી,

મુનિઓ તેઓના પરિચયથી એકાંત અળગા,
જુવે છે પોતાને ઉચિત વસવા પ્હાડ જ જગા. ૨
ધ્વજા દેરાઓની નભચુમિત ચારૂ શિખરની,
કહે ડોલીડોલી ભૂમિતલ નિવાસી જન ભણી,
અહીં ઉંચે આવો ઉરધ ગતિ જો માન જ ચહો,
• નહિ તો ડોલતા નકી રહશો આ લક્ષણ લહો. ૩

ભાવાર્થ—પહાડોને મહું અચળ કહે છે, મુક્તિને પણ અચળપદ કહેવામા આવે છે. સમાને સમો રહે એ સ્વાભાવિક છે આપણે પણ પહાડના સગી બની મુક્તિનું અચળપદ વ-રવું—મત્રી કરવી. વળી પૃથ્વી સંસારીને વસવા ગોગ્ય છે, અમારે ત્યા વસવું ગોગ્ય નથી એમ માની મુનિજનો પોતાને માટે સંસારથી અળગા વસવા, પોતાને માટે પહાડ-એકાંત સ્થળ પસંદ કરે છે. ગગનચુંબિત દેરાઓના શિખરપૃષ્ઠની, પવનથી ડોલતી ધ્વ-જાઓ નીચેનાઓને જાણે એમ સૂચવતી જણાય છે કે મનુષ્યો અહીં ઉંચે આવો, ઉર્દ્ધ્વ ગતિના-મોક્ષની અભિલાષા હોય તો ઉપર આવો, નહિંતો ત્યા ડોલતા રહેશો, આ હું ડોલી બતાવું છું તે લ-ક્ષણ નિહાળો.

સિવાય પર્વત ઉપરની શુદ્ધ હવા, સુંદર ઝરણાનું પાણી, વનસ્પ-તિ ઇત્યાદિના કારણથી તેમજ પર્વત ઉપર ચડવા ઉતરવાના તેમજ હરવા ફરવાના વ્યાયામથી, શરીર આરોગ્ય અને સુદૃઢ બને છે. તેથી આયુર્વેદની દૃષ્ટિથી જોતા એક એ પણ તીર્થો, પર્વત ઉપર હોવાનું કારણ સમજાય છે. ચડવા ઇત્યાદિની પરાકાષ્ટાથી, આળસુ ઇત્યાદિની શ્રદ્ધાની પણ કસોટી થાય છે. આ વિગેરે અનેક તેના કારણો મળી રહે છે. તીર્થે જવાના અનેક કારણો પૈકી આ પણ કારણો હોય

એમ સમજાય છે. ત્યા ત્યાં કેવી કેવી આશાતનાઓ થાય છે તે જાણી શકાતાં તેનો ઉચિત બંદોબસ્ત કરી શકાય છે. ત્યાં કયા કયા સ્થાન જીર્ણોદ્ધારને લાયક છે, યાત્રાળુઓને ઉતરવા રહેવાની કેવા પ્ર-કારની સગવડ અગવડ છે, એ વિગેરે બધુ જાણી શકાય છે અને તેના ઘટતા ઉપાયો યોજી શકાય છે.

આવી બાબતોમા તીર્થોના વહીવટવાળાઓએ તેમજ પૈસા આ-પનાર ધનિકોએ આટલુ લક્ષમા રાખવાનુ છે—વહીવટવાળાએ જે પૈસો આવે છે તે એકત્ર કરી જમા કરવા તરફ દૃષ્ટિ નહિ રાખતા, તેનો જીર્ણોદ્ધાર કિંવા યાત્રાળુઓની સગવડની ખાતર કોઇ સ્થાન-ધર્મશાળા બધાવવા વિગેરેમા ઉચિત રીતે ખર્ચવા ઘટે છે. તેમજ ધનિકોએ પોતે આપેલો પૈસો બરાબર તે કાર્યમા ખરચાય છે કે નહિ તે તપાસવાનુ છે. જમા થયેલો પૈસો શુભ કાર્યમા ખરચાય નહિ, તે-મજ તે સારુ પૈસો આપવાની શ્રીમાનોની ઉમેદ બર આવે નહિ તો તે શા કામનુ છે? સચય કરવાનો, તેના ઘટતો ઉપયોગ કર્યા વિના હેતુ પણ શુ છે? બનતાં સુધી ધનિકોએ તેવા કાર્યોમાં જે કાઇ પૈસો વાપરવો હોય તે પોતાના હાથે પોતાની દેખરેખ તળે વાપરવો એ વધારે ઠીક છે.

તીર્થોમા એક બીજા શીરકાવાળાઓએ સપસપીને-હળીમળીને વર્તવુ જોઇએ તીર્થ સહુના તારક છે. તે સહુનું છે. તેમા નિસ્વાર્થ નિષ્કારણ કલહ નહિ કરવો જોઇએ. એમ કરવાથી તેમને તે તીર્થ છતાં અતીર્થરૂપ બને છે.

તીર્થોમા મહોત્સવો, પુજાઓ ઇત્યાદિ પ્રસગે સ્ત્રી પુરૂષોને માટે અલગ અલગ કાઇક ગોઠવણ રહે તે વધારે સારૂ જણાય છે. સમૂ-હમાં-ભીડમાં ધક્કા-મુક્કીમા સ્ત્રી પુરૂષના શરીરે અથડાય કિંવા પુરૂષ

સ્ત્રી સાથે અથડાય, આમ બનવું એ અનુચિત વ્યવહાર છે. તેથી કેટલીકવાર જુવાન સ્ત્રી પુરૂષોને ચિત્તમાં વિકાર ઇત્યાદિ અવ્યવસ્થા ઉપજતાં માનસિક પવિત્રતાનો, તેવા ઉત્તમ સ્થાને ભંગ થવાનો અવકાશ રહે છે, અને વૃત્તિમાં કલુષિત ભાવ પેદા થતા તીર્થની આશાતના થાય છે. ઉપરોક્ત કથેલી તમામ સૂચનાઓ તરફ તીર્થવાસીએ, યાત્રાળુએ તેમજ વ્યવસ્થાપકોએ લક્ષ ખેંચવુ જોઇએ.

તીર્થ શુ છે? યાત્રાળુઓએ ત્યા જવાનો શુ ઉદ્દેશ છે? તીર્થ અને યાત્રાળુઓ એક બીજા પ્રત્યે કેવો સંબંધ ધરાવે છે? ત્યા યાત્રાળુઓએ કેવી રીતે વર્તવુ જોઇએ? ઇત્યાદિ જૂદી જૂદી કક્ષાએ યથાશક્ય લખાઈ ગયુ છે ઉપસંહારમા યદ્યપિ તીર્થ સહુને તારક છે, પણ તીર્થના રહસ્ય-હેતુની સમજણ પુરસર તેમજ ખરી તરવાની અંતરંગ ભાવના પુરઃસર યાત્રાળુઓ તીર્થમા જતા થાઓ યદ્યપિ સંઘો કાઢી વિનોદ, કુતુહલ, મેળાબેળા જોવાને, ફરવા ફરવાને જમવા રમવાને, ત્યા જવુ તે પણ છેક નહિ જવાના કરતા લાભ વાળુ છે. પણ લાભની પરાકાષ્ટા અત્યંત લાભના મહોદયરૂપ આત્મિક કલ્યાણ કરવાની ઇચ્છા, તેના ઇચ્છુક બની યાત્રાળુઓ ત્યા જતા થાઓ. આત્મકલ્યાણ મેળવવા ભાગ્યશાળી થાઓ. એવી શુભ ભાવના ભાવી આ લેખક લેખની પરિસમાપ્તિ કરે છે.

ઉપાસક અને ઉપાસ્ય.

ઉપાસકોનો ઉપાસ્ય પ્રત્યેનો ભક્તિભાવ તો જુઓ !

॥ श्लोक ॥

एकोपास्यो शिष्ट देवो यदिस्याद्,
रागद्वेषोपासकेषु किमर्थं,
सन्ति ननं चन्द्रभक्तो चकोरो,
अर्थों तर्हि माननीया समस्ता ॥१॥

ઉપાસ્ય એક અને ઉપાસક-પૂજકોમા પરસ્પર પેજારની વૃત્તિ એ શુ ઘેલી ઉપાસના નથી ? ચકોર, ચંદ્રનો ઉપાસક છે એનો અર્થ શુ ? અર્થ એજ કે ચકોર સમસ્ત ચંદ્રના ઉપાસક છે, ભ્રમર કમળથી અનુરક્ત છે એટલે શુ ? એજ કે જે કોઇ ભ્રમરની સંજ્ઞાથી ઓળખાય છે કે કથાય છે તે સમસ્ત મત્સ્ય, જળનુ પ્રાણોના ભોગે પણ ભક્ત છે તેનો તાત્પર્ય શુ ? મત્સ્ય કુળ સમસ્ત એજ તેનો કથિતાર્થ અને મથિતાર્થ છે. સંજ્ઞાના પરિચયમા શબ્દનો અર્થ સમસ્તને માટે વ્યવહર્યો છે. ત્યા કપોલ કલ્પિત પ્રમાણો લગાવી કિંવા રાગ કે દ્વેષને આગળ કરી એક કે અમુક એવી વ્યવચ્છેદ વાળી વ્યાખ્યા કરી સંકુચિત અર્થ બેસાડી દેવા એ શાસ્ત્રપ્રમાણ તેમજ વ્યવહારથી ઉલટુ છે

બે ચાર બંધાણીઓ છે તે દંગના ડાયરામા-કસુંબા પીવાને અફીણીઆઓ ભેળા થાય છે તેને ડાયરો કહે છે. તેમાં બેસનારા અમુક અમુક બંધાણીઓ છે, તે દરેકનુ કાર્ય કોઇ પણ રીતે અફીણ ઘોળી કસુંબો પીવો એ છે. પછી તે અહિં બેસી પીએ કે ત્યાં બેસી પીએ, ઉભય સરખુ જ છે. પણ અમુક માની લીધેલા અ-

ગ્રણીઓ-આગેવાનો સાથે બેસીને જ પીવાય, અન્યની સાથે નહિ, એવો કદાગ્રહ સેવવો એ શુ હસવા સરખી વાત નથી ? શુ એ માની લીધેલા અગ્રણીઓ અફીણુ પાય છે અને બીજા કાઇ બીજુ જ ઘોળી પાય છે ? જો એમ હોય તો તેવો આગ્રહ સેવવો સર્વથા ઉચિત છે, કારણ બંધાણ અફીણનું તેની તલપ બીજી વસ્તુથી કેવી રીતે ભાગે ? સમાધાન આવુ સ્પષ્ટ છતા તેવા કદાગ્રહ સેવાતો આપણે સર્વત્ર નિહાળીએ છીએ. આશય ભલે એકજ હોય પણ સંસ્થાઓ અનેક બનેલી જોવામાં આવે છે. અસ્તુ તે ભલે હોય તેની કાઇંજ ચિંતા નહિ. પણ પરસ્પર રાગ દ્વેષ શાને માટે હોવો જોઇએ ? લડી મરવુ શાને માટે જોઇએ ? હળી મળીને વર્તવાથી શુ હાનિ છે ! પણ અફસોસ, સદ અફસોસ, આપણા વિચારો-આપણા હૃદયો એટલા બધા સંકુચિત છે કે એક ટોળીનો માણસ બીજી ટોળી કે સમુદાયમા બેસે જ શાનો ? બીજાને વંદે કે તેની વાત સાભળે જ શાનો ? આનીજ ઇર્ષ્યા. આવોજ કલહ. શુ નાતમા એક તડનો-સમુદાયનો માણસ બીજા તડના માણસ સાથે ખાતો પીતો, બોલતો બેસતો ઉઠતો નથી ? બધુંજ કરે છે અરે બેટા બેટીઓને પણ વરાવે છે. પ્રિયતમ ! તેને આપણે કેમ રોકતા નથી ? તેનો કેમ કોઇ દ્વેષ ધરતા નથી અને ધર્મની વાત આવી કે માત્ર તડ કે ગચ્છના કારણે વ્યર્થ લડી મરીએ છીએ આપણે ઉપાસ્ય તો એક હોવાનુ મુક્ત કંઠે સ્વીકારીએ છીએ. શુ આપણે તે બોલવા પ્રમાણે પળીએ છીએ ? નહિ જ. આપણું વર્તન કથનથી અન્ય દિશામા જ થાય છે. ઉપાસકોમાં બહુ પરિચયને અંગે કોઇ પ્રકારની મમતાને લીધે મનમાં બંધાઈ ગયેલી નિજતા પરતામા ઉપાસ્યને ભૂલી, ભ્રાંતિથી વ્યક્તિની ઉપાસના કરીએ છીએ. વ્યામોહવશ રૂઢ થઇ ગયેલા મતવ્ય પાછળ

દૂરી પડીએ છીએ, લક્ષ્યાર્થ પડ્યો રહે છે. બંધુક છૂટે છે, ગોળી નિશાનને ચૂકી બીજે અથડાય છે.

આવી સ્થિતિમા દૃઢ પડી ગયેલા સસ્કારને લીધે અન્યથા પણ વિધિયુક્ત લાગે છે. આપણે ઉપાસ્યને જ પજીએ છીએ એમ જણાય છે, પણ તે દૃષ્ટિ જે મનોરથમા જ આવી અટકી રહ્યુ હોય છે તેનો પ્રત્યાભાસજ હોય છે. વાસ્તવમા તો વચમા ભ્રાતિથી મનાઈ ગયેલ વસ્તુની સાથે જ આપણો સબધ થાય છે. અને આપણે દૃષ્ટિ સાથે વ્યવહરીએ છીએ એમ લાગે છે. ખરી રીતે ધ્યેય તેની પાછળ જ રહી જાય છે. મૃગજળી તૃષ્ણાનું ઉદાહરણ સર્વને પરિચિત છે જળની તેને પિપાસા છે પણ ભ્રાતિથી મનાઇ ગયેલ ઝાઝવાના જળને તે સત્ય જળ માની તેની પાછળ દોડ્યા જ કરે છે. તેની નિકટ અને નિકટ જાઉંછુ એમ માની આગળ આગળ જેમ તે વધતું જાય છે તેમ તેમ તે દૂર દૂર જતું જાય છે. આવા દોડધામના પ્રયત્નમા તેને જળ પ્રાપ્તિ થઇ આવે અને પીએ છે પણ તેને સત્યાસત્ય જળનો વિવેક નહિ થયો હોવાથી તેની પુન પેલા તૃષ્ણાજળની પાછળ ધાવનની પ્રવૃત્તિ વિરમતી નથી. આવી સ્થિતિમા મન અને મલિન બુદ્ધિ ભ્રાતિમા પડી ગયેલા હોય છે. એક શુદ્ધ જ્ઞાન તેમા સલગ્ન થયેલુ હોતું નથી અને તેથી આમ બને છે

દૃષ્ટિ મનોરથમા આવી, શુદ્ધ જ્ઞાનથી છણાઇ આત્મા તેનો વિવેક કરે છે ત્યારેજ સત્ય ઓળખાય છે અને તે પછી ફરીને ભ્રાતિ ઉપજવા સભવ રહેતો નથી. ધ્યેય મનોરથમા આવી, શુદ્ધ જ્ઞાનથી છણાઇ, આત્માથી વિવિક્ત પરિચિત થયા પહેલાની વળી એક સ્થિતિ છે જેમા કાઇ ભ્રાતિ રહેલી હોય છે, પણ તે કાઇને બદલે કાઇજ માનવામા થતી નથી. તે ભ્રાતિ માત્ર વસ્તુની પ્રતિકૃતિમાં થાય છે

અને આવી ભ્રાંતિ થવી સંભવિત છે. કિન્તુ તે ઉપાસકોને ક્ષંતવ્ય છે કારણ કે તે શુદ્ધ બુદ્ધિ પૂર્વક કરે છે.

કોઇ એક કામી છે, કોઇ એક સુંદર લલનાના લાવણ્યમાં તે મુગ્ધ થયો છે, તે તેને ઉપાસ્ય થઇ પડી છે. પ્રયત્નોની પરાકાષ્ટાએ સર્વસ્વના ત્યાગે પણ તેને પ્રાપ્તવ્ય થઇ પડી છે. તેના યથેષ્ટ લાભ વિના તેને ક્યાંઇ પણ ચેન નથી. નેત્રો એ સુંદર આકૃતિને નિહાળવા તલપાપડ બની રહ્યા છે તેના વિના અન્ય કશાને નિહાળતા નથી. એક તેની તસબીર પડાવી રાખી છે તેનેજ નિહાળ્યા કરે છે. કર્ણો તેનો સુમિષ્ટ વાર્તાલાપ શ્રવણ કરવા, તેની પૂંઠેથીજ બધિર બની બેઠા છે. મન અન્ય વિષયોથી મુક્ત બની તેમાં તન્મય બની રહ્યું છે. "એ આવી એ આવી" એવા ભણકારા તેને લાગી રહ્યા છે. ચોતરફ તે નેત્રો ફેરવી જોવે છે-તે પ્રત્યક્ષ નથી દેખાતી. તે હવે તેને બોલાવે છે. જાણે તે છુપાઇ રહી છે અને તેને પોતાને પ્રજાળવા ચાહતી હોય તેમ આર્તસ્વરે-કરૂણ સંબોધને નિકટ આવવા, સમિપે ઉપસ્થિત થવા પ્રાર્થે છે, કેમકે અતિ આર્ત્ત હૃદય પરોક્ષને પ્રત્યક્ષ કરે છે, અમૂર્તને મૂર્ત બનાવે છે, ચૈતન્યને ચૈતન્ય વિશિષ્ટ કરે છે, પાષાણને પણ પીગળાવે છે, વૃક્ષને ભેદે છે-છેદે છે, પાણી-જળને એથી પણ પાતળું બનાવે છે, જડને ચૈતન્ય બનાવે છે. વાચકો કહેશે કે આ બધો પ્રલાપ છે. આપણા આ ઉક્ત પ્રોષિત નાયકને, તેનું સંબોધન કશી ફળ પ્રાપ્તિમાં પરિણમે તો અમે એ વાતની સત્યતા સ્વીકારીએ. અસ્તુ. એમ તો સ્વીકારશો ખરાને! આપણા ઉક્ત અભ્યર્થીના, તેના ઇષ્ટ પ્રત્યેના આર્તનાદના આંદોલને પવન-વાયુને ગતિમાન કર્યો, એ પ્રભંજને તેના હૃદયમાં વસેલી પ્રિયતમાના, પેલા ભીંતે ભરવી-ટાંગી રાખેલા ચિત્રને ગતિમાન, કમ્પાયમાન, જડ સ્થિતિથી વિચલિત કર્યું.

હૃદય હૃદયનું જ્ઞાતા છે, છેક નિષ્ઠુર નથી, ભક્તિ અને દેખાવને ય-
થાવત્ ઓળખે છે. કસોટીના આકરા શપથથી તે ચિત્ર હાલ્યુ, ચ-
લિત થયુ, પુન પુન. ચલિત થયુ. ઉડી તેના ઉપર પડશે કે પડયુ
એવી રીતે ચલિત થવા લાગ્યુ. આ પ્રવૃતિ આપણા પોષિત નાયકને,
તેની પ્રિયતમાના પગલાના ધ્વનિ રૂપે પ્રતીત થઇ તે ચોકયો, હર્ષ-
ના આવેશમા તે શબ્દ કયાથી કઇ બાજુથી આવે છે તે પીપાસિત
નેત્રોએ આમ તેમ જોવા લાગ્યો. તેણે જોયુ. શુ જોયુ ? ચિત્ર ચાલે છે
તે જોયુ ? નહિજ. ધ્યેયના વિચારમા લીન, તે વાતનો નિર્ણય કરવા-
નો તેના મનને અવકાશજ કયા છે ? તે ભ્રમ્યો. ભ્રાન્તિથી એ વિ-
ચારાએ એ પ્રતિકૃતિને-ચિત્ર લિખિતને તેની પ્રત્યક્ષજ પ્રિયતમા
માની લીધી તે ઉછળી ભેટયો, અંતરના ઓતપ્રોત આનંદથી આ-
લિંગ્યો-તે પોતાને પ્રત્યક્ષજ આલિંગતો સમજવા લાગ્યો. આપણે ત-
ટસ્થ દષ્ટા શુ કહીશુ ? તે એની છબીની સાથે આલિંગી રહ્યો છે એમા
આપણે મુક્ત કંઠે એમજ કહીશુ કે એ આલિંગન પ્રતિકૃતિ-ચિત્ર
ની સાથેજ થઇ રહ્યુ છે. આથી સ્પષ્ટ સમજાયુ હશે કે આવી ભ્રાન્તિ,
આવો પ્રત્યાભાસ, ધ્યાતાને ધ્યેયના વિષયમા બને છે આપણા ઉ-
પાસકોમા આમ પણ બનતું હોય તો તે ઠીક છે. કારણ કે તેવી ભ્રા-
ન્તિ પણ એક પ્રકારનો હૃદયનો અભેદ પ્રેમ છે. અને તેવી સ્થિતિમાં પ્રતિ-
કૃતિમાથી કોઇ દહાડો સત્ય પણ બની જાય છે. આપણે તો માત્ર વેષ ભજ-
વીએ છીએ. નટ વેષ લે છે પણ તે વેષની સ્થિતિમા પણ તે પોતાને હુ
નટજ છુ એમ સમજે છે. આપણને તે પણ ભાન નથી. આપણે
બહારથી પણ યથાર્થ જૈનપણુ ભજવી શકતા નથી. સ્થિતિ અન્ય
છતા દંભાચાર સેવીએ છીએ. સહુને ઠગીએ છીએ, નીચ પ્રકારનો
સ્વાર્થ સાધવા ઉદ્યુક્ત રહીએ છીએ, સત્ય, સ્વાર્થ તેમજ પરમાર્થના

પથથી વિચલિત થઇએ છીએ અને અન્યને કરીએ છીએ. આથી સ્વાર્થ અને પરમાર્થના પથથી વિચલિત કેવી રીતે થવાય છે તે તપાસીએ. અમુક શિષ્ટો અને અનુયાયીઓને અન્ય શિષ્ટો અને અનુયાયીઓમા કલહ જાગે છે અમુક સંપ્રદાયો અને સઘોમા, અમુક મજહબોમાં અને માર્ગમા તોફાન, અશાંતિ, કલહ, વૈર, ઇર્ષ્યા વિગેરે જાગે છે અને તેથી ધર્મ, ઐક્ય, નીતિ, સમાજના બધારણ એ સમસ્તને આપણે હાનિ પહોચાડીએ છીએ, અબાઇ એક છતા તદ્‌-વિષયક આવી બધારણની ભિન્નતા પરત્વે જેને જેવી ફાવે તેવી વ્યાખ્યાઓ લઈ બેસીએ છીએ. દાખલા તરીકે ઇસ્લામમા જેમા શીયા અને સુન્નિ બન્નેનો સમાવેશ થાય છે, તેઓ બન્ને દોજખ અને બેહેસ્તની શિક્ષાને માને છે, મહમદ અને તેના કુરાનને કબુલે છે પણ પોતાના સમુદાયના બધારણને અગે સ્વલ્પમા પડી ગયેલા વ્યાખ્યાના રૂપાતરને લીધે લાખો કરોડો ઇસ્લામીઓએ પરસ્પર લડી પોતાના રક્તો જમીન ઉપર રેડયા છે આપણે પાશ્ચિમાત્ય ઇતિહાસના પાના ફેરવી જોઇશુ તો ત્યા પણ એમ જ જણાશે રોમન કેથોલીક અને પ્રોટેસ્ટંટ, પ્રોન્ટેસ્ટન્ટ અને પ્યુરીટન એ સહુ ઇસુ અને તેના બાઇબલમા માનતા છતા આવા સમુદાયે મળી ઘડી કાઢેલા ભેદે મૂળ અભેદને ભૂલી જઇ લડી કપાઈ મૂવા છે. આવા એક બે નહીં પણ લગભગ દરેક મજહબોમા આવી અનેક તકરારો—ઝઘડાઓ છે. આ બધુ લાકડાના બજારમાં કાપડનો વેપાર લઇ બેઠા જેવુ થયુ છે. કારણ, આ લેખકનુ કથન માત્ર જૈનો પરત્વે છે. કોઇ કહેશે પગ નીચે રેલો અને અન્યની ખામીઓ નિહાળવી એ કયાની નીતિ છે। એ કથન ઉચિત છે, પણ એકના ગુણ દોષની તુલના માટે અન્ય તેવા દાખલાઓ જોવાની અગત્ય પડે છે અને તેથી જ ઉક્ત વિષયોને આ લેખક સ્પર્શ્યો છે. અસ્તુ.

જૈનોમા દિગંબરી સ્થાનકવાસી અને દેરાવાસી એ ત્રણેનો સમાવેશ થાય છે. તે ત્રણે ધીરકા દેવને વીતરાગ તરીકે માનનારા છે. જેમાના એક સ્થાનકવાસી નામનુ સ્મરણ કરે છે મૂર્તિને માનતા નથી અસ્તુ દિગંબરી અને શ્વેતાંબરી બન્ને મૂર્તિને માને છે.

સ્થાનકવાસી અહોનિશ જે ઇષ્ટ દેવનુ સ્મરણ કરે છે તેજ ઇષ્ટ દેવના નામથી આબાળ ગોપાળમા તથા જૈન જૈનેતરમા ઓળખાતી જે મૂર્તિ તે મૂર્તિની જ તેઓ નિંદા કરે છે. માત્ર નામને માની તે નામ જેણે ધારણુ કર્યુ હોય તેનેજ નિંદવુ એ તો આ ચાલતા દુનિયાના વ્યવહારથી પણ હલકામા હલકી ટેવ ગણાય. પોતાની સ્ત્રીનુ જે નામ હોય તે નામ પછી અન્ય ગમે તે સ્ત્રીનુ હોય, પણ તે છોડી આપણ તેને બોલાવતા વ્યવહરીએ છીએ, તે નામ સજ્ઞાથી તે અન્ય સ્ત્રીને પણ આપણ બોલાવતા નથી. આટલુ બધુ નામનુ માન રાખવામા આવે છે તો પછી તે નામથી ઓળખાતી મૂર્તિની નિંદા કરવી એ શુ ઉચિત છે ? પરસ્પર લડવુ એ શુ લાઝમ છે ?

કિંચ,

દીકરાને દીકરીઓ વરાવી લીઓ છો લ્હાવો,
ખાઓ પીઓ હળી મળી સાથે બેસી ખાતથી
સ્થાનકવાસી કે દેરાવાસી હો ઉભય પણ,
ગણાઓ સમસ્ત મળી જૈન એક જાતથી,
મળીને સમસ્ત વળી મ્હાજન લેખાઓ છતાં,
ઓળખાય જ્ઞાનિ ખરેખાત એક વાતથી,
ધર્મ તણે નામે નુકશાન કેણે કાજ કીધુ,
લડી મરો સામસામે એક એ વિશાતથી, ૧

સ્થાનકવાસી સસ્થાનો સાધુ જો કદાપી હશે,
આસતા સ્થાનકવાશી એના પરે સ્થાપશો,
વળી દેરાવાસી તણો મુનિ જો કદાપી હશે,
દેરાવાસી શ્રાવકો તો માન એને આપશો.
પોતા વિના બીજાને તો વદવામાથી એ જશો,
મારગ નિહાળી પરભારો સિદ્ધો માપશો,
ભલે કરો એમ પણ ગુણને નિહાળી સ્નેહે,
નિંદવાના કામથી તો ખચીત દુરે ખસો ૨

સ્થાનકવાશી અને દેરાવાસી શ્રાવકો ! આપણે સહુ નવકાર મંત્ર ગણીએ છીએ, તેમા ગણાવેલા પચપરમેષ્ટિને વંદીએ છીએ એ બાબતમા મતવ્ય એક છતા-ઉભય એક રીતે મળતા છતા આ પ્રમાણે કલહ શા માટે કરો છો ? એક બીજાને માનની દૃષ્ટિથી ન જોઇ શકો તો તટસ્થ ગુણની દૃષ્ટિ સ્થાપી નીદવાના કાર્યથી તો દૂર રહો જૂઓ —

છપ્પય.

જીવ સમસ્તની મેહ ઉપર જો છે ગુણદૃષ્ટિ,
હર્ષે મળી વધાવી લીએ સહુ એની વૃષ્ટિ,
મહા ગુણાનુરાગી વળી મંપુમક્ષિ સમષ્ટિ,
મળી સહુએ ખાય મળી આવી મધુયષ્ટિ
જે સાથે નિજ કામ તે લે લડી નોખી નવ પડે,
એક એકની જૈન જયમ અભડાએ છાયા વડે.

• આપણા કરતા સરિતા, સર, નદ, નાળા, વૃક્ષો, અને લતાઓ પણ સારા છે કે વારિદ-મેઘમા ગુણદૃષ્ટિ સ્થાપી પોતાનો જેથી ઉપયોગ રહ્યો છે એવા તેના જળનો સગ્રહ પોતામા કરે છે. મધમા-

ખીઓ પણ ભલી કે મળી આવેલ મધુયષ્ટિ સહુ મળીને ખાય છે. આ-પણે જૈનો જેમ એક બીજાની છાયાના સ્પર્શે પણ અભડાઇએ છીએ તેમ તે નથી કરતી. ઉપયોગ તેને પદાર્થ સાથે સમજાયો છે, તે લે છે.

જડ અને કીટાદિકો પણ ઉપયોગના નિયમને આવો શ્રેષ્ટ રીતે સમજે છે તે આપણે નથી સમજતા આપણે શુ કરીએ છીએ ?

કોઇ એક ગ્રાહક ગાંધીની દુકાને ગયો. તેને સિધવ ખરીદવો છે, દુકાને જઈ જૂએ છે તો તેનો પરિચિત ગાધી દુકાને હાજર નથી. તેની ગેરહાજરીમા બેઠેલા તેના પ્રતિનિધિને તે પુછે છે, ભાઇ આ દુકાનના માલીક શેઠ કયા ગયા છે ? તમે કોણ છો ? તે શેઠના શુ થાઓ ? પ્રતિનિધિએ કહ્યુ–ભાઇ શેઠ તો બહાર ગયા છે, તેનો હુ ભા-ગીદાર છુ, મારો અને તેમનો આ દુકાનમા મજમઉ વ્યાપાર છે. કહો તમારે તેમનુ શુ કામ છે ? ગ્રાહક બોલ્યો, મારે થોડો સિધવ ખરીદવો છે પણ તેમના વિના હુ કેમ લઈ શકુ ? ભાગીદાર બોલ્યો – કેમ ભાઇ, તે બહાર ગયા છે તેથી કાઈ દુકાન અને તેમાની વસ્તુઓ કાઇ સાથે લઇ ગયા છે ? સિધવ દુકાનમા જ છે કહો, કેટલો જોઇએ છીએ. હુ તોળી આપુ ? એ આપે તો જ લેવાય તેવુ થોડુ છે ? ગ્રા-હક બોલ્યો, હા એમજ છે. ભાગીદારે પછયુ–કેમ, કાઈ હુ આપીશ તે ખોટા આપીશ ? તમે સિધવને તો ઓળખો છો, ને ખાત્રી કરી જો જો કે એજ છે કે કાઈ બીજુ ? શેઠ બહારથી કોણ જાણે ક-વારે આવ્યા. ખાલી ખોટી શા માટે થશો !? ગ્રાહક બોલ્યો, શેઠ ! તેની કાઈજ ચિતા નહિ. હુ બેઠો છુ. ખોટી થવાપણું મને છે. તમારી પાસેથી જે તે લેવા ખુશી હોય તેને જ તે આપો. હુ તો એ શેઠ આવી આપશે ત્યારેજ લઇશ. ભાગીદાર શેઠે તેની આવી શ્રદ્ધા જડતા જોઇ કટાળી કહ્યુ —

કવિત્ત.

બનજ યે જબમેં દુકાન લે બેઠા હમે
તબસે સુનાઉ અનુભૌ હુવા જેટ હૈ
ગાહક બહોત મિલા મથ્થાકે ફિરાને બાલે
તોસેકી તો તિહારિહિ બાઈ આજુ બૈટ હૈ
તૌલ અરૂ માલમે કરેહે ઝુઠ ઔર કાહુ
પંખ ઝુઠ તેરી હંસ હસ દુ બેં પેટ હૈ
સિંધવ ખરીદીકા પ્રલાપ વ્યર્થ કરે મૂઢ,
સિંધા હૈ સૌદા કી સૌદા તેરા શેઠ હૈ?

ખાલી સિંધવકા વ્યર્થ પ્રલાપ કર રહા હૈ. તુ મિત્રાકો નહિ, શેઠકાં ખરીદને આયા દેખુ. અબ મુફતકા મથા ફિરા નહિ. તેરી ખુશી, જબ તેરા શેઠ આવૈ તબ ખરીદના.

ઉદાહરણનો લક્ષ્યાર્થ એ છે કે સિંધવની પેઠ લક્ષ્ય જે પ્રભુ તેની પ્રાપ્તિ-સંગ્રહ, પેલા શેઠ અને તેના ભાગીદારની પેઠે આથી કરો કે તેથી, ઉભય સરખુ જ છે. ખાલી મમતા મમતમા, નિજતા પરતામા લક્ષ્ય ચૂકયાં જેવુ કા કરીએ?

છપ્પય.

આપુ જેનો ઉદાહરણ હું એક મજાનુ,
કુટુંબ જણાએ જેથી નકી નહી સંપ મજાનું,
મીલકત માટે લડે પિતાના વારસ પુત્રો,
મળી ન વહેંચી લહે સંપના સમજી સુત્રો,
નિદાન એવા કલહનું નક્કિ એ નિરખાય છે,
વસ્તુ આખર ઉભયના હાથ મહીંથી જાય છે.

પ્રિયતમ ! જેમ એક પિતાના બે વારસ પુત્રો પરસ્પર લડી મીલકત ગુમાવે છે, તેમ આપણે પરસ્પર લડી વીર પ્રભુએ આપણને વારસા રૂપે અર્પેલા શાસનને આપણે જ વગુમાડીએ છીએ, આપણો ઉત્તમ કહેવાતો જીનધર્મ, પ્રવર્તક અનુયાયીઓ મધ્યે મમતા, ઈર્ષા, કલેશ, કુસપ આદિ કારણોથી માંડમાંડ એક પગે ટચુમચુ ઉભો રહેતો કરી દીધો છે, અને સવિશેષ વળી સ્થાનકવાસીએ સ્થાનકવાસી, દેરાવાસીએ દેરાવાસી, મમતામમતમાં અંદર અંદર લડી હત પ્રહત કરવા ઉદ્યુક્ત થયા છીએ.

સ્થાનકવાસીઓમાં બોટાદ સંઘાડાવાળા, લીંબડી સંઘાડાવાળાથી દ્રોહ રાખશે, એક બીજાની સામે ઈર્ષા કરશે. દેરાવાસીઓમાં વળી તપગચ્છવાળા, ખરતરગચ્છવાળાથી અમરસ બનશે, ખરતરવાળા અંચળથી, અને અંચળ પાયચંદથી પરસ્પર લડશે, કલહો કરશે આથી સંઘ અને શાસનની અવનતીજ પરિણમવાની. હવે કહેવાનું માત્ર એજ છે કે એક બીજાથી લડવું મૂકી દઈ, અન્યથી હળીમળીને રહો, નિંદા કે દ્રોહ ધરો નહિ, ગુણની દૃષ્ટિ રાખો. એથી જ આપણા શાસન અને સમાજની ઉન્નતિ છે આપણે વીતરાગ પ્રભુના પુત્રો છીએ, એમ માનીએ છીએ–એમ માનવામાં માન સમજીએ છીએ તો એ પ્રમાણે લડવું એ વીતરાગ પ્રભુની આજ્ઞા હોય જ નહિ–નથી જ.

મૂર્તિપૂજકો ! શ્વેતાંબરી અને દિગંબરીની મૂર્તિમાં વિશેષ તફાવત ન થતાં સામાન્ય તફાવત રહે છે અને તે તીર્થંકરની મૂર્તિ તરીકે બને ઓળખાવે છે. છતાં એક એકે માનેલી મૂર્તિને નિંદે છે, વંદતા નથી, તીરસ્કારનો દૃષ્ટિપાત કરે છે, અપમાન કરે છે, એક મૂર્તિને ચક્ષુ ચોટાડે છે, અન્ય ઉખાડે છે. ચક્ષુમાંજ પ્રભુ હોય તો પછી પ્રતિમાને શું કરવા માનવી ? ચક્ષુનેજ ઘરે રાખી પૂજવા. શ્વેતાંબરી

દિગમ્બરીના દેરાસરમા પણ લડાલડી પોતાના દેરાસરની મૂર્તિમાં બહુમાન બુદ્ધિ, બીજાનામા અબહુમાન બુદ્ધિ આવા સંકુચિતોએ **नमो अरिहंताणं** એમ નહિ બોલતા **नमो मज्झ अरिहंताणं** એમ બોલવુ જોઇએ

આચાર્ય–ઉપાધ્યાયનું કામ અમુક સમુદાયને આચાર વિચારમા પ્રવર્ત્તાવવાનુ છે. ઉપાધ્યાયનુ કામ અમુક સમુદાયને શાસ્ત્રાધ્યયન કરાવવાનુ છે. સાધુએ પોતાની શક્તિ મુજબ સંયમ, તપ, જપ, ધ્યાન, વૈયાવચ્ચ એ વિગેરે કાર્ય કરવાનુ છે. હવે ધારો કે સંપ્રદાયને ખાતર અથવા તો અમુક સંપ્રદાયની સુવ્યવસ્થા ખાતર કે આચાર વિચારના કટલાએક બંધારણો જાળવી રાખવાની ખાતર, આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓ જૂદા જૂદા ગચ્છ કે સમુદાયના નામથી ઓળખાય ત્યા સુધી હાની નથી, પણ જ્યારે તે ત્રણે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અને તેઓના અનુયાયી સેવકોમા આવી મમતા બંધાઇ જાય કે અમો જ શુદ્ધ જૈન છીએ, અમોજ સાધુ છીએ અથવા અમને જ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ માનવા, શિવાયના અન્ય માનવા લાયક નથી, તેમા દોષ છે, એવી ઇચ્છા, મહત્વાકાંક્ષીપણાની દુર્ગંધી પેસી જાય અને તેથી રૂધિર, માસ, હાડ ચામથી બનેલુ અનિત્ય દુર્ગંધી શરીર એજ પૂજ્ય છે, પણ જ્યાં ગુણ હોય તે દરેક પૂજવા લાયક છે તેવી દૃષ્ટિ ન રહે તો તેવાઓએ **नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोये सव्व साहूणं** તેને બદલ **नमो मज्झ आयरेयाण, नमो मज्झ उवज्झायाणं, नमो मज्झ लोये सव्व साहुण** એમજ ભણતા બોલવુ જોઇએ.

તેમજ આટલાથી પણ નહિ પતતાં કેટલાક આચાર્યો, પંન્યાસો, અને મોટાઇના માનમા ડૂબી ગયેલા મુનિવરો, પોતા શિવાય બીજાને

મોટા નહિ માનનાર, દરેક સાધુ સમુદાયમા પોતાની જ મોટાઈનુ અગ્રપદ ઈચ્છનારાએ **નમો મજ્ઝ લોયે મજ્ઝ સાહૂણં** એમ બોલવુ એજ સું'દુ છે. કેમકે એમ ન કરવાથી બીજા સાધુઓને નમસ્કાર થઈ જાય છે અને તેથી તેઓ પોતાની ઈચ્છા વિરૂદ્ધ અસત્ય બોલનારા કરે છે.

આ ઉપરથી આ લેખક જણાવે છે કે આ કળિકાળમા, મમતા-પરતાના પ્રવર્તતા વિષમ કાળમા, ઘરઘરનો જૂદો નવકાર મત્ર થવાની અગત્ય છે. સર્વમાન્ય સામાન્ય નવકાર મંત્ર માથે કોઈને લાગતું વળગતું નથી જો સામાન્ય નવકાર મત્રને આપણે માનનારા લઈએ તો આપણી દૃષ્ટિ પણ સમાન હોવી જોઈએ, મમતા અને રાગદ્વેષે કરી રહિત રહેવી જોઈએ.

ઉપસંહારમા, સામાન્ય નવકારમત્ર ગણવાને લાયક હશે તેજ ખરો જૈન કહેવાશે. એવી સદ્ભાવના જૈનોમા પ્રાપ્ત થાઓ એજ આ લેખ લખવાનો હેતુ છે. તથાસ્તુ.

દેશોદય સાથે અધિકારી વક્તા શ્રોતાઓનો સંબંધ.

સંશોધનનો દિશાદર્શક સંવાદ.

પ્રાણી માત્રને પ્રવૃત્તિમા જોડનાર સુરમ્ય પ્રશસ્ય પ્રાતઃકાળમા કોઈ બે સન્મિત્રો, પરસ્પર એક બીજાના કરેકર ગ્રહી કોઈ નિર્દિષ્ટ સ્થાન તરફ પોતાનો માર્ગ કાપતા, શિઘ્ર ગતિથી ચાલ્યા જતા હતા તે કાળે સૂર્ય દક્ષિણાયનનો હોવાથી, વ્હાણાની શીતળ-હિમાળુ સમીર લહરી, તેમના શરીરને સ્પર્શી તેમના પ્રત્યેક રોમમાં, શિતળતાનો

આનંદ પ્રકટાવતી હતી, અને પ્રત્યેક લહરીના અનુભવે તેઓની આ નનશ્રીઓમાંથી 'અહા કેવું સુંદર પ્રભાત ! કેવો વ્હાણાનો આનંદ !' એમ હર્ષના ઉદ્ગારો તેઓની નિબિડ દંતપંક્તિને ખોલી ઓષ્ટને સ્પર્શી, બહાર નીકળી આવતા હતાં. દૂરથી કોકીલાનું કુજનગાન, ભ્રમરનો ગુંજારવ, શુક સારિકા ઇત્યાદિ પક્ષિગણનો કિલ કિલાટ કલરવ-સંગીતાલાપ એ સર્વ, તેઓના કર્ણના સંપુટમાં પ્રવેશી, હૃદયમાં આનંદ ગુધાનું સિંચન-વર્ષણ કરતા હતા. શહેરના દેવમંદિરોમાંનો શંખધ્વનિ અને ઝલ્લરીનાદ, ભક્તજનોના મુખમાંથી નીકળતા પોતાના ઇષ્ટના સ્તોત્રોચ્ચાર, એ વિગેરે નૈસર્ગિકી લીલા તેઓના મનમાં અભિનવ આનંદ ભરતી હતી, એમ સહજ તેમની મુખમુદ્રા જોતા, જણાઈ આવતું હતું કારણકે મનના આનંદ અને સંવેગનું મુખાકૃતિ એ પ્રતિબિંબ છે એવો માનસશાસ્ત્રીઓનો અનુભવ છે. તારકો તે વેળા, નીતિમાન રાજ્યકર્તાના રાજ્યમાં જેમ, દુષ્ટ ખલો-ખલો પોતાના મુખને ઇતસ્તતઃ છુપાવે છે તેમ પોતાના મુખને ગગનમાં છુપાવતા અદૃશ્ય થયા હતા વિલાસીઓના શયન મંદિરોમાંના દીપકો, કુલટાના પ્રભા રહીન આનનની જેમ, દિપ્તિ રહિત દેખાતા હતા જો કે રાત્રી વ્યતીત થઇ ચૂકી હતી તોપણ સહજસાજ અંધારૂ હોવાથી માર્ગમાં મનુષ્યોનો પદસંચાર હજી થોડોજ હતો, અને તેથી તે ઉભય સુહૃદોને સ્વચ્છંદે આનંદમાં ડોલતા ચાલ્યા જતા રોધવાને કશું પણ કારણ માર્ગમાં વિઘ્નકર્તા હતું નહિ તેઓ ગજમત્ત ગતિએ ચાલ્યા જતા હતા. માત્ર ક્વચિત્ શહેરના રસ્તાઓ સાફ કરનારા શુદ્રોથી થતી અડચણને લીધે, પરસ્પરનો હાથ મુકી દઇ નિરાળા પડતા. પુનઃ આગળ જઇ પાછા કરમાં કર સ્થાપી આગળ વધતા હતા. આ પ્રમાણે ચાલતાં કિંચિત્ દૂર આવતા, તે ઉભયમાંનો એક મિત્ર કાંઇક આ-

શ્ચર્ય નિહાળી, અચકયો, ચમકયો અને ઉભો રહ્યો. તે જોઇ અન્ય બોલ્યો. "કેમ ભાઇ સુશીલ! શું છે! ઉભો કેમ રહ્યો? આગળ કેમ ચાલતો નથી?"

સુશીલ—સૌભાગ્ય! અતિ ગ્લાનિનો વિષય હું નિહાળી રહ્યો છું. હા! હતભાગ્ય હિંદ! તું આવા નરાધમોથી અધુના કેમ ગૌરવરહિત બન્યું છે?

સૌભાગ્ય—સુશીલ! આવો નનામો ઉપોદ્ઘાત શાનો આરંભ્યો? વળી **નરાધમ** કોણ? શું નિહાળ્યું?

સુશીલ—સૌભાગ્ય! તું હજી તેથી અજ્ઞાત છે, તેથી તને તે મારા ઉદ્‌ગારો નિમિત્ત વિનાના સમજાય તે સ્વાભાવિક છે પણ જે હું નિહાળી રહ્યો છું તે તું પણ જાણે તો પછી તને તે સમજાય.

સૌભાગ્ય—તો મને તે સમજાવવામાં કાંઇ અડચણ ખરી?

સુશીલ—અડચણ તો કાંઇજ નહિ, પણ ભાઇ સૌભાગ્ય! તું મને "પ્રાણ વિશેષ કે પ્રતિષ્ઠા," એ પ્રશ્નનો ઉત્તર આપ, તો હું તને તે સમજાવું.

સૌભાગ્ય—ભાઇ સુશીલ! એ તારા પ્રશ્નનો મારા તરફથી મળવાનો ઉત્તર તું શું કલ્પે છે? તું મારો મિત્ર છે. મારા મનહૃદયનો જ્ઞાતા છે. તુંજ કહે.

સુશીલ—ભાઈ સૌભાગ્ય! કલ્પના તો ઉત્તમમાંથી ઉત્તમપણાની ઉત્તમ પુરૂષો બાંધે છે, પણ અનેક પ્રસંગે એવું નિહાળવામાં આવે છે કે એક એવા ઉત્તમ કુલમાં જન્મેલો કે જેમાંથી કોઇ દહાડો જગત્ કલ્પના પણ ન બાંધી શકે, તેજ અધમાચારને સેવતો દ્રષ્ટિએ પડે છે, એટલુજ નહિ પણ કેટલીકવાર એવા અધમાચારમાં પ્રવેશવા માટે તે પોતેજ તિરસ્કાર બતાવતો હોય, છતાં પ્રસંગ મળતાં પોતે

તેમા પ્રવેશે છે. આવા વ્યતિકરો એક પછી એક અણધાર્યા અણુ-ચિન્તવ્યા બનતા હોવાથી, એક વ્યક્તિની ભાવિ પ્રવૃત્તિને માટે અન્યે કાઇજ અભિપ્રાય આપવો તે નિરર્થક છે. સૌભાગ્ય! તુ ઉત્તમ કુ-લમા જન્મેલો છે, ખાનદાનનુ ફરજદ છે, ઉત્તમ—આદર્શ ચારિત્રને તુ તારૂ જીવનવૃત્ત ગણી નિર્વાહવા માગતો હશે, પણ એ તુંજ કોઈ કાળબળના પ્રભાવે તે સહુને ધુળમા લીંપણુ જેવુ કરી બેસે અને એક અધમના શિરોમણીના વિશેષણને શોભાવે કહે, હવે કહેવુ છે કાંઈ? આમ જ્યારે પોતાને જ માટે બાંધેલા અભિપ્રાયમા વ્યક્તિ પોતે જ ઠગાય છે, તો બીજાને માટે બાંધેલા અભિપ્રાયમા બીજો ઠગાય તેમા અશક્ય જેવુ શુ છે?

સૌભાગ્ય—ભાઇ સુશીલ! એ તો તુ અપવાદનુ કથન કરે છે. એમ બનતું હશે પણ તે અપવાદ રૂપે. સર્વથા નહિ.

સુશીલ—સૌભાગ્ય! તારા કહેવાથી ઉલટુ જ મારૂ મતવ્ય છે. હુ કહુ છુ કે બીજાએ તેમજ પોતાએ ધારેલા ઉત્તમ આચા-રમા સ્થિતિવાળા ઉદાહરણોજ અપવાદરૂપે મળી આવે છે. બાકી સ-ર્વથા જગત્ સ્વપરત અભિપ્રાયમા ઠગાયજ છે. એટલાજ કારણથી વ્યક્તિને અપૂર્ણ કહેલી છે. પૂર્ણ તો એક પ્રભુ છે અને તેમાંજ માત્ર સપૂર્ણતાનો પરિચય મળે છે હુ તો સાપ્રત સમયમા એવું જ જોઉ છુ કે જગત્ દભાચારને જ લઇ બેઠુ છે. પતિમા એક પત્નીવ્રત, કુલદારમા કંથભક્તિ, સુપુત્રોમાં પ્રસુસેવા, ત્યાગીઓમા ત્યાગ-વિરતિ એ સહુ ધર્મોનો અધ્યારોપ માની લેવામા આપણે આપણી ભ્રાતિનોજ પરિચય આંપીએ છીએ. ખરૂ સત્ય તો ઉડી ખોળના પરિણામેજ રહેલુ હોય છે. જો એમ ન હોત તો આપણો આર્યાવર્ત જે સાપ્રત સમયે અધમાધમ દશાને પ્રાપ્ત છે, તે કદી તેવી સ્થિતિએ હોત

નહિ. પતિ કરવાથી જ પતિ હોવાનું, પતિને પરણીને પરિણિત જ બનવાથી કુલદાર હોવાનું, પ્રસુઓથી ઉત્પત્તિ ધરાવવાથી જ સુસંતતિ હોવાનું, ત્યાગના બાહ્ય ધર્મો સ્વીકારવાથી જ ત્યાગીના આરૂઢ ગુણ ધર્મોને સુપ્રાપ્ત હોવાનું, જ્યાં ત્યાં મને તો મનાતું હોય એમ જોવામાં આવે છે. પછી વર્તન તો ભલે અન્ય દિશામાં હોય. પતિ પરસ્ત્રીવાંચ્છના ઉપરના નિગ્રહની કસોટીના વિજયે પતિ કરતો નથી સ્ત્રી પોતાનો વિવાહક્રમ બહુશ વડીલોના હસ્ત હોવાથી ભવિષ્યમાં પોતાને યોગ્ય નિવડે તેવા વરની છૂટથી પસંદગી કરી શકતી નથી. પ્રસુઓ પ્રજોત્પત્તિમાં પ્રવર્ત્યાં રહે છે. ડઝનબંધ બાળકોને જન્મ આપે છે, પણ તે પ્રજા ભક્તિના સંસ્કારવાળી કેમ બને તે માટે લેશ પણ પ્રયત્ન સેવતા નથી ત્યાગી ત્યાગને ધારણ કરવામાં જ સમજે છે, પણ કેટલે દરજ્જે તે નિભાવી શકાશે તેનો ભાગ્યે જ તે સ્થિતિને અંગીકાર કરતા પહેલાં ખ્યાલ આણે છે. આથી પ્રાયશ. ધર્મ-કર્તવ્યભ્રષ્ટતા અને અવ્યવસ્થા જ દષ્ટિગોચર થાય છે. પતિઓ, પરસ્ત્રીમાં આસક્ત બની, લંપટવત્ આચરણ કરી રહ્યા હોય છે. કુળદારાઓ કુલટાના વિ પણને શોભાવી રહેલીઓ હોય છે. પુત્રો પ્રસુઓની ભક્તિ અને સેવાને સ્થાને અપમાન અને ઉપેક્ષામાં આનંદ માની રહેલા હોય છે. ત્યાગીઓ ત્યાગના ધર્મોને ખીંટીએ વળગાડી સ્વચ્છંદે મનને-ઇંદ્રિઓને મન ગમતા વિષયો અર્પી મલાવી-લાડ લડાવી રહ્યા હોય છે.

સૌભાગ્ય—સુશીલ, પ્રસ્તુત વિષયને છોડી આ રીતે અકાંડ તાડવ કરવાનું કાંઇ પ્રયોજન ? તેં શું નિહાળ્યું તે તો કહે ?

સુશીલ—ભાઇ સૌભાગ્ય ! મેં તને કહ્યું નહિ કે તું મને 'પ્રાણ વિશેષ કે પ્રતિષ્ઠા' એ મારા પ્રશ્નનો જવાબ આપ, તો હું તને કહું. શું પ્રત્યક્ષ બતાવું ?

સૌભાગ્ય—હું તો પ્રાણના કરતા પ્રતિષ્ઠાને વિશેષ માનુ છુ. પ્રતિષ્ઠા રહિત દેહમા પ્રાણોની સ્થિતિ એ તેના અવમાન બરાબર છે કથન પરપરા પણ છે કે "संभावितस्य चाकीर्ति मरणादतिरिच्यते" અર્થાત્ સભાવિતોને અપકીર્તિ એ તેના મરણથી પણુ માઠી છે. સુશીલ! આવા પ્રકારનુ જ એ બાબતમા મારૂ મતવ્ય હોય, તે તો તુ પણ સમજી શકે છે. છતા તે બાબતમા અત્યાર સુધી આટલી બધી ઉઝર શાને કરતો હતો?

સુશીલ—મતવ્ય તો એ પ્રકારનુ પ્રાય સર્વનુ હોય છે પણ એ મંતવ્યનુ આચારમા અવતરણ તો બહુ જ સ્વલ્પનુ હોય છે. તેવાઓનું પણ સર્વદા આચારમા ટકી રહેવુ દુષ્કર છે મનુષ્યની મનુષ્યતા, સત્ય તરફના મતવ્યમા કસોટીએ ચડતા પણ વિજયી નીવડે, ત્યારે જ એ મતવ્ય ખરૂ માની શકાય. અને તેથી જ હુ ઉઝર કરતો હતો જે આ તું 'પ્રાણ કરતા પ્રતિષ્ઠા વિશેષ' કહે છે, તે તારૂ મતવ્ય મરણાંત પયત તારા આચારમા બન્યુ રહે, ત્યારેજ તે હુ સત્ય માની શકું.

સૌભાગ્ય—સુશીલ! સત્ય વાત છે કે ઘણીવાર કેટલાક વિધિ-નિષેધને સમજનારા વદે છે કે 'આ પાપ છે,' એમ જાણતાં છતાં તેમાંથી પોતાની નિવૃત્તિ કરતા નથી, તથા આ પુણ્ય છે, એમ માન્યા છતા એમાં પ્રવૃત્તિ બની શકતી નથી. કહે, આવી સમજણ શા કામની છે? આવા પ્રકારની સ્થિતિ એ એક પ્રકારની માનસિક નિર્બળતા છે. મનના કુટિલ સ્વભાવને વશ બની તેને જોઇતો આનંદ આપવામાં તેવા નિરોધકાતરોને* રડીને તેની સાથે જોડાવું પડે છે,

---

* વૃત્તિનો સયમ કરવામાં નિર્બળ જનોને.

અને પછી "અમે રડીને તે પ્રવૃત્તિ કરીએ છીએ, અમારાથી નિગ્રહ નથી બનતો" એમ બોલ્યા કરે છે. આમ કરવાથી તેઓ પોતાની ધર્મમાં-કર્તવ્યમાં લાગણી છે એમ બતાવ્યા કરે છે. આમાં પણ તેઓનો એક ઉદ્દેશ હોય છે. અને તે એ કે જગત્ ગુણાનુરાગી છે, અને એથી અમારૂ ગુણ રહિત વર્તન નિહાળી રખે ઉદાસ બને, તેથી પોતાની નિર્બળતા ગાઇને પોતાની તે તરફ અરૂચી—તિરસ્કાર છે એમ બતાવીને તે ખામી દાબવાનો પ્રયત્ન કરવો. પણ હું તો કહુ છુ કે આવુ બોલનારા પ્રત્યે અણગમો નહિ લાવનારા તેના પાકા શત્રુ છે પશ્ચાત્તાપનુ પુનરાવર્તન થવા દેવું એ તો પાપી કાયદો છે. શુ તેને એ પ્રમાણે પુન પુન તેવી પ્રવૃત્તિમા નિમગ્ન રાખી પશ્ચાત્તાપને જ સેવતો રાખવો ? બીજાએ પણ તેના અનુસગી બન્યા રહેવું ? એ તો પાપને ઉત્તેજન આપવા સરખુ છે. એમ કરવાથી તો તે જીદગીના છેડા સુધી તેવા વર્તનને ધારી રહે છે. હુ તો માનું છુ કે તેવા નિરોધ કાતરો પોતાની અમુક સ્વછદતા પાછળની આસક્તિ ત્યજી શકતા નથી અને બાહ્યમાં તેને ઢાંકવા વ્યર્થ ધૂર્તતા સેવે છે. જે પશ્ચાત્તાપ એક વખત હૃદય પૂર્વક કરવામાં આવે છે તે પુનઃ પાપ કરવાજ દેતો નથી. ક્ષણેક પશ્ચાત્તાપ થાય અને બીજી ક્ષણે પાપમાં જોડાવાય તે પશ્ચાત્તાપ કેવો ? આવા નિગ્રહકાતરોને પ્રતિષ્ટાવાળા રાખવાથી જગતનું અહિત થાય છે. તેઓનો સગ રાખી, ક્ષણે ક્ષણે ગ્લાની પામવા કરતા સર્વથા તેમનો તિરસ્કાર કરવો એ જ તેમને સુધારવાનો રસ્તો છે.

સુશીલ—ભાઇ સૌભાગ્ય ! તે તારૂ કથન મને ઉચિત લાગતું નથી. તિરસ્કારથી તો ઉલટુ મનુષ્ય નફ્ટ બને છે. એથી તો જે કાંઇ તેટલો દેખાવમા પણ વિવેક સેવતું હોય છે તે પણ નેવે મૂકી

દે છે. બાહ્ય અંગ ઉપર ગુમડું થયું હોય છે તો તેને આપણે કાપી નાંખી દેતા નથી. તો એ પણ એક પ્રકારની માનસિક વ્યાધ છે. તેની ચિકિત્સા કરવી અને તે છતાં સુધરે નહિ તો તેનો તિરસ્કાર નહિ કરવો પણ સંગને તજવો, એજ ઉચિત લેખાય.

. **સૌભાગ્ય**—અસ્તુ, એમ હો. પણ હવે એ તારી રાવણુની મોકાણુ આટોપી, તેં શું નિહાળ્યું તે તો તું કહે ?

સુશીલ—જો સાંભળ. પેલો સદાફળ શ્રેષ્ટીનો પુત્ર **પ્રાણુલાલ**, તેની કુટિલ આદત છોડવાને આપણી પાસે પ્રતિજ્ઞા પૂર્વક પશ્ચાત્તાપ કરતાં છતાં હજી પણુ તેની તે કુટિલ ટેવ છોડતો નથી. જો આ તારી સંમુખ દેખાય તે વેશ્યાના સદનમાં ઉભો છે. તે તને અને મને જોઇ ઉભો રહ્યોછે, અને દ્વારમાથી પુન પુન, આપણે અત્રેથી ખસીએ તો ચુપકીથી બહાર નીકળી રસ્તો માપવાની પ્રતીક્ષા કરી રહ્યો છે. પ્રાણુ વિશેષ કે પ્રતિષ્ટા, એ ઉક્તિની, આ જોતા, આચારમાં આવશ્યકતા તને હવે સમજાઇ હશે. તને ખાત્રી થઈ હશે કે જેમાથી આવા ખોટા આચરણુની કલ્પના પણુ આપણે કે કોઈ કરી ન શકે એવુ જ આચરણુ આ ઉત્તમ કહેવાતા શ્રેષ્ટિનો જ સતાન કરી રહ્યો છે. જો પ્રતિષ્ટાની તેને યથાર્થ કીંમત સમજાઇ હોય તો આ પ્રમાણે પ્રાણુ જતાં પર્યંત પગલુ ભરે ખરો કે ? ઉભો રહે. આપણે અન્યોક્તિથી તેને હિતશિક્ષા સંભળાવીએ.—

મરાઠી સાખી—(કાલિંગડામાં પણુ ગવાય છે.)

ઉડિ જા ઉડિ જા સત્વર પટ્પદ કમલકલિ તજી પ્યારા
રસમાં રાચી રહ્યા શીદ મૂરખ હિત વચનો સુણુ મારાં
નકી એ નીરસ છે બહુ થકી જેહ પ્રીતિવશ છે.

આ રીતે ઉક્ત પ્રસંગથી વ્યથા પામેલા હૃદયવાળા તે ઉભય મિત્રો આગળ ચાલવા લાગ્યા. પ્રાણુલાલ પણ પોતાના લજ્જીત મુખને છુપાવતો, તેઓને ત્યાંથી ખસેલા જોઇ બહાર નીકળી ચાલતો થયો. માર્ગમાં જતા, સૌભાગ્ય બોલ્યો:-"ભાઇ સુશીલ, આપણો આર્યાવર્ત આદિ ધર્મક્ષેત્ર મનાય છે. નિવૃત્તિ જેનો પરમ માર્ગ મનાયો છે, જ્યા ત્યાગીના મુખમાંથી તો શુ પણ સસારીના મુખમાંથી પણ પરમાર્થનીજ વાતો નીકળે છે, જ્યા અન્ય દેશો કરતા અધિક ધાર્મિક ચર્ચા, ધર્મધ્યાનમા ઉપરતિ-પ્રીતિ-આદર અપાતો નિહાળવામાં આવે છે, એજ આર્યાવર્તના મનુષ્યોમા આવું વર્તન ! આવો સડો ! આવો અનાચાર ! આપણા આર્યવાસીઓની આ સહુ પ્રવૃત્તિ, હસ્તિના દતશળ દેખાડવાનાયે જુદા અને ચાવવાનાયે જુદા; એ માફક સબ કહેનેકી બાતા, ઔર કરનેકી કુછભી નહિ એવી જણાય છે. આનું શુ કારણ ?

સુશીલ—ભાઇ ! સૌભાગ્ય ! તું એના મર્મને સમજ્યો નથી આપણા આર્યાવર્તને માટે તું જે કહે છે તે બધુ સાચુ' છે. પણ આ બધી અવ્યવસ્થાનું કારણ અનધિકારી ઉપદેષ્ટાઓ તેમજ શ્રોતાઓ છે. અર્થાત્ નકામા ડોળઘાલુ ઉપદેશકો, અધિકાર, આચાર, અને જ્ઞાન બહારનો ઉપદેશ આપવા મેદાનમાં નીકળી પડયા છે અને શ્રોતાઓ પોતાનો અધિકાર સમજ્યા વિના તેમા જોડાય છે. આવી બધી અધાધુધીથી, વાતોમા વિશ્વને ખડુ કરવુ અને આચારમાં શૂન્ય-મીડુ આવી રહ્યુ હોય એવો દેખાવ નજરે પડે છે. તેવાઓને એવી પ્રવૃત્તિ કરતા અટકાવવાનો કોઈ પ્રબલ કાયદો નથી કે જેથી થતી અંધાધુંધી અટકે. આથી બને છે એમ કે અજ્ઞાનતા કિંવા મોહવશ "મારૂતારૂ-નિજપર" એવો મમત્વ બંધાઈ જાય છે,

અને સંસ્થાએ સસ્થામાં, ધર્મે ધર્મમા કુસંપ-મારફાડ, અને વિગ્રહો વધી પડે છે. ધર્મને બદલે અધર્મને પોષણ મળે છે અને નિવૃત્તિને બદલે સાચી પ્રવૃત્તિ પણ દુષ્કર થઇ પડે છે મતલબ કે—

સ્રગ્ધરા વૃત્ત.

વાદો રોપી વિશેષે નકી જઘડશે વૈષ્ણવો શૈવ સાથે
શૈવો સામંત રાગ બની તુટી પડશે વૈષ્ણવી સઘ માથે
જૈનો ઇત્યાદિ સર્વે અરિ બની અડશે અન્યના ધર્મ ઓળે
પોતામા જે કહેલુ પરમ ઉચિત જે સત્ય તે નાહિ ખોળે.

સૌભાગ્ય—સુશીલ! તું કહે છે તેવી વ્યવસ્થા પુન કયારે સ્થપાય?

સુશીલ—स्वधर्मे निधनं श्रेय परधर्मो भयावह अर्थात् પોતાના ધર્મમા રહેતા મરણ થાય તો તે શ્રેષ્ટ છે પણ પરધર્મ તો પરમ ભયાવહ છે, આવુ વગર સમજ્યુ સમજાવનારા ઉપદેશકો દુનિયાથી ફિટી જાય, હતપ્રહત થઇ જાય, કિંવા શ્રોતા વર્ગ તેવા ઉપદેશકોના મિથ્યા ઉપદેશથી વિધિ-નિષેધને સમજી દૂર રહેતા થાય ત્યારે જ હિતને સમજતા થાય.

સૌભાગ્ય—स्वधर्मे निधनं श्रेय એનો જે અર્થ તે કર્યો તેવોજ થાય છે. તેમાં તેઓ વગર સમજ્યુ શુ કરે છે?

સુશીલ—અત્યંત અણુસમજ્યુ આચરણ કરે છે. એ વાક્ય યદ્યપિ જૈનેતરનું છે તો પણ અત્યારે પ્રસંગાનુકૂલ ઉપદેશકોની અજ્ઞતા બતાવવાને ખાતર ઉદાહરણ તરીકે તેનુ અવતરણ કર્યું છે. તે વાકય• ભગવદ્ગીતામાં કૃષ્ણે અર્જુનને સ્વધર્મનું ભાન કરાવવા કહ્યું છે. આખું ગીતાશાસ્ત્ર અર્જુને કુરૂક્ષેત્રના યુદ્ધમાં તત્પર થવાને કૃષ્ણે ઉચ્ચાર્યું છે. ત્યાં સ્વધર્મ એટલે સ્વકર્તવ્ય-પોતાનુ ક્ષત્રીયોચિત

કર્તવ્ય-શસ્ત્ર પ્રરાક્રમ તે આચરતા નિધન-મૃત્યુ થાય તો તે શ્રેષ્ટ છે, પણ પર એટલે ક્ષત્રિ ધર્મથી બીજો કાયરનો ધર્મ સ્વીકારવો એ તો ભયાવહ છે. અર્થાત્ સ્વકર્તવ્ય એટલે લડાઇમા શસ્ત્ર ઝાલતા તુ મૃત્યુ પામે તે કરતાં કાયરમાં ખપી ઉપહાસને પાત્ર થાય તે ભયાવહ છે. આ વિધિ કૃષ્ણે અર્જુનને ક્ષત્રિયોચિત કર્તવ્ય સમજાવ્યુ છે. હવે મૂર્ખ ઉપદેષ્ટાઓ ત્યાં સ્વ એટલે પોતાનો અને પર એટલે પારકાનો ધર્મ એટલે પંથ એવો આશય ઠોકી બેસાડી, પરસ્પરમા કલહ અને ઝગડાઓ રોપે છે. આવી સ્વમતાધ બુદ્ધિ દૂર થઈ ઉપદેશક અને શ્રોતા એ ઉભય સસ્થામા જ્ઞાનની-કેળવણીની પ્રાપ્તિ થાય ત્યારેજ તુ ઇચ્છે છે તેવી બધી વ્યવસ્થા સુધરે.

સૌભાગ્ય—એ બધી વ્યવસ્થા કયારે સૂધરે ? કેવારે થાય ?

સુશીલ—એ બનવું સમયના અને અમુક સસ્થાના જ્ઞાનના અને કેળવણીના બધારણ ઉપર આધાર રાખે છે.

સૌભાગ્ય—સમયની વાતને એક બાજુ ઉપર રાખીએ. પણ જ્ઞાન અને કેળવણીના બધારણવાળી એવી સંસ્થા કયાઇ અસ્તિત્વ ધરાવે છે કિંવા નહિ, તે તો કહે ?

સુશીલ—કેમ નહિ ! જ્યાં કેળવણી અને જ્ઞાનનો પ્રચાર છે એવા સુધરેલા ભાગોની દરેક સંસ્થાઓમાં એવું બધારણ પ્રાયે અસ્તિત્વ ધરાવે છે.

સૌભાગ્ય—સુશીલ ! એવું એક તો સ્થળ દેખાડ કે જ્યાં એવી સુવ્યવસ્થા હોય ? જ્યાં ઉપદેશકો અને શ્રોતાઓ પોતાના અધિકારમા રહી વર્તતા હોય ?

સુશીલ—અત્રે જ એવી વ્યવસ્થા છે. તારી ઇચ્છા હોય તો ચાલ હું તને બતાવું.

સૌભાગ્ય—ઠીક, તો એમજ કરીએ. આ પ્રમાણે નિર્ણય કરી બંને પાછા વળ્યા. સુશીલ તેને એક કનિષ્ટ દરજ્જાની જૈન વ્યાખ્યાનશાળામાં લઈ આવ્યો, અને કહ્યુ કે જો સૌભાગ્ય! જેમ વિદ્યાના પ્રારંભકાળે ઉપલા ધોરણમાં બેસવા લાયક થવા, પ્રથમ વિદ્યાર્થી બાળવર્ગથી અભ્યાસ ક્રમ શરૂ કરે છે તેમ શ્રોતાઓ પોતે ઉચ્ચ જ્ઞાનની સ્થિતિના આધકારી બનવા પ્રથમ અત્રે આવી તેનો આરંભ કરે છે અને ત્યાંથી પછી તેઓ ઉચ્ચ દિશાના અધિકારી બનતાં ઉપદેષ્ટા ગુરૂ તેમને મધ્યમ વર્ગમાં બેસવા સર્ટીફીકેટ સાથે મોકલે છે

સૌભાગ્ય—સુશીલ! આ કનિષ્ટ સંસ્થાનો શો અભ્યાસક્રમ છે? તેમાં પ્રાયે શુ ચર્ચા થાય છે? કોણ અત્રે આવવાને અધિકારી ગણાય છે?

સુશીલ—સૌભાગ્ય! તેમાં ઉપદેશ પ્રાસાદ, ત્રિશષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર, ઉપદેશમાળા, રાસા વિગેરેનો વ્યાખ્યાન ક્રમ રાખવામાં આવેલો હોય છે. પ્રાયે તેમા પાપ, પુણ્ય, ધર્મ, અધર્મ, વ્યવહાર, પરમાર્થ, ઇત્યાદિ બાબતો દૃષ્ટાંત દ્રાષ્ટાંતાકાદિએ ચર્ચાય છે અને નિરૂપણ થાય છે. આ વર્ગના અધિકારી, જીજ્ઞાસુઓ હોય છે.

સૌભાગ્ય—પ્રત્યેક આવનાર જીજ્ઞાસુ છે તેની કાઇ પરીક્ષા? શુ જીજ્ઞાસુપણાની તેઓના કપાલમા કાઇ રેખા અંકિત થઇ હોય છે કે જેથી તેને ઓળખી શકાય?

સુશીલ—એમ તો કાંઇ હોય છે? પણ મેધાવી પુરૂષોએ તેવા ગુણની સાબીતીના અમુક લક્ષણો કહ્યાં છે, જેથી તેની પરીક્ષા થઇ શકે છે.

સૌભાગ્ય—એ લક્ષણો શાં શાં છે?

સુશીલ—શ્રદ્ધા, સરલતા, નિષ્કપટ મન, વ્યવહારમાં પ્રમાણિ-

ડપણું, નિર્માનીપણુ, પુણ્યમાં રૂચી, પાપમાં ઉપેક્ષા, એ ઇત્યાદિ તેનાં લક્ષણો છે.

સૌભાગ્ય—સુશીલ! વળી તેં એની એજ વાત કહી. તે લક્ષણોનુ ઉપલક્ષક ચિન્હ શુ તેઓના કપાળે લાગેલું હોય છે કે જેથી તે જીજ્ઞાસુ છે એમ ખાત્રી થાય? જેમ જીજ્ઞાસાને ઓળખવાને ચિન્હ નથી તેમ એ લક્ષણોને ઓળખવાને પણ ચિન્હ વિશેષ નથી, એનો નિર્ણય કેવી રીતે થાય?

સુશીલ—ભાઈ! જે અવસ્થામા વ્યક્તિ સ્થિત છે તે સ્થિતિને શોભાવે તેવી તેની સમસ્ત પ્રવૃત્તિ ઉપરથી, લોક કથનઉપરથી.

સૌભાગ્ય—ઠીક. પણ સમસ્ત આ આવનારાઓને ઉપદેષ્ટા તે આવનાર કેવી સ્થિતિમાં સ્થિત છે, તેની શુ પ્રવૃત્તિ છે, તેના માટે લોક માન્યતા કેવી છે એ કેમ જાણે? એને માટે તું શુ કહે છે?

સુશીલ—ભાઇ! તેની પરીક્ષા વિશેષને માટે સાધનોનો શું તોટો છે! એમ હોવાનું જરાપણ સમજતો નહિ. ત્યાં એક ગામનો પરિચિત સહુને ઓળખી શકે તેવો એક શ્રોતા અધિકારી નીમેલો છે જે સર્વ આવનાર વ્યક્તિઓમાથી જે યોગ્ય હોય તેને પસાર કરે છે.

સૌભાગ્ય—કદી એ પરીક્ષક રાગાંધપણાને લીધે કે કેટલાક વ્યાવહારિક કારણોને લીધે ઉદ્‌ભવતા પક્ષપાતને લઈને તેને પસાર કરી દે તો?

સુશીલ—સૌભાગ્ય! ત્યા તેવુ પોપાબાઈનુ રાજ્ય નથી. પ્રથમ તે પરીક્ષક, પરીક્ષા લઇ રહ્યા પછી ઉપદેષ્ટા પુનઃ તેની ખાત્રી કરે છે, ત્યારે તેને આવકાર મળે છે. તું સઘળે જોજે કે પક્ષપાત થયેલ છે કિંવા નિષ્પક્ષપાતપણે તે નિયંત્રણ ચાલે છે?

આ પ્રમાણે વાતો કરતાં તેઓ તદ્દન વ્યાખ્યાનશાળા નજીક આવ્યા. પાસેજ એક શ્રોતા પરીક્ષક ઉભો હતો, તે નિત્યના પરિચિતને અંદર જવા આપતો હતો. નૂતન શ્રોતા-જીજ્ઞાસુઓને તે એક બાજુ ઉભા રાખતો હતો. આ પ્રમાણે આવવા દેવાનું કામ વ્યાખ્યાન શરૂ થતા પહેલા અર્ધો પોણો કલાકે બંધ કરવામાં આવતું હતું કે જેથી નવાની પરીક્ષા લેવાનો સમય મળી શકે. લોકો ટેવાઇ ગયેલા હોવાથી પ્રાયે નિર્મીત વખતે જ આવતા હતા અને કદી કોઇ વખત બહાર આવતો તો તેને પાછુ ફરવું પડતુ. દ્વારપાળ પછીથી આવનારને મનાઇ કરતો હતો. નિત્યના નિયમ પ્રમાણે સહુ આવી ગયુ. નૂતન આવનારાઓને માટે હવે મનાઇ થઇ. આવી ગયેલા પરિચિત સહુ મૌન ધારણ કરી બેસી ગયા. નવાઓની પરીક્ષાનો આરંભ થયો. વ્યાખ્યાતા ગુરૂ, બમણો શ્રમ બચે તે હેતુથી પરીક્ષ્ય શ્રોતા પાસેજ પરીક્ષા કાળે આવી ઉભા રહેતા. તુરત તે શ્રોતા-પરીક્ષકે નવા આવેલા જીજ્ઞાસુઓને બોલાવ્યા. તેમાના એકને બોલાવી તેણે કહ્યું, પાનાચંદ શેઠ ? તમે વ્યાખ્યાન શ્રવણ કરવા આવ્યા છો ? ખુશીની વાત છે. સુખેથી શ્રવણ કરો. પુણ્યના વિષયમાં સહુનો સરખો હક છે. એમ બોલી નીચેથી સંકેત વડે તેણે એક માણસને ઉપર બોલાવ્યો. આ જોઇ પાનાચંદ આભોજ બની ગયો. તે મનમાં બોલ્યો, મારો મુનીમ અહી કયાથી ? અને મોટેથી કહેવા લાગ્યો, કેમ મઠીયા ! દુકાન રેઢી મૂકી કેમ આવ્યો છે ?

મઠીયો—શેઠ સાહેબ ! તમે પૈસાવાળા તમારી પાસે મૂડી. તમે ધર્મ ધ્યાન કરો, કથા વાર્તા સાંભળો. અમે ગરીબે કાંઇ ગુન્હો કીધો ? હું પણ વ્યાખ્યાનજ સાંભળવા આવ્યો છુ. આજથી પ્રતિજ્ઞા કરી છે કે નિત્ય પ્રતિ વ્યાખ્યાન શ્રવણ કરવા આવવું. પાનાચંદ આ

સાભળી ચીડાઇ ગયો. તે બોલ્યોઃ-મઠીયા ! સવારમાં ઉધરાણી નહીં પાધરાણી નહીં. ગરાગી મારી બધી લુટાઇ જશે અને તું વ્યાખ્યાનનો રસીયો વ્યાખ્યાન સાંભળવા આવ્યો છે. વ્યાખ્યાન ! સસરા, તું તે મુનીમ કે શેઠ ? આવી સાહિબી જોઇતી હતી તો મુનીમ નહોતું થાવુ. શેઠ થાવું તું શેઠ ? પાછો જાય છે કે શુ કહે છે ?

મઠીયો—શેઠ ! પુન્યની-પરમાર્થની બાબતમાં શેઠથી મુનીમ સુધી, રાજાથી રાક સુધી, સહુનો સમાન હક છે. પાછો બાછો હું જવાનો નથી અને એવી કઇ ગરાગી નવ વાગતા સુધીમાં લુટાઇ જતી નથી. ઉલટું તમારે તો મને ભલે આવ્યો, વ્યાખ્યાન સુખેથી સાભળ, એમ કહેવું જોઇએ. આવી પુન્યની બાબતમા આડો પગ ઘાલો છો તે ઠીક નથી કરતા. સાહેબ !

પાનાચંદ—(ગુસ્સામા ચીડાઇ) જો તો, સાસરો મને પરમારથ શીખવવા આવ્યો છે ! પાછો જાય છે કે શુ કહે છે ?

મઠીયો—સાસરો બાસરો, એવુ વત્તુ ઓછુ શેઠ તમારે નહિ બોલવું. તમારી દુકાન ઉપર છાપ નથી મ ડાવી. તમારે મુનીમ ઘણા તો મારે શેઠ ઘણા. કાંઈ જ ડર તમે મને બતાવતા નહિ. આ પડી તમારી મુનીમગીરી. માળી રૂઠયો ફુલ લે ! પછી—

પાનાચંદ—તારૂ નખોદ જજો. મઠીયા, તે મને હલકો પાડયો; મારો દિવસ બગાડયો. મારી ગરાગી પણ ખોવરાવી. બળી કથા ને બળ્યા વખાણ. એમ બોલતો ધુવાપુવા થતો નીચે ઉતર્યો અને પોતાની દુકાનનો રસ્તો માપ્યો.

સુશીલ—કેમ ભાઇ સૌભાગ્ય ? જીજ્ઞાસાનુ ઉપલક્ષક ચિન્હ તેં જોયું ? કહે, પરીક્ષા કેવી થાય છે ? એ મુનીમ વખાણુ સાંભળવા

આવ્યો નહોતો. એ તો પેલા પરીક્ષ્ય શ્રોતાની પરીક્ષા લેવાનુ યુક્તિ કૌશલ્ય સમજ્યો ?

સૌભાગ્ય—ધન્ય છે ઉત્તમ નર ! આવી જ પરીક્ષા કરવી જોઇએ. કુંભારને ઘરેથી ઉપયોગને માટે એક હાંલ્લુ પણ સો ટકોરા વગાડી ખરીદીએ છીએ અને ધર્મના ઉપયોગમાં ખપના-અણુખપના એવા ગમે તેને આડે ધડે આદર આપવો એ તો અવિવેક છે. સુશીલ ! શુ એ પરીક્ષકનું યુક્તિ કૌશલ્ય ?

સુશીલ--ભાઇ ! તું ધીરો થઇ તમાસો જોયા કર. તારી સર્વ ભ્રાંતિ અત્રે ભાંગશે.

વાચકો, પેલો પાનાચંદ શેઠ દુકાને પહોંચે છે, તે પહેલાં તો મુનીમ મઠીયો દુકાને પહોંચી કામ ઉપર બેઠેલો. પાનાચંદે પૂછ્યું, મઠીયા ! વખાણ સાભળવા આવ્યો હતો ને ? મઠીયે કહ્યું, શેઠ ! વખાણુ અમારા નસીબ સુધી હોય તો અમે ગરીબ શા માટે અવતરીએ ? તમે કેવા વખાણુ સાભળવાના જીજ્ઞાસુ છો તેની કસોટી કરવા મને તો પરીક્ષક સાહેબે બોલાવ્યો હતો. તમારી ધર્મમા કેટલી જીજ્ઞાસા છે તેનું પારખુ તેણે કરી લીધું. આ જાણી પાનાચંદ વિમાસવા લાગ્યો અને બીજે દહાડે સત્ય રૂચી સજી વખાણુ સાંભળવા ગયો. જ્યારે તેની ખરી જીજ્ઞાસા જાણી તે દહાડે તે પરીક્ષકે તેને પસાર કીધો.

અત્રે વ્યાખ્યાનશાળામાં પેલા પરીક્ષકે બીજા જીજ્ઞાસુને બોલાવ્યો અને કહ્યું, ઓહો હેમચંદશા ! તમારે કામ આડે મરવાની નિવૃત્તિ નહિ. આજ તમે કયાંથી નવરા ? પણ ખરૂ છે, સાળી રોજની જંજાળ થઇ. કોઇ દહાડો કથા વાર્ત્તા નહિ, ગુરૂને વાંદવા કે પૂજા સેવા કરવાનો વખત નહિ. એ તે સાળું શે ખમાય ? શુ ઉમર

બધી વ્યવહારમાં ધુળ ,ઘાલવાને જ માટે છે ? એટલામા તો એક છોકરો, સકેત પ્રમાણે ત્યા આવી પહોચ્યો. પેલા શ્રોતા પરીક્ષકે કહ્યું, શેઠ ! આ તમારો પુત્ર કેમ આવ્યો છે ? જુઓ, એ તમારૂં કાંઇક કામ હોય તેમ હાફળો ફાંફળો તમને શોધે છે. અરે ભાઈ ! આ તારા પિતા રહ્યા. શેઠ ! શુ એને કામ છે ? પૂછી સમાધાન કરો, અને સુખેથી પછી વ્યાખ્યાનમાં બેસો, આમ કહીને તે હસતો હસતો શુ થાય છે તે તમાસો જોવાને લાગ્યો. પેલા શેઠે કહ્યું, કેમ છે છોકરા ! કેમ આવ્યો છે ?

છોકરો—તમારૂ કપાળ ! પૂછે છે કે કેમ આવ્યો છે ? તમે અહીં આવીને બેઠા અને પેલા આડતીયા શાહ જોઇ થાકી બીજેથી માલ ખરીદવા ગયા. હુ તમને કયાં શોધુ ? માડ આહીં પત્તો લાગ્યો. આ વાત સાંભળી હેમચદ હેબકજ ખાઇ ગયો. ગુસ્સામાં ને ગુસ્સામા તેણે છોકરાને લે-લે-લે કહી બે ત્રણ લપડાકો ચોડી દીધી અને બોલ્યો, સામરા ! મરી કેમ ના ગયો ? બીજે જાવા કેમ દીધા ? ગમે તે જુક્તિ કરી બેસાડવા હતા. છોકરો માર વાગવાથી કીકીયારીઓ પાડવા લાગ્યો અને રોતો રોતો બોલવા લાગ્યો, બાપા ! તમારામા બોણી નહિ અને મને શાને લેતા પડો છો ? તેઓને ઉતાવળનું કામ હોય તે મારા રોકાયા રોકાય ખરા ?

હેમચંદ—કમજાત છોકરા ! એક તો ઘરમાં જાન કરી પાછો મને 'તમારામા બોણી નહી' કહી ચીડવે છે ? એમ કહી વળી બે ચાર મુક્કા ચોડી દીધા. છોકરો મારથી હેરાન બની બુમેબુમો નાંખવા લાગ્યો. પરીક્ષક આ સર્વ જોઇ બોલ્યો, હેમચદ શેઠ ! કાંઇક વિવેક રાખો. આ શુ તમારૂ ઘર છે ? વખાણ સાંભળવા આવેલા બીજાઓની ચિત્તવૃત્તિમાં પણ આ પ્રમાણે ધાંધલ મચાવી વિક્ષેપ

નાખો છો. તમારે ઘેર જઈ જે કરવુ હોય તે કરો. તમારા જેવા અર્થદાસોને વખાણ સાભળવા આવવુ વળી પાલવે? હવે અહીં તોફાન ન મચાવો અને ઘરે જાઓ. અને એમ કહી એ સરઘસને વળોટાવ્યુ. આ પણ એ પરીક્ષક શ્રોતાની યુક્તિ હતી. કેમકે નીચે ઉતરતાં જ પેલા તે આડતીયા સામા મળ્યા. સકેતથી તેમને બીજે માલ ખરીદવા જવાનુ કહી પરીક્ષકે તેમને અત્રે બોલાવ્યા હતા. શેઠ! જાઓ જાઓ, અમારો વખત ચુકાવ્યો. જાઓ, જાઓ ભલા માણસ! બધા દિવસનો નાતો તોડી આવતા આવતામાં માલ બીજે ખરીદવા ગયા? એક આડતીયો બોલ્યો—શેઠ! શુ કરીએ? બીજેથી માલ ખરીદો નથી પણ ઉતાવળનુ કામ હોય તો તેમ પણ કરવું જોઇએ. આવી રીતે ધમાધમ કરતું તે સરઘસ ચાલતુ થયુ

સુશીલ—કેમ સૌભાગ્ય! જુએ છે કે?

સૌભાગ્ય—ભાઇ! હુ તો દિગ જ થઇ ગયો છુ. જો આ પ્રકારે સર્વત્ર વ્યવસ્થાથી કામ લેવાતું હોય તો આ હિદુસ્તાન સ્વલ્પકાળમાં મોક્ષનુ મંદીર બની રહે.

એવામા ત્રીજા શખ્સને પેલા અધિકારી પરીક્ષકે બોલાવ્યો અને કાઇક પૂછવા જાય છે એવામાં પાચ સાત માણસો દોડતા દોડતા ત્યાં આવ્યા. પેલો પરીક્ષક પૂછવા લાગ્યો, શુ છે ભાઇ! શુ છે? કોને ખોળો છો? શુ થયુ છે? પેલા આવનારાઓ કહેવા લાગ્યા. મારીને નખોદ વળી ગયુ અને પેલા શેઠને જોઇ 'શેઠ માણેકચંદ! દોડો દોડો, પાછા ચાલો, ઘરે આગ લાગી છે.' પેલો પરીક્ષક બોલ્યો, કાઇ નહિ, માણેકચદભાઈ, પાછા જાઓ. સ્વાર્થને સંભાળી પરમાર્થ સાધવો તે જ સારૂ છે. વળી કાલે વખાણમાં આવજો.

૧૯ **માણેકચંદ**—છોકરાઓ! જાઓ પાછા જાઓ. હુ તો વખાણ

સાંભળવા આવ્યો છુ, તે પાછો આવવાનો નથી. તમે બધા લાયક છો. મારૂ શુ કામ છે ? બનતા પ્રયત્નો કરી ઓલવી નાંખો. શાસન દેવતાની દયાથી તુરત આગ ઓલવાઈ જશે. આ રીતે તે શ્રેષ્ઠીની તિવ્ર જીજ્ઞાસા જોઇ સકેતથી એક જણુને તે પરીક્ષકે બોલાવ્યો, અને તે કહેવા લાગ્યો "શેઠજી, સુખેથી વખાણુ સાંભળો. આગ ઓલવાઇ ગઈ છે અને કાઇજ નુકસાન થયુ નથી"

આ પત્રણા પૂર્ણ થતા વ્યાખ્યાનનો સમય થઇ જવાથી શ્રોતા સહુ ભીતર જઇ પોતપોતાના આસને બેઠા. પરીક્ષક પણ વખાણમાં જઇ બેઠો. ગુરૂવર્ય એવા મુનિએ વખાણુ વાચવાનો આરભ કર્યો. મૃષાવાદ પરિહારના સબધનુ સુલલિત રીતે દષ્ટાતાદિથી, યુક્તિ પ્રયુક્તિથી નિરૂપણુ કરવા લાગ્યા. બાકી રહી ગયેલા જીજ્ઞાસુઓને, દ્વારપાળે બીજે દિવસે આવવાનુ કહ્યુ. એક પછી એક બધા ઘરે જવા લાગ્યા. સુશીલ અને સૌભાગ્ય પણુ આવી ઉત્તમ વ્યવ સ્થાના વખાણુ કરતા આનદમગ્ન થતા ઘર તરફ વળ્યા. બીજે દ હાડે યથા સમયે મધ્યમ વર્ગની વ્યાખ્યાનશાળાનુ કાર્ય નિરીક્ષવા નક્કી કરી બને છૂટા પડી ઘરે આવ્યા. સૌભાગ્યનો તે દહાડો તો ક્યારે વીતે અને સવારમા હુ એ મધ્યમ વર્ગની સ્થિતિ નિહાળુ, એ વિચારમા જ પરાકાષ્ટાએ પસાર થયો જેમ તેમ રાત્રી પડી પણુ એજ વિચારમાં ઉઘ પણુ ન આવી. શય્યામા આમથી તેમ પાસા ઘસી પરાણે સવાર પડયુ, અને તુરત દત માર્જનાદિ કરી, કપડા પહેરી, સુશીલને ત્યાં આવ્યો. સુશીલ પણુ કપડા પહેરી તેની રાહ જોઇ ઉભો રહ્યો હતો. સૌભાગ્ય આવતા બન્ને મિત્રો બહાર નીકળ્યા અને સ્વલ્પ કાળમા, મધ્યમ વર્ગની જૈન વ્યાખ્યાન શાળામા આવ્યા. સમય હજુ થયો ન હતો વ્યાખ્યાનશાળા સાફસુફ

થતી હતી ઉચિત બધી ગોઠવણુ પણ કરવામાં આવતી હતી. મુનિ-વ્યાખ્યાતા દેરાસરમા પ્રભુના દર્શન કરવા ગયેલા હતા તે આવી આસને વિરાજ્યા. એક પછી એક પ્રથમ શ્રોતા અધિકારીઓ આવવા લાગ્યા. મુખ્ય શ્રોતા અધિકારીએ તેઓને ઓળખી ઓળખી પસાર થવા દીધા અને અભિનવ આવનારને, કનિષ્ટ દરજ્જાના સપૂર્ણું અ-ધિકારી હોવાના સર્ટીફીકેટો લઇ અલગ તારવવા લાગ્યો. અહી કનિ-ષ્ટ વર્ગની જેમ જીજ્ઞાસુ હોય તે સમસ્ત આવી શકે એમ કાંઇજ નહિ હોવાથી, અધિકાર પરત્વે વાત હોવાથી, માત્ર કનિષ્ટ વર્ગમાથી સર્ટી-ફીકેટ લઇ આવનારાઓ જે પ્રતિરોજ એક બે હોય તેમને પરીક્ષા લઈ દાખલ કરવા શિવાય કાઇ તોફાન હતું નહિ. વ્યાખ્યાનશાળા પ્રેક્ષક વર્ગને જોવાને માટે છૂટી મૂકવામા આવતી હતી. માત્ર વ્યાખ્યાન સમયે દૂરથી ઉભા રહી જોવું હોય તો તે બની શકે, પણ અંદર જવા છૂટી મળતી નહિ. આપણા પેલા સુશીલ અને સોભાગ્ગ આ-વી ઉભા. પ્રેક્ષક તરીકે તેઓ કેવી પરીક્ષા લેવાય છે તે નિહાળી રહ્યા છે. આજે બે એક આશામી કનીષ્ટ વર્ગમાથી મધ્યમ વર્ગમા સર્ટીફીકેટ સાથે બેસવા આવ્યા છે. શ્રોતા પરીક્ષકે તેમને બોલાવ્યા અને એકને કહ્યુ શેઠજી! તમે કનિષ્ટ વર્ગના સર્ટીફીકેટથી અત્રે બે-સવા આવ્યા છો તેથી તે વિષયક તમને સપુર્ણું જ્ઞાન હોવાથી અહિના વિષયને સમજવાના અધિકારી છો તે નિર્વિવાદ છે પણ કેટલા દરજે પૂર્વ વર્ગનુ જ્ઞાન તમારી ક્રિયામાં છે તે તપાસવું જોઇએ. વળી કહ્યું કે જુઓ' શેઠ, અહીં જીવવિચાર નવતત્વ, કર્મગ્રથ, આત્મપ્રબોધ, ઉ-પદેશ રત્નાકર, ધર્મ સગ્રહ, પ્રતિક્રમણુ, સામાયક, પૂજા હેતુ ફળ દર્શક ગ્રથો, ઉપદેશપદ, ધર્મ રત્ન પ્રકરણુ, આચાર ઉપદેશ, શ્રાદ્ધ કૃત્ય, દશ વૈકાલિક વિગેરે ગ્રંથોનો વ્યાખ્યાન ક્રમ છે. એમાથી જે કાળે

જે ગ્રંથ વ્યાખ્યાનમાં વંચાતો હોય તે તમારે ખરીદવો જોઇશે. કેમકે જે સાંભળવુ તેનુ મનન નિદિધ્યાસન કરવું જ જોઇએ અને એટલા માટે નિવૃત્તિએ અત્રે જે કહેવામાં આવ્યુ હોય તેનાં મનનને માટે ગ્રન્થની ઉપયોગિતા છે. અહી પોપટીયુ જ્ઞાન તમે શીખી જાઓ તે ઉદ્દેશ નથી. ધર્મ સગ્રહ અને કર્મગ્રથ બે પુસ્તકો વંચાય છે તે બે તમારે લેવા પડશે. તેનુ મૂલ્ય આપવા પૈસા આ ઘડી તમારી પાસે ન હોય તો આવતી કાલે લેતા આવજો અત્યારે આ બે પુસ્તકો ખરીદી લઈ સહી આપો તે શેઠે કહ્યુ, બહુ સારૂ. અને તુરત બે પુસ્તકો ખરીદી તેણે લીધા શ્રોતા અધિકારીએ જાણ્યુ કે આ વ્યક્તિને સમજવા પર્યંતનીજ સ્થિતિ છે એમ નથી. સમજણ ક્રિયામા મૂકવાની પણ ઉત્કંઠા છે અને પછી તેને સમતિ દર્શક લખાણ કરી આપી જવા દીધો વ્યાખ્યાતા ગુરૂએ તે નિહાળી બેસવાની આજ્ઞા આપી. પુન બીજા જે સર્ટીફીકેટ લઇને આવ્યા હતા તેમને બોલાવી કહ્યુ લાવો તમારૂ સર્ટીફીકેટ અને તુરત એક ટીપ તે પરીક્ષકે ભરેલી તેના આગળ ધરી અને કહ્યુ શેઠ ! પુણ્યમા પોતાની શક્તિના પ્રમાણમા પોતાના દ્રવ્યનો ભાગ આપવો, એ ગૃહસ્થની રીતિ છે. તમે દ્રવ્ય સંપન્ન છો. કનિષ્ટ વર્ગમા બેસી તમે પુણ્યના સબધમા સાભળ્યુ છે તેથી તમારી પુણ્ય ઉપર રૂચી હોવી જોઇએ. તો આ ટીપમાં તમારૂ નામ નોધો અને તમારી શક્તિના પ્રમાણમા કાંઇક રકમ ભરો જેથી તે શેઠે તે ખરડામા પાચેક રૂપીયા ભર્યા. આ જોઇ તે પરીક્ષક બોલ્યો, શેઠ ! તમે સ્થિતિના પ્રમાણમાં કાંઈજ ભર્યું નથી. પણ હશે, અમે તમારી શ્રદ્ધા ઉપરાંત ભાર મૂકતા નથી. આજે આટલી શ્રદ્ધા થઇ છે તો કાલે એથી વધારે થશે. જાઓ, સુખેથી વ્યાખ્યાનમાં બેસો. અને પછી વ્યા-

ખ્યાન શરૂ થયું. આ વર્ગની પણ આવી ઉચિત વ્યવસ્થા નિહાળી અત્યંત હરખાતા તે બન્ને સુહૃદો ઘરે આવ્યા. બીજે દિવસે પુનઃ પ્રાતઃકાળમાં ઉત્કૃષ્ટ સ્થિતિની વ્યાખ્યાનશાળા તરફ તે આવી પહોચ્યા. ત્યા બે ત્રણ ઉમેદવારો મધ્યમ વર્ગને પસાર કરી ઉત્કૃષ્ટમા બેસવા સર્ટીફીકેટો સાથે આવ્યા હતા. તેમને પરીક્ષા માટે પાસે બોલાવ્યા. એકને તેણે કહ્યું, જુઓ શ્રેષ્ઠી! હવે તમે તત્વાન્વેશી થયા. અધ્યાત્મ ચર્ચા એ અહીંનો મુખ્ય વિષય છે. આત્મવિચાર, વૈરાગ્ય એ સહુ વિષયોનો અધ્યાત્મ વિચારમા સમાવેશ થાય છે, તો વૈરાગ્યનુ પરમ લક્ષણ શુ તે કહો ? તે શ્રેષ્ઠીએ કહ્યું, વૈરાગ્યનું પરમ લક્ષણ ત્યાગ છે.

પરીક્ષક—ત્યાગ કેવો ? કપડાનો ? ત્યાગીના કપડા પહેરી લીધાથીજ-સંસારને છોડી નીકળી જવાથીજ-એ ત્યાગ માની લેવો શુ ?

શ્રેષ્ઠી—ના. તેમ નહિ ત્યા અતરંગ ત્યાગ-સસારવિષયક વાસના, તેનો અત્યંત ત્યાગ, એ ત્યાગ સમજવાનો છે. કપડા ત્યાગીનાં પહેરી લીધાથી કે સસાર છોડી ચાલી નીકળવુ તેનુ નામ ખરો ત્યાગ નથી, પણ મૂર્ચ્છાનો ત્યાગ એ જ યથાર્થ ત્યાગ છે.

પરીક્ષક—ઠીક, એવા ત્યાગમા ત્યાગી સ્થિત છે કે નહિ તે કેમ ઓળખી શકો ?

શ્રેષ્ઠી—તેની નિસ્પૃહ, નિર્વૈર, નિર્માન, નિષ્કિંચન્ દશાથી, સંસાર પ્રત્યે ઉદાર ભાવથી, ચિત્તની પ્રશસ્ત શાંતિથી.

પરીક્ષક—એવી સ્થિતિમાં વાસનાનો ત્યાગ કરી ગૃહી રહી શકે ખરો કે નહિ!

શ્રેષ્ઠી—બાહ્ય ત્યાગથીજ એટલે કપડાં પહેરી સસાર તજી દીધાથીજ, જો ત્યાગી કહેવાતો હોય તો નહિ, પણ જો વાસનાના

ત્યાગથી મનાતો હોય તો તો રહી શકે ખરો. જો કે આ દિશામાં કેટલાક આરંભવાળા કાર્યો મન વિના કરવાં પડે છે પણ તેટલે અંશે ન્યૂનતા છે. અને કપડા પહેરી ઇચ્છાના ત્યાગ સાથે રહી શકાય તો તે ઉત્તમ છે.

પરીક્ષક—બરાબર કહ્યું. ઠીક, શેઠજી! તમે અત્રે અધ્યાત્મ વિષય ચર્ચા શ્રવણ કરવા બેસવાને અધિકારી છો, પણ અત્રેનો એક નિયમ છે તે જાણો છો કે? અહિ પ્રત્યેક નવા આવનારને એક સુવર્ણ મુદ્રા પ્રથમ સમયે આપવામાં આવે છે તે લ્યો, તો તમને સ્થાન મળી શકશે એમ કહી એક સુવર્ણ મુદ્રા આપવા માંડી.

શ્રેષ્ઠી—કૃપા રાખો મહેરબાન! જો આવો પોપટીયો જ વૈરાગ્ય અહીં સમજાવવામા આવતો હોય તો હું મારા ઘરેજ બેસી તેમાં પ્રવૃત્તિ કરીશ. પણ તે મુદ્રા તો હુ લેવાનો નહિ. એમ કહી તે પાછો ચાલવા લાગ્યો. એ જોઇ પેલા પરીક્ષકે તેને પાછો બોલાવ્યો અને તેની નિસ્પૃહ-નિર્લોભ બુદ્ધિને માટે પ્રશંસા ઉચ્ચારી, તેને વ્યાખ્યાન શ્રવણ કરવા બેસવા રજા આપવામાં આવી. પછી બીજાને બોલાવવામા આવ્યો અને પૂછ્યુ, કહો આપણા ધર્મમાં જીવદયાને મુખ્ય માનવામા આવી છે તેનુ શુ કારણુ?

ઉમેદવાર—કારણુ એ કે તેમ નહિ કરવાથી તેની લાગણી દુખાય છે!

પરીક્ષક—દુખાય તો શી હાની છે?

ઉમેદવાર—તેવાજ પ્રકારે આપણી કોઇ લાગણી દુઃખાવે તો આપણુને કેવુ માઠું લાગે?

પરીક્ષક—ત્યારે ત્યા આગળ એ કેવો ભાવ છે?

ઉમેદવાર—સર્વ જીવોને પોતાના જીવ સમાન વ્હાલા ગણવા, એવા.

પરીક્ષક—એવો ભાવ શામાટે રાખવો ?

ઉમેદવાર—સહુ પ્રાણી પ્રત્યે આત્મભાવ ન રાખીએ તો નિર્વૈર્યપણુ જે આત્મસ્થ પ્રજ્ઞનો અનિવાર્ય ગુણ છે તે તૂટે છે.

પરીક્ષક—બરાબર કહો છો. અને એવામા કોઇએ આવી પાછળથી તેના બરડામા એક બે પરોણીઓ ચ્હોડી દીધી. એ જોઇ પરીક્ષક બોલ્યો, કેમ શેઠ, જોઇ શુ રહ્યા છો ? આ ખળ તમને મારે છે. તમે પણ સામી ચોડવા માંડો ! શઠ પ્રતિ શાઠ્ય એ નીતિ સ્વીકારીએ નહિ તો જે હોય તે આમ મારતું જાય !

ઉમેદવાર—જીન પ્રભુ સ્મરો. સાહેબ ! એ તો અજ્ઞઃછે. એને આત્મજ્ઞાન નથી. જો હોય તો એ આવો ઉદ્યમ સેવે ખરો કે ? મને શિક્ષા તે તેને પોતાને થયા બરાબર છે.

પરીક્ષક—સાબાશ, સાબાશ, તમે ખરેખર પાર ઉતર્યા છો. તમે એક સાથે નિર્વૈર્ય અને અમાન સ્થિતિ, જે જ્ઞાનીનુ પરમ લક્ષણુ છે તેનો પરિચય આપ્યો છે. ખુશીથી જઈ બેસો. આ પછી વ્યાખ્યાન શરૂ થયુ. અધ્યાત્મસાર જેમા ક્રિયાની સાર્થકતા સાથે આત્મધર્મ સંગ્રહ્યો છે એવુ તત્ત્વાર્થ વિશેષાવસ્યક વંચાવુ શરૂ થયુ સહુ એકચિત્તે શ્રવણુ કરવા લાગ્યા. સુશીલ અને સૌભાગ્ય આ સહુ નિહાળી સતુષ્ટ બની પોતાની જૈન સસ્થામાં આવી સુવ્યવસ્થા છે, એ પરમ સૌભાગ્યનો વિષય છે, એમ હર્ષોદ્‌ગારો ઉચ્ચારતા.ચાલતા થયા. માર્ગમા સૌભાગ્ય બોલ્યોઃ—વ્યવસ્થાપુરઃસર સંસ્થાઓં જોઈ, હવે ઢંગધડા વગરની અવ્યવસ્થિત ધર્મસંસ્થાઓ નિહાળવા મન થયુ છે. જોઇએ તો ખરા કે અજ્ઞો કેવું ધાંધલ મચાવે છે ?

સુશીલ—બહુ સારૂ. કાલે હવે વળી એ વાત!

પુનઃ બીજે દહાડે પ્રભાતમા તેઓ બન્ને ઘરેથા નીકળ્યા અને જૈનોની અવ્યવસ્થીત સસ્થા જોવા આવ્યા વ્યાખ્યાતા ગુરૂએ ઉપદેશ દેવા માંડયોઃ-મૃષાવાદ મહાપાપ છે, આત્મા ઓળખવા જેવી વસ્તુ છે. અહા! વૈરાગ્ય મહા પરમ દશા છે. ઉપદેશકનુ આવુ ઉપક્રમ-ઉપસહારના નિયમ વિનાનું ભાષણ સાભળી કોઈ મૂર્ખાઓ "જી સાહેબ, જી મા-ડાજ" મોટેથી બોલવા લાગ્યા. કોઇ વળી ડોલા ઝીકવા લાગ્યા અને જાગી જુએ છે તો તુબડીમા કાંકરા. પણ બોલવા લાગ્યા-"શુ સુદડ. કથામડત ગુહુજીના મુખથી ઝડે છે? જાની ઘુટડે ને ઘુટડે પાન કડીએ." એક કહે છે કે-"ભાઇ! હુ તો આમાં કાંઈજ સમજતો નથી. ગુહુજી કપાડના કઠા તો મડે છે. પણ માંઇથી માડા મનનુ ઠમાદ્યાન જડટુ નથી. કહે ભડ ગીટા કોની ડીકડી?" તે સાભળી બીજો બોલ્યો, "માળા મૂર્ખા! નો સાભળ્યુ? ગુરૂ મારાજે કીધુ ટે. હાથીભઈની" એ સાંભળી તે બોલ્યો, "બડાબડ બડાબડ, હવે ઠમજ્યો. ડુખના તો ડુખજ હોયને." આવુ ટીખળ જોઇ સૌભાગ્ય બોલ્યો, સુશીલ! ઉઠ આમા કયા કોઇ વાતનો ઢગ ઘડો છે? આડે ઘડે જેમ આવે તેમ ભરડયાજ કરે છે. આવી રીતે ઉપદેષ્ટા અને શ્રોતાઓના મળેલા સમાજની મજા કરતા નીકળી ગયા.

સુશીલ—સૌભાગ્ય! બીજી એક બ્રાહ્મણ સસ્થા હુ તને દેખાડુ અને ત્યાં સૌભાગ્યને લઇ ગયો. અહી એક બ્રાહ્મણનો હીસાબ ભૂદેવો કરતા હતા. એક પંડિત મહારાજ બોલ્યા. જગન્નાથ શાસ્ત્રી! ધર્મશાસ્ત્રમાં શુ કહ્યુ છે કે हस्तिना ताड्यमानोपि न गच्छेत् जैनमंदिरं અને આપણો આ સુધરી ગયેલો વઠી ગયેલો કેશવલાલ ઢુંઢીઆના પૂજડાની જોડે અપાશરામાં ઉભો ઉભો વાતો કરતો હતો, તેનો શો

તોડ આપો છો ? સાળાને નાતબહાર મૂકવો જોઇએ જગન્નાથ શાસ્ત્રી બોલ્યા, બરાબર બરાબર નાગેશ્વર ભટ્ટજી, તમારા અભિપ્રાયને હું બરાબર મળતો છુ એમ થવુ જોઇએ. એવા સુધરેલા વઠી ગયેલા, આપણા પવિત્ર ધર્મને લાંછન લગાડે છે. છેવટે સર્વાનુમતે જ્ઞાતિ બહાર મૂકવાનો ઠરાવ થયો.

સુશીલ—સૌભાગ્ય! કેમ ?

સોભાગ્ય—એમજ તો. બ્રાહ્મણોનું એજ જોર કે વરા કરવા. વરા વાયાનો છોકરો, તું ઝાલ રેગાડાનો કાઠો, એમ લડી અમસ્થા ઝગડો વેરવા અને આવા ટાયલાં-ટીખળો કરવા. હતભાગ્ય હિંદુસ્તાન! વિપ્રકુલોદ્ભવોની આ દુર્દશા ત્યા તારી ઉન્નતિ કેવી રીતે સંભવે ?

સુશીલ—સૌભાગ્ય! હજી બીજે જવું છે ?

સૌભાગ્ય—નહિ ભાઇ! ગળા સુધી ધરાઇ રહ્યા. પછી બન્ને ઘરે સિધાવ્યા.

સુજ્ઞ વાચકો! આપણા હિંદુસ્તાનમા જ્યા ત્યાં ધર્મમા, વ્યવહારમા અવનતિ પ્રવર્તી રહી છે અને તેનુ કારણ ધર્માધપણુ અને ઉપદેષ્ટા-શ્રોતાઓની આવી અવ્યવસ્થા છે. એ સ્થિતિનુ દિગ્દર્શન કરવાના હેતુથી આ સમુલ્લેખ વાર્તાના રૂપમાં તમારા સમિપે રજુ કર્યો છે. તેનુ મનન કરી ધડો લેશો. ઉપદેષ્ટા અને શ્રોતાઓ પોતપોતાના અધિકાર, આચાર અને જ્ઞાનની હદમા રહી વર્તતા થાઓ એવી શુભાશા સાથે પ્રાર્થુ છુ કે—

ગીતિ

ઉપદેષ્ટા શ્રોતાઓ વર્તી, નિજ નિજના અધિકાર વિષે,
આચરશે ઉપદેશે કહ્યુ, તવ ઉન્નતિ આર્યભૂમિની થશે.

મમત્વ અને ઈર્ષ્યાઃ તજ્જન્ય અનર્થો.

મનહર છંદ

સરસાઇ તણા લોભનું મમત છે સંતાન,
મમતનો પરિવાર ઇર્ષ્યા કહાવે છે;
ઇર્ષ્યાથી જન્મે છે દ્રોહ દ્રોહ થકી નકી,
કુસંપ પોતાની ઉતપતિને બનાવે છે,
પ્રગટે છે કુસંપથી મિત્ર ભાવનાનો ભંગ,
પ્રાણીઓમા મહાન કલહ ઉપજાવે છે,
કલહે કુટુંબને સમાજ ગ્રામ દેશ વળી,
મજહબ બધાની પાયમાલી અંતે આવે છે,

છપ્પય.

સૃષ્ટિના આરંભ કાળથી આદ્ય લઇને,
દિન આજ લગી કહુ સુણો સહુ લક્ષ દઇને,
ઇર્ષ્યા મમતે અનર્થ જે અવની પર કીધા,
વળી સેવનારે જ એહના ફળ શા લીધા,
કહુ દૃષ્ટાંત સિદ્ધાંતથી જો સમજી મનુષ્યો તજે,
ચારિત્રવિજય સહુ પ્રાણીથી સુખદા સંપ વળી સજે.

મનહર છંદ

કરે કોઇ કથન પ્રસંગ રંગ રાગ તણું,
સહુ તણા ચિત્તને પ્રશસ્ત સુખ થાય છે,
વળી કોઈ બાગનુ બનાવે વર્ણન બેશ,
બે ઘડી બહારે જેની લીનતા પમાય છે;

વર્ણું કો લલિતાંગીને લલિત વાણીવડે,
વિરાગીનુ ચિત્ત પણ ક્ષણેક વિધાય છે,
હુજ મંદભાગી જેના ઉચ્ચારે અધર કંપે,
મળ્યો કુવિષય જેનો એવો મહિમાય છે.

ખચિત્ત હુ અતિ નૃશંસ અને મંદભાગી છુ કે, કોઇ નહિ અને જેના ઉચ્ચારે અધર–જે–હોઠો કંપી ઉઠે, લખતા કલમ અટકી જાય, હાથ થરથર ધ્રુજે, નેત્રો અશ્રુની સરિતાને વહેવડાવે, હૃદય સીનાથી હઠી જાય, વાચનાર હૃદય અને આહનો ઉડો દમ ભરે એવો, ભય અને વિષાદથી ભરેલો મહિમા જેનો એવો વિષય, મને લખવાનો મળ્યો છે. વાચનાર, મને ક્ષમા આપશો. કારણ કે હુ તમારા કોમળ હૃદયને ઉંડી દુંખની લાગણીથી વજ્રહત કરવા ઉદ્યુક્ત થયો છુ. આ વિષયને પિપાસિત નેત્રે અવલોકનાર મારા તરફ કૃપાના કટાક્ષે જોશો. કારણ, હુ તમને હૃદયછિન્ન વિષયાલાપથી રોવડાવવા ઉભો થયો છુ. વ્હાલા વાચકો, ત્યારે શુ હુ તમારા હૃદયને વજ્રહત કરવાનો ઉદ્યમ કરી હસુ છુ અને હસીશ! નહિ. મારી પણ એજ–એનીજ બલકે એથી શતાવધિ–સહસ્રાવધિ, વિષમ સ્થિતિ બની છે અને હજુ બનશે. હુ પણ વજ્રહત બન્યો છુ અને બનીશ. હૃદયના સંતાપથી રડુ છુ અને રડીશ. તમે વાચી વજ્રહત બનશો.: હુ તે લખી મારા તેમજ તે વાંચી વજ્રહત બનનાર તમારા બનેના દ્વિગુણ દુઃખથી અત્યારથી વજ્રહત બન્યો છુ. રડતા હૃદયે લખી, તમો વાંચી રડનારના દ્વિગુણ હૃદયના સંતાપથી રડુ છુ. આ સહુ રોવા રડાવવાની પ્રવૃત્તિ, જો કલંમ આવા જલ્લાદ લેખને લખવાના ઉદ્યમથી અટકાવે તો ઘણી-જ આળસી જાય; પણ દુષ્ટા વિરમતી નથી. નિરૂપાય છુ. વાંચનાર! તમે વિષયાંતર કરીને પણ આશ્વાસન મેળવશો. જેના હૃદયે તે વિષય-

ય પોષ્યો છે તેને વિષયાન્તર કે આશ્વાસન કોણ અર્પશે ? તમેજ. દયાળુ વાચકો ! તમેજ. મને અશ્વાસન આપશો. ઉદારચરિતોનું દયા એજ ભૂ-ષણ છે. કિંચ:—

મનહર છંદ.

દુ:ખથી મહાન નષ્ટ ધીરજ જેની છે થઇ,
દયાવાન વિના એને કોણ ધૈર્ય આલે છે,
'રડ નહિ વ્હાલા ! કહે તને શાની વેદના છે,'
કહી એમ કોણ બીજો અંતરમાં ધાલે છે,
પહોચ જો પોતાની પછી બનતા ઉપાયો કરી,
તન મન ધનથી દુખીનું દુખ ટાળે છે,
નહિ તો છેવટ રૂડી આશ્વાસન વાણીવડે,
બિરૂદ પોતાનું દયાળુપણાનુ પાળે છે.

સત્ય છે, દયાના જેવો અન્ય કયો ઉદાર ગુણ છે ? પણ એ દયાને હૃદયના ઉદારતાના શીલને-ઇર્ષા અને મમત વણસાડી મુકે છે. આ-પણને સ્વાર્થી એકલપેટા, નિર્દય, નીચ, કૃતઘ્ન, વ્યક્તિ અને કુટુંબ ગ્રામ અને દેશ, મજહબ અને માર્ગના દ્રોહી બનાવી મૂકે છે. બીજાની ખડિત અને આપણીજ બાજુ મડિત કરવાના પ્રયત્નમા જોડે છે, પો-તાનો ઉત્કર્ષ, અને અન્યનો વિમર્શ, પોતાની સરસાઇ અને અન્યની નરસાઈ કરવાજ તત્પર-તે જોવાને રાજી-વિઘ્નસતોષી આપણને બ-નાવી મૂકે છે. પણ તેનુ પરિણામ કેવુ નીપજે છે તે આપણે તપા-સીએ. આપણને પોતાને વિઘ્ન-હાની પ્રિય નથી. હૃદયસ્થ આત્મા પોતાનો, તેવોજ બીજાનો છે. તેને દુ:ખ, હાની, સતાપ કરવા જતાં આપણને જ દુખ, હાની, સતાપ થાય તે સ્વાભાવિક છે. આથી સ્પષ્ટ છે કે ઇર્ષા અને મમતથી બીજાને હાની કરવા જતાં આપ-

ણીજ કુહાડીથી આપણા હાથ પગ આપણે ભાગીએ છીએ, આપણોજ નિપાત આપણે આણીએ છીએ.

આવો અનિષ્ટ એ ઇર્ષ્યા અને મમત પિશાચોનો સંગ હોઈ, તેથી દૂર રહેવા, બીજાની મહત્તા, ઉત્કર્ષ, ચઢતીથી ઇર્ષ્યા કે મમતે કલુષિત નહિ બનતા, તે જોઈ આનંદ લેતા અને રાજી થતાં શીખવવા, સહુથી હળીમળીને રહેવા, સંપના સૂત્ર અને તેથી થતાં લાભો સમજાવવા, તે દૂષ્ટ પિશાચોના સગથી થતા માઠા પરિણામનો વિવેક કરી ત્યજી શકાય એ હેતુથી આ ગ્થાને ઉચિત સમજી એ વિષયને ચર્ચ્યો છે.

માનવો, અન્યની ઉત્તમત્તા, ઉન્નતિ, મોટાઇ ઇત્યાદિ પર ઈર્ષ્યા ન રાખો. ઇર્ષ્યા તમારી ઇર્ષ્યાના ઉપરજ રાખો. તેનેજ મર્દી નાખો. અન્યની લાયકાઇ, લોકપ્રિયતા, વિભવ ઇત્સાદી પર અદેખાઇ આણી તેને હણુવા મમતા ન રાખો. મમત તમારા એ બૂરા મમતને મારી હાંકી મૂકવા પરજ રાખો. મુખથી પુકારી પુકારી તેઓને ચેતાવતા રહો કે, અમારા સુખને, માનવ ઐક્યને, માનવ ઉન્નતિને નષ્ટભ્રષ્ટ કરવા આવવાને હૃદયમા તમને સ્થાન નથી. જો આવ્યા તો તમને આવતાજ શિક્ષાથી વધાવી લેવા, હઠાવી હાકી મૂકવા લાત અને પાદપ્રહાર તૈયારજ છે. તમે જે ગ્થિતિમા અમારા નથી તે વખતે એ માનવ ભાઇઓ જ અમારા છે. ખુટલનો સંગ કોણુ કરે ? તમે ખુટલ છો. લડાવી, પાયમાલ કરી પલાયન સાધો છો. તમારા જેવા ખુટલ-પ્રપચીની આદરથી નહિ પણ ઉપાનથી સેવા ઉચિત છે.

પ્રિયતમ ! મોટાઈ, સરસાઇ, લોકપ્રિયતા, ઉન્નતિ-ઉચ્ચ કલા ઇત્યાદિનુ શું કાંઇ અંકિત પ્રમાણુ છે ! તેના ભાગ્યશાળી બહુ છતાં તે એટલા બધા મોટા પ્રમાણુમાં છે કે તમે પોતે ઇચ્છો

તેટલાં તેમને તમારા પોતાના કહાવી શકો તેમ છો? એકની ગાંઠે લાખો રૂપીઆ તો તમે કરોડોની મુડી જમાવી જકો તેમ છો? એકને ત્યા હજારો હાથી તો તમે લાખો ખરીદી લાવી ઘરે બાંધી શકો તેમ છો? એકને ઘરે મુલાંહી તો તમે બાદશાહત વસાવી શકો તેમ છો? એક દેવ તો તમે દેવેંદ્ર બની શકો તેમ છો? આ કર્મની ભૂમીમાં કશુંજ અશકય નથી, માત્ર પ્રયત્નનીજ ખામી છે. પ્રયત્ને સર્વ.કાંઇ તમે તમારાં બનાવી શકો તેમ છો. એટલા માટેજ અમરો-દેવો પણ આ કર્મભૂમિમાં જન્મને ઇચ્છે છે. પ્રયત્ન કરો અને મોટા થાઓ, શ્રમ લ્યો અને સરસાઇ મેળવો. આવો પ્રયત્ન તમે કરો તો તે ફળ સૂચક પણ છે. પણ જેથી સ્વ-પર કોઇ પક્ષનું કલ્યાણ નથી પણ ઉલટો જેમા વિનાશ છે એવા અદેખાઇ-ઇર્ષ્યા અને મમતાના પ્રયત્નો કાં સેવો છો?

તમે બીજાની સરસાઇ દેખીને સારા થવાની ઇચ્છા રાખો, બીજાની મોટાઈ દેખી એવાજ બલકે એથી પણ મોટા થવાની ઇચ્છા કરો, તેનો તમને કોઇએ પ્રતિબંધ કર્યો નથી. તમને કોઇએ રોકયા નથી. પણ બીજાની સરસાઇ-બીજાની મોટાઇ ઇત્યાદિની ઇર્ષ્યા કરી તેને તોડવા મમત સેવી તમે શું મેળવશો? શું તે તેમના થયા અને તમારો તેમણે સદાને માટે ત્યાગ કર્યો છે? નહિ જ. તેમ કશુ જ નથી. તમે પણ પ્રયત્ન કરો. પ્રયત્ને તે તમારાં જ છે.

જે વસ્તુયોગમાં તમને પ્રીતિ છે આદર છે-તો તેના ભાગ્યશાળીની ઇર્ષ્યા નહિ પણ સ્પર્ધા કરો. અંગતોડ મહેનત કરો અને તે મેળવો. તે કયા પ્રયત્ને પ્રાપ્ત કરવાં સુલભ છે તેની માહેતી તમને ન હોય તો જેણે જેણે તે પ્રાપ્ત કર્યાં છે તેમને પૂછો, માર્ગના ભોમીઆ થાઓ, તે માર્ગે જાઓ, પ્રયત્નમાં જોડાઓ, અને તેમને મેળવી સુખી

થાઓ પણ તેના ભાગ્યશાળી તેના યોગથી ભ્રષ્ટ થાય તેવા પ્રયત્નોને, ઇર્ષ્યા કે મમતવશ બની નહિ સેવો. તેમણે તમારા પાસેથી તે પડાવી કે છીનવી લીધા નથી, તેમ તમને તે મેળવવાથી નિવાર્યા પણ નથી.

બીજાનુ સારૂ જોઈ આંખેથી ઝેર વરસાવો નહિ, વાણીથી શ્રાપો નહિ, હૃદયથી દાઝો નહિ, પણ અમિની દૃષ્ટિથી જુઓ, વાણીથી અભિનંદો, હૃદયથી રાજી થાઓ.

આ અચલા-પૃથ્વિ આપણા પાદપ્રહારને સહે છે તેના ઉપર આપણે મળમૂત્રાદી કરીએ છીએ. તથાપિ પોતાના ઉપર લીધેલાને ચલિત કરે છે? આપણા અપકારને તે લક્ષ્યમાં લે છે? એવા નિશ્ચલ અને ઉદાર બનો ઉદધિ-સમુદ્રને આપણે કાષ્ટના હોડકા-નૌકાથી ઉલ્લંઘી જઇએ છીએ, આપણને તે ધારે તો એક ક્ષણમાં તળીએ બોળી દેવા સમર્થ છે તથાપિ આપણે તેની કરેલી મર્યાદાનું અતિક્રમણ લક્ષ્યમાં કેમ લેતો નથી? આવા વિશાળ હૃદયવાળા બનો. અન્યનુ સારૂ-સરસાઇ સાખવી તે તો શુ મોટી વાત છે? તેમાં આપણને હાની શુ છે? પણ જેથી આપણને હાની પહોચે એવી બીજાની તુચ્છતા પણ સાંખતા શીખો. ત્યારેજ તમે મોટા અને ઉદારચરિત છો.

આપણે સરોવરને, અંગમુખ પ્રક્ષાલન કરી, મેલ-લાળ-લીંટથી તર્પીએ છીએ. તેનો ઉમદા ખવાસ જુઓ. તે આપણને પીવાને શીતળ વારી આપી મંદ મંદ તરંગોથી નિસર્ગનો આનંદ અર્પે છે. આંબો જુઓ! પાંથોના શિલાપ્રહાર તરફ દૃષ્ટિ નહિ કરતાં, ખાવા સુમિષ્ટ ફળ અને બેસવાને ઉત્તમ છાયા અર્પે છે. તો તમે પણ માનવતરૂ છો. સદ્‌ગુણોના સુમિષ્ટ ફળોથી ફળો. તમે જંગમ તીર્થ છો. તમારા પુણ્યમય શીલથી પ્રાણી માત્રને પાવન કરતા વિચરો. તમારા

સદાચરણના ચારિત્ર્યની છાપ પાડી તમારા માનવબન્ધુઓના ચારિત્ર્યવર્તનનું સારા દેખાવમા રૂપાંતર કરો. પૃથ્વિ પણ કહે છે કે એવા પુણ્યશીલોના ચરણુસ્પર્શથીજ હું મારા ઉપરનો ભાર ઉપાડી શકવા શક્તિમાન છુ

સત્યોક્તિ છે. આવા પુરૂષાવતારજ જો સઘળે જન્મ લેતા હોય તો આ પૃથ્વી સ્વર્ગનુજ ધામ, આનંદનુજ ઉપવન બની રહે, અને આ સંસાર અસાર અને પ્રપંચની વ્યાખ્યાથી ઓળખાયજ નહિ. પણ અફસોસ. જ્યારે આવા ગણ્યા ગાઠ્યા પુણ્યચરિતો પોતાના પુણ્યમય શીલથી-કલેવરથી પૃથ્વિને પાવન કરવા જન્મે છે ત્યારે પતિતાત્માઓ પોતાને તેમજ અન્યને પોતાના દુઃશીલથી પરિતાપને ઉપજાવતા, ઇર્ષ્યા, મમતાદિવડે હણાઈ ગયા છે મૈત્રી-દયા જેના એવા, ચારે કોર વિગ્રહ, તોફાન, અને બંડને મચાવતા, સંપને વિદારતા, સ્વાર્થને પોષતા, કુટુંબો, ગ્રામ, દેશ, મઝહબ બધામા મારફાડ અને કલહનેજ જગાવતા, જ્યા ત્યા અને જેટલા જોઇએ તેટલા સંખ્યાબંધ પ્રમાણમા દૃષ્ટિગોચર થાય છે. એટલુ જ નહિ પણ જાણે દ્રોહને માટેજ આ વિશ્વ સર્જાયલુ છે એમ દ્રોહનોજ કાયદો પ્રબોધતા જ્યા ત્યા દૃષ્ટિએ પડે છે

દ્રોહ કરવો ઉચિત હોય તો પોતાના દુર્ગુણોપર જ કરવો ઉચિત છે. મમત સજવો મૂલ્યવાળો હોય તો સદ્‌ગુણોને ધારણ કરવાજ સજવો એ મૂલ્યવાળો છે. તે વાત તો બાજુ ઉપર રહી પણ બીજાના સદ્‌ગુણો-સુરીતભાત, સુસ્થિતિનોજ દ્રોહ કરવા મનુષ્યો કમર કસે છે, બીજાઓને તેના યોગથી ભ્રષ્ટ કરવાજ મમત અને ઉદ્યમ આચરે છે, તેથી સ્પષ્ટ થાય છે કે સરસાઇ-સદ્‌ગુણો આપણને પ્રિય નથી પણ સહુ પોતાના જેવા નરસા અને દુર્ગુણી થાય અને કહેવાય એજ પ્રિય છે.

કોઈ એક શહેરમાં બે શાહુકાર રહેતા હતા. બને પાડોશી અને એકજ સાથે વસતા હતા. એક કન્જુસ, નિર્દય અને અદાતા હતો. બીજો દયાવાન ઉદાર અને સખાવતવાળો હતો એક ભૂખ તરસ વેઠી, પેટ બાળી બૈરી છોકરાઓનો વેઠીઓ બની, કર્મના ભાતા બાંધી નીતિ કિવા અનીતિથી ગમે તેમ રળી રળી દમડાજ ભેગા કરવાનુ સમજતો હતો. બીજો નીતિના રસ્તે કમાઇ ખાતા પીતાં, શુભ માર્ગે તેનો સદ્વ્યય કરતા પરલોકની મૂડી જમાવતો હતો. એકને આગણે અર્થીઓ–યાચકો તિરસ્કારનો દૃષ્ટિપાત કરતા શ્રાપો અને ગાળોને વરસાવતા હતા. બીજાને આગણે અનાથો–અભ્યાગતો હજારોની સખ્યામા ભેળા થઈ અન્ન–વસ્ત્રની ખેરાત મેળવી "દયાળુ દાતા તેરી જય હો" એવી આશિષો ઉચ્ચારતા હતા. પેલા મખીચૂસ કૃપણને આપણા ઉદાર શેઠનો ઉક્ત વ્યવહાર બહુજ કડતો હતો, બહુજ બુરો લાગતો હતો. તે તેને પોતાને પૂન્યે તેનાથી બલકે તેથી વિશેષ ધન–મિલકત નિવાજ્યા છતા સૂમ બની હાથ બીડી બેમવાનુ લાછન ઉઘાડી આપતો હતો. તેમા પણ વળી એકજ સાથે વસવું. નિત્ય ઉઠી "યે શેઠ બહુત અચ્છા બડા દાતા. વો સાલા બદમાશ બહોત કંજૂસ" એવો માગણોથી મુકાબલો થાય. પેલાને આશીષ અને પોતાને ગાળો આલે. લોકો પણ તે તમાશો જોવા ઉભા રહે. પોતાનુ ઉપહાસ્ય કરે. આથી તેને બીચારાને બહુજ શરમાવુ પડતું હતું, તેથી તેણે વિચાર્યું કે જો કોઇ પણ રીતે આ શેઠ તેનો આ વ્યવહાર મૂકી દે તો હું અને એ બરાબર થતા તેની સ્તુતિ અને મારી નિંદા થતા અટકે અને લોકોમા " બખીલ, સૂમ, લોભી, મખ્ખીચૂસ, પાઇ મળે તો મોઢામા થુકવા દે " એમ વગોવાતો અને શરમાતો મટું. નીચની ઇચ્છા જોઇ ? કાઇ હીણો–દૂબળો નથી. પેલા ઉદારથી પણ બે, ચાર

રામનો વધારે આશામી છે, તથાપિ તેના જેવી કિંવા તેથી વિશેષ સખાવત કરી સ્તુતિ કરાવવાનો તો ઉમળકો નહિ આવ્યો. પણ પેલો જે સુરસ્તે પોતાના પૈસાને વાપરી રહ્યો છે તે પણ પોતાના જેવોજ બખિલ બની બેસે એવી ઇચ્છા ધરાવે છે. અસ્તુ! એક દહાડો તો સમયને સાધી જમી પરવારી, બપોરના તે પેલા ઉદાર શેઠને ત્યા ગયો. દૂરથીજ દયાબુદ્ધિએ (તે ઉદાર શેઠનું નામ દયાબુદ્ધિ હતું) ,તેને નિહાળી "પધારો વસુમતિ (તે કૃપણનુ નામ વસુમતિ હતું. અને પોતાથી વયોવૃદ્ધ હઇ દયાબુદ્ધિ તેને કાકા કહેતો હતો.) કાકા! ખુશીમા તો ખરા!" કૃપણ વસુમતિએ તેના ઉત્તરમા "હા ભાઇ ડયા બુદ્ગી, ખુડીમા છુ." એવો વિવેક કરતાં પાસેની એક ખુરશી ઉપર આસન લીધુ. દયાબુદ્ધિ બોલ્યો, "આજે તો પધારી આ દાસનુ ઘર પવિત્ર કીધું. કહો વસુમતિ કાકા! કેમ પગલાં કરવા પડયા છે! અમસ્થા કે સેવકને કાઇ ફરમાન છે?" દુર્બુદ્ધિ અન્યની સુરીત ગ્રહણ નથી કરતો. ઉલટો તેને તે તજાવા આગ્રહ સેવે છે. જાણે કેવી ગભીર વાત કહેવા આવ્યો હોય તેમ ઠાવકુ મોઢુ રાખી વસુમતિ બોલ્યો "આ...ફડમાન બડમાન ટો ઠીક પન એક વાટ ટમને ટેવા આવ્યો છુ." દયાબુદ્ધિ બોલ્યો ખુશીથી કહો, વસુમતિ કાકા, હુ સાભળવા તૈયાર છુ. તે બૂજૂર્ગ બોલ્યો "ડયા બૂડ્ઢિ આ તમાડી ડીટબાટ મને બીડકુડ પ-ઠ ડ આવટી નઠી. માડુ ડાડે ટો ઠનુ ઠાડો. હુ ટો ટમાડુ હિત ઠ મડી માડા પેટમાં બડે ઠે ટેઠી ઠઉ ડુ" જેને બહાર કેવા વેષે જઇ ઉભા રહેવુ, વસ્ત્રો કેવી વ્યવસ્થાથી પહેરવા તેની એ ગમ નથી, પા ઘડી અસ્તવ્યસ્ત ચુ થાયેલી, તેનો છેડો નીકળી જઇ એક બાજુ ટ ટળે છે. અ ગરખાનુ બોરીયુ–કાસો પણ ભીડયાનું ભાન નથી, વસ્ત્ર ના આચ્છાદનમા પણ અડધો ભાગ તો છાતીનો ઉઘાડો જણાય છે

કાઇ સ્નિગ્ધ પદાર્થ ખાવાથી ખરડાએલી મૂછો પણ મળું કરતી તેળા પૂરી ધોઇ સાફ કરી નથી, તે સૂકાઇને દીવેટા વળી ગઇ છે, એ-વો મેલો ઘેલો, લેના સો તો સહિ, દેના વો તો ગડુકા કામ, આવો તો વ્યવહારનિપુણ, પાઇ મળે તો મોઢામાં થુકવા દે એવો કૃપણ વસુમતિ આપણા વ્યવહારદક્ષ દયાબુદ્ધિને રીતભાતનું તે પણ વળી વ્યવહારની રીતભાતનુ જ્ઞાન આપવા આવ્યો છે! વાચનાર, શુ એ હસવા સરખી વાત નથી? અસ્તુ. દયાબુદ્ધિ તો એ ડોસાનો આવો "સસ્સાકું કિતના પૈર" એવો નામાચરણ વિનાનો ઉપો દ્ઘાત સાંભળી દિગજ બની ગયો. તે વિચારવા લાગ્યો કે આ બૂજુર્ગ શુ કહેવા માગે છે? આ તમાશો નિહાળી દયાબુધ્ધિના બે ચાર અન્યમિત્રો જે તેની પડખમા જ બેઠા હતા તેપણ હસવા લાગ્યા. દયાબુધ્ધિ બોલ્યો–વસુમતિ કાકા, તમે શુ કહેવા માગો છો તે હુ બીલકુલ સમજી શકતો નથી. મને જરા તે સ્પષ્ટ સમજી શકુ તેમ કહો. તે બૂઢ્ઢો બોલ્યો "ટે હવડા છનાછન ઠનાઠનના જોડમા નઈ ઠમજાય જાડે ઠાવ દાડી ઠાકો ને હેઠા બેઠ્ઠા ટાડે બદ્દુ ઠમડાઠે" શાની છનાછન, શાનુ જોર, શાનું હેઠા બેશવાનુ? આ તો કાઇ અર્થરહિત અને ગર્ભિત વાત જણાય છે. હુ તો આ સાભળી તાજુબ થાઉ છુ. દયાબુધ્ધિ ધીમે સ્વરે બોલ્યો. તે બૂઢ્ઢો કહેવા તો એમ આવ્યો છે કે આ તમારી સખાવતથી મારે શરમાઇ મરવુ પડે છે, પણ તે ખુલ્લુ કહી શકાતુ નથી અને તેથીજ આમ વગદા વીણે છે. હવે તે જરા સ્પષ્ટ બોલ્યો" ડયાબૂદ્ધિ, આ ટમે ડે પૈંડો વેડફોઠો ટે ડહાપન મને ઠીટ ડાંડટું નઠી. હાડું પૈડો ડેનો ઠાય ડે? હો હાઠ ઉડી ભોં ખોડીએ ટોય એક ડમડી પન નીકડટી નઠી, એવો હોય ને પડઠેવાના ટીપાનો પૈડો જેને ટેને ડઇ ડેવો ટે હું! હાડાં ડાટાં ભીઠાડાં ટો બઙ ભટ્ટે ડે, બઢા-

ને કેટા ફ્કડીએ ટા આડા ટા આવે ? બીજે જ ડાકે કેવાડું ટાઢીએ. ઢા-
વાને એટ-ડમડા પનનો કે ઢે ટડટાં ડમડા બઉ ટુડટા હોય અને ટડ-
રયા વગર હાઠમા ચેડ ટટી હોય ટા બૈડીની, ટમાડી કોટમાં ડાડીના
ઢડાની પેડા એટ પેડા, બે પેડા, બાવી પેડા, બાડી પેડા, ટેમ
નઇ ટા બટાની મૂડી ટડા, ઠમડયા. પન આમ પેડા વેડફો નઇ."
દયાબુદ્ધિ બોલ્યો-"વસુમતિ કાકા શુ આનુ નામ તમે વેડ-
ફવુ કહો છો ! એ તો મનુષ્યનુ પરલોકનું સાધન છે એ
વિના પરલોકમા સાથે બીજુ શુ આવવાનુ છે ! જગતનો વ્યવ-
હાર તમે નથી જોતા ? દાગીના તો શું પણ વાલનુ વેળીયુ
પણ મુવા કે કાઢી લે છે. એવી સ્થિતિમા પરલોકનુ ખરૂ
ભાતું જે પુન્ય તેના રસ્તે પૈસો વાપરવો તેને તમે વેડફવુ
અને ઉડાઉ કહો છો હુ તેથી વિરૂદ્ધજ વિચારનો છુ મને તો
એનો એજ ખરો ઉપયોગ છે એમ સમજાયુ છે " વસુમતિ જાણે
હવે પોતાના વયોવૃધ્ધપણાનો હુકમ ચલાવી ફરજ પાડતો હોય તેમ
બોલ્યો " ડયાબૂદ્ધિ, હુ ટમાડો મુડબ્બી ટડો કે નઇ ?" એકવાર નહિ
હજારવાર. દયાબુધ્ધિ બોલ્યો વસુમતિ બોલ્યો "ટા હુ ટમને ટાન
આમડીને ઠોટ માડીને ટઇ ટડુ કુ ટે ટમે ટે ઠોડી ડયો." દયાબુધ્ધિ
બોલ્યો કાકા, એક વાર નહિ, દસ વાર કાન ઝાલો જોઇએ તો એકને
બદલે દસ ચોટ મારી લ્યો. તમે મુરબ્બી છો પણ એ તમારૂ બોલવું
હુ જો જુગારમાં, રંડીબાજીમા, નાચગાવણામા કે એવા કુરસ્તે પૈસો
ઉરાડતો હુ તો શોભે છે, અને તેમ હોય તો મારે તમારી શીખામણ
સ્વીકારવી જ જોઇએ. આ વાત તમારી, મારે દિલગીરીની સાથે
જણાવવુ પડે છે કે હુ સ્વીકારી શકતો નથી. મને પુન્યે મળ્યુ છે તેનો
ખરો ઉપયોગ પરમાર્થમાં જ સમજાયો તો શામાટે વાપરૂ નહિં ?

તેથી તમને શી ચિંતા છે અને એ વેપાર એવો છે કે જેમાં કોઇ દહાડો ખોટ કે દેવાળું આવવાનુંજ નથી. તમારી મીલકતના તમો માલીક છો. જોએ તો દાગીના ધડાવો, મૂડી જમાવો. તમારી મરજીમાં આવે તેમ કરો. મારી થોડીજ મના છે? વસુમતિ પોતાનું ધાર્યું બર આણવાનો કાંઇપણ ઉપાય હવે રહ્યો નથી એ જોઈ, ખીજવાઇને બોલ્યો —

રાગ કેરબાનો

ડયાબૂદ્ધિ આપને એ નઠી ડેવુ નઠી ડેવુ,
ટુનને ¹ડટાપે આડયાં ઠે ઢનાએ ઢડબાડ
આ ફૂડીનુ ટાં ટડી મુડુ ઠે એવું ડેવુ— ડયા
હાખે એટ ડેવુ હાડું ટા ફૂટી હાંખી ડેવાય
ઢીગાનું ટમાકુ હાડુ ડોડ ઉઠી એવું— ડયા
ઠાઓ ટીઓ વઢે ટો ડાડીના બૈડીને ઠડાવો
એટુ આઠો ડાડો ડેને ટેને આટી ડેવુ— ડયા
મૂડી ટડઠો ટો ડામ ડાગડે ટમાડે પેઠી
માડે ટો ટેમાઠી ઠોડુ ઠે પ્રટડાવી ડેવુ— ડયા
માનો નો માનો ટમાડી મુડડીયાડીની વાટ
ટેટમાં બડે ટો હાડુ ટડે ટન ટેનુ— ડયા
બડઠું ઉઠાડા અમે આડ ટઠી ઠાવે ટેમ
વડટડો મનની ડુટીમા આવે ટેવું— ડયા

આડનાં ઠોટડાં, મુડબ્બીનો ઠોટાં હિડાબ ડાખે નઇ, મુડબી ટો એમને મન ડાડડ મૂડા, ધડડા મુડઝા ને ઇ આડટાડના ડાયા ટમને વટાવી ઠાડો બાડ બોડ ઠોવો ટેટડુજ ફડ. ડયાબુદ્ધિ ટમાડી ઠાનમા ટોટે ઈમ ટડો માડા બાનું હું ડાય ઠે. માડાઠી ટોટે નઠી ડેઠાડુ

ટે ડઇને બીડે ડઇશ, આડડ ઉટાડા. દયાબુદ્ધિને ત્યાં આવેલા તેના મિત્રો જે તેમાથી એક બુઠ્ઠાની આ વાત સાભળી બોલ્યો-કાકા દયાબુદ્ધિને દૂષણ શાને આપો છો. પારકી પીડાએ કોઈ પોતાનુ ઘર મૂકીને જાય એવો ગાડો હોય છે. દયાબુદ્ધિની સખાવતથી તમારી કંજુસાઇ નિંદાય છે એ લાજના માર્યા શરમાઈ નાસી છૂટતા હો તો દયાબુદ્ધિ કેમ રોકી શકે ? તે કૃપણ બોલ્યોઃ-હાડું હાડુ હાડડાઓ હવાડઠીઆઓ ડોડો હાડી ઠીખામાન ડેટા. ડેટડુ ફોડી ઠવાય ટેટડુ ફોડી ઠાઓ. ઠીટ ભોત હાથ ઠડયો ક તેનો ડી વાકો નોય તો તમારી ડાબ્ટે ટડે. એમ બોલતો રીસમાં ને રીસમા એ બુઝૂર્ગ ચાલતો થયો. દયાબુદ્ધિ તેના મિત્રો પ્રત્યે બોલવા લાગ્યો —

અવગુણી નિજના અવગુણને,
સમજીને શરમાય નકી મને,
પડી ગઇ મમતા દ્દઢ તે થકી,
તજી નથી શકતા મનથી નકી, ૧
જરી બની દ્દઢ ઉદ્યમ જો કરે,
વિજય એ પર કાબુ કરી વરે,
અબળતાથી અશક્ય જણાય છે,
પછી જ દ્રોહી બીજા પર થાય છે, ૨
દુરિત ટેવ નહિ નિજની ટળે,
ગુણ નિહાળી બીજા જનનો બળે,
અહિતને કરવા પછી તત્પર,
બની ફરે મનમા ધરી મત્સર, ૩
સુમ સખાવતવાનથી વૈર્ય જે,
નિજ કુટેવ શકે ન તજી જ એ;

સખી સખાવત દ્રવ્ય નિર્જે કરે,
કૃપણુ કારણુ દ્વેષ કયે ધરે. ૪
મતિ રિપુ મુરખા મતિમાનને;
વળી નિરક્ષર ને વિદ્વાનને,
અમિત જે ઇરષા હ્રદયે રહે,
અબળતાથી નકી વિબુધો કહે. ૫
ગુણથી ગુણુ રહીત લુભાય છે,
ન યદિ લાભ લડાઇ નિરખાય છે,
શ્રમ કરી સજવા શકતી નથી,
ગુણ થકી જ તજાતી નથી રતિ. ૬

પ્રિય વાચકો, આપણો દક્ષ નાયક દયાબુદ્ધિ તેના મિત્રો સાથે અતિ ઉત્તમ વિષય ચર્ચી રહ્યો છે તેના હ્રદયથી ઉદ્‌ભવિ વાણીથી પ્રતિધ્વનિત શબ્દો કુદ્રતના નિયમ ઉપર ઘણું જ સરસ અજવાળુ પાડે છે. તે વિષયાલાપનુ તાત્પર્ય આ પ્રમાણે છે. તે કહે છે કે ગુણુ રહિતોને પણુ ગુણુમાં બહુમાન બુદ્ધિ તો રહે છે પણ પોતાની નિર્બળતાથી તે મેળવી શકતા નથી. પૂર્વના પડી ગયેલા દોષોથી-દુર્ગુણોથી મહોબત-આસક્તિ છુટતી નથી. પરિણામ એનુ એ આવે છે કે ગુણુને માટે ઉદ્‌ભવેલી સ્પર્ધા બદલાઈ ઈર્ષ્યાનુ રૂપ ધારણ કરે છે, ગુણુ જે લક્ષ્ય છે તે છૂટી વ્યક્તિ લક્ષ્ય બને છે. કારણુ, ગુણ તે કાંઈ પ્રત્યક્ષ વસ્તુ નથી તેથી વ્યક્તિનો તે જ દ્વેષિ બને છે. હું એવો કેમ નહિ ! મને તેની શા માટે પ્રાપ્તિ નહિ ? હું પણ તેવો જ થાઉં, હુ પણ તે જ મેળવું, આવું સ્પર્ધાવાળું વલણુ ઇર્ષ્યાના રૂપમાં પરિણમે છે અને તે સારો શા માટે, તેને અમુકની શા માટે પ્રાપ્તિ, હું તેને તોડી પાડુ, મારા સરખો જ બનાવી મૂકું એવો તે ઈર્ષ્યાળુ

અને મમતી બની જાય છે, સ્પર્ધા પડી રહે છે, ઇર્ષ્યા પેસી જાય છે. ગુણને એ ગમાર ભૂલી જાય છે વ્યક્તિથી વિરોધ બાંધી બેસે છે.

આને લગતું બનેલુ ભારત વર્ષના ઇતિહાસમા મહાન પ્રચલિત આબાલવૃદ્ધ સહુના જાણવામાં અને જ્યાં જ્યાં ઈર્ષ્યા અને મમતના પ્રસંગો ઉદ્ભવે છે ત્યાં ત્યા પ્રમાણના રૂપે વ્યવહરાતું એક ઉદાહરણ છે. તે પાડવો અને કૌરવો વચ્ચે બનેલો વિગ્રહ છે. પાંડવો નેકીવાળા, પરાક્રમી, ક્ષત્રિયોચિત સઘળા ગુણોથી મંડિતા, સૌશીલ્યથી વિખ્યાત, લોક અને પ્રજાપ્રિય હતા. દુર્યોધન અને તેના સહોદર કૌરવો બદી, કાતરતા, ક્ષાત્રગુણકર્મરહિતતા, દુઃશીલ ઈત્યાદીવડે કરીને લોક અને પ્રજાના તિરસ્કારને પાત્ર હતા. પાડવોની, પોતામાં આવી મળેલા ગુણના સયોગે, જ્યા ત્યા નેકી અને સરસાઇ હતી. કૌરવોની અવગુણોના કારણે જ્યાં ત્યા બદી અને બુરાઇ જ બોલાતી હતી. આ રીતે જે ગુણોની ખોટે પાડવોની પોતાના ઉપર મહત્તા મંડિત હતી તેની વાસ્તવમા પ્રથમ કૌરવોના હૃદયને સ્પર્ધા હતી. પણ એ કાતરોએ તેવા સદ્ગુણ મેળવી શકવાની નિર્બળતાથી, પોતાના દુર્ગુણો ઉપરની મહોબત મૂકી નહિ શકવાથી, પછી ઇર્ષ્યક અને મમતી બની પોતાની ખૂનખ્વારી કરેલી છે. હમેશા ગુન્હા, પાયમાલી નિર્બળોથી જ ઉદ્ભવે છે. નિર્બળો જ ઈર્ષ્યાખોર અને મમતીઓ થાય છે. શૂરવીર હમેશા સ્પર્ધામા ઉતરે છે.

પાડવો, એ પાપીઓનો પરાભવ આણવાને સમર્થ હતા, છતા પણ એ દુ શીલોની પીડા સહન કરી બેસી રહેતા હતા. કારણ, તેઓ સમજતા હતા કે અધમોને એમની બદી એજ નશીયત છે.

કિ ચ— ગજલ.

બતાવે લાયકો નફરત, બુરાને આપવા નશીયત;
છે કૃત્યો એહનાં એને, ખરેખર એહની નશીયત,

ગરૂરો ! કર્મ છે કંદુક, ઉછાળ્યો આવીને ચોંટે,
મળે છે મારીએ મારી, અને નિશ્ચયત કર્યે નશીયત,
સુખી શાણો થયો છે પાપી કો પીડી બીજાઓને;
સહી ના જાય સુણતાં કંપીએ એવી સહે નશીયત,
બુરા હેતુથી બોવે આગણે કો પેડ બાવળનું,
પહેલી કંટકોની પૈર એ પાપી સહે નશીયત;
વગર બુઝે બધા સારા બુરાને આગી જા બાળે
બળી પોતે બુઝાએ છે ગુન્હાની એ નથી નશીયત ?
પીડીને બે ગુન્હાહે અન્યને પોતે ખુશી થાવુ,
નતિજો એહનો શુ કો, અવર હોયે વિના નશીયત.
જીવિત જેના થકી નિજનુ, નિઠુર એ સ્નેહને બાળે,
સિધાવે સ્યામતા મૂકી દીવો નિર્વાણુ એ નશીયત;
હયાતિ જેહનાથી છે હયાતિ તેહની હણીને,
અફળ ઉદ્યોગ જીવ્યાનો અજલ આવી કરે નશીયત,
પ્રબોધે શાસ્ત્ર કામીલો કલામોને પુકારી સખ્ત
કરો અપકાર પર ઉપકાર બદલો લ્યો ન 'દઇ નશીયત,
જણાએ એહનો હેતુ ભીતરના ચશ્મથી જોતાં
નિજાત્માવત્ સહુ એ નીજને દેવા સમી નશીયત
નથી એ બુઝતા જેઓ બીજાથી વૈર સાધે છે
બિચારા બેખબરને આપવી લાજીમ નહિ નશીયત,
બીજાના દ્વેષથી જેનુ બળીને દિલ બન્યુ છે ખાક,
જલ્યા પર લુણુની શિક્ષા સમી ના દો વળી નશીયત,
ન ચાહે એહને કોઈ સહુના સ્નેહથી વંચિત
દયાના પાત્ર એના પર દયા કરીએ, નહિ નશીયત.

પ્રિય વાચકો, પાડવો પોતાના પ્રત્યે કૌરવોએ કરેલા અપકારનો બદલો લેવા અસમર્થ હતાજ નહિ. તેઓના ખાલી હાથજ તેમની સભાળ લેવાને પૂરતા હતા. પણ બદલો અશક્તજ લેવા ઇચ્છે છે. શક્તિમાન હમેશાં ક્ષમાથી જ અપકર્ષકને તેના કૃત્યથી જ મારે છે પામરની સ્ત્રીને પણ આગળી ન ચીંધી શકાય, છતા એ શૂર મર્દો પોતાની સતિ પત્નિ પાંચાલીના, સભાની વચમા દુર્મુખ-દુ શીલ દુ:શાસને, વસ્ત્ર ખેચ્યા છતાં તે જોઇ રહ્યા, તે એમની અશક્તિનું પરિણામ હતુંજ નહિ. એ દુ:શીલ દુ શાસનના હાથ ખભામાથી ખેંચી કાઢવા ભીમની બાહુ વિક્રમવાળી હતી. પણ શુ શૂરવીરની બાહુ સ્ત્રીઓને-સ્ત્રૈણ્ઓ માટે હોય છે? પરાઇ સ્ત્રીના વસ્ત્ર ખેચે તે સ્ત્રી કીંવા સ્ત્રૈણ્યજ છે. તો એવા સ્ત્રી કિવા સ્ત્રૈણ્યના ચરિતમા, પરિચયને આપતા એ દુ શાસનને હણી, એ ભીમને કયો યશ વિસ્તારવાનો હતો? બાર બાર વર્ષ તેઓ વનવાસ રહ્યા, વર્ષ એકની અવધી પર્યંત ગુપ્ત નિવાસ કરી રહ્યા, તેથી તેઓ રણભીરૂ નહિ હતા. માત્ર કોઇ રીતે મમત અને ઇર્ષાખોર એ કૌરવો તેમને પ્રિય-આચતા પણ જો એમના ઇર્ષા અને મમત છોડ તો પોતાના પિતરાઇઓને નિષ્કારણ હણવાના નૃશસ કાર્યને અવલંબવુ ન પડે એવો તેમનો શુભ હેતુ હતો. શૂરવીર, કાતરને હણવાથી ખ્યાતિ નથી સમજતો. તેની બાહો સમોવડીઆ-બરાબરનાને ભેટવા મર્દવા જ સર્જાયલી હોય છે.

પ્રિય વાચક, આઘત સમજી રાખશો કે હમેશા કપટ-પ્રપચ અક્ષમા, વૈર્ય, અશ્રદ્ધા,—અવિશ્વાસ, ઇર્ષા, મમત એ સહુ મનની નિર્બળતાથીજ ઉદ્ભવે છે. કાતરો જ હંમેશા નિર્બળ મનનાં હોય છે. શૂરવીર હમેશા નિડર, સરલ, ક્ષમાથી મડિત, બરાબરીઆ વિના પામરના રકતને નહિ ચુથનારો અને પ્રપચમુક્ત હોય છે. પ્રાચીન

કાળના ક્ષત્રીઓ શુરવીર હતા તો તેઓ સરલ અને નિડર હતા. તેઓનુ યુદ્ધ નીતિપુરસર મેદાનમાં અને પ્રપચ રહિત હતું. મુસલમાનો કપટયોધ-છુપાઇને છળ-પ્રપચથી લડનારા, છેતરીને શરીરને ફ્માવનારા હતા. કારણ તેઓ કાતર-નિર્બળ મનના અને સ્વધર્મને વિષે અશ્રદ્ધ હતા. સ્ત્રીઓ જે હમેશા અપકર્ષક ગણાય છે તે આ મનની નિર્બળતાને લઇને જ છે. તેઓ ડરપોક-નિર્બળ હોવાથી જ કપટી અને માયાવી બની ગુન્હાઓ અને અનર્થોને પોષનારી હોય છે. અસ્તુ. આપણે જરા પ્રસગને મૂકી આડા ઉતરી ગયા છીએ. પુન તે ઉપર આવીએ. બાર વર્ષ વનવાસ રહી, તેરમુ વર્ષ ગુપ્ત નિવાસમાં ગાળી, પાડવો ઇંદ્રપ્રસ્થમાં આવ્યા. કોઇ પણ રીતે કૌરવો, સમજી પોતાનો અરધો રાજ્યભાગ પાછો સોપે તો આપણા હાથોને તેમના રકતોથી ધોવા ન પડે એ તેમનો છેવટની ઘડી સુધી ઉદ્દેશ હતો. એટલુ જ નહિ પણ પીતરાઇઓની હત્યા કરવાના નૃશસ કાર્યથી બચી શકાતુ હોય તો ઉમ્રભર તેઓ ભિખારીના હાલે રહેવાને પણ તૈયાર હતા. પણ ક્ષાત્રધર્મને માટે તે અનુચિત કાર્ય છે, તેમ કરવાથી તમે જગતમા કાયર અને નિર્માલ્ય તરીકે ખપશો, તમે કૌરવોને નીતિ સમજવા બહુ જ તક આપી છે, ઘણું જ શોધ્યું છે, હવે તમે શસ્ત્રને લ્યો તો તે અનુચિત નથી, દયાકાતર બની શત્રુઓને નિર્બળતા આંકવા સમય આપવો એ ઉચિત નથી, એથા તમારો એ કૌરવો ઉપકાર કે મોટુ દિલ નહિ માને, પણ ઉલટા તમને નિર્બળ જ લેખશે. કારણ—

નીચ જનો નિરખે જ ક્ષમા થકી,
ઉપકૃતિ નહિ નિર્બળતા નકી.
અધિન રે અધમો અપકારથી,
ન હિત એ થકી નીતિ વિચારથી.

ઉક્ત રીતે શ્રી કૃષ્ણે બહુવિધ સમજાવ્યા. તથાપી દયા-ક્ષમાશીલ યુધિષ્ટરને તો એ વાત ગળે ઉતરી જ નહિ. પણ પામરો પોતાના પરામર્શથી ક્ષત્રિયોચિત પાણીને લીધે ઉકળી ગયુ છે જેનુ રક્ત એવા ભીમ અર્જુનાદિ કનીયસ સહોદરોની જૂદી રૂખથી નિરૂપાય તેમાં સંમત થવુ પડ્યું. તથાપિ તેમ કરતા પૂર્વે પણ જો તેઓ સમજે તો સમયનો લાભ આપવા કૃષ્ણને વિષ્ટિ લઈ મોકલવા સર્વાનુમતે નક્કી ઠરાવ્યુ અને કૃષ્ણે તે કાર્ય પોતાના ભક્તોને માટે સ્વીકારી લીંધુ.

કૃષ્ણ વિષ્ટિ લઇને દુર્યોધનની સભામા આવ્યા. સહુને પોતાનો આવવાનો હેતુ સુચવી દીધો. ભીષ્મ, દ્રોણ, વિદુરાદિ નીતિદક્ષો અને સપને ઇચ્છનારાઓએ તે વાતને અનુમોદન આપ્યું. અને દુર્યોધનને તે વાત સમજાવવા-ગળે ઉતારવા આગ્રહ પૂર્વક સૂચવ્યુ. કારણ તેઓ સર્વે તો આદિથી અંત સુધી કહી કહી સમજાવી સમજાવી થાકયા હતા.

કૃષ્ણે દુર્યોધનને પાડવો તરફનો સંદેશો કહેવો શરૂ કરતા કહ્યુ કે "દુર્યોધન! તું રાજા છે. સર્વથા રાજનીતિનુ રક્ષણ કરવુ એ તારો ધર્મ છે. પાડવો તારા પીતરાઇ ભાઇઓ છે, અર્ધના તેઓ ભાગદાર છે તેઓ હમણા વનચર્યાથી પાછા આવ્યા છે અને તને કહાવે છે કે "ભાઈ, મોર પીંછીએ રળીઆમણો. ભાઇઓ ભાઇઓમાં કુસપ અને કલહ સારો નહિ. તો સપના સુત્રો સમજી અમને અમારો અર્ધ ભાગ પાછો આપો એમા પરસ્પરની શોભા અને સભ્યતા જળવાઈ રહેશે. વિશ્વ તમારૂં ડહાપણ અને ઔદાર્યે વખાણશે, એટલુજ નહિ પણ અમે તે તમે અમને દયા કરી ખૈરાતનો ટુકડો

આપો છો એમ સમજશું." ભીષ્મ, દ્રોણાદી મુક્ત કંઠે બોલી ઉઠયાઃ-વાહ! પાંડવો વાહ! ધન્ય છે તમારા હૃદયના ઉચ્ચ ગુણને. અર્ધના ભાગી છતાં કોઈ પણ રીતે નરહત્યાના, તેમાં પણ વળી પીતરાઇની હત્યાના, પ્રાયશ્ચિત્તમા ઉતરવું ન પડે, તેમને મારી રોવા બેસવાનો સમય ન આવે, સહુની સલામતી અને સભ્યતા રહે એવા સપના સૂત્રો સમજનારના મુખમા એજ શબ્દો શોભે.

દુર્યોધનને શત્રુઓના ઉક્ત વિધિ વખાણ સાંભળી નખથી શિખા પર્યંત જ્વાલા લાગી ઉઠી. તે ચીડાઈ બોલ્યો:-કૃષ્ણ! તમારી લાંબી ટૂંકી બધી લપ જવા દ્યો. જે કહેવાનુ હોય તે ટુકામા કહી વાળો. તમે તમારા સેવકો તરફથી, તેમને મારા પાસેથી ભાગ અપાવવાની વિષ્ટિ લઇ આવ્યા છો તે તો મેં તમારા મોઢેથી સાભળ્યુ. એ સિ-વાય બીજુ કાંઈ કહેવાનું છે? કૃષ્ણ બોલ્યા-બીજુ કાઇ નહિ. ભાઇ, દુર્યોધન! જો તુ સમજી સમાધાન કરે તો એજ કહેવા સારૂ-એજ કાર્ય માટે હું આવ્યો છુ.

દુર્યોધન બોલ્યો તો શુ પાડવો બાયલા છે? રણભીરૂ છે? કયો શૂરવીર પોતાના હકને માટે સમરમાં નહિ ઝુઝતા, આ પ્રમાણે કાય-રની પેડે વિષ્ટિ કરાવે છે? શત્રુની કરૂણા હમેશા કાયર ઇચ્છે છે. કાયરની વિષ્ટિ લઇ આવનાર દૂત પણ કાયર. કૃષ્ણ! આ વાત તમારે તેઓને સમજાવવી હતી, તમારે એકદમ અહીં દોડી આવવું ઠીક નહિ હતું. આવ્યા તો ખૈર. પણ શૂરવીરોની સભામાં આ પ્રમાણે તેઓના પાણી રહિતપણાની વાત ઉચ્ચારતાં તો જરા લાજવું હતું! તમને તો તેની લાજ નહિ આવી, પણ મને લાજ લાગે છે. કિંચ, કાયર શત્રુ હોવાની પણ શૂરવીર લાજ સમજે છે. જઇને કહેજો કે પાડવો! ક્ષત્રીયોના સંતાનો થઇ ખડ ન ખાઓ, બાયલા ન બનો, તમારા

ક્ષાત્રબીજને માટે લોકોમાં શંકા ઉભી ન કરો. હુ અજાયબ પામું હુ કે પાંડુ કાકાના પેટ તમે આવા કાયર કુપુત્રો ક્યાથી પાકયા! શૌર્ય નહિ હોય તો ખેરાતનો ટુકડો જ ઉઘરાવશો અને જો છે તે કૃષ્ણ, તમે જઇ કેજો કે સમરને માટે તૈયાર થજો. દુર્યોધન રણભૂમીમા ભાગને વેચી આપશે.

એકી અવાજે ભીષ્મ બોલી ઉઠયા—પ્રલાપ! પ્રલાપ! વ્યર્થ પ્રલાપ.

દુર્યોધન આથી ચીડાઇ જઇ બોલ્યો, દાદાજી તમે સાંભળો. તમે કેમ જાણ્યુ કે એ વ્યર્થ પ્રલાપ છે? હુ અજાયબી પામુ છુ કે મારા સમિપે રહી આ પ્રમાણે વિરોધિઓનો હૃદયથી કેમ પક્ષપાત કરો છો

કૃષ્ણ જે આ સહુ એ દુર્મદનું શૃગાલગર્જના જેવુ નિસત્વ ભાષણ સાભળી રહ્યા હતા, તેમને એ દુષ્ટની મક્કતની વાણીની પીશીચારીથી જ્વલત પાદથી શીર્ષ પર્યંત જ્વાલા પ્રગટી ઉઠી. તેમને એ મિથ્યાવાદીને આજ ક્ષણે હણી નાખુ એવો ક્રોધ ચડી આવ્યો. પણ પોતે વિષ્ટિ લઇ આવ્યા છે એ કાર્ય વિષ્ટિ લાવનારને માટે નીતિનુ નથી, એટલુ જ નહિ પણ એમ કરવાથી પોતાના ભકત પાડવોના યશ અને શૌર્ય ખડિત થાય છે, એમ સમજી શાતિ પકડી બોલ્યા—જો ભાઇ દુર્યોધન! હરેક કાર્ય પાર ન પડે તેમાં હમેશા પચાતીઆની પોણીચૌદ આની ગણાય છે અને એટલા જ માટે સારા માણુસો પારકી કોઇની પચાતચોવટમા નથી પડતાં, અને કદી નિરૂપાયે પડવુ પડયુ તો ઉભયમાથી જે પક્ષ સમજુ હોય તે પક્ષને રેહ આપીને પણ લીધેલું કાર્ય પાર પાડે છે. વાસ્તવમાં મારે તો તુ અને પાંડવો બેઉ સરખા છે અને કદી તુ ન્યુનાધિક માને તો તેની કશી ચિંતા નહિ. કારણ કે પ્રતિ-

વાદી છે પણ પાંડવોને મારો સબળ પક્ષ છે એમ લોકો માને છે, એ ચિંતા છે. તેથી જો આ કાર્ય પાર નહિ પડે તો પોતાનાને સારો ભાગ અપાવવાના લોભે વશ જઈ કૃષ્ણે થતું સમાધાન તોડી નાખ્યું એમ ગણી લોકો મને દોષભાગી બનાવશે. દુર્યોધન, માણસે માણસ લેવાય છે, તું ડાહ્યો છે-શાણો છે. માટે મારૂં કહ્યું માન અને વધારે નહિ તો, એ પાંચ જણાના નિર્વાહને માટે માત્ર પાંચ જ ગામ કાઢી આપ. હું-કૃષ્ણ તારા ચરણની ધુલીને મસ્તકે સ્પર્શી કહું છું કે એટલી મારી આબરૂ રાખ!

હવે હદ આવી, દુર્યોધન! હવે હદ આવી, વિદુર બોલ્યા. કૃષ્ણ જેવાએ ચરણની ધુલી મસ્તકે સ્પર્શવા કહ્યું એથી પછી હદ આવી. તું તેમનું કેણું માન્ય નહિ રાખે તો પછી કેનું રાખશે!

દુર્યોધન બોલ્યો બસ કરો તમે ભાજી ખાઉ ભગતડા, રાજ્ય ખટપટની બાબતમાં શું સમજો? સ્વાર્થી પોતાના સ્વાર્થને સાધવા ખાતર કયું કાર્ય આચરતો નથી? અને કૃષ્ણ પ્રત્યે બોલ્યો યાદવ! આ વ્યર્થ પ્રલાપ શાને માટે? આ દુર્યોધન પાંચ ગામ તો શું પણ એક ગામ પણ એ પાંડવોને માથું મુંડાવવાને-કેશ લુંચન કરાવવાને પણ આપવાનો નથી. પછી કાંઈ કેવું છે! અને તમને મેં કહી તો દીધું છે કે જઈ કહેજો કે શોર્ય હોય તો સમરને માટે તૈયાર થાય. દુર્યોધન ત્યાં રણમાં ભાગ વેંચી આપશે.

હવે કૃષ્ણની ધીરજ કાબુમાં રહી નહિ. તે એક બીપણ ગર્જના કરી બોલ્યા બસ કર જબાન, શ્વાન, તું આ શું પ્રલાપ કરે છે! તારી પાસે આ વિષ્ટિ લઈ આવનાર કોણ છે તેનું પણ તને કાંઈ ભાન છે! મતિના શત્રુ! સારા-નરસા, પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત, સહુને જ એક સરખા લેખે છે? કોઈનું કથન માન્ય નહિ કરતા સહુનું જ માહાત્મ્ય લેવા ઉભો થાય છે. સારી રીતે સમજાવ્યા છતાં

વિધિ નિષેધને સમજતો નથી, એજ જણાવી આપે છે કે તારૂ ભાગ્ય અવળું છે, તારો નિપાત છે, રણમા ભાગ વેંચી આપશે એજ વારંવાર સભળાવ્યા કરે છે તો શુ રણ તેંજ ભાળ્યુ છે। આ તારી શૃગાલ ગર્જનાથી કૃષ્ણ તેમ જ પાડવો ડરી જવાના છે? શુ તુ શૂરમર્દ છે અને પાડવો કાયર–કલીબ–નપુસકો છે। શુ તુ સિહ છે અને એ શૃગાલો છે। શુ તુ રાયજાદો રાણીજાયો અને એ રાખેલીના સતાનો છે। શુ તુ રાજ્યનો વારસ અને એ ઉપરવાડેથી આણેલા છે। શુ તેજ હાથમા શસ્ત્રો ઝાલ્યાં છે અને એ પાડવોએ ઢોરના પૂછડા જ આબળ્યા છે। શુ તારા બાહુએ વિક્રમ અને એમના બાહુ શિથિલ છે। ના જરા પણ માનતો ના. હરગિજ નહિ. તારી બાળ લેવા તેમના હાથો સમર્થ–તયાર જ છે.

દુર્યોધન તિરસ્કારનુ સ્મિત કરી બોલ્યો–યાદવ। મને તમે પાડવોનુ સનાથપદ જણાવતા હશો નહિ વારૂ। કૃષ્ણ બોલ્યા–બેશક તુ અનાથ અને એ પાડવા સનાથ રહેશે। એકવાર નહિ, કરોડવાર આજપર્યંત–અદ્યાપિપર્યંત નહિ હવે તેઓનો હુ નાથ છુ. હુ તેમનો નાયક છુ અને તુ નરવીર હોય ક્ષત્રાણીનો જ જણેલો હોય, અને શ્વાનની પેઠે ભસી પ્રલાપ કર્યો હોય તો કાઇ જ કહેતો નથી, તેમ નહિ તો તારા બોલેલા વચનો–પ્રતિજ્ઞા ઉપર સાબુત રહેજે અને રણમા તારી જ પાસેથી દુષ્ટ શૃગાલવત્ તારી જ પાસેથી એ સિહ પાંડવો પોતાનો હિસ્સો લેશે એ વાતની ખાતરજમા રાખજે. અને એમ કહીને કૃષ્ણ સભામાથી ચાલતા થયા.

વૈતાલીય વૃત્ત.

નિકટે નકી મર્ણ જેહનુ, સઘળુ જ્ઞાન હણાય તેહનું,
યદિવા મતિમાન શોભતો, મતિ શત્રુ કુરૂનાથ તો હતો.

વાચનાર ! હૃદયને વિમર્શતા ના. નેત્રોને અશ્રુપૂર્ણ બનાવતા ના. ઇર્ષા મમતા ઇત્યાદી અધમતાનુ પરિણામ નિપાતજ-નાશજ હોય છે તેમા તમે હુ કે કોઇ શુ કરીએ ! જે કરે તે ભોગવે એ કર્મનો દેખીતો જ ન્યાય છે. ભમુકતા અગ્નિના ભડકામાં પડતું મુકે તે બળી જ મરે. સર્પના દરમા-રાફડામા હાથ ઘાલે તે એક કાળીઆના પ્રાણહર વિષ ડખનો જ સ્વાદ ચાખે. સુધાને છોડી સોમલને ચાખે, વિષની પ્યાલી ઉપાડી પીએ તેના પ્રાણો દેહથી વિદાયગિરી જ લે. વિધિ છોડી નિષેધને જ વળગે તેની જીવન-નૌકા અધવચ જ ભાગે તે સ્વાભાવિક છે. કોઇ કહેશે કે જીવદયાના હિમાયતી બની હૃદયને નહિ વિમર્શવાની, નેત્રોને અશ્રુપૂર્ણ નહિ બનવાની વાત કેમ કરો છો ! કોઇ પણ રીતે પ્રાણીના નિપાતે હૃદય વિમર્શાવુજ જોઇએ, ચક્ષુ રડવાજ જોઇએ, અશ્રુથી ભરાઈ આવવા જ જોઇએ દયાને વળી એ નિપાત, વિધિ કિવા નિષેધથી થયો છે એ જોવાપણું વિચારવાપણુ વળી કયારે પણ હોય છે ! કોઇપણ સ્થિતિમા દયા એ તો દયાજ રહેવી જોઇએ. પ્રિય વાચકો, એ તમારૂ કહેવું સત્ય છે. હુ પણ તેને સ્વીકારતો છુ અને સ્વીકારૂ છુ. મારૂ એ કથન નિરૂપાયપણા પરત્વે છે. જો કીટ પતંગાદિ, કોઇના પગ તળે પીલાઇ-ચંપાઈ જતાં હોય, પીડા પામતાં હોય તો ઉચકી કોરે પણ મુકીએ. અબોલ મુગા પશ્વાદિ જો કોઇના ત્રાસે પીડાતા હોય તો પ્રાણોના ત્યાગે પણ તેનુ સરક્ષણ કરીએ. લુલા લગડાં કિવા પાલક વિનાનાં હોય તો મહાજનને કહી પાંજરા પોળમા મોકલાવીએ, તો માનવના નિપાતે હૃદય ન વિમર્શાય, નેત્રો ન રડે એ શુ બનવા જોગ છે ? પણ માનવ અને કીટ પશ્વાદિમાં ફેર છે. પશ્વાદિ મુંગાં—અબોલ છે. અબળ અને પરાધીન છે. મનુષ્યોને દુ:ખ સુખ પ્રદર્શિત કરવા વાણી છે. તે ક્રિયા અને વિચારનો

સ્વતંત્ર ચાલક છે. વિધિ નિષેધને સમજવા તેને વિવેક છે. છતા પણ તેની સમજ ફેરથી ઉલટુ વર્ત્તન થતું હોય તો તેને સમજાવીએ, તેમ કરતો અટકાવવા કોશેષ કરીએ, પણ શુ એને કીટ પશ્વાદિની પેઠે ઉચકી કોરે મુકાય કિવા બાધી રખાય છે? અને એમ કદી કોઇથી બન્યુ છે અને બને છે?

એ કીટ પશ્વાદિને પણ દયા છતા કૃત્રીમ બાહ્ય દુઃખો કે જેનો ઉપાય બની શકે છે, તદેતર નૈસર્ગિક કારણોથી મરી અળપાતા અટકાવી શકાતા નથી. આપણને હૃદયમા દયા ઘણી હોય છે પણ મોતને હવાલે થતાં જોવાં પડે છે. મનુષ્યને પણ શળ વાગી હોય તો સેળવી કાઢી લઇએ અથવા એવુ જ કાઈ બાહ્ય દુખ હોય તો નિવારીએ. પણ જ્યાં શલ્યવત્ ઇર્ષ્યા મમતાદિને અતરમા સેવી રહ્યા ત્યાં શો ઉપાય! વૈદ્ય રોગીને સાજો કરવા ઔષધની પડી ફાકી જગે તો તેથી રોગીની રોગથી નિવૃત્તિ થઇ શકશે? તેમ તેની નિવૃત્તિને માટે એ જ ઉપાય કરે તો કામ લાગે. આપણે યદિવા તેથી એ અજ્ઞાત હોય તો પ્રબોધીએ. પણ જ્યા તે પોતે જ તે તજવા ખુશી નહિ અને મોતને જ માટે તત્પર થયો ત્યા પછી શો ઉપાય! દયાનો ઉપયોગ ઉપાયની પરાકાષ્ટા સૂધી જ રહે છે જ્યાં ઉપાય જ ન રહે ત્યા દયાનો ઉપયોગ કઈ રીતે કરવો! નિવારતા, અટકાવતા, પકડી રાખતા પણ કોઇનો રોકયો ન રહી, કાબુમાથી જઈ કોઇ હુતાશન કિવા શસ્ત્રની ધાર ઉપર ઝપલાવ્યુ તો ઉપાય રહિત. આવી ઉપાય રહિત સ્થિતિમા કયો મતિમાન એને નિર્દયતા કહેશે?

સુજ્ઞ વાચકો, ભિષ્મ, દ્રોણ વિદુરાદિ જેવા વડિલોએ દ્રોણ જેવા વિદ્યાગુરૂએ, કૃષ્ણ જેવા નીતિદક્ષે વિવેકથી–સુરીતથી સમજાવ્યા છતાં–નિવાર્યા છતાં, ઇર્ષ્યા અને મમતે હણ્યઇ ગયું છે જેનું જ્ઞાન

એવો દુર્મદાંધ દુર્યોધન કોઈ રીતે નહિ માન્યો અને કલંકની ચિર કાલિમા લઈ કુરૂક્ષેત્રના રણમાં સદાને માટે સૂતો નિષ્કારણ નરહત્યા, બાંધવ હત્યા, કુટુંબ હત્યા, શૂરહત્યાના પાપભાગી તેના પ્રાણો, તેના પાપ પિંડને-ઇર્ષ્યા અને મમત્વમય કલેવરને સદાને માટે છોડી ચાલ્યા ગયા. તેનું અચેતન-પૌદ્‌ગલિક પુતળું પડયુ રહ્યું. પાપનું ચિત્ર-પટ. સંસારથી અદૃશ્ય થયુ જગતનો ભાગ્ય ભાસ્વાન રાહુમય જીવનના ખગ્રાસથી મુકત થયો. દુઃશાસન આદિ તેના સહોદરો, કરણાદિ પ્રપંચ-નાયકો પણ ચિરશય્યા કરી સૂતા. એ મૂઢોએ ઇર્ષ્યા અને મમત્વ ન જ છોડયા. આખર સૂધી ન જ છોડયાં. પોતાના હાથે જ પોતાનો નિપાત આણ્યો. પાડવોએ માત્ર શસ્ત્રના તો નિમિત્તે, વાસ્તવ તેમના ઇર્ષ્યા અને મમતે પરાભવ આણ્યો. સર્વસ્વ સત્રજો જ ભાગ આપી દેવાયો. અર્ધ ભાગ આપી શકાયો નહિ, મમતિઓની જ ત્યાં મહત્તા છે. પ્રાણાંત સુધી આગ્રહની એક તસુ છોડતા નથી, હણાઇ સઘળું અર્પી દે છે.

શુ દુર્યોધન નહોતો સમજતો કે પાડવો પોતાથી વધારે બલ-શીલ છે અને તેઓ ધારે તો એક ક્ષણુમા તેને પોતાને ચોળી નાં-ખવા સમર્થ છે. શુ એ દુર્યોધન નહોતો સમજતો કે પોતે બળ અને શૌર્યનો મિથ્યા દંભ રાખી વ્યર્થ પ્રલાપ કરે છે! તે મનમાં બધુ જ સમજતો હતો. પણ ઇર્ષ્યા અને મમત, મનુષ્યે એક વખત માથે લીધા પછી મૂકવા ભારે થઇ પડે છે અને આખરસુધી તેને ધુળ ધલાવી નષ્ટ કરે છે! આખર વૃદ્ધ માતા પિતા, જેનુ નાથપદ ધ-રાવતો હતો એવી પત્નિને અનાથ નિરાધાર, સહોદરોની પત્નીઓને પતિસુખથી વંચિત રડતી-વિલપતી બીજાઓની દયાને હવાલે કરી ચાલ્યો ગયો.

વાંચનાર ! કહેશો કે આ કરૂણા અને ખેદજનક પ્રસંગનો ઉપ-સંહાર કરો. હવે તો એ વાંચ્યો નથી જતો. પ્રિયતમ, વ્યાકુળ ન બનો, હજી સાંભળો. તમારે ઇર્ષ્યા અને મમતનાં માઠાં પરિણામને બરાબર સમજી હૃદયની સાથે-મનની સાથે દઢાવવાં છે.

આવા અવિચારીઓની પાછળ રડવા રહેનાર પણ અ તરૂથી તેઓને શ્રાપ આપે છે. તે દુર્મતિ કૌરવોની બીચારી અનાથ અબળાઓ પણ ખિન્ન હૃદયની તેઓને ઉપાલભ આપતી હશે કે કુમતિ કથો ! જો તમારાં ઝેર વેર તજી તમે સમજ્યા હોત તો અમારી આ દુર્દશા નહિ થાત ! દુર્મદાધો ! તમને ડહાપણ નહિ હતું પણ તમારા ડાહ્યા વડિલોના ડાહપણનોજ ઉપયોગ કરી ચાલ્યા હોત તો પ્રાણની પણ નહિ દરકારે સ્રીને જે વ્હાલો એવો અમારો સૌભાગ્યનો વેષ, પ્રણષ્ટ નહિ થાત ! અમારૂ સૌભાગ્ય જળવાઈ રહેત. અને ઓ ! અક્કલના શત્રુ-ઓ ! જે રાજ્ય અને તેના લોભે પૃદ્ધ બની રણમાં ઝ પલાવ્યુ તે ન બનત અને અમારી માયે નિત્ય નતન વિલાસમા મગ્ન બની આ નદને ઉડાવતા હોત. હવે શુ તેને ધુણી દેવી છે ! બિચારા વૃદ્ધ પુરૂષો પણ દુ ખની આહ નાખી કહેતાં હશે અવિચારી પુત્રો ! તમા-રા અવિચારીપણાએ માવતરો જે પોતાની સ તતી કુશળ મૂકી મરવા ઇચ્છે છે તેમને જ તમારૂ અકુશળ જોવું પડયુ તમે અમારા મોત બગાડયા, અમારા મૂડદા સૂનાં બળશે ! વાચનાર, આ મર્મવિદ્ધ પુ-કારો પાષાણવત્ હૃદયને પણ ભેદવા છેદવા સમર્થ નથી શુ ? ભાઇઓ, ઇર્ષ્યા અને મમતનો સ ગ કર્યો તો કોઇ દહાડો તમારી પણ આવી જ દશા સમજજો. કોઇ શત્રુ તમને ક્યાઇ મર્દી નાંખશે. તમારાં ધડો અને માથા અ તરીઆળ ક્યાંઈ રઝળશે અને તમે પીડાતા, પુકારતાં તમારી મુર્ખાઇને રડતા પ્રાણોની ખ્વારી કરશો. એ

કુમતિ કૌરવો ઇર્ષ્યા અને મમતામા એટલા બધા અંધ બન્યા હતા કે પોતાના વડિલો અને પાછળ રડવા રહેલી સ્ત્રીઓની કાળજી દયા વળગી નહિ. તમે એવા ઇર્ષા અને મમતામા અંધ નહિ બનો. તમે સહૃદય છો, નિર્દય નથી. તમને તમારા બૈરાં, છોકરાં, માતા પિતા, મિત્ર સહોદરોને પતિ, પિતા, પુત્ર સ્નેહીના અભાવે રઝળતા, ઝુરતાં મૂકી જવા ન હોય, તમારા વિયોગે બળતા છોડવા ન હોય તો ઇર્ષા અને મમતાને કોઇપણ કાળે આદરશો નહિ.

આ નીચ મમતાને પોષનાર મિથ્યાભિમાન છે, અર્થાત્ મિથ્યાભિમાનમાંથી એ મમત્વ જન્મે છે, મિથ્યાભિમાનને તેજ દ્વેષ આણે છે, તેજ દ્વેષ ઇર્ષામાંથી જન્મે છે. ઇર્ષ્યા, ગુણની સ્પર્ધા કરી મેળવવા અશક્ત નીવડવાથી કિંવા તેવી શક્તિની પોતામા ખામી છે એવી અશ્રદ્ધા ઉત્પન્ન થવાથી આવે છે. આથી સિદ્ધ થાય છે કે પ્રાયશ બીજ શુદ્ધ હોય છે તોપણ ઉત્પત્તિ દોષવાળી થઇ જાય છે. જેમ ઉત્તમ વૃક્ષ ઉત્તમ ફળને આણવા બીજ શ્રેષ્ઠ જ પસંદ કરવામા આવે છે પણ જમીન, ખાતર, પાણી, વાડ, હવા, દેશકાળ વગેરેની પ્રતિકૂળતાથી કિંવા જેવા જોઇએ તેવા નહિ હોવાથી તે અંકુરતુ નથી. અંકુરે છે તો પોષાતુ નથી, વિનાશ પામે છે. તેમજ સ્પર્ધા એ બીજ છે. પણ જો પ્રયત્નની મંદતાથી, મનની અદૃઢતાથી કિંવા શક્તિમાં અપ્રતીતિથી હૃદયમાં પોષાતી નથી, ટકાવી રખાતી નથી. બીજાની બરાબરી કિંવા શ્રેષ્ટતા થતી નથી એટલુંજ નહિ પણ બીજનિક્ષેપ સુધી જ નહિ રહેતા કે આગળ વધવાને બદલે પાછા હઠવાની પ્રવૃત્તિ બને છે. જેમકે બીજથી અંકુર, અંકુરથી વૃક્ષ, શાખા, પ્રશાખા ઇત્યાદિની પેઠે સ્પર્ધાથી ગુણ, ગુણથી ગૌરવ, ગૌરવથી સન્માન એમ આગળ વધવાને બદલે અથવા સ્પર્ધાથીજ અટકી રહેવાને બદલે, પ્રતિકૂળ જ-

મીન ઇત્યાદિ ઉપકરણોથી જેમ બીજ નહિ અંકુરતા અથવા અંકુરી નહિ પોષાતા વિનાશ પામે છે તેમ, ત્યાથી પાછા હઠી તે જ દ્વેષ, મિથ્યાભિમાન અને મમતમા ઉતરી જવાય છે. સ્પર્ધામા બરાબરીનો ખરો લોભ રહે છે, ઈર્ષામા અન્યનુ તેજ નહિ સહી શકવાથી તેનો દંભ સેવવો પડે અને એ દંભથી મિથ્યાભિમાની બની મમત બધાઇ જાય છે, કે જેને મરણના જોખમે પણ મૂકી દઈ શકાતો નથી અને આખર સુધી પકડી રહીએ છીએ. આથી બરાબરી-સરસાઇના મિથ્યાભિમાનમા વ્યક્તિએ વ્યક્તિ કુટુંબે કુટુંબ દેશ અને મજબે મજબ લડી કલહ અને કુસંપ કરી સંપનો-સર્વસ્વનો વિનાશ આણે છે.

સંવાદનુ ખંડન અને વિવાદની સ્થાપના આથીજ થાય છે. જૈનીઓ જૈનસિદ્ધાતના તત્ત્વો આદર્શની માફક જૈનો પાસે રજુ નહિ કરે, વેદાતિઓ સ્વસિદ્ધાંતની પરાકાષ્ટાએ નિજાનુયાયીઓને નહિ લઇ જાય. ઉલટા એક બીજાની સામે વિવાદની સ્થાપના કરી તત્ત્વોને અંધારામા રાખશે. પુસ્તકોના પાનામા રાખશે. એક મજબના મિશનરીઓ મિશનરીઓથી, એક મતના ઉપદેશકો બીજા મતના ઉપદેશકોથી, એક મજબના બીજા સંપ્રદાય, એક માર્ગના આચાર્યો-ધર્મગુરૂઓ બીજા સંપ્રદાયના આચાર્યો અને ધર્મગુરૂઓથી, એક સંઘ બીજા સંઘથી, એક સમુદાય બીજા સમુદાયથી લડી મુઆ અને લડી મરે છે. નિર્જેતરથી જ નહિ પણ પોત પોતાના સંપ્રદાયમા પણ સરસાઈ, ગુણઅસહિષ્ણુતા ઇત્યાદિથી ઈર્ષા અને મમતાને પોષી લડી મરે છે અને સંઘના સમુદાયના બળને ઓછું કરે છે અને જે સારાના નેતાઓ છે તેજ, બુરાના નેતાઓ બને છે.

એજ વિધ વ્યક્તિ વ્યક્તિના બળને, દેશ દેશના બળને, રાજ્ય રાજ્યના બળ ઈત્યાદીને ઓછું કરે છે અને એમ થતા સંપ, સહ-

કાર, બળ, નીતિબળ, આત્મબળ, ધર્મબળ, ગ્રામબળ, દેશબળ, રાજ્યબળનો ક્ષય થતા વિનાશ આવે છે.

મુસલમાનો અને ક્ષત્રિઓ, ક્ષત્રિઓ અને ક્ષત્રિઓ, મુસલમાનો અને મુસલમાનો ઇર્ષ્યા અને મમતથી લડી મુઆના-પાયમાલ થયાના ઇતિહાસમા પુષ્કળ દાખલાઓ છે, જેનુ વિવેચન કરવા સ્થળસંકોચને લીધે અવકાશ નથી.

સુજ્ઞ વાચકો ! આપણો વિષય ઇર્ષ્યા અને મમત શુ છે અને તેમણે શુ શું અનર્થો કર્યા નથી, એ છે. એ ઇર્ષા અને મમત શુ છે, શાથી ઉદ્‌ભવે છે, ઉદ્‌ભવિ શુ અનર્થો ઉપજાવે છે તે સહુ ઉપયોગ પુરતું લખાઇ ગયુ છે તેથી ઉપસંહારમા જણાવવાનુ કે સુખાર્થીએ તે સર્વથા તજવા યોગ્ય છે અને સંપ સજવા યોગ્ય છે. તો પરસ્પર મિત્રભાવનાથી વર્તવુ એજ સ્વાર્થ અને પરમાર્થનો માર્ગ છે. અને યદ્યપિ દુર્જન સજ્જનને ઇર્ષા અને મમત સજી પીડે છે પણ આખર સત્યમેવજયતે નાનૃત એ નીતિવાક્ય પ્રમાણે ભલાનો જય અને બુરાનો ક્ષય થાય છે, એ લખી લેખીની વિરમે છે ઇલલ.

જ્ઞાતી અને સંઘ.

ગુલિસ્તાન એટલે ગુલ-પુષ્પ તેનુ સ્થાન જે ઉપવન યા બગીચો. સ્તાન એ શબ્દ કોઈપણ નામની સાથે લાગી તે તેનો નિવાસ એવો અર્થ સુચવે છે. જેમકે અરબસ્તાન, આરબોનું સ્થાન, બલુચિસ્તાન, તુર્કસ્તાન, બોસ્તાન, પરસ્તાન વિગેરે વિગેરે. એજ મુજબ, હિંદુસ્તાન હિંદુઓનુ સ્થાન-નિવાસ. હિંદુ એ શબ્દ આર્યસંજ્ઞાબોધક છે, તે

હિંદુઓનું સ્થાન તેથી હિંદુસ્તાન કહેવાયું. હિંદુસ્તાનમાં પૂર્વે હિંદુઓ જ નિવસતા હતા. ઇતિહાસ પણ તે વાતને પૂરવાર કરે છે. આ હિંદુસ્તાનના પ્રાચીન સમય તરફ દષ્ટિ કરીએ છીએ તો તે સમયે માત્ર વર્ણાશ્રમ વ્યવસ્થા હતી જ્ઞાતીભેદો તે વખતે હતા નહિ. તે પાછળથી ઉદ્ભવ્યા હોય એમ સમજાય છે. તે કેમ ઉદ્ભવ્યા તેના અનેક કારણોમાનું એક તો યવનોનું આગમન અને તેથી બનેલી સંકરતા સમજાય છે. તે સમયથી આરંભી તે બંધનો ઉદ્ભવ્યા, વધતા ગયા, દઢતમ બંધાતા ગયા, જે વખતે ચતુર્વિધ વર્ણાશ્રમ વ્યવસ્થા હતી તે વખતે ગુણાનુસાર જાતિ એ માન્યતા પ્રમુખ હોઇ ત્રિવર્ણમા અકદાગ્રહે પરસ્પરમા ખાવું ખવરાવવું કન્યા લેવી દેવી એવો વ્યવહાર પ્રચલિત હતો. બ્રાહ્મણની કન્યા વણિકો પરણતા હતા, વણિકોની કન્યા બ્રાહ્મણ પરણતા હતા, એજ મુજબે રાજ્યકન્યાને રૂષિઓ અને રૂષિકન્યાઓને રાજવીરો વરતા હતા આવો છુટવાળો વ્યવહાર ચાલતો એમ જૈન ઇતિહાસ જોતા માલુમ પડે છે.

આર્ય એટલે હિંદુ અને અનાર્ય–યવનોના સાંકર્યથી ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન સંયોગાનુકૂળ જ્ઞાતિ, તડા, ગચ્છો એમ વર્ણમાત્રમાથી ભિન્ન ભિન્ન શાખાઓ વિસ્તરતી ચાલી, ને તેના નિયમો–કાયદાઓ ઘડાતા ચાલ્યા, વિશાળતા તૂટી, મર્યાદા બંધાવા લાગી અને તે મર્યાદાની સીમાથી જે બાહ્ય પગ મૂકે તે જ્ઞાતી બહાર–તેને દંડ, તેને શિક્ષા, એવા પ્રતિબંધો વધતા ચાલ્યા. જ્યારે આમ બનવા માંડયું ત્યારે તે પ્રતિબંધો જેને જેને ન રૂચ્યા, પ્રતિકૂળ નિવડયા, તેવા પાંચ દશ વીશે મળી વળી એક નોખું તડ બાંધ્યું, અને તે વળી એક જુદી જ્ઞાતી ઓળખાવા લાગી. આમ જ્ઞાતિ એ મૂળ મૂળ વર્ણની, વિચાર આચારની સંકરતાથી પડી ગયેલા તડની, ભેદોની

અને ગચ્છોની બનેલી છે, પણ કાળાંતરે તેણે એવું પૃથક્ત્વ સ્વીકારી લીધુ કે વર્ણાશ્રમનું મહત્વ ઘટી ગયુ. મૂળ સહુ ભેગા હતા એવો વિચાર અને સહચાર તૂટી ગયો અને ભિન્નતા, મમત્વ વધતાં ગયા આ સમયમાં શા કારણથી એ તો કાંઈ સમજાતું નથી, પણ ચોરાશી શબ્દ એવો તો લોકોને પ્રિય થઇ પડેલો જોવામા આવે છે કે બ્રાહ્મણોની ચોરાશી જમે, વણિકોની પણ ચોરાશી જ્ઞાતો, જૈન ધર્મમા પણ ચોરાશી ગચ્છો, યોગીઓના આસન પણ ચોરાશી, છેવટ ફેરા પણ ચોરાશીના. કોઈ પણ સસ્થાએ ચોરાશી સુધી તો પહોચવુ જ જોઇએ ચારે બાજુ સસ્થાઓની ભિન્નતાના રાગીએ રાશી ઉભરાય અને તે ગણાતા ચોરાશી ગણાય ત્યારે આનદ મનાય કે બસ, હવે આપણે ચોરાશી સુધી પહોંચી ગયા. પંચાશીએ હવે જવાય નહિ કાયદો ચોરાશીનો છે. અહો મૂર્ખતા ! ચોરાશી સુધી પણ જેમાથી વિસ્તર્યાં તે તો ભુલી જ જવાય છે. મૂળ વિના શાખા એવી સ્થિતિ ઉદ્ભિજ વૃક્ષોમા તો નહિ પણ વિશાળમતિ મનુષ્યોમા આજ જમાનામા દશ્ય રૂપે પ્રતીત થાય છે એ આશ્ચર્ય છે. આવી ભિન્નતાથી સમષ્ટિનુ એક બધારણ મટી ભેદ, વિસ્તરતો ચાલે છે અને જે માત્ર પ્રથમ અમુક રૂચિભેદે નોખા પડી તડા બધાયલા હતાં તેના વ્યવહાર અને ધર્મ પણ પ્રથક્ત્વ પકડે છે. કહેવાય તો જ્ઞાતિ બ્રાહ્મણોની, પણ પરસ્પરમા અનેક ભેદો, અનેક પ્રકારનો વ્યવહાર અને ધર્મનો વિચ્છેદ. કહેવાય તો જ્ઞાતિ વણિકોની, પણ પરસ્પરમા અનેક ભેદો અને અનેક પ્રકારના વ્યવહાર અને ધાર્મિક વિચારોમાં સ્થિત્યંતર. આ રીતે જ્ઞાતિ માત્રમા આવી સ્થિતિથી અડચણ એક નડે છે અને તે એ કે તેથી રાષ્ટ્રીય ભાવના ભુલી જવાય છે. બ્રાહ્મણ પણ હિદુ, વણિક પણ હિદુ, તે રહેવા દો, જૈન

પણુ હિંદુ, શૈવ પણુ હિંદુ, રામાનુજ પણુ હિંદુ, વૈષ્ણુવ પણુ હિંદુ, જૈનોમાં પણુ દશા શ્રીમાળી જૈન, વીશા શ્રીમાળી જૈન, ઓસવાળ જૈન, અગ્રવાળ જૈન, પોરવાડ જૈન, બ્રાહ્મણુ પણુ કવચિત્ જૈન, કણુબી જૈન, ભાવસાર જૈન, આવી જૈન સમષ્ટિનો એક સંઘ, આવો જ વૈષ્ણુવ સમષ્ટિનો કે શૈવસમષ્ટિનો એક સંપ્રદાય, સંપ્રદાયોમાં પણુ કોઇ બ્રાહ્મણુ, શૈવ તો કોઈ રામાનુજ, કોઇ વૈષ્ણુવ તો કોઇ સહજાનંદીય, વણિકોમા પણુ કોઇ વૈષ્ણુવ તો કોઇ તદિતર. આ વિધિ સંઘ અને સંપ્રદાયોમા ભિન્ન ભિન્ન જ્ઞાતિઓનો અગાગી ભાવ, જ્ઞાતિઓના વ્યવહાર અને તજ્જન્ય ધર્મ, અને વિચારણાનુ પ્રથક્ત્વ એ કારણોથી, અનેક વાર એવો તો અંદર અંદર વિદ્રોહ અને કલહ જાગે છે કે અવધિ ! હિંદુસ્તાનને અવનતિમા મુકનાર કારણો જો કાઈ હોય તો નાત જાતના વ્યવહાર અને તજ્જન્ય ધર્મ અને વિચારણાના કદાગ્રહ છતા રાષ્ટ્રિય ધર્મભાવનામા પણુ માથું મારે છે તે છે. આનુ કારણુ મૂળમાથી નોખા પડી અતિ વિસ્તારે પહોંચવાનુ મતિ-દૌર્બલ્ય જ છે વ્યષ્ટિજીવન કહીએ કે અમુક વ્યષ્ટિ એટલે તડાનુ-ગચ્છનુ કિંવા જ્ઞાતિનુ જીવન. પોત પોતાની કક્ષામાં સુખરૂપ અને સ્વતત્ર પ્રતીત થાય છે. પણુ વ્યષ્ટિ પોતે કોણુ એજ જ્યા જોવા જઇએ છીએ, ત્યા ફલાણુાનો પુત્ર, ફલાણુાનો દૌહિત્ર, ભ્રાત, જામાત્ર, પતિ વિગેરે વિગેરે આમ સમષ્ટિમાજ વ્યષ્ટિ સમાઇ રહે છે. વ્યષ્ટિ વ્યર્થ સ્વતત્ર થવા જાય છે. એજ સ્વતત્ર છે જે પરતંત્ર છે પરતત્રનો અર્થ શ્રેષ્ટ જેનું તત્ર એવો લઇશુ તો મનુષ્યે કિંવા વ્યષ્ટિસમૂહે એક સંસ્થા, જ્ઞાતિ કે સંઘ સંપ્રદાયમાં એક વ્યક્તિ તરીકે વ્યહરવા એવુ તો શ્રેષ્ટ તત્ર નિયમવું જોઇએ કે ત્યાજ તે સ્વતંત્ર છે અને આમ પાછા સમષ્ટિ ભાવનામા અવિરૂદ્ધ ઉભા

રક્ષા વિના બનવું અસભવિત છે. સમષ્ટિ ભાવનાજ સર્વ પ્રકારની સ્વતત્રતા, અપ્રતિબધ, અવિરોધ, અકદાગ્રહ ઇત્યાદિ ઉચ્ચ કેન્દ્રોનું આલય છે. એ ભાવ જ્યાસુધી ઉપસ્થિત નથી ત્યાસુધી સઘ, સપ્રદાયમાં તો શુ પણ જે નાની સસ્થા એટલે જ્ઞાતિ, ગચ્છ કે તડામાં આપણે ઉપસ્થિત છીએ તેમા પણ સપની આશા વ્યર્થપાય છે. એ ભાવનાના સૂત્રો સમજવાની આવશ્યકતા છે. મૂળથી થયેલા વિસ્તાર તદ્‌તદ્ વર્ણમા વિભાગી વર્ણાશ્રમ પ્રવર્તાવવા આ કાળે અતિ દુર્ઘટ છે, નિસર્ગ એવા ઉતાવળીઆ પરિવર્તનને અનુકુળ નથી. પણ એટલુ તો બની શકે તેવુ છે કે જ્ઞાતિ પ્રથક, સઘ સંપ્રદાયો પ્રથક, તે તેના નિયમો અને બધારણો પણ પ્રથક જોઇએ, અને તે છે, પણ તેમા વ્યભિચાર કદાગ્રહોને લઇને કરી દેવામા આવે છે આથી તે તે સસ્થાઓ હતપ્રહત અને અસ્તવ્યસ્ત બની જાય છે આમ નહિ થવા દેવા આટલુજ કરવુ આવશ્યક છે કે જ્ઞાતિ કે જેને વિશેષે કરી વ્યવહારના ધોરણે કાર્ય વહવાનુ છે, તે તેના ધોરણે કાર્ય કરે જાય. સઘમા વ્યવહાર સાથે ધર્મ વિશેષ ઉમેરાય છે અને તેથી તેની સત્તા મહદ્ છે. આપણે તેને ધાર્મિક સસ્થા એથી જ કહીએ છીએ. આ સઘે વ્યવહારથી કિવા લોકસંગ્રહ એટલે કે ધર્મથી વિપરીત વર્તનના કાર્ય વિના જ્ઞાતીના કાર્યમા માથુ મારવુ નહિ જોઇએ, તાત્પર્ય કે જ્ઞાતિ જ્ઞાતિની દિશામા રહી કામ કરે, સઘ કિવા સંપ્રદાય તેની દિશામા રહી કામ કરે જોઇએ તો એક અન્યને સહકાર બને. પણ એક અન્યના કાર્યમાં હસ્ત નાખી વિદ્રોહ ઉભા કરે તે નહિ ઇચ્છવા જેવી બાબત છે. જ્ઞાતિબાહ્ય, સઘમા વ્યવહાર લઇ શકે છે, બેસી ઉઠી, ખાઈપી શકે છે. સઘબાહ્ય તેની જ્ઞાતિમા સર્વ પ્રકારે વ્યવહરી શકે છે. આ દશા અને લક્ષ, જ્ઞાતિઓ અને સઘ સંપ્રદાયના ર-

હેવાં જોઇએ. માત્ર જે સસ્થામાં તે સ્વીકારાય તેના નિયમે તે વર્તે એટલો અંકુશ રહેવો જોઇએ. સર્વથા ઉછ્ખલ વર્ત્તે તેનો તિરસ્કાર વ્યાજબી છે. એવા કેટલાક સજોગો છે, કે જેમા જ્ઞાતિ–સંઘ એક બીજાની વચમા આવી શકે છે, તે એમા કે જે વ્યવહાર ઉભય સંસ્થાને અમોઘ હાનીકર્તા છે, એટલે કે બીલકુલ જ્ઞાતિ કે સઘ કિવા સપ્રદાયને મૂકી જેનુ વર્તન છે, તેવી બાબતમા. માસભક્ષણ, શુદ્રાન્નભક્ષણ, મદ્યપાન વીગેરે–સંજોગોમા એક સસ્થા બીજાની દરમીયાન આવી શકે છે. આવા સજોગમા એકે અન્યના કાર્યમા માથુ માર્યું નહિ પણ મદદ કરી ગણાય છે, અને આવા સજોગોમા તેવી પ્રવૃત્તિ આદરણીય છે. આવા સજોગોમા પણ અમુક પ્રાયશ્ચિત્ત કરાવી સંઘ કિવા સપ્રદાય પવિત્ર કરી શકે છે, જ્ઞાતિ નહિ. જ્ઞાતિ સામાન્ય સસ્થા છે. તેની વ્યાખ્યા વ્યવહાર એટલે માત્ર ખાવુ, ખવરાવવુ, કન્યા લેવા દેવામા સમાઇ રહે છે. સઘ કિવા સપ્રદાય વિશેષ સસ્થા છે તેની વ્યાખ્યા ધાર્મિક સંસ્કારની વિશેષતામા સમાય છે. સામાન્ય સસ્થા કરતા વિશેષ સસ્થાના બધારણો, વિશાળ, ઉદાત્ત, અને ઉદાર હોવા જોઇએ. નહિ તો વિશેષ સસ્થા તરીકેની તેની કાંઈ જ મહત્તા સચવાતી નથી.

આવી રીતિએ અત્યારે આપણામા કાર્ય ચાલતું નથી. એક અન્યના કાર્યમા પ્રથક પ્રથક છતા માથુ મારે છે, કલહ અને વિદ્રોહ જગાવે છે. જ્ઞાતિ સઘમા, સઘ જ્ઞાતિમાં અવનતિ અને અવ્યવસ્થા આણી મૂકે છે. આ સહુ એક બીજાનુ કાર્ય શુ છે તે નહિ સમજવાના પરિણામો છે.

સઘનુ કિવા સપ્રદાયનુ કાર્ય એ છે કે જે ઉપાધિથી તે ઓળખાતો હોય તેના ધોરણે અવિરોધે વર્તવુ, જ્ઞાતિનુ કાર્ય તેને હસ્તગત

સોંપી તેની તકરારના નેતા નહિ બનવુ. જ્ઞાતિનુ કાર્ય એ છે કે પોતે જે ઉપાધીથી ઓળખાય છે તેના નિયમો-બંધારણોના ધોરણે વર્તવું અને સંઘમાં સંપ ઇચ્છી જ્ઞાતિગત કલહને મંઘમા નહિ રોપવો. જ્યા સંસ્થા જ ઉભયે પ્રથક છે ત્યા ઐક્ય માત્ર એક અન્ગના અ-વિરોધમાં સહચાર-મૈત્રીમા-સહાયમા બતાવવાનુ છે, નહિ કે એકે અન્યના કલહમાં ભાગ લેવામા. એમ કરવાથી તે તેના ગૌરવને હી-ણપં લાગે છે.

એમ સમજાય છે કે ધર્મ પહેલો અને તેના નિયમો તે પછી, એટલે કે વ્યવહારમાં—આચારમાં તે પહેલો અને પછી તેના બંધા-રણો. જે જે વિધિનિષેધના પવિત્ર ધર્મ ફરમાનો જોવામા આવે છે, તે બધા તેવા તેવા રૂપે વ્યવહારમા પ્રવૃત્તિ તેની થયા પછી જ શિષ્ટ પુરૂષોએ ઉચિતને વિધિ તરીકે સંગ્રહ્યા, અનુચિત લાગ્યા તેનો નિ-ષેધ સુચવ્યો.

વ્યવહાર અને ધર્મ એક બીજામાં એવાં તો ઓતપ્રોત છે કે તે અતિવિશાળ ભાવનામા લઇ જતા ઉભયે એક જ છે, એક જ સ્વરૂપ છે એમ માનવુ પડે છે. એટલુજ નહિ પણ વ્યવહાર એજ ધર્મ એમ માનવુ પડે છે. પણ આ સમજણ સામાન્ય જનને સુલભ નથી, એમ સમજી શિષ્ટપરંપરા વ્યવહાર ધર્મની, પ્રથક રૂપે શાસ્ત્ર-કારોએ વર્ણવેલી છે અને તે એવા હેતુથી કે કેવળ વ્યવહાર કિંવા વ્યવહાર ભાવનાએજ વ્યવહારતા ધર્મભાવનાનો પ્રધ્વંસ ન થાય. વ્યવહારનો અર્થ અહિઆ શુદ્ધ સાત્વિક પ્રવૃત્તિ સમજવો. કુરાને શ-રીફ' લખાયા પહેલા મુસલમાનો મદ્યપાન, માંસભક્ષણ, ભાઇની દીકરી સાથે લગ્ન એ બધુ કરતા હશે. મહમદે મદિરાપાનને ના ફરમાન પોતાના પાક કલમામા કર્યું. કેમકે તે તેને અનુચિત જણાયુ. માંસ-

ભક્ષણુ અને ભાઇની દીકરી સાથે લગ્નની છુટ આપી આજ મુજબ દરેક ધર્મ–દરેક સપ્રદાયમા જે જે વિધિ–નિષેધોનાં ફરમાન જોવામાં આવે છે તે વ્યવહાર થયાપછી ઉચિતાનુચિત શાસ્ત્રકારોને સમજાયા પછી જ આવા ધર્મના કલ્પમા મનુષ્યના મનમા જાગ્રત રહે, વ્યવહાર અમરળ–અશુદ્ધ ન થાય, તે હેતુથી, પછી વ્યવહારની સાથે જોડી દીધા. દાંતણુ કરી સૂર્યને નમવુ તે. પહેલા કે તે પછી નમાતું નથી, એમ નથી, તે ક્રિયાની સાથે યાજતા વ્યવહારમા મનુષ્ય પદે પદે ધમની આવશ્યકતા જોનો જાય તે હેતુ છે લગ્ન, મરણુ વિગેરે અનેક પ્રસગોની સાથે તેનીજ ક્રિયાઓ આવાજ હેતુપુરસર છે. આ બધું વિવરણુ કરવાનો એ હેતુ છે કે ધર્મભાવના વ્યવહાર સાથે જોડવામા આવેલી છે તે ધર્મ વિશેષની છે, વ્યવહારની નથી. એટલુ જો સમજવામા આવે કિવા એક અન્યમા ઓતપ્રોત છે, એ સમજાય તો વ્યવહાર અને ધર્મના અગો જ્ઞાતિ અને મંઘ કિવા સંપ્રદાયમા કાલાંતરે પણુ કશી તકરાર પડે નહિ ઉદાર ભાવનાથી ઉચી ભુમિકા ઉપર આવી જોતા જણાય કે શુદ્ધ વ્યવહાર એજ ધર્મ છે, અને જો એમ છે તો પછી ધર્મભાવના મનુષ્ય પોતે કલ્પે તેવી સ્વીકારવાને અપ્રતિબદ્ધ છે જે ઉપાધિના ધારણથી મનુષ્ય અમુક ધર્મી ઓળખાતો હોય તે ઉપાધિ માત્રજ છે એમ જન પ્રભૃતિના અપલાપને સ્વીકારીને પણુ બોલવુ પડે છે. તે ઉપાધિના બધનોથી પણુ જો મનુષ્યે કલ્પેલો વ્યવહાર શુદ્ધ હોય તો તે મુક્ત છે. "**निस्त्रैगुण्ये पथि विचरतां को विधि को निषेधः**" "તુજે હૈ શોખ મિલનેકા તો હરદમ લો લગાતા જા" ઇત્યદિ અનુમોદનનો રવ પણુ શ્રવણે પડે છે, પણુ લોકસંગ્રહાર્થ આપણે તેને ન આદર આપીએ તો પણુ તે સામે જે સંકુચિત વૃત્તિને સેવવામા આવે છે તે અસ્થાને

છે, એમ તો માનવુંજ પડશે. આમ માનવામાં નથી આવતું, માટેજ અનેક ખળભળાટ અને કોલાહલો ઉઠે છે.

આટલુ જણાવી અપવાદની દિશાનું સુચન કરી લેખને હું સમાપ્ત કરીશ. વસ્તુ અતિ અપવાદથી સહિત છે રહિત નથી, આવો એક નિયમ છે તથાપિ ઉપસર્ગનુ વિધાન પણ હોય છે. ઉંઘવુ એ નિયમ છે તથાપિ રાત્રી જાગરણનુ વિધાન પ્રતીત થાય છે અમુક ગુન્હાઓ માટે કાયદાઓ છે પણ તેમા અપવાદ થયા છે, અને આવશ્યકતાએ થાય છે. તેજ મુજબ દેશકાલનુસાર જ્ઞાતિ-સઘ કિંવા સપ્રદાયના અગ્રણીએ, જે અપવાદ આવશ્યક જણાય તે ગ્રહણ કરવા. અપવાદનો અર્થ હુ મૈત્રી સમજુ છુ. જે પૂર્વાપર વિરોધમાં મધ્યસ્થ વર્તી નીકાલ પતાવે તે મિત્રજ કહેવાય. તો જ્યારે વિરોધી સજોગો ઉપસ્થિત થાય તે વખતે અપવાદ મૈત્રીને ગોઠી, વસ્તુગતિને આગળ ધકેલવી એ મહતોની મહત્તા છે, શાણાઓનું શાણપણ છે. નહિ કે ગુચવાયલુ કોકડુ ગુચવાયલુ જ રાખવામા.

ज्ञानक्रियाभ्यांमोक्षः

આપણા જૈનોએ અને આપણા આગમોએ **ज्ञानक्रियाभ्यांमोक्षः** અર્થાત્ જ્ઞાન અને ક્રિયાથી મુક્તિ એમ માન્યુ છે. પણ તેમા કાળભેદે કેટલોક વિપર્યય થયો જોવામા આવે છે. મહાવીર પ્રભુજીના નિર્વાણ પછીથી, આપણે પ્રથમ કાળનુ અવલોકન શરૂ કરીએ તો તે વખતમા ચતુર્વિધ સઘમા જ્ઞાન અને ક્રિયા સયુક્ત પ્રવૃત્તિ હતી અને તેથી સઘસમષ્ટિનું ચારિત્રબધારણ જ્ઞાન ક્રિયાથી યુક્ત હતુ. આર્થ પરમાર્થ જેમાં સમાયો છે, એવો વ્યવહાર સુદૃઢ બન્યો રહેતો હતો

સાધુઓ, આચાર્યો ક્રિયા સાથે જ્ઞાનને સાચવી શ્રાવક શ્રાવિકાઓને આદર્શ રૂપ પ્રતીત થતા હતા. શ્રાવક શ્રાવિકાઓ પણ એ ઉત્તમ આદર્શમાં પોતાના જ્ઞાનક્રિયાભ્યામોક્ષ એ સિદ્ધાતને અવલોકી તદનુકૂલ પ્રવૃત્તિ કરતાં હતા. અને જૈન ધર્મ તે વખતે મુક્તિના ભવ્ય મદિર ઉપર મુમુક્ષુને સ્થાપવા, દિગ્દર્શક બહોળા વિસ્તારમા મનાઈ-ગવાઇ રહ્યો હતો. મગધ ઈત્યાદિ દેશના રાજા મહારાજાઓ સાનદ એ ધર્મના અનન્ય સેવકો અનુયાયીઓ બન્યા હતા. ને પછી હેમચદ્રાચાર્ય, સિદ્ધસેન દિવાકર ઈત્યાદિ આચાર્યોએ જૈન તત્ત્વોના રહસ્ય અને જ્ઞાનને અપૂર્વ યુક્તિ પ્રયુક્તિઓથી, તેના અનુયાયિઓ તેમા અપૂર્વ રસાસ્વાદ લે એવા આગ્રહથી ગ્રથો, લેખો ઇત્યાદીમાં ચર્ચી હસ્તામલકવત્ સ્પષ્ટ કરી મુક્યુ હતુ, અને જૈન ધર્મની વિજયપતાકા દિગત સુધી ફરકી રહી હતી. જૈનેતરો–વેદાનુયાયીઓના યજ્ઞશિક્ષાથી અનુયાયી રાજર્ષિઓ તે વળા યજ્ઞને વિસારી, વીર પ્રભુના અહિંસાના સિદ્ધાતના અનુમોદક બની રહ્યા હતા, પણ ઉદય અને અસ્ત, ચડતી અને પડતી, સ્થિતિ અને પરિવર્તન, દેશનુ, રાજ્યનુ, સમાજનુ સર્વત્રનુ થયાજ કરે છે આપણા જૈન ધર્મના પરિવર્તનનો કાળ આવ્યો. જ્ઞાનક્રિયાભ્યામોક્ષ એ સિદ્ધાત જૈનોના મગજમાથી ભૂસાવા લાગ્યો. હળવે હળવે શકર ઇત્યાદિ, મત પ્રવર્તકોના સિદ્ધાતોને પ્રબળતા પામતા જોઇ ક્રિયા ઉપર ભાર મૂકાયો અને જ્ઞાનની બાજુ હઠતી જવા લાગી. એટલે તે સામે પોતાની ઉત્કૃષ્ટતાના પ્રતિપાદનમા ક્રિયા રૂચી વધી પડી અને જ્ઞાનની દિશામા પ્રમાદ વધતો ગયો. આથી ધારેલો અર્થ કેટલેક અશે પાર પડ્યો, પણ એ ક્રિયારૂચીના પ્રવાહ વધી જવાથી પછી અદરો અંદર રૂચિ ભિન્નતા વધતી ગઇ. એક જૈન કહેવાતા ધર્મમા પણ માહો માહે ગચ્છ–તડા, ભેદો એ વિધિ-

ભેદ વિસ્તરતો ચાલ્યો. આ કાળ તે દ્વિતીય કાળ છે આટલે સુધી જ્ઞાનની ગૌણુતા અને ક્રિયાનું આધિક્ય જૈન પ્રજામાં દર્શન આપી રહ્યા હતા. માત્ર જ્ઞાન ક્રિયાની સમતા બદલાઇ હતી પણ તે પછીના તૃતીય કાળમા જ્ઞાનદિશાના પ્રવેશક દ્વાર, ક્રિયા રૂચીના પ્રવાહના આધીક્યમાં તણુાતા જૈનો ભૂલવા લાગ્યા અને ભિન્નતા વધી જતા પરસ્પરના કદાગ્રહોને લઇને એક પછી એક કેટલીક અવિધિ ક્રિયામા ભેળવાતી ગઇ અને અંતપર્યંત જે ક્રિયાની દિશા પણુ વિશુદ્ધ અને નિર્મળ હતી તે પણુ વિકૃત થવા લાગી. જે પ્રવૃત્તિ રાગ દ્વેષના પરિહારને માટે હતી, તે પ્રવૃત્તિ રાગદ્વેષને પોષવા કામે લાગવા મડી. જે પ્રવૃત્તિ, આત્માના સ્વસ્વરૂપમા રમણુ કરાવનારી હતી, તે આત્માને વિભાવબદ્ધ રાખવા વિજયશાળી નીવડવા લાગી. વિધિમાર્ગ દબાતો ચાલ્યો. નિષેધ, વિધિના રૂપમા પરિણુમવા લાગ્યો, વિધિમાર્ગની ગૌણુતા અહીં પર્યંત પણુ થોડે ઘણે અંશે સચવાઇ રહી હતી. અહીં સુધી જૈનો ક્રિયાથી ભલે ગૌણુ અને કેટલીક અવિધિઓથી યુક્ત હોવા છતાં જૈન દિશાને પ્રકાશિત રાખી શક્યા હતા પણુ સાંપ્રત કાળે પાશ્ચાત્ય વિચારોના સંસર્ગથી જેમ ઇતસ્તતઃ ભારત વર્ષના કહેવાતા, મનાતા ધર્મોમાં પણુ જેમ અવ્યવસ્થા ઉત્પન્ન થવા લાગી તેમ જૈનદર્શનમા પણુ તેનો ગંધ લાગ્યો.

વિચારનું સામ્રાજ્ય, વિતર્કશાળી બુદ્ધિનો વિલાસ, જે ચારિત્રના બંધારણુમાં, સમાજને–દેશને, સર્વને અનુપયોગી છે, જે મનુષ્યને પરમ નિશ્ચયથી દૂર રાખે છે, તેવા બુદ્ધિવિલાસનું–વિચારનું સામ્રાજ્ય વધતું ગયું છે. અને જ્ઞાન ક્રિયા ઉભયનું પર્યવસાન માત્ર વિચાર–વિતર્કશીલ ઘડભાંગોમાં આવવા લાગ્યું છે. અને દરેક સંપ્રદાયમાં,

તે તેના અનુયાયીઓમાં, ભ્રાંતિનો સહચાર વધવા લાગ્યો છે. ભ્રાંતિ, વિતર્કની સહચરી છે. જ્યા એક હોય ત્યાં દ્વિતીયને આવવું જ જોઇએ. વિતર્ક અને ભ્રાંતિથી નિશ્ચયબલ મંદ પડયુ, સાથે ચારિત્ર પણ મંદ થયુ અને જ્યા ત્યા નાસ્તિકતા, અશ્રદ્ધા, અનાસ્થાએ ડોકીઆ કરવાં માડયાં છે. કોઇ સંપ્રદાયના અનુયાયીઓમા પોતાના પરમ રહસ્યની દિશામાં શંકિત અને ઢચુપચુપણુ વધવા લાગ્યુ છે. આથી એક બીજામાં સેળભેળ રૂચિ વધવા લાગી છે. નહિ આના કે નહિ તેના, એવી કર્કશ-કુરૂપ સ્થિતિ નજરે તરી આવની પ્રતીત થાય છે. જૈન ખરો જૈન રહ્યો નથી, મુસલમાન ખરો મુસલમાન રહ્યો નથી, બુદ્ધ ખરો બુદ્ધ રહ્યો નથી, વેદાતી ખરો વેદાતી રહ્યા નથી, સર્વ પ્રચ્છન્નવાદ કરે છે. આ સાચુ કે તે, આ લેવુ કે તેને, એમ નિશ્ચય રહિતપણુ વધવા લાગ્યુ છે. અને આને વળી જમાનાના ફિલસુફોએ વિનિમય રૂપ અન્યોન્યમા ઉદારતા માની લીધી છે. અહો પાડિત્ય! અનિશ્ચયના પરિણામે જે વર્તન તેમા ઉદારતા કેવી ! એ તો અવ્યવસ્થા અદઢતા કહી શકાય તુલનાશક્તિના અભાવે આમા તેમા મન ઢચુપચુ, ક્ષણેક આમા આદર, ક્ષણેક બીજામા, આ તે શુ ઉદારતા કહેવાય? એવી ઉદારતા આજના જમાનાના ઉદાર ફીલસફોને જ મુબારક હો! બ્રાહ્મણ ઇત્યાદિઓ વર્ણાશ્રમનો ત્યાગ કરી, ક્રિશ્ચયન બની જાય, તેની જોડે ખાય, ખવરાવે, લગ્ન કરે ઇત્યાદિને શુ ઉદારતા કહેવાય? જ્ઞાન સાથે જ્ઞાતિને સંકોચ સેવવાનો પ્રતિબંધ નથી, જાતિ, વય ઇત્યાદિને જ્ઞાનનો હક અપ્રતિબદ્ધ છે, પણ ક્રિયાનુ તો બંધન વર્ણાશ્રમાનુક્રમે સચવાવું જ જોઇએ. બ્રાહ્મણ જૈનના સિદ્ધાત માંથી સૌષ્ટવ હોય તે ગ્રહે, જૈન બ્રાહ્મણના સિદ્ધાતમાથી સૌષ્ટવ હોય તે ઉદારતાથી લે, એમ એક બીજામાં જ્ઞાનનો અભેદ વ્યવહાર

આવશ્યક છે. પણ વર્ણાશ્રમઅધારણ તેમ જ પ્રત્યેકની ક્રિયાનો લોપ તો ઇચ્છિવાયોગ્ય નથી બ્રાહ્મણે કે જૈને, ક્રાઇસ્ટના બાઈબલમાં કિંવા ઇસ્લામના કોરાનમાં જે વ્યવહાર તદ્તદ્ પરત્વે કહ્યા હોય, તે પણ કરવા લાગવા અને પરંપરા ભજવી, એ તો સંકરતા કહેવાય. ઉદારતા નહિ. પણ અવિચારીપણું કહેવાય જ્ઞાન નહિ પણ અજ્ઞાન કહેવાય. ઉદારતાની વ્યાખ્યા પોત પોતાની પરંપરામા રહી અન્યમાંથી તત્ત્વ હોય તે ગ્રહવુ એ કહી શકાય પણ સ્વપરંપરાનુ રહસ્યજ્ઞાન નહિ અને ક્રિયામા તો વળી કાંઇક અહિંનુ લીધું કાંઈક તહીંનુ લીધુ, નહિ આના, કે નહિ તેનાં—એકેના નહિ. આ તે ઉદારતા કે અવિચારીપણું એ વાચકો પોતાની મેળે વિચારી લેશે.

આ બધુ સત્યાનાશ વિતંડશીલ વિચારના જમાનાએ વાળી નાંખ્યુ છે. વ્યવહાર, નિશ્ચયનુ બળ સંપ્રદાયમા, સમાજોમા, સર્વત્ર ઘટાડી નાખ્યુ છે અને પ્રત્યેકો ધર્મને સ્થાને અધર્મ, જ્ઞાનને સ્થાને અજ્ઞાન, ક્રિયાવિધિને સ્થાને અવિધિ તરફ ગતિ કરી રહ્યા છે. જૈનોને ઘણા ભાગે પુછશો કે તમારા સિદ્ધાંતના તત્ત્વો સમજાવો, તો તે પ્રાયે જાણુતાં જ નહિ હોય, કાંઇક જાણુતા હશે, તો તે નહિવત્. કાંઇક જૈનનુ, કાંઇક તદિતર, આવુ મિશ્રણ કરી કહેશે. આ વિધિ રામાનુજ, વૈષ્ણવ, શૈવ, ઇસ્લામ મતમા સાંકર્ય દૃષ્ટિગોચર થાય છે.

જૈનોને અહીં સમજવું આવશ્યક સમજી લખવામાં આવે છે કે એતાવંદ્ વિષયે રહસ્યપૂર્વક સમજવામાં નહિ આવે, તો એક દહાડો જૈન સંસ્થાનો એવો આવશે કે જ્યારે જૈન શબ્દની વ્યુત્પત્તિ ઓળખ્યાનુ જ્ઞાન પણ જૈનોમાં રહેશે નહિ. તો તે ભવ્ય દર્શનના ગ-

હન તત્ત્વોની સમજણુની વાત તો કરવીજ કેવી? જૈનોની જ્વલંત કીર્તિ લુંતપ્રાય બની જશે. શંકા પણ રાખી શકાય કે જૈનત્વ પણ રહેશે કે નહિ?

વિચાર—જ્ઞાન ક્રિયારહિત વ્યર્થ છે. કહીએ તો અતિશયોક્તિ નથી કે એ તે વિચાર-જ્ઞાન નથી, પણ મિથ્યાજ્ઞાન છે. તેનાથી કાર્યજ દહાડો વળવાનો નહિ. માત્ર વાતોનુંજ ડહાપણ તે ખપવાનું. ધર્મ આપણને પ્રિય છે, આપણને ધર્મ અભિલષિત છે. ધર્મ પ્રત્યે આપણી આદર બુદ્ધિ છે, તો તે આદર તદનુકૂલ ક્રિયા–ગતિ કરવાથી મનાશે. અમે જૈન, અમે બૌદ્ધ, અમે વેદાંતિ, અમે ઇસ્લામ એ બોલવાથીજ અર્થ સરી જશે નહી. જો તદનુકૂલ ક્રિયા વિધિમાર્ગને સ્વગવાશે તોજ તે તે પ્રત્યેક જૈન, બૌદ્ધ, વેદાંતિ, ઇસ્લામ છે એમ માની શકાશે. તોજ તેઓનુ અમે જૈન, અમે બૌદ્ધ, અમે વેદાંતિ અમે ઇસ્લામ ઇત્યાદિ સાભિમાન કથન સાર્થ ગણાશે. નહિ તો એ માત્ર નામ ધારક વણિગ્વૃત્તિઓ છે એમ કહી શકાશે. જે સંપ્રદાય, જે સંસ્થા, જે દર્શનના તે અનુયાયી છે, તેના નિર્દિષ્ટ માર્ગમાંજ તેઓનું અનુયાયિપણુ સિદ્ધ કરશે. નહિ કે વાણીના તેવા પ્રલાપથી. ક્રિયા અને જ્ઞાન ઉભયથી યુક્ત પ્રવૃત્તિ થશે ત્યારેજ જે જેના તેઓ અનુયાયીઓ છે તે તે દિશા યથાર્થ સ્વીકારેલી મનાશે, અને તે ધારણ કરવાનું સાફલ્ય પણ સાંપડશે.

જળાશયના પેલા કિનારે જઈ ઉભા રહેવા ઇચ્છતાએ તેને તરી ત્યાં જવાના ઉદ્યમને-ક્રિયાને સેવવી જ જોઇએ. કાંઠે ઉભા રહી તેવા વિચારો કર્યાં કરવાથી પાર કદી પણ લાગવાનો નથી. અન્ન લેવાથી જ ક્ષુધા શાંતિ થશે, વિચાર કરવાથી જ તે અર્થ સરશે નહિ. જળ નિકટ છે, પણ ઉદ્યમ કરી પીનાર જ તૃષા નિ-

વારી શકશે, તેમ મુક્તિ-પાર છેડો-કૈવલ્ય પણ સમિપમા છે. પણ ક્રિયા વિના-ઉદ્યમ વિના કેવળ અભિલાષા-વિચાર માત્રથી જ તે સ્થિતિ પ્રાપ્ત થવી અસભવિત છે. એવી ક્રિયારહિત અભિલાષા માત્ર મનોર્થના હવાઈ કિલ્લાઓ જ છે અભેદના મહાસાગરમાં મળવા પ્રથક્ત્વ અગીકાર કરવુ પડે જ છે. આ પ્રથકત્વ તે આપણી પરપરા છે. એ પરંપરા આપણે જૈન, બૌદ્ધ, વેદાંતિ, કિવા ઈસ્લામ છીએ એમ બોલવામા જ સચવાઈ રહેતી નથી ક્રિયાસયુક્ત પ્રવૃત્તિથીજ તે સચવાઇ રહે છે ઉપાસના માર્ગ એ અભેદ સાગરમાં આત્મનિમજ્જન કરાવનારો છે. પ્રથકત્વથી તેનો આરંભ થાય છે, અભેદમાં તે વિરમે છે. ઉપાસના તે પ્રથકત્વથી પ્રવેશ કરાવી પૂર્ણ એકત્વમા ઉપાસકને સ્થાપે છે એવી તે ક્રિયા છે. આ ક્રિયાના લોપથી ઇષ્ટ વિહાર-પ્રવૃત્તિમાં પ્રવેશ ક્યાથી હોઇ શકે ? ઉપાસના એટલે જ્ઞાન ઉપાસના, તે ઉપાસના વિચારો ઘોળવાથી, થઈ શકતી નથી. અપરોક્ષ જ્ઞાન માત્ર વિચારથી થઈ શકતું નથી. ગોળ કેવો છે, સાકર કેવી છે, ઇત્યાદિ વસ્તુસ્થિતિનુ જ્ઞાન ક્રિયારહિત વિચારથી જ થતું નથી. હાલના જમાનામા આવો ઉદ્યોગ વધી પડ્યો છે, અને તેથી ફલિતાર્થ શુન્યજ આવે છે. ક્રિયારહિત વિચારથી જ્ઞાનની ભવ્યતા આ કાળે તો દેખાતી નથી. વિચાર માત્ર, અધ્યાત્મચિંતન માત્ર પૂર્ણ જ્ઞાનીને માટે છે અને તેવા ભલે વસ્તુસ્થિતિના વિચારમાંજ-અધ્યાત્મચિતનમાં જ વિહરે ! તેવી દિશા હાલના જમાનાના ક્રિયારૂચિ-ક્રિયાભાવવાળા જીવોથી દૂરજ છે. દૂર છે છતા સર્વ "**सर्वं खल्विदं ब्रह्म**" એવા વાક્યો ઉચ્ચરતા બાલજીવોએ સર્વત્ર અધ્યાત્મચિંતન, બ્રહ્મોપાસના, બ્રહ્મદર્શનના ભ્રમે અવ્યવસ્થા આણી મૂકી છે.

सर्वं खल्विदं ब्रह्म એ બોલનારની બ્રહ્મપર્યવસાયિની અભેદ દૃષ્ટિ, મનની રૂચિના તાલમા, ખાવાની થાળીમાં, પીવાના પ્યાલામા, સુવાના બીછાનામા, ઉપભોગનાં સાહિત્યોમાં એ વિધિ અનેકમાં કેવી ભેદપર્યવસાયિની બની રહે છે, તે તપાસીએ.

વિષ્ટાને બ્રહ્મરૂપ માની ભક્ષાતી નથી. મદિરાને બ્રહ્મસ્વરૂપ માની ગટગટાવી જવાય છે. માંસ તો બ્રહ્મરૂપ ભક્ષવામાં હરકતજ નહિ. ગોખરૂની શય્યામાં તો કંટક ખુંચે, મખમલની શય્યામાં બ્રહ્મ દર્શન. સર્વ બ્રહ્મમય ત્યા સ્વપરદારાનો ભેદ જોવો એ તો મુર્ખતા. આવુ શુષ્ક વેદાત જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન વેદાત અને અધ્યાત્મ જ્ઞાનમા ખપે છે એ જોઇ હૃદય સાશ્ચર્ય ખેદ પામે છે.

આવી પરિણુતિ, ક્રિયારૂચિ છતા, ક્રિયાભાવના જમાનાએ આણી છે. આ અવ્યવસ્થાની ઉપેક્ષા કરવામા આવશે, ફાલ્ગુનમા યદ્વા તદ્વા બાળોની પેઠે પ્રલાપ કરતા શુષ્ક જ્ઞાનીઓને અનુમોદન આપ્યા કરાશે તો કોણ અને કેવી અવ્યવસ્થાઓને જન્મ મળશે તે કલ્પી શકાતું નથી. હૃદય ત્રાસ પામી જાય છે.

ક્રિયારૂચિ છતા ક્રિયાભાવ લઇ બેસી જ્ઞાનવિચારના આડંબરમા વિહરતા અધ્યાત્મવાદીઓ ! બ્રહ્મજ્ઞાનીઓ ! ક્રિયારૂચિ છતા ક્રિયાભાવ બનવાનો જ નથી, એથી તો અધ્યાત્મ દિશા-બ્રહ્મવાદ કેવળ ભ્રમવાદ જ ઠરવા જશે.

ક્રિયાનું બધન સ્વત ત્યજાયા વિના, ક્રિયાભાવ કરી, જ્ઞાનવિચારને બ્હાને પાશવવૃત્તિની વૃદ્ધિના તેઓ કા ભાગી બનતા હશે ? ક્રિયા સાચવી, જ્ઞાનમા ઉતરતાં તે ત્યજાતાં જે સ્થિતિ ઉપલબ્ધ છે તેને તરછોડી એકદમ અધ્યાત્મજ્ઞાનને અતિમ પગથીએ કુદકો મારી

હાથપગ કાં ભાગતા હશે ! એ કપિમાર્ગને મૂકી દેવો ઉચિત છે. પિપિલિકાની જેમ ક્રમશઃ પગથી પગથીએ ચડવુ ઉતમ છે. ક્રિયાને કદરૂપ ગણવી ઠીક નથી. વિચારને, જ્ઞાનને નિર્મળ કરનારી ક્રિયા છે.

સુવર્ણને પણ નિઘર્ષણા, છેદન, તાપ, તાડનની કસોટીમા સુવર્ણરૂપ પ્રતીત થતા પહેલા ઉતરવું પડે છે. આપણે ક્રિયારૂપિ કસોટી ઉપર આપણી અભેદ દિશાને અજમાવવા ચડવુ જ નહિ ? લોહ, પાણીની પ્રતીતિ ખાતર સરાણે ચડે છે અને આપણે ક્રિયાની સરાણે ચડયા વિના બ્રહ્મજ્ઞાની–અધ્યાત્મજ્ઞાની બની શકીશુ ? દુરાશા ! છેકજ દુરાશા ! મોક્ષના ઘર ક્રિયા વિના બહુ દુર છે. પરમજ્ઞાનીઓ પણ લોકસગ્રહની ખાતર ક્રિયાને સરક્ષે છે. આપણે તો સગ્રહી જ જોઇએ, અને તો જ ખરી મુમુક્ષુતા માની શકાય. એ વિના જ જે મુક્તિપુરે પ્રવેશ થતો હોય તો શાસ્ત્ર અસત્ય છે અને તમે ક્રિયાજ્ઞાન સયુક્ત પ્રવૃત્તિથી અધ્યાત્મજ્ઞાનને પામેલા મહર્ષિઓથી પણ મ્હોટા છો, એવી વ્યાજનિંદાભર્યો વ્યંગ ઉચ્ચાર કરતા આ લેખક લેશ પણ આંચકો ખાતો નથી.

જૈન બધુઓ, એવા અધ્યાત્મજ્ઞાનીઓ છો તરી પાર જતા એમનુ સામર્થ્ય મોટુ છે, આપણાથી તેમનો વાદ લઇ શકાય નહિ આપણે તો "જ્ઞાનક્રિયાભ્યાંમોક્ષઃ" એ સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરવી જોઇએ. માત્ર દેશકાલનુસાર ક્રિયાની દિશામાં અગત્યના ફેરફારની આવશ્યકતા સ્વીકરણીય છે, માત્ર વિચારમા જ ધર્મીપણું બીલકુલ સ્વીકરણીય નથી. તથાસ્તુ.

પ્રતિષેધનો રૂપાંતરે થતો સ્વીકાર.

હાલમા નવા જમાનામાં નવીન કેળવણીથી નવી આંખે જોનારા સાક્ષરો, બીજા દેશોની ઉન્નતિ સાથે પોતાની તથા પોતાના દેશબાંધવોની થતી અવનતિ જોઇ તેના કારણો તપાસતા અનેક કારણો પૈકી કેટલાએક કારણોને હાનિકારક રૂપે અગ્રપદ અર્પે છે. તેમા કન્યાવિક્રય, જમણવારોમા થતું ખર્ચ, બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કેટલીએક ચાલી આવતી ધર્મની અધ રૂઢી, મૂખ્ય સ્વીકારવામા આવે છે. તેને પ્રતિષેધવા અને તેથી થતી હાની દર્શાવવા લેખિનીદ્વારા, ભાષણદ્વારા સ્વશક્તિ અનુસાર પ્રયત્ન કરી રહ્યા છે. જો કે ઉપર લખેલા કુરીવાજો, ઇતિહાસ તપાસતા, હજાર પંદરસો વર્ષ પહેલા, આ દેશવાસીઓના પૂર્વજોમા બીલકુલ ન હતાં એમ કહીએ તો તે સકારણ સત્ય છે એમ માનવામા કેટલાએક કારણો નજરે પડે છે.

રાધાવેદ, સ્વયંવર મંડપ, અને સમસ્યાપૂર્ણ, તેમજ અન્ય પ્રતિજ્ઞાઓની પૂર્ણતાને અંતે ઘણી કન્યાઓ પાણીગ્રહણ કરતી હતી. તે વાતમાં મદદ, અને તેનો સ્વીકાર તે વખતના માતાપિતા પણ આનંદની સાથે કરતા હતા. એટલે કે કન્યાવિક્રય જેવા પાપી કાર્યનો અભાવ તે વખતમા હતો જ, એમ સૌ કોઇને માનવાને કારણું મળે છે. સાથે સાથે આવા દોષોના અભાવનું સબળ કારણ જ્ઞાતિબંધારણનો અભાવ, એ પણ હતું.

જમણવારો જો કે વિવેક પુરસર અને જરૂરી પ્રસંગે પ્રથમ પણ થતો હતો, પણ બીજા જરૂરના કાર્યને ભુલી જઈ માત્ર જમણવારને જ અગ્રપદ આપવામાં આવતુ ન હતું, એટલે કે તે વખતના

લોકો બીજા ધાર્મીક, જનહિતનાં અને કુટુંબહિતના કાર્યો તરફ પોતાનું લક્ષ વધારે ખેંચતા હતા, એટલું જ નહિ પણ, કેટલીક વ્યાવહરિક તથા આર્થિક રૂઢીઓ પણ તે વખતની અતિઉત્તમ હતી. વેપાર કરવા તે વખતના લોકો જળમાર્ગે દૂર દ્વીપાંતરે ગમન કરતા, અને લાંબી મુસાફરીએ વિપુલ દ્રવ્ય મેળવી અમુક સમયને માટે સ્વદેશમા આવતા હતા. તેમજ ગાથાપતિ, સાર્થવાહ, એવા ઉપનામોથી તે વખતના ધનાઢ્યો બોલાતા હતા. વિપુલ ધનપતિના લક્ષણો દાન આપનાર, ગરીબોપર કરૂણાદ્રષ્ટિ રાખી તેમની ગરીબાઈ દૂર કરનારા, વિશાળ દ્રષ્ટિનાળા, ઉદાર દીલથી શોભતા વિગેરે પ્રસિદ્ધ રીતે ગણાતા હતા સાર્થવાહ જ્યારે દેશાતરમા પોતાના કરીયાણાથી ભરેલા સેકડો વહાણો લઈ વ્યાપાર્થે ગમન કરતા હતા ત્યારે અનેક લોકોને પોતાની સાથે જોઈતી સગવડતા કરી આપી સાથે લઇ જતા હતા. જેથી પરદેશમા પોતાના કાર્યમા તેમને યોજી અને દ્રવ્યવાન બનાવી પાછા તેમને સ્વદેશમાં કુટુંબભેળા કરતા હતા. આવી સ્થિતિના ગૃહસ્થો જમણવાર કરે તો તે અયોગ્ય ગણાય નહિં એ દેખીતું જ છે.

જમણવાર એ એક પ્રીતિ વધારવાનુ અને ઐક્ય કરવાનું કારણ તે વખતે ગણાતું હતું. જો ડાહ્યા માણસો સૂક્ષ્મ નિરીક્ષણથી જમણવારમા જમનારાઓની સ્થિતિનુ નિરીક્ષણ કરે તો ઘણા ભાગે જમવા આવનારાઓની આર્થીક સ્થિતિ કેવા પ્રકારની છે અને કેનો કેવો સ્વભાવ છે તે સહેલાઇથી સમજી શકે. અનુભવીઓને ગમે તે પ્રસંગ અનુભવ પેદા કરાવે છે. એટલે આ પ્રસંગ પણ ઉપેક્ષા કરવા યોગ્ય નહોતો, છતા એટલુ તો ચોકસ છે કે હાલના જમણવારો જેવા મુર્ખાઇભરેલા જમણવારો તે વખતમા ન હતા, એટલે તે વાત નમની ચલાવી લેવાય તેવી છે.

ચાર વર્ણાશ્રમની સ્થિતિ તપાસતાં ખુલ્લી રીતે સમજી શકાય છે કે બાળલગ્ન અને વૃદ્ધલગ્ન, પૂર્વે બીલકુલ અસ્તિત્વ ધરાવતાં ન હતાં. કેમકે પહેલુ બ્રહ્મચર્યાશ્રમ તેમજ વિદ્યાધ્યયનનું જ આશ્રમ ગણાતું હતુ. જ્યારે બ્રહ્મચર્યાશ્રમમાં રહી વિદ્યાધ્યયન પૂર્ણ કરતા ત્યારે તેઓ પરિપકવ વયને પ્રાપ્ત થતા અને તે પછી જ તેઓ ગૃહસ્થાશ્રમને સ્વીકારતા. આથી બાળલગ્નનો અભાવ સિદ્ધ થાય છે. ગૃહસ્થાશ્રમ પછી ત્રીજો વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવામાં આવતો હતો. આશ્રમમા પતિપત્ની સંસારકાર્યનો ત્યાગ કરી આત્મકલ્યાણ સન્મુખ બની ધાર્મીક પ્રવૃત્તિમા બ્રહ્મચર્યને પાળી પોતાનો કાળ નિર્ગમન કરતા હતા, જેથી પોતાની મનોવૃત્તિને ચચળ બનાવનારી કસોટીઓમાં કસી, મનોબળની પૂર્ણ તોલના કરી પાછળથી પૂર્ણ વૈરાગ્ય અને યોગ્યતાની સ્થિતિ પોતામાં પ્રાપ્ત થયેલી સુદૃઢ રીતે અનુભવી સન્યસ્તાશ્રમ ગૃહણ કરતા હતા.

સન્યાસ, એ સર્વ સંસારવ્યવહારપરિત્યાગ, આત્મોન્મુખ પ્રવૃત્તિરૂપ, વ્યવહારવહનપૂર્ણ, નિર્મોહી ત્યાગજનક દશા સમજવી. આથી સમજી શકાશે કે વૃદ્ધલગ્નનો અભાવ તે વખતમા સ્વત હતો. કેમકે વૃદ્ધ અવસ્થા સન્યસ્ત દિશામાં પૂર્ણ કરવામાં આવતી હતી.

ધર્મની રૂઢીઓની શરૂઆત સહેતુક અને સકારણ પ્રચલીત થયેલી હોવી જોઇએ, જે મર્યાદાસર અને નિયમીત, તેજ હેતુને સફળ કરનાર, તથા પ્રકારના ફળદર્શક જ્યાંસુધી હોય ત્યાંસુધી તે સુષ્ઠુ ગણાય છે. પાછળથી તે રૂઢીઓ મૂર્ખ અને અજ્ઞાન મનુષ્યના હાથમા આવવાથી હત-પ્રહત બની સાકડી અને એક બીજાથી જુદા પાડનારી-ક્લેશ સંપર્કવાળી થઇ જવાથી અંધ રૂઢી બની હાનીકારક થઇ પડે છે.

કાળ અને તેની સાથે ઉપર લખેલા રીવાજો ક્યારે અને કેમ બદલાયા તે હવે તપાસીએ.

મધ્યકાળે હિંદુસ્તાનમા રાજ્યક્રાન્તિ થઇ જવાથી કેટલાએક હિન્દુઓના રીતરીવાજોમાં ફેરફાર થવા માડ્યો અને વર્ણાશ્રમ ટળી જ્ઞાતિબંધારણ થવા માંડ્યાં. તે પછી તે મુળ જ્ઞાતિઓના પણ ઉપભેદો વધવા માડ્યાં. જેથી સપ અને શાન્તિનો નાશ, કલેશની વૃદ્ધિ થવા માડી. એક એકને એક એકથી સહાયતા ન મળવાથી, વિદ્યાહુન્નરઉદ્યોગની ખામીએ પોતાની ગતિ આગળ કરવા માડી. આળસ્ય પ્રમાદ, લોલુપતા અને અપ્રમાણીકપણું વધવા માડ્યુ, જેથી લોકોમા અનાચાર, અત્યાચારની વૃદ્ધિ થવા માડી અને વિજ્ઞાનની ખામીને લઇને આર્થીક સ્થિતિ દરિદ્રી થવા માંડી, તેમજ જ્ઞાતિઓના સાકડા બંધારણને લઇને કન્યાની અછત, અને ગરીબાઈ લોકોમા વધવાથી કન્યાવિક્રય જેવો ઘાતકી રીવાજ ક્રમેક્રમે આ દેશમા પ્રથમ છાનો અને પછી પ્રકટ અને ત્યારબાદ ખુલ્લી રીતે પ્રસરવા માડ્યો.

લોકો જ્યારે આળસુ અને નિરૂદ્યોગી બને છે, ત્યારે તેઓ પરમુખ પ્રેક્ષક થઇ બેસે છે. તે નિયમ અનુસાર જમણવાર કરનારાઓની પ્રશસા આળસુ પેટભરાઓના મુખથી થવા માડી. પ્રશસા, એ એવો ચેપી રોગ છે અને એની મીઠી ચળ છે કે તેનાથી દૂર કોઇકજ રહી શકે છે.

પ્રશસાના ઇચ્છુકોએ ઘર વેચી તીર્થ કરવા માડ્યા અને ભુલે ચુકે જો કોઇ જમણવાર ન કરી શકે તો તેવાની, પેટભરા આળસુ લોકો–મિત્રો નિંદાના કાકારવો કરવા લાગ્યા, જેના ભયથી અને પ્રશસાની લાલચથી જે જમણવારો પ્રીતિ ભોજનવાળા હતા તે ફરજીયાત થઇ પડ્યા, અને ક્રમે ક્રમે તેની જડ એવી ઉડી પેશી ગઇ

કે જેથી થતી હાની આપણે આપણી નજરે જોઈ શક્યા છીએ.

વિદ્યા, ઉદ્યોગ અને હુન્નરકળાના અભાવમાં લોકોમાં દ્રવ્યની અને દ્રવ્યવાનોની કિંમત અંકાવા માડી. કેમકે "**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमः**" વિદ્વાનોની કીંમત વિદ્વાનોજ કરી શકે છે. જેમ જેમ દ્રવ્ય અને દ્રવ્યવાનની કીમતનો સમય આવવા માડયો, તેમ તેમ બાળવયમા દ્રવ્યવાનો, દ્રવ્યવાનને ત્યાં પુત્ર પુત્રીઓને લગ્નની ગાંઠે બાંધવા માડયા. એટલુ જ નહી પણ પોતાની સ્થિતિ એવી રહી શકશે કે કેમ? તેનો ભવિષ્યને માટે અવિશ્વાસ હોવાથી અજ્ઞાન સ્ત્રીઓના અને પુરૂષોમા લ્હાવો લેવાની પડી ગયેલી ઉતાવળી ટેવને લઇને બાળ વયમાં પુત્ર પુત્રીઓના વિવાહ થવા લાગ્યા. મોટાનુ અનુકરણ સૌ કોઇ કરે છે, તે નીયમ અનુસાર, સાધારણ વર્ગનાં માણસોમાં પણ દેખાદેખીથી બાળલગ્નનો ઝેરી પવન વાવા માડયો. જે પવનના ભોગ થઇ ઘણા બાળકો અને બાળકીઓ આ સંસારમાં પોતાની જીંદગીને નઠારા રૂપમા બનાવી ચાલતા થયા, અને વારસામા નિર્બળ મત્વહીન, પુત્ર પુત્રીઓને હિંદુસ્તાનની પાયમાલી માટે સોંપતા ગયા.

લોકોમા ક્ષુદ્રતા તથા છપાંળુપણુ, મનની નબળાઇને લેઇને વૃદ્ધિગત થવા માંડયુ, જેથી કેટલાએક અપુત્રીઆ શ્રીમંતોમા એવા વિચારો ઉત્પન્ન થવા લાગ્યા કે જો પુત્ર નહીં હશે તો મારી મીલકતનો ધણી આ મારો પિત્રાઈ થશે, જેથી પુત્રપ્રાપ્તિને માટે વૃદ્ધલગ્ન અને બે ત્રણ સ્ત્રીનું કરવાપણું થવા માડયું. આ બધુ' 'અંજ્ઞાન અને ક્ષુદ્ર બુદ્ધિને લઇને થવા પામ્યુ.

ધર્મ એ પદાર્થનો એક સ્વભાવ છે અને અત્રે વકતવ્ય આત્મધર્મનુ હોવાથી આત્માના ધર્મગુણ વધારે સ્ફુરે અને કર્મમેલ દૂર

થાય, તેને માટે મહાન્ ઉપકારી પુરૂષોએ કેટલીએક ધાર્મીક પ્રવૃત્તિઓ (રૂઢીઓ) દાખલ કરી. એટલે કે જે આજ્ઞાને અનુસરી વર્તવાથી અને જેને સેવવાથી અગર સ્વીકારવાથી સંસારની મલીન વૃત્તિ વધારનારી રૂઢીઓની ઉપરથી પ્રેમવાસના દુર થાય, અથવા તો તે રૂઢીઓ અપ્રિય થઇ જાય અને તેને ભુલી જવાય, તેવા હેતુથીજ ધાર્મીક રૂઢીઓનુ સેવન વધારે શ્રેયસ્કર સમજી મહાન્ મુનિઓએ કરેલુ હોય તેમ જણાય છે. જે કથન મુજબ વર્તન જ્યાંસુધી મનુષ્યજાતના વિચારની અધિકતા, નીતિ માર્ગની પ્રવૃત્તિ અને આચારપથે ગમન કરવાની ટેવ હતી ત્યાંસુધી તો તેઓ તે ધાર્મીક રૂઢીઓના હેતુની સફળતા કરતા દેખાતા હતા. પણ જ્યારથી અનાચાર, અત્યાચાર, મનની નબળાઇ, અપ્રમાણીકપણુ અને વિષયઅંધતા, લોલુપતા, લોકોમાં વધવા માડી ત્યારથી ધર્મની રૂઢી માત્ર કર્ત્તવ્ય રૂપે રહી. તેમાં અજ્ઞાન, અવિવેક દાખલ થતા ગયા, જેથી તેજ ધાર્મીક રૂઢીઓ સમજણને અભાવે કલેશ-કંકાસ વધારનારી અને આત્માને કેટલેક અંશે મલીન કરનારી થઇ પડી. કેટલાએકને તો વ્યવહાર એટલો બધો પ્રિય થઇ પડયો કે તેજ ધર્મ સમજાયો. આત્મા અને તેના કલ્યાણની વાતો આ આધ્યાત્મિક વાતો હોવાથી સુગ રૂપે થઇ પડી અને જેથી વ્યવહારીઓ અને આધ્યાત્મિઓમા સામ-સામી મોટી અથડામણીઓ થવા માંડી, જેથી કેટલાક તટસ્થ અને જીજ્ઞાસુઓને બંને માર્ગ બીવડાવનારા, ભડકાવનારા, થઇ પડયા. આ બધુ ગેરસમજણને લઇને તેમ જ વ્યવહાર અને અધ્યાત્મ એક બીજાને કેવા ઉપમહાયક છે તે જ્ઞાનના અભાવે થયુ. ધર્મની રૂઢીઓ અંધરૂઢીના નામે પોતાનુ કાર્ય કરવા માંડી કે જે દેખી કેટલાએક આધુનિક સાક્ષરોના મનમાં અનાસ્થાબલ કે જડવાદ પેદા થયો.

તેથી કન્યાવિક્રય, જમણુવારોમાં થતુ ખર્ચ, બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કેટલીએક ચાલી આવતી ધર્મની અધરૂઢીઓને નાબુદ કરવા સમજુ સાક્ષર વિદ્વાનો સભામાં, મેલાવડામાં, કોન્ફરન્સોમા ભાષણદ્વારા તે કુરીવાજોને ધિક્કારવા મડયા, અને તેને નાબુદ કરવા અનેક પુરાવાઓ શ્રોતાની દૃષ્ટિ આગળ ધરવા મડયા. તેમ જ કેટલાએક લેખકો પણ ચોપાનીયાઓમાં, ચોપડીઓમાં, પેપરમાં લેખો લખીને કુરીવાજો આપણા હિદવાસીઓને હાનીકર્તા છે, આપણી કોમને નુકસાનકર્તા છે, વિગેરે વિગેરે લાબાલચક લેખો લખવા મંડયા. જેથી ઘણા મનુષ્યોના વિચારો બદલાવા લાગ્યા. તે રીવાજોને ધિક્કારવા માડયા. તેમ કરતાં પોતાને દુનિયાની શરમ લાગવા માડી. આથી શરમાના શરમાતા છાના ઉત્તેજન આપવા લાગ્યા, તેમ જ આર્થીક સ્થિતિ કેટલાએકોની સારી ન હોવાથી તેમ કરવામાં અશક્તિ ધરાવતા હોવાથી લેખોની અને ભાષણોની ઓથ લઈ પોતાનો બચાવ કરવા મડયા. અને જુના વિચારોના ભોળા સરલ માણસો પોતાની ભુલ સ્વીકારવા મડયા. બીજી રીતે એટલે કે કેળવણી વિગેરેમા પોતે બીનકેળવાયેલા છતાં પોતાનુ દ્રવ્ય આપવા મડયા. ત્યાસુધી તો આ પ્રયાસ સ્તુત્ય અને સરલ ચાલ્યો ગણાય એમ માનવામા અડચણ નથી. પણ બીજી રીતે બીજા માર્ગમા વિપરીત ગતિ થતી જોઈ ખેદ થાય છે અને સાક્ષરોનો પ્રયાસ કેટલેક અશે નિષ્ફળ જતો હોય અથવા તો તે પ્રયાસને આડા કેટલેક ભાગે પોતે જ આવતા હોય એમ દેખાય છે જે વાચનારાઓ નીચેની હકીકત વાંચી પોતે જ વિચાર કરી લેશે.

કન્યાવિક્રયનુ રૂપાતર આપણે કેટલાએકોમાં બીજી રીતે જોઇએ છીએ. દાખલા તરીકે કેટલાએક ગૃહસ્થો કકુને ચાંદલે પોતાની

પુત્રી કોઇ દ્રવ્યવાનને આપે છે અને પાછળથી તે પુત્રીને વગવસીલા તરીકે બનાવી કેટલાએક બાયલાઓ પોતાના જમાઇની ઓથે ભરાય છે. પુત્રી ભર્યા ઘરમાંથી પોતાના માબાપને કાઇ કાંઈ મોકલે છે, તે લઇ માબાપો ફુલે છે, ખીલે છે, અને આનંદ માને છે. જમાઇઓના નામથી પોતે પોતાની મહત્તા વધારે છે. છેવટ જમાઇના અભાવે કમનસીબે વિધવા થએલી પુત્રીને પોતાને ઘેર અથવા પોતાના તાબામા રાખે છે. તેની મીલકતની સારમભાળ જ પોતે રાખે છે એમ દુનિયાની દૃષ્ટિમાં દેખાડવા મથે છે અને તે મીલકતથી પોતે અને પોતાનુ કુટુંબ આનંદ માને છે, જે એક રીતે કન્યાધનનો ભોગ કર્યો કહેવાય અને કન્યાવિક્રયનો બીજો ભાઇ આપણે ગણીએ, છતાં સુધરેલાઓ તે તરફ દુર્લક્ષ કરે છે કન્યાવિક્રયની વ્યાખ્યામા તેનો સમાવેશ કરતા નથી એ ખેદનો વિષય છે

જમણવારો કેટલેક અંશે બંધ થયા—અટકયા, તેને માટે સુધરેલા અને સાક્ષરોને આપણે મુબારકબાદી આપીએ પણ સાથે સાથે લખવુ પડે છે કે સુધરેલાઓએ આ સબંધમા બકરી કાઢીને ઉંટ ઘાલવા જેવુ કર્યુ છે. એટલે ટીપાર્ટી, ગાર્ડન પાર્ટી, મીજલસ, મીત્રોનુ ભેલુ થવુ, માનપત્ર દેવુ, લેવુ, અભિનંદનપત્રિકાઓ આપવી, સામું જવુ, વોળાવા જવુ, ફુલોના હાર ગજરાના ટોપલા ખાલી કરવા, ચા, પાણી પીવા પીવરાવવા વિગેરે ખર્ચો એટલા બધા વધારી દીધા છે કે જે ખરચનો સરવાળો કરતા જમણવારોના ખર્ચના આંકડા ભાગ્યે જ વધી શકે આથી પરિણામે ધીમે ધીમે વિવેકનો અભાવ થતો જાય છે, નાનુ કાર્ય મોટુ રૂપ પકડે છે અને આનંદનુ કાર્ય ભવિષ્યમા ફરજીઆત થઈ પડે છે. દેખાદેખી એક બીજાને તેમ કરવાનુ મન થાય છે અગર ન્યુનતા બીજાની દૃષ્ટિમાં દેખાવાનો

ભય ઉત્પન્ન થાય છે જેથી પણ કાળાંતરે ફરજીઆત થઇ પડે છે. આથી વાચકો સમજી શકશે કે સાક્ષરોએ જુના વિચારના મનુષ્યની ભુલ સુધારતાં પોતે નવા વિચારના હોઇ નવી ભુલમા સપડાતા જાય છે.

બાળલગ્ન કરવા પ્રત્યે હાલના વિદ્વાનો અનાદરથી વર્તે છે તેને માટે આક્ષેપ કરવો એ ઉચીત નથી, પણ સુધરેલા જમાનામા એક એવી છુટ દાખલ થઈ છે કે જે છુટનુ પરિણામ ભવિષ્યમાં બાળલગ્ન કરવામાં હેતુભૂત નીવડશે.

સુધરેલા દંપતિઓ પોતે છુટથી વર્તે છે. છુટથી એક બીજા સાથે હરે ફરે છે વાર્તાવિનોદ કરે છે, નાટકોમા, મીજલસોમા સાથે ભાગ લે છે જે ક્રિયા તેમના બચ્ચાઓ નજરે નિહાળે છે અને તેમનાઓમા તેવા સસ્કારો પડે છે, એટલુ જ નહિ પણ તેમ કરવાની અને તેવા બનવાની આતુરતાના અકુરો બચ્ચાઓના હૃદયમા સ્ફુરે છે–ઉગે છે. વસ્તુત તો જોઇએ એમ કે શાળા–શિક્ષણમા અને ગૃહશિક્ષણમા બાળકોના મનપર પરણવુ શુ કહેવાય, દંપતિ કેને કહેવાય, વિવાહ એટલે શુ,–એની લેશ પણ છાપ પડવી ન જોઇએ. તેમ થતુ નથી જેથી ભવિષ્યમા બાળલગ્નો ફરીથી જોશ ભેર પ્રવર્ત્તવાનો ભય રહે છે.

સુધરેલાઓમા કૃત્રિમ પ્રેમ એટલે એક બીજાનુ એક બીજા સાથે દીલ મળી જવુ અને તે પોતાના જેવી–પોતાના જેટલી કેળવણી ધરાવનારી હોય તો તેની સાથે લગ્ન કરવા તે યોગ્ય ગણાય છે. એટલુ જ માત્ર અગ્રગણ્ય ગણી તે પ્રમાણે તેને વધારે આદરવામા આવે છે અને એવી ઇચ્છા જ્યાંસુધી સફળ થતી નથી ત્યાંસુધી પરણવુ નહિ, એમ માની પોતાની ઘણી જીંદગી કુંવારી અવસ્થામા કાઢતાં ઘણા સ્ત્રી પુરૂષો દેખાય છે, અને મોટી ઉમરે સદ્ભાગ્યે

પોતાની મુરાદ પાર પડે છે, ત્યારે તેઓ પરણુતા એટલે લગ્નની ગાંઠે બંધાતા અચકાતા નથી. આ વૃદ્ધ લગ્ન નહિ તો બીજુ શું ? આવા દાખલા ઘણી સુધરેલી પ્રજામા કેટલીએક કોમોમાં મળી આવે છે. તે સાથે પુનર્લગ્નની આવશ્યકતા સ્વીકારનારાઓ પણ એક રીતે વૃદ્ધ-લગ્નના હીમાયતી છે એમ કહેવું જોઇએ, કેમકે જ્યારે પુનર્લગ્ન એ કર્તવ્ય ઠર્યું તો કેટલી વાર લગ્ન કરવાં, કેટલી વાર લગ્ન ન કરવા તેની મર્યાદા રહેતી નથી, જેથી કેટલાએક વિષયાંધો અને કેટલાએક શ્રીમતો અથવા તો મિસીસ વિના મેળા અને મીજલસોમા જતા પોતાની પોઝીશનને ખાસ અપમાન માનનારાઓ છેવટની અવસ્થાએ જ લગ્નની ગાઠે જોડાય એ શુ વૃદ્ધલગ્નનુ રૂપાન્તર નહી ગણાય કે ? હા, આટલો બચાવ સુધરેલા કરી શકશે કે જેઓમાં પુનર્લગ્ન નથી તેવાઓના વૃદ્ધલગ્નના અમે નિષેધક છીએ. જો કે અમુક અશે આ વાત માનવા જેવી છે. પણ પ્રવૃત્તિ એવી ચીજ છે કે સકારણ અથવા નિષ્કારણ સમજુ અને અણસમજુ બને ઉપર પોતાની સરખી અસર કરે છે.

સંસાર વ્યવહાર રૂપી પ્રવાહની નદી ક્યારે અને કેની તરફ પોતાના વેગથી માર્ગ કરશે તે કલ્પી શકાય નહિ. એક બીજાઓનું વર્તન, એક બીજાની સોબત, એક બીજાનુ દર્શન, એક બીજાને અસર કર્યા વિના રહેતું નથી. મોહજનક તૃષ્ણા, વિવેક ચક્ષુને આચ્છાદિત કરી, છતી સમજણને દબાવી અણસમજુ બનાવે છે, તો પછી અણસમજુને તેવું બનવું એ આશ્ચર્યજનક નથી. "બીજાને સુધારવો હોય તો પહેલાં પોતે સુધરવુ" એ કહેવત સાધારણ નથી અને તેથી વૃદ્ધ અવસ્થામાં મનુષ્ય જાતનુ વર્તન એક સરખુ જ હોય તો જ બીજાઓને લાભ કરનાર અને વૃદ્ધવિવાહ અટકાવનાર થઇ શકે.

કેટલીકવાર મોટી સમજમા ઘણુ સમજવાનુ ટુકું સમજાય છે, અથવા તો અણુગમતુ સમજવાની દરકાર રહેતી નથી. તેને લઇને આ લખાણુ અમુક અંશે નિષ્ફળ નીવડશે તો તેની લેખકને ચિંતા નથી.

ધર્મની રૂઢીઓમા એટલે કે ધર્મની પ્રવૃત્તિમાં વચલા કાળમાં જ્ઞાનના અભાવે અવિવેકને લઇને લોકોમાં જે અજ્ઞાનતા દાખલ થઇ ગઇ અને જેથી ધાર્મીક પ્રવૃત્તિમા અવ્યવસ્થાએ પોતાનું સ્થાન કરી દીધુ, તે દેખી સુધરેલાઓ ભડકે છે અને તેવા રૂઢી સેવકો તરફ તિરસ્કારની નજરથી જુએ છે. પોતે તેમાં કાંઇ સાર માનતા નથી તેમજ તેમ કરવા પોતાની ઇચ્છા ધરાવતા નથી.

એમ કરવામા જુના અને નવા બને વિચારવાળા ભુલે છે. જુના અણુસમજુની ભુલ તેમની અણુસમજને લઇને આપણે દરગુજર કરીએ અથવા તો તેમને સુધારવાને આપણે પ્રયત્ન કરીએ તો આટલાથી સંતોષ માની શકાય. પણુ સમજુ અને સાક્ષરો જેમના મગજ કેળવાએલા છે, અને જેઓ સારાસાર ખેચવા જેટલી શક્તિ ધરાવનારા છે તેઓ ભડકે છે અને ક્રિયાનો અનાદર કરે છે એ શોચનીય છે. કેમકે ધાર્મિક ક્રિયાઓ એ ઉત્તમ પગથીએ ચડવામાં સીડીનુ કામ સારનાર છે અને મહા ગભીર હેતુ અને ભાવાર્થને તે ક્રિયાઓ ધારણુ કરે છે. મહર્વિંઓ અને જ્ઞાનીઓએ જેનો સ્વીકાર કરેલ છે અને કરવા ફરમાવે છે, જેના સ્વરૂપ દર્શક અને હેતુ દર્શક અનેક શાસ્ત્રો લખ્યાં છે, તે નિરર્થક અથવા નવરાનુ કાર્ય તો ન જ ગણુાય. સુધરેલાઓએ તે સમજવુ અને જાણુવુ જોઇએ, અને સમજી-જાણીને તે તે પ્રવૃત્તિમાં પોતાનુ વર્ત્તન જોડવુ જોઇએ અને અણુસમજુઓને પોતે શુદ્ધ ક્રિયાઓ કરી સમજાવવી જોઇએ પણ હાલમા ઘણા સુધરેલાઓ પ્રતિક્રમણુ, સામાયક, પુજા અને પૌષધ,

ગાયત્રી–જાપ, સંધ્યાવંદન, પ્રભુભજન વિગેરે પવિત્ર ક્રિયાઓની સુગ આણે છે અને તેનો અનાદર કરે છે. તેનો રહસ્ય સમજવા પ્રયાસ કરતા નથી. તેમજ, તેમ કરવા પોતાની ઇચ્છા ધરાવતા નથી. એ અજ્ઞાનથી ક્રિયા કરનારાઓ, અને સુધરેલા હોઈ, ક્રિયાનો અનાદર કરનારાઓએ બન્ને રૂપાતરે એક સ્થિતિમાં મુકવા જેવા છે.

તેથી આધુનિક સાક્ષરવર્યોએ જેનો નિષેધ કરવો અને જેને નિષેધ રૂપે માનવું, તેના ઉત્પત્તિના કારણ રૂપે અથવા તો તે નિષેધ્યની વ્યાખ્યામા આવે તેવા વર્તનથી દુર રહેવાની જરૂર છે. નહિતો પ્રતિષેધનો રૂપાંતરે થતો સ્વીકાર એ વાકય એમને લાગુ પડશે એમ આ લેખક માને છે. તો તે કલંકથી સુધરેલાઓ બચો અને ખરા સુધરેલાની વ્યાખ્યામા ગણાઓ એમ લેખક અંતઃકરણપૂર્વક ઇચ્છે છે.

ધ્યાન વિષયમાં 'જૈન સમાચાર'ના અધિપતિ શ્રીયુત વાડીલાલભાઈના વિચારોપર પ્રકાશ.

'જૈન હિતેચ્છુ' પત્રના અધિપતિ વાડીલાલ, તેમના તે માસીક પત્રમા અમારા ધ્યાન એ વિષયના પ્રતિપાદનના વિચારો ઉપર, આવી રીતે પોતાની વિચારભિન્નતા પ્રદર્શિત કરે છે.

ધ્યેયને ધ્યાનમાં ઉતારવા માટે, બાહ્ય–નિમિત્ત પદાર્થનો તેઓ અસ્વીકાર કરે છે, એટલે કે તે વાત તેઓ સ્વીકારતા નથી, એમ કહીને કે ધ્યેયની આકૃતિ કલ્પી તે ધ્યાનને માટે જોવાની જરૂર નથી, પણ માત્ર તે સાંભળવાથી જ ધ્યાનમાં ઉતારી શકાય છે. આ વાત તેમની કેટલે દરજ્જે વજુદવાળી છે તે આપણે તપાસીએ.

વાડીલાલ એક ઉત્તમ વિચારક છે, સુજ્ઞ લેખક છે, અને કોઈ પણ વિષય સમજવામા તેમની કુશાગ્ર બુદ્ધિ છે એ વાત નિર્વિવા છે, છતાં તેમણે એવા તો દુરાગ્રહથી વિરમવું જ જોઇએ કે જેટલ દરજ્જે તેમની બુધિમત્તા અમુક વિષયને અનુભવી શકે છે તે જ તેની-તેના જ્ઞાનની પરાકાષ્ટા-છેડો છે. તાત્પર્ય કે સર્વ વિષયજ્ઞાત હોવાનુ તેમણે માની લેવુ એ ભૂલભરેલુ છે.

એકડો બાળકને ધ્યાનમા ઉતારવા-શીખવવા, શિક્ષકને તેની આકૃતિ કાઢી બતાવવાની અગત્ય નથી, વિદ્યાર્થીને એક મીંડું અને તેની નીચે લીટી દોરવાથી એકડો થાય છે, એમ સમજાવી શકાય છે, ધ્યાનમાં આંકડો ઉતારી શકાય છે, આમ તેઓ લખે છે. અર્થાત્ એકડાની સ્થૂળ આકૃતિ-રેષા આલેખી બતાવી ધ્યાનમાં ઉતારવા કરતા, મુખથીજ-કથનથીજ તેનુ સ્વરૂપ સમજાવી, ધ્યાનમા ઉતારવો તે સુષ્ટુ છે, આવા પ્રકારની યુક્તિથી તે મૂર્તિનિષેધનુ પ્રતિપાદન કરે છે. આવા યુક્તિવાદો, દેવને નિરજન-નિરાકાર માની તેની પ્રતિમાની અનાવશ્યકતા માનનારા હર સમય ઉચ્ચાર્યા કરે છે

મહાશય! બાળકને એકડો આકૃતિ કાઢયા વિના ધ્યાનમં ઉતારી શકાતો હોય, મીંડું અને તેની નીચે લીટી દોરવાથી એકડો થાય છે, એમ તેની સમજણ બનેલી હોય તો તે પાટી ઉપર ધુળ નાંખવા-નકામા વતરણા બગાડવા નિશાળે ભણવા બેસેજ શામાટે ? તે ભણી જ ચુકેલો છે. શિક્ષકની-ગુરૂની તેને અગત્ય જ શી છે ? તે પોતે જ પોતાનો ગુરૂ છે.

દરેક સપ્રદાય, દરેક ધાર્મિક સંસ્થા અને તે તેનાં સચ્છાસ્ત્રો ઉપાસનાને ઉભય પ્રકારે વર્ણવે છે અને તેને સગુણ, નિર્ગુણ ઉપા-પાસનાથી ઓળખાવે છે. આ ક્રમ અધિકારીને ભેદે ઉદ્દભવ્યા છે

જેઓને ધ્યેયના રૂપમાં પોતાનો ઇષ્ટ ધ્યાનમા ઉતર્યો નથી તેવાઓને માટે શાસ્ત્રોએ, શાસ્ત્રવિશારદોએ, ગુરૂશિષ્યભાવ, પૂજ્યપૂજક ભાવની વ્યવસ્થા રાખી છે, એને ઇષ્ટની મૂર્તિનો વિધિ માન્યો છે, તેમા તન્મયભાવ ઉત્પન્ન થવા તેનાં દર્શન, વંદન, પૂજનાદિ સગુણ ઉપાસનાનો ક્રમ સ્વીકાર્યો છે.

ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રિપુટી વ્યવસ્થાનો નિર્વાહ કરવામા શ્રીયુત વાડીલાલ લખે છે, તે જો સત્ય હોય તો શાસ્ત્રો તેમ જ શાસ્ત્ર વિશારદો ભૂલ્યા છે અને એકદમ ત્રિપુટીના ઐક્યના સોપાને આરોહવામા, શ્રીયુત વાડીલાલના કરતા વધીને તેઓએ પોતાની નિર્બળતા પ્રદર્શીત કરી છે એમ માની શકાય.

શ્રીયુત વાડીલાલે વિચારવુ આવસ્યક છે કે જે બાળકને ધ્યેયરૂપે મીંડુ તથા લીટી ધ્યાનમા સમુળગાં ઉતર્યાંજ ન હોય તેઓ તેના માત્ર કથનથી આવું મીંડુ અને આવી લીટી હોય છે તે કયાંથી જાણી શકે? તેની સ્થુળ રેષા કાઢીને જ બાળકના ધ્યાનમાં ઉતારવી જોઇએ. બાળ ધ્યાતા–અભ્યાસીને પણ ધ્યેયને ધ્યાનમાં આણુવા માટે બાહ્ય નિમિત્તની એટલી જ આવસ્યકતા છે.

શ્રીયુત વાડીલાલનુ આ બોલવુ 'કેમેરામાં ફોટો ગ્રહણુ કરવાની શક્તિ છે તેથી તેને પદાર્થ નિરીક્ષણુની અગત્ય નથી' એવુ બાલીશ થતું જોવામાં આવે છે. એક વખત વસ્તુ નિરિક્ષી કાચ તૈયાર કર્યા પછી ગમે તેટલા ફોટાઓ ઉપજાવી શકાય છે એમ બોલે તો તે સુષ્ટુ છે મહાશય! માતાના ગર્ભમા રહેલા બાળકનો ફોટો કેમેરા ઉતારી શકશે ખરો કે? અને તમે કહી શકવા સમર્થ છો કે એ ગર્ભસ્થ બાળક મૂર્તિમાન નથી? તમારા વિચારોના પણ મૂર્તિમાન હોવાના સંબંધના વિચારોમાં પણ આવીજ બાલીશ ફિલોસોફી સ-

માયલી છે. વિચાર મુર્તિમાન છે પણ માતાના ગર્ભથી બાળક જન્મી જેમ મુર્તિમાન પ્રતીત થાય છે તેમ વિચારો પણ વાણિથી તેમજ લેખિનીથી અવતરણ પામ્યા પછીજ અન્યને મુર્તિમાન પ્રતીત થાય છે. શ્રીયુત વાડીલાલ કહેશે કે વિચારકને પોતાને તો તે મુર્તિમાન છે જ. તો અમે પણ જે ધ્યાતાના અતરમા ધ્યેય મુર્તિમાન છે તેના માટે આ કથન કરતા નથી પણ જેને તે મુર્તિમાન લક્ષિત નથી તેના માટે જ આ કથન છે; અને કેટલીક વખત વિચારક પોતે પણ યદ્યપિ તે પોતામાં પ્રવર્તતા છતાં યથા સ્વરૂપે તેને પ્રતીત કરી શકતો નથી; તેને પણ અતરમાં એક અવિચ્છિન્નરૂપે ઓળખવા ઉહાપોહ ચલાવવો પડે છે. તેવીજ રીતે ધ્યાતા જેને, ધ્યેયના સબધમા ઉપર કહ્યા જેવી જ સ્થિતિ છે તેને પણ તેના એક અવિચ્છિન્ન રૂપનો નિશ્ચય કરવા ઉહાપોહ કરવાની આવશ્યક્તા છે. અને આથીજ ધ્યાનના સવિકલ્પ અને નિર્વિકલ્પ એવા બે પ્રકાર યોગશાસ્ત્રમા પ્રકટયા છે. જે ધ્યાતા ધ્યેયરૂપને ધ્યાનમા લક્ષી ગયો છે તે તો કૃતકૃત્ય જ છે. તેને પછી ત્રિપુટી નિર્વાહ રહ્યો જ કયા છે? તે ત્રણે સ્થિતિથી એક જ છે.

વાચક જે શબ્દ, તે વાચ્ય જે પદાર્થના અસ્તિત્વનો સર્વદા નિર્વાહ કરે છે અને નૈયાયિકોનો એ જ સિદ્ધાત છે. વિચાર એ વાસ્તવ શું છે? તે પણ અક્ષરવિન્યાસ છે અર્થાત્ વિચારમાં પણ આકૃતિ શબ્દ સમુહ રહેલો છે. આ બધુ જોતા બાહ્ય નિમિત્ત નિરપેક્ષ ધ્યેયનો ધ્યાનમા આણુવાના સિદ્ધાંતનો નિર્વાહ થઇ જ શકતો નથી.

ભગવતી સુત્રમાં—ચમરેંદ્રનો અધિકાર આવે છે તેમાં ચમરેન્દ્ર વીર પ્રભુનું શરણું કરી સૌધર્મ દેવલોકમાં ગયો છે. તે વખતે વીરપ્રભુ કાયોત્સર્ગ ધ્યાનમા બેઠા છે ત્યાં એવા શબ્દો લખેલા છે કે પુદ્ગલ

ઉપર સ્થાપન કરી છે દૃષ્ટિ જેમણે. આ ઉપરથી બાહ્ય પદાર્થને ધ્યેય રૂપે સ્થાપન કરવાનું પુરવાર થાય છે અને આ ધ્યાન બાહ્ય ત્રાટકના સ્વરૂપને સુચવે છે.

આકાર રહિત નિરાકાર ક્યાંથી આવ્યુ ? જૈનેતર ભક્ત કવિ તુલસીદાસે રામાયણના બાળકાંડની પુષ્ટિકામાં નામવેદના અને સગુણ નિર્ગુણ ઉપાસનાના સંબધમાં એક ઉહાપોહ ચલાવ્યો છે, જેનુ નિરીક્ષણ કરવાથી વાડીલાલની શંકાનું ગુચવાયલુ કોકડુ તુરત ઉખળી જશે. આ શિવાય ભગવત્ ગીતામાં તેમજ અન્ય અનેક દર્શનોમા એમજ પ્રગટયુ છે, કોઇએ એકદમ નિરંજન નિરાકારે—ફાળ ભરી નથી. ક્રીશ્ચીયનો જેવા પણ અમારા સમજવા પ્રમાણે "God made man after his own image" એમ સ્વીકારે છે.

બાહ્ય નિમિત્તના અસ્વીકારમાં વાડીલાલ વળી વીતરાગની સદ્‌ભાવ સ્થાપનારૂપ મુર્તિ–આબેહુબ ફોટોગ્રાફ કયાઇ નથી, વીતરાગના ગુણો છે, સુક્ષ્મ ભુવનપરની આકૃતિ છે, તેનો આભાસ સ્યુળ મુર્તિ ઉપરથી–અસદ્‌ભાવ સ્થાપના પરથી શી રીતે આવી શકે આવુ મંડન કરે છે. આ તદ્દન ભૂલ ભરેલુ છે. યુક્તિ રહીત છે. જો તેમ છે તો જ સ્થુળ રેપાની મુર્તિની આવશ્યક્તા છે. જે વીતરાગના ગુણો જૈન શાસ્ત્રોએ–જૈન આચાર્યોએ પ્રકટયા છે તેવી આબેહુબ સ્થિતિનુ ચિત્ર ધ્યાનમાં ઉતારવાના નિમિત્તરૂપે વીતરાગ દેવની પ્રતિમાની આવશ્યક્તા છે તેમ ધ્યાનમાં દઢયા પછી ભલે શ્રીયુત વાડીલાલ કહે છે તેમ અનાવશ્યક્તા હો.

ફોટો–ચિત્ર મુર્તી યથાર્થ કે અયથાર્થ–મુળ વ્યક્તિના સંબંધમાં તો સરખાં જ છે. યથાર્થ પણ મુળના મુકાબલે તો અયથાર્થ જ છે, એવી કલ્પના કરવી એજ ભ્રાંતિ છે, અથવા મંતવ્યને નિર્વાહવાનો દુરાગ્રહ છે એમ કહેવાય.

શ્રીયુત વાડીલાલને જેણે જોયેલ ન હોય તેને વાડીલાલનો અયથાર્થ ફોટો કોઇ બતાવી વાડીલાલની ઓળખાણ પાડશે તો તે અયથાર્થ માનશે ખરો કે? નહિજ માને, તે જ્યાં જ્યાં પછી તેવો ફોટો ભાળશે ત્યાં તે વાડીલાલનોજ છે એમ સ્વીકારશે. એ વિધિ-વીતરાગ દેવની પણ પ્રતિમાના સબંધમાં સમજવું. વૃદ્ધ પરંપરાથી વીતરાગ દેવની પ્રતિમા પૂજનની જે પ્રણાલી પડી છે તે યદ્યપિ કલ્પિત –અયથાર્થ છે તથાપિ સત્ય–ઉચીત છે. કલ્પના એ સત્યનું અપૂર્ણ રૂપ અને તેના અવલબને જ સત્ય શોધી શકાય છે. પ્રતિમા તો શુ પણ કોઇ પણ આકૃતિ વીતરાગ દેવની મૂર્તિનું સ્મરણ કરાવા ખડી કરવામા આવે તો તેથી તેજ સ્થીતિએ પહોચી શકાય છે એમા કયો સુબુદ્ધિ શકા સેવી શકે? વાડીલાલ માને છે–કહે છે તેમ તો વીતરાગ પ્રભુને વીચરતા જેણે જોયા હોય તે તો જાણી શકે એ અયથાર્થ છે. ૠષભદેવ, પાર્શ્વનાથ, કિંવા વીર પરમાત્મા આવા હતા, અરે તેમા પણ દ્દષ્ટાભેદે ભિન્નતા પડે, કોઈએ કઇ સ્થિતિમા લક્ષ્યા હોય, કોઇએ કઈ સ્થિતિમાં લક્ષ્યા હોય.

અયથાર્થથી બગડી શું ગયુ અને અયથાર્થપણું આવી શામાં ગયુ. એક પાઘડી છે તેને કોઇ કમરે બાધે તો તે પાઘડી નહિ કહેવાતા ભેટ બધણુ કહેવાશે અને કોઇ પહેરશે તો તેને ધોતીયુ કહેવાશે. આમ ક્રિયા ભેદે, આકૃતી ભેદે તેની ઉપયોગિતા વિશેષ સમજાઇ, જ્યારે વસ્તુસ્થિતિ તેની તે રહી. પાઘડી કમરે બાંધવાથી તેનુ પાઘડીપણું શું અયથાર્થ થઇ ગયુ અથવા કમરેથી છોડી માથે વીંટાળવાથી તેને અયથાર્થપણું શુ પ્રાપ્ત થયુ? એ બધો વ્યવહાર કલ્પિત કલ્પનાશ્રિત છે. અને વાડોલાલ આનો ખુલાસો આપી શકશે કે માથે બધાય તેને પાઘડી શા માટે કહેવી, પહેરાય તેને ધોતીયું શામાટે

કહેવું, કમરે બધાય તેને ભેટ શા માટે કહેવી ? અથવા શુ એ વસ્ત્ર એમ કહે છે કે સ્થાનભેદે મારી આવી નામ સંજ્ઞા ધરો ? એ બધો કલ્પિત વ્યવહાર છે અને તે સત્ય મનાય છે. યથા પ્રકારનું જ્ઞાન તથા પ્રકારની ભાવના મનુષ્યમાં પેદા કરે છે, તેમ વૃદ્ધપરંપરાથી ચાલ્યા આવતા મુર્તિપ્રતિષ્ટાના પૂજનના કલ્પિત વ્યવહારમાં પણ યથાર્થતા, ખરાપણું કોણ નથી જોતું ? જૈનો ઋષભદેવના દેરામા જઇ તેમને ઋષભદેવ જ જાણીને વંદે છે–અર્ચે છે, વીર પરમાત્માને વીર પરમાત્માજ જાણી વંદે છે–અર્ચે છે.

પ્રભુ હાલ નિરાકાર નિરંજન છે તેથી શું તે કોઇ કાળે આકારવાળા નહિ હતા ? જો હતા તો તેમની મુર્તિ યદ્યપિ કલ્પિતને પણ તન્મય ભાવથી પુજવામાં હાની કયા આવી રહી છે ? ત્યાં પુજકનો ભાવ પ્રધાન છે–પ્રતિમા નથી, પ્રતિમાને તો તે જાણે છે, કે તે પાષાણની ઘડેલી છે, મનુષ્યે તેને ઘડી છે અને મનુષ્યે પ્રતિષ્ઠિત કરી છે અને યદ્યપિ તે પ્રભુની છે એમ સર્વ કહે છે. આ ભાવ જ આવા પ્રકારનુ સમ્યક્ત્વ–સુશ્રદ્ધા એ જ પૂજકને વસ્તુસ્થિતિ પ્રાપ્ત કરાવે છે, જીનમુદ્રા પુજવાથી પૂજક પૂજ્ય થઇ શકે એ વાતની વાડીલાલને શું નવાઇ લાગે છે ? કીટભૃગન્યાયને વાડીલાલે સ્મરવો જોઇએ છીએ. ગૌતમ ગણધર વીતરાગ ઉપરના આરૂઢ મમત્વથી વીતરાગ દશાને પ્રાપ્ત થયા એ વાતને યાદ આણવી જોઇએ છીએ.

વિદ્વદ્વર્ય શ્રીયુત મણીલાલ નભુભાઇ દ્વિવેદી પોતાના સિદ્ધાંતસાર નામના પુસ્તકમાં પાને ૨૮૭ મે મુર્તિપૂજાના સંબંધમા આ પ્રમાણે લખે છે:—

"હવે એવો પ્રશ્ન સહજ ઉઠશે કે મુર્તિપુજા તે શુ છે ? કયાથી થઇ છે ? કેવળ જ્ઞાનમય માર્ગમાં કેમ સભવે છે ? જે રીતે આપણે

પુરાણુ ભાવનાઓને સમજાવી ગયા તે રીતે યથાર્થ સમજનારને આવી શંકા થવી ઘટતી નથી. મુર્તિ છે તે એક સંજ્ઞા છે-ચિન્હ છે. એનેજ વેત્ર ઉપનિષદ્દાદિમાં પ્રતિક એવું નામ આપે છે; અમુક ભાવના, અમુક અર્થ, અમુક યોજના તેનું જે દશ્ય ચિત્ર પછી મુર્તિરૂપે, યંત્ર રૂપે, મંત્રરૂપે, પુરાણુની કથારૂપે તે પ્રતીક. જો મૂર્તિ પૂજા પ્રતીકરૂપ ન હોય છતા તેવીજ વાસ્તવિક હોય તો તે નિઃસાર, તુચ્છ, અધમ અને જંગલી, પશુવત ગણાય." પણ પ્રતિક રૂપે છે એટલે પરમાર્થ પરમ રહસ્યરૂપ, પુજ્ય, ગંભીર અને મહા ઉત્તમ દેવભાવની સુચકજ સમજાય.

"જે જે શોધકો મુર્તીપુજાને અધમતા આરોપવા ઈચ્છે છે, તે તે મુર્તીઓનુ ને પુરાણોનું રહસ્ય બીલકુલ સમજતા નથી, તેથીજ અવળે માર્ગે ચઢે છે. ઇશ્વર તો બ્રહ્મરૂપ, અનાદિ સતરૂપ, સર્વમય, નિરાકાર, અચિંત્ય જે છે, તેજ સૃષ્ટિરૂપે છે. સૃષ્ટિ વિસ્તારરૂપે છે, સર્વ જે તેની જુદી જુદી સ્થિતિઓના વર્ણન તે વેદના સુકત છે, પુરાણોની કથાઓ છે, ને મંદિરોની મુર્તિઓ છે. અચિત્ય, અવર્ણ્ય, બ્રહ્મનુ વર્ણન કેમ થાય ? મુર્તિ પુરાણાદિ ચિન્હોપમા દ્વારાજ થઈ શકે, માટેજ પરમ સત્યની પરમ ભાષા માત્રજ છે. મૂર્તિપૂજા કયા નથી ? સર્વ ધર્મમા છે, પ્રાચીન તેમ અર્વાચીન આપણને મૂર્તિપુજાની અધમતા સમજાવનારા પાદરીઓ મૂર્તિપુજક નથી ? આપણા કરતા અધમ મૂર્તિના તે પુજકો છે, કેમકે કેવળ માણસનેજ ઇશ્વર રૂપે પુજે છે, પ્રતીક રૂપે નથી પુજતા. ઈસ્લામ ધર્મમા પણ કબ્બરાદિની પુજા-થાય છે, તેમ માશુક રૂપે પણ મૂર્તિનીજ પુજા તેમાના સુફી તરીકા વાળા સમજે છે. ગ્રીસ મીસર એ બધાં તો મૂર્તિમયજ હતાં. તો એકલા આર્યલોકોને પ્રતીક રૂપ મૂર્તિપુજા શા માટે શરમ પેદા કરે છે ? આર્યો પણ પોતે પોતાનું સમજતા નથી, માટે પારકાથી ભમાઈ શરમાય

છે, બાકી જેમ પ્રાચિન કાળથી થતું આવ્યું છે તેમ અદ્યાપિ પણ તેઓ જો ધર્મ અને તત્વદ્રષ્ટિ સબંધે બધા વિશ્વના ગુરૂ થવા યોગ્ય છે. એ બધી વાત ઠીક છે, પણ કોઇ એમ શકા કરશે કે વેદાદિમાં મૂર્તિપુજા છે ? હો વા ન હો તેથી આપણને હાનિ નથી. મૂર્તિપુજા ખરી છે, હોવીજ જોઇએ તેવી છે, વાસ્તવિક છે, સાર્થ છે એટલુ સમજાયા પછી તે પ્રાચીન કાલમાં છે કે નથી એ શંકા નિ સાર છે, વેદનાં સુક્તો ને તેમાંના દેવો તે બધા મૂર્તિરૂપજ છે, કેમકે પારમાર્થિક સત્ય નથી, પ્રતીકોપાસના રૂપે પણ દેવાદિને ઉપનિષદોમાં માન્યા છે તે પણ મૂર્તિપુજાજ છે વળી છેક પાણિનીય આચાર્યની અષ્ટાધ્યાયી રચાઇ હશે, તે વખતે તો, પાષાણાદિમૂર્તિ, હાલમા આપણે દેખીએ તેવીજ પુજાતી હોવી જોઇએ એમ સમજાય છે, જુઓ સુત્ર **गीर्वाकार्थे चापणेय ॥** વળી યોગાદિ શાસ્ત્રની પ્રવૃત્તિ થતાંજ મુર્તિની અપેક્ષા સહજ ઉભી થાય છે. કેમકે તે વિના ધ્યાન સભવે નહિ–યોગ થાય નહિ. યોગાનુશાસન કર્તા અર્થાત અનાદિથી ચાલેલા યોગશાસ્ત્રનો સંગ્રહકર્તા પતંજલિજ ઇ. સ. પૂ. પ્રથમ શતકમાં થયા એમ મનાય છે, તો મૂર્તિપૂજા કેટલી પ્રાચીન હોવી જોઇએ ? ગમે તે રીતે વિચારતા પણ મૂર્તિરૂપી પ્રતીકપૂજા બહુ સૂક્ષ્મબુદ્ધિકૃત પરમ રહસ્ય છે, ને વાસ્તવિક છે. ગમે તેટલા દેવ હોય, મૂર્તિ હોય તેથી બ્રહ્મરૂપ પર-મોપાસનામાં નિતાન્ત ગ્રસ્ત આર્યતત્વને હાનિ નથી, ઉલટી કીર્તિ છે; શ્રીમદ્ ભાગવતમાં યથાર્થ જ કહ્યુ છે **आकाशात् पतितं तोयं यथा गच्छति सागरं । सर्वदेव नमस्कार केशवं प्रति गच्छति ॥** આમ સમગ્ર કક્ષાથી મુર્તિપુજાના સાર્થપણાને સમર્થન મળે છે.” શ્રીયુત વાડીલાલને પણ સમજાયુ હશે કે તે સાર્થ છે.

વિવાદમાં ઉતરવું એ અમારૂ કામ નથી તેમજ જેને જે વાત

પરમ સત્ય રૂપે સમજાઈ હોય તેમાં આડા આવવાનો પણ અમારો દુરાગ્રહ નથી, પણ અમારા ધ્યાનના વિષયમાં શ્રીયુત વાડીલાલે તદ્દભિન્ન ટીકા લખી સંગ્રહી તે ઉપરથી અમારે તેના અવલોકનનુ અવલોકન કરવું પડયુ છે. ઉલ્લેખ એક પ્રકારનો દાખલો છે, અને તે જમાના પર્યંત રહેલા સંભવિત છે એવા સજોગોમાં અમારા તરફથી તેનુ સમાધાન-સમર્થન બહાર ન પડે તો ભવિષ્યમા અમારૂ કથન શાસ્ત્રથી અન્યથા હશે, એમ માનવાને લોકોને કારણુ ન મળે અને તે યથાશાસ્ત્ર છે, એમ સમજાય તેવા હેતુથી આ ઉદ્યમ સેવવો પડયો છે.

જૈનો અને શંકરાચાર્ય.

(૧)

"મુંબઇ સમાચાર" ના અધિપતિ જોગ.

સાહેબ,—જીજ્ઞાસુના ઉત્તરના ૨૫મા મુંબઇ સમાચારમાં તા. ૧૭ મી જુનમાં જૈનો અને આદ્ય શંકરાચાર્યના વાદવિવાદ સંબંધી ખુલાસો એ મથાળા હેઠળ લખ્યો છે અને સહી શંકરાચાર્ય મતાનુયાયી તટસ્થ એવા અક્ષરોથી કરવામાં આવેલ છે તેના સંબંધમાં પહેલાં તો અમો શ્રી શંકરાચાર્યને અને તેમના અનુયાયીને હાલમાં હિંદની સ્થિતિ માટે હિંદવાસી પ્રજાને માટે અને પોતાને માટે શું કરવું જોઇએ તે જ બતાવીશુ.

ઉપરાઉપરી દુકાળોના સંકટથી પીડાતી હિંદવાસી પ્રજા એવી સ્થિતિમાં આવી ગયેલી છે કે જેઓ આર્ય ધર્મમા ઉત્પન્ન થએલ છતા હજારો ખ્રિસ્તી ધર્મને પાળતી થએલ છે, અને કેટલાક બીચારા

પીડાતા રીબાતા મૃત્યુ સન્મુખ થએલા અન્ન વિના પોતાના પ્રાણને બચાવવા શક્તિવાન નથી. કન્યાવિક્રય, બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વીગેરે કુચાલો દિનપ્રતિદિન જુસાભેર વધતા જાય છે અને તેથી ધર્મહીનતા અને પાપ બુદ્ધિમાં વધારો થતો જાય છે. તેમજ શુલ્કના આર્ય રાજાઓ પાશ્ચાત્ય દેશની હાલની કેળવણીથી અને દેશના રીતરીવાજોનુ અનુકરણ કરવાથી ઘણુા ભાગે પાશ્ચાત્ય દેશીઓના જેવી રહેણી કરણી ખોરાક વેશ વર્તન વીગેરેમાં થઇ ગયેલા નજરે પડે છે. જે ક્ષત્રીય વીરો પુર્ણ રીતે ગૌબ્રાહ્મણપ્રતિપાળ હતા અને જેઓ સ્વધર્મને માટે રણમાં રોળાઇ સ્વપરાક્રમ બતાવી પ્રાણત્યાગ કરતા હતા તેઓ હાલ કયો ધર્મ પાળે છે અને કયા ધર્મમા તેમની પુર્ણ શ્રદ્ધા છે, તે ભાગ્યજોગે જ સમજી શકાય તેમ છે. હાલના બ્રાહ્મણોનો મોટો ભાગ પતીત થઇ ગયો છે અને તેઓ પોતાનુ ક્રીયમાન અને પોતાની ફરજ વિદ્યાભ્યાસ ભુલી જઈ પેટભરા તરીકે ભટકતા ખોટું સાચુ કરતા કોઈ જ્યોતીષના નામથી, કોઇ વૈદ્યના નામથી, અને કોઇ મત્રવાદીના નામથી કોઈ જપીઆના નામથી લોકો પાસે પૈસા કઢાવતા અને ઢોંગ કરતા નજરે પડે છે. શસ્ત્રો બાંધવા, ભઠીઆરાનો ધધો કરવો વીગેરે કાર્ય જે બ્રાહ્મણો માટે નિષિદ્ધ છે તેવા કાર્યો પણ બ્રાહ્મણો કરવા મડી પડયા છે. તેઓ હથીઆરો બાંધે છે. સીપાઇગીરીની નોકરી કરે છે. પતિત અને મ્લેચ્છોના સહવાસમાં નિરંતર રહે છે. ઘરોઘર રસોઇઆના ધધા કરતા ભટના નામથી ઓળખાતા બ્રાહ્મણો હજારો ભટકતા દેખાય છે. આવી સ્થિતિ જે બ્રાહ્મણોની થઇ છે તે વિદ્યા વીનાના હોવાથી પોતાનો મુળનો નીયમ મુકી જઇ બ્રાહ્મણ કર્મથી ભ્રષ્ટ થઈ ગયેલા છે, ઇત્યાદી અનેક દુર્દશા નજરે પડતાં શંકરાચાર્ય મહાત્મા જેવા વિદ્વાને તે સુધા-

રવાને માટે પ્રયત્ન પ્રથમ કરવો જોઇએ, પોતાની વિદ્યાનો સદુપયોગ કરવા એમણે જુદી જુદી રાજસભાઓમાં જઇ જુદા જુદા રાજાઓને બોધ આપી ધર્મનીષ્ઠ બનાવવાની જરૂર છે અને દર માસે દર વર્ષે તેની નોંધ જનસમુહની આગળ મુકવાની જરૂર છે કે, આટલા રાજાઓને સ્વજ્ઞાન બળથી તપના તેજથી ધર્મનીષ્ટ બનાવ્યા છે, અને આમ કરવાથીજ લોકોમા શ્રીમત શંકરાચાર્ય પ્રશંસાને પાત્ર થશે.

તે સાથે ગરીબ દુઃખી થતા જીવોને બીજા ધર્મમાં વટલતા અટકાવવા તેમના માટે ઉચ અન્ન-વસ્ત્ર દાનાદિકના આશ્રમ કરાવી આપવા, તેમની વીદ્યામા વૃદ્ધિ કરવી, ગુરૂકુળવાસ જેવા મોટા મોટા આશ્રમ સ્થાપવા સ્થપાવવા, અને વહેવારી તેમજ ધાર્મીક વિદ્યામા લોકો આગળ વધી પોતાની ફરજો અદા કરતા શીખે અને મનુષ્ય ધર્મ શુ છે તે સમજતા થાય તેવા નુતન ઢબનાં પુસ્તકો બનાવી લોકોને આર્ય ધર્મના રહસ્યો સમજાવી તેમ કરવાની જરૂર છે. જુદે જુદે સ્થળે જુદા જુદા વિષયોમાં જુદા જુદા ધાર્મીક અને નૈતીક સામાજીક વિષયો ઉપર જાહેર વ્યાખ્યાનો આપી લોકોનુ હીત કરવાની જરૂર છે, અને પોતાના જ્ઞાનની તેમજ પોતાની વિદ્વત્તાની સાર્થક્તા આમ કરવાથી જ કરી શકાશે અને તેમને લોકોમાં જગત્‌ગુરૂની પદવી ખ્યાતી અને પડીતાઇની જાહોજલાલી પુર્વક સ્તુતિ પણ તેમને મળી શકશે.

બ્રાહ્મણો સ્વધર્મથી ભ્રષ્ટ થઇ ગયા છે તેમને બોધ આપી સ્વધર્મનીષ્ઠ બનાવવાની જરૂર છે અને તેમ કરવાથી તેમના ગુરૂં તરીકે ધારણ કરેલા પદની સાર્થકતા વધારે થઇ શકશે.

હવે શંકરદિગ્વિજયના સંબધમાં આપણે વિચાર કરીએ.

શંકરદિગ્વિજય નામનો ગ્રંથ આદ્ય શંકરાચાર્યના શિષ્ય આનંદગી-રીનો રચેલો છે, જેમાં પોતાની મરજી મુજબ પોતે પોતાના ગુરૂની સ્તુતી કરવા માટે અનેક કલ્પનાઓના લેખો લખી તે ગ્રંથને ગૌરવ-પદ આપેલુ છે, અને તે જ શંકરદિગ્વિજયનું ખંડન પણ જુદા જુદા ધર્મના જુદા જુદા આચાર્યો તરફથી કરવામા આવેલુ છે, જેના પ્રત્યુ-ત્તર તે પછીના શંકરાચાર્યો વગેરે તરફથી લખાયલા નથી. ઘણી વખત એમ બને છે કે પોતાના ઘરમા રહી પોતાને માટે લેખક ગમે તેમ લખી નાંખે છે, અને તેવા ની:સાર લેખો તરફ વિદ્વાનો ઉપેક્ષા કરે છે. તેમ આ શંકરદિગ્વિજય માટે પણ બનેલુ છે. એક ધર્મવા-ળાએ બીજાના ધર્મના તત્વોનુ ખંડન કરવુ એ એક સામાન્ય વાત નથી. પ્રથમ તો જે ધર્મનું ખંડન કરવું હોય તે ધર્મના સિદ્ધાંતનો પુર્ણ અભ્યાસ કરવો જોઇએ, અને દરેક ધર્મના મુખ્ય રહસ્યો ગમે તેવો વિદ્વાન તે ધર્મના રહસ્યજ્ઞ સિવાય પોતે પોતાની મેળે જાણી શકે જ નહીં, અને અવશ્ય ગમે ત્યાં ભુલથાપ ખાધા વિના રહે નહીં; જેમકે હાલમા પાશ્ચાત્ય દેશના શોધક વિદ્વાનો ઘણી જ બારીકીથી શોધ કરી અનેક સાધનો સ્વસંનિધિ રાખી બીજાના ધર્મના પુસ્ત-કોના ભાષાતરો કરે છે અને તેમાં મોટી ભુલો તેઓ કરી નાખે છે, જે પાછળથી તેમને સુધારવું પડે છે. તો શંકરાચાર્યે અને તેમના શિષ્ય આનંદગીરીએ કયા જૈન આચાર્ય પાસે જૈન તત્વનો અભ્યાસ કર્યો હતો એ પ્રથમ દેખાડવાની જરૂર છે. જો તેમ ન કર્યું હોય તો ખા-ત્રીથી માનવું કે જૈન તત્વોની વ્યાખ્યા અને જૈનોનો પારિભાષિક શબ્દોનો અર્થ તેમનાથી કોઇ રીતે સમજી શકાય જ નહીં, અને તેમ ન થવાથી જૈન ધર્મનું ખંડન કરવાની ઉમેદ રાખવી એ વાંઝણીથી પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખવા જેવુ છે.

અને તે સ્પષ્ટ સમજી શકાય છે કે શંકરદિગ્વિજયમાં અને શંકરભાષ્યમાં જૈનોએ માનેલ સપ્તભંગી, સપ્તનય અને અષ્ટ કર્મ અને નવ–તત્વ વિગેરેનું જે ખંડન અને જે વ્યાખ્યા કરી છે તે જૈનશાસ્ત્રથી તદ્દન વિરૂદ્ધ છે, તે અમો હવે પછી બતાવીશું.

આ ઉપરથી એવો કોઈ પ્રશ્ન કરશે કે જૈનોએ જે વેદાંતાદિકનુ ખંડન કરેલું છે તેઓએ કયા વેદાંતજ્ઞ ગુરૂ પાસે અભ્યાસ કર્યો હતો, તો તેનો ઉત્તર અમારી પાસે સરલ છે કે વીરપરમાત્માના અગીયાર ગણધરો વેદાધ્યાયી ને બ્રાહ્મણો જ હતા. વિક્રમરાજાની વખતમા થઇ ગયેલા સિદ્ધસેન દીવાકર તે પણ બ્રાહ્મણ જ હતા. જેમના સમતી તર્ક વીગેરે મહાન ન્યાયના ગ્રંથો બનાવેલા હાલ મોજુદ છે. તે પછી વિક્રમના છઠા સઇકામાં શ્રીમાન હરીભદ્ર સુરી થયા, તેઓ વદના પારંગામી બ્રાહ્મણ હતા, અને તેઓએ જૈન ધર્મ સ્વીકાર્યા પછી પુર્વ અંગીકૃત વેદસિદ્ધાંતોનુ ખંડન કરેલુ છે, અને તેથી તે ખંડન સપ્રમાણજ ગણાય. વળી ભોજના વખતમાં પ્રખ્યાત થયેલા માઘ પંડીતના કાકાના દીકરા સિદ્ધર્ષિ જેમણે ઉપમીતીભવપ્રપંચ ઇત્યાદી મહાન ગ્રંથો બનાવેલા છે અને તેમા તેમણે વેદનું પોકળ સારી રીતે દર્શાવ્યુ છે. છેવટે આશરે અઢીસો વર્ષ ઉપર થઇ ગયેલા મહાન વિદ્વાન્ યશોવિજયજી તથા વિનયવિજયજી જેઓએ કાશીમા રહી બ્રાહ્મણો પાસેથી તેમના તત્વની વિદ્યા મેળવી છે અને તે પછીજ અર્વાચીન ન્યાયની પદ્ધત્તિએ વીકટ ગ્રંથો બનાવી જૈન તત્વનુ સ્થાપન અને વેદાંતાદી તત્વોનુ ખંડન ઘણી સારી રીતે વીશાળ બુદ્ધિથી કરેલું છે, અને જેની પ્રશંસા હાલના નૈયાયિક વિદ્વાનો એક મુખે કરી રહ્યા છે તેમજ બીજા ઘણા બ્રાહ્મણો જૈન ધર્મ સ્વીકારનારા થયા છે, જેમકે વીક્રમના બે ત્રણ

સૈકા પહેલાં શયંભવસુરી જેઓ શયભવ નામના બ્રાહ્મણ હતા અને યજ્ઞ કરાવતાં, જૈન ધર્મનો પ્રતિબોધ પામ્યા હતા. તેમની પછી ભદ્રબાહુ અને વરાહમીહીર બંને ભાઇઓએ સાથે દીક્ષા લીધી હતી, જેમાં વરાહમીહીરથી જૈન ધર્મ ન પાળી શકાયાથી પોતે પાછા બ્રાહ્મણવેશને અંગીકાર કરી વરાહ સંહીતા વિગેરે ગ્રંથો બનાવી જ્યોતીષી થયા, અને ભદ્રબાહુ સ્વામી જૈનાચાર્ય થયા. આર્યરક્ષીત-સુરી પણ બ્રાહ્મણ હતા. નવમા નંદના પ્રધાન શકડાલમંત્રી નાગર જા-તીના બ્રાહ્મણ હતા. તેમના જ્યેષ્ટ પુત્ર સ્થુલીભદ્રે પણ જૈનીય દીક્ષા અંગીકાર કરી હતી અને ભોજરાજાના વખતમા ધનપાળ પંડીત ભોજરાજાનો પુરોહીત બ્રાહ્મણ હતો અને તેઓ ચુસ્ત જૈન ધર્મ પાળવાવાળા હતા. તથા ધનંજય વગેરે કાવ્ય તથા તીલકમંજરી વીગેરે ગ્રંથો તેઓએ બનાવેલા છે, જે હાલ વિદ્યમાન છે, અને ધ-નપાળ પંડીતના ભાઇ શોભને દીક્ષા લઇને શોભનાચાર્યની પદવી મેળવી હતી, અને શોભનસ્તુતી વીગેરે ગ્રંથો બનાવેલા છે, અને બ-પ્પભટ સુરી થયા છે તે પણ બપભટ નામના બ્રાહ્મણ હતા, જેમણે જૈન ધર્મ અંગીકાર કર્યા પછી બાળ મહાભારત ગ્રંથ લખ્યો છે. તેમા વ્યાસની ધાર્મિક સ્તુતી સાથે વેદોનું ખંડન કરેલુ છે. આ સ-ઘળી હકીકત ઇતિહાસથી સિદ્ધ છે. હવે જૈનોને માટે એમ કોઇ પણ કહેવા સમર્થ નથી કે જૈનાચાર્યોએ વેદનુ ખંડન, કેની પાસે વેદના સ્વરૂ-પનુ અધ્યયન કરીને કર્યું છે. પણ આદ્ય શંકરાચાર્ય અને તેમના શિષ્ય આનંદગીરી માટે તો અમો "ચેલેંજ" કરીએ છીએ કે તેઓ જૈન ધર્મનુ સ્વરૂપ કોની પાસે જાણી તેનું ખંડન કરવા ઉતર્યા હતા.

વળી આ ઉપરના લેખથી વાચકોને અને શંકરાચાર્ય મતાનુ-યાયી તટસ્થને વિચાર કરવાનો અવકાશ મળશે કે શંકરદિગ્વિજ-

યમાં મેરૂતુંગ સુરી અને બ્રહસ્પતિ સુરી-જૈનાચાર્યોને શંકરાચાર્યે પરાસ્ત કરી શંકરમતાનુયાયી બનાવ્યા છે એમ જે ફુલાઇને શંકર-દિગ્વિજયમાં લખેલુ છે, તે લેખકને પણ સતોષ થશે કે શંકરાચાર્યનું પરાક્રમ કેટલુ મોટું કે જેને માત્ર અસંભવાત અપ્રસિદ્ધ એ આચાર્યોના નામ આપી જૈનો ઉપર પણ દિગ્વિજય કર્યાનુ દુનિયાને જાહેર કરે છે. ત્યારે જૈનોએ કેટલા બ્રાહ્મણોને જૈની બનાવ્યા તે ઉપરની અલ્પ નોંધ ઉપરથી સમજી શકાશે. છતા ગભીર અને શાંત જૈનો પોતાની પ્રશસા સ્વમુખે કરતા નથી.

હવે લેખક બતાવી શકશે કે જૈનાચાર્યોએ કોઇએ વેદ ધર્મની પ્રશંસા કરી હોય. તામ્રપત્ર હોયા વિશે લેખક લખે છે તો અમો આશા રાખીએ છીએ કે તેની અક્ષરશઃ નકલ બહાર પાડશે કે જે ઉપર અમો ઐતિહાસિક પુરાવા અને શાસ્ત્રીય પુરાવા સાથે સિદ્ધ કરી બતાવશું કે આ તામ્રપત્રનો લેખ કેટલે અશે સત્ય છે.

આટલી હકીકત લખી અમો એમ બતાવવા માગીએ છીએ કે શંકરાચાર્યના અનુયાયીઓએ જમાનો ઓળખવાની જરૂર છે. હાલ ચર્ચાનો વિવાદનો અને ધાર્મિક ઝઘડાઓનો સમય નથી.

લી. મુનિ ચારિત્રવિજયજી.

જૈનો અને શંકરાચાર્ય.

(૨)

સાહેબ—ઉપલા મથાળા નીચે એક લેખ મુબઇ સમાચાર તા. ૨ જી જુલાઈમાં અમારા તરફથી લખાયલો છે. તેમાં અમોએ લખેલું છે કે જૈન તત્વો તથા સપ્તનય તથા સપ્તભગી વીગેરેની વ્યાખ્યા "શકરદિગ્વિજય"મા તદન ખોટી અને કપોલકલ્પિત છે, જૈનો તેવી વ્યાખ્યા કરતા નથી. જૈનો કેવા રૂપમા માને છે તે સબંધી હકીકત અમો હવે આપીશુ, પણ તે લખવા અગાઉ "શંકર દિગ્વિજય"ના સબધમા વધારે અજવાળું પાડવું એ વધારે ઉચિત લાગવાથી તેમજ "તટસ્થ"ને બીજા ઉત્તર દેવાના હોવાથી અમો હાલ તે સબધમાં જ થોડું લખવા ઇચ્છીએ છીએ.

જુદા જુદા પ્રાચીન ધર્મોના શાસ્ત્ર મુખ્ય રીતે ચાર ભાગે લખાય છે.

૧. તાત્વીક ગ્રથો—જેમા ન્યાયપૂર્વક પ્રમાણોથી હેતુ વડે પોતપોતાના સિદ્ધાંતોનું મંડન અને બીજાના સિદ્ધાતોનુ ખડન લખવામા આવે છે, કે જેથી તે શાસ્ત્રો વધારે સપ્રમાણ ગણાય છે, કેમકે તેમાં યુક્તિની અને બુદ્ધિની તીક્ષ્ણતાની મુખ્ય જરૂર રહેલી છે. આવા પુસ્તકો ભલે તે પ્રતીપક્ષીના હોય તોપણ તે વિદ્વાનોના બુદ્ધિબળથી લખાયલાં પુસ્તકો ગણી શકાય, જેમાં પ્રત્યુત્તર બુદ્ધિબળ સિવાય બીજી રીતે આપી શકાય નહીં અને તેવા ગ્રથોમા અનુમાન પ્રમાણ અગ્રપદ ધરાવે છે.

૨. ચરિત્રરૂપે લખાયલા ગ્રંથો—જેમાં વર્ણન અને અલંકારિક ભાષાનો વધારે ઉપયોગ થયેલો હોય છે; તે સાથે જે વ્યક્તિનુ ચરિત્ર લખવામાં આવે છે તેને સર્વોપરી ટોચે કેમ ચડાવવો તે જ લેખકની

મુખ્ય ધારણા હોય છે, અને તે સફળ કરવાને પોતાની બુદ્ધિથી જેટલુ બને તેટલુ લખી ગ્રંથને અને ગ્રંથમાં વરણવેલા નાયકને સર્વથી શ્રેષ્ઠ બનાવે છે. આવા ચરિત્રના ગ્રથોમાં ઘણે ઠેકાણે અને ઘણી વખતે અતિશયોક્તિઓ તથા કપોલ કલ્પિત કલ્પનાઓ વિદ્વાનોને ખુલ્લી રીતે દ્રષ્ટિગોચર થાય છે, એટલું જ નહી પણ કેટલીક એવી અસભવિત વાતો લખાયલી માલમ પડે છે કે તે માત્ર અધ શ્રદ્ધાળુને જ સ્વીકારવા યોગ્ય ગણાય, પણ હાલના નવા જમાનામાં નવી કેળવણીથી નવી આખોએ જોનારા નુતન યુવકો અને સાક્ષર વિદ્વાનો તો માત્ર પ્રમાણીક કસોટીએ કસાયલીજ વાર્તા સ્વીકારવી એજ વિચારને અનુસરનારા હોવાથી તેવાઓને એવા કલ્પીત લેખો હાસ્યને પાત્ર થવા સાથે લખનારની મિથ્યા કલ્પના અને ગ્રથમા લખાએલા વિષય અસત્ય મનાઇ ઉપેક્ષા કરવા લાયક થાય છે.

૩. ઇતિહાસના પુરાવા અને બીજા ઇતિહાસકારોની સમતિ તથા તેની સાથે જે જે વખતનો ઇતિહાસ લખાય તે તે વખતને અનુકુળ સત્ય-યથાર્થ લેખ અને વર્ણન હોય છે, તેમ જ પોતાની લેખિનીને જ સપ્રમાણ ન માનતાં, પોતાની લેખિનીને સર્વ માન્ય બનાવવા માટે બીજા આધારો ટાકવાનો સબળ પ્રયત્ન કરવામા આવે છે. આવા એતિહાસીક ગ્રથો જુના અને નવા વિચારના વિદ્વાનોને સપ્રમાણજ હોય છે અને જો તેમા લેખકે ભુલ કરી હોય તો તે ભુલ માત્ર છે એટલુંજ કહેવાથી ચલાવી લેવાતુ નથી, પણ તે કહેનારે તેવાજ રૂપમા દાખલા સાથે ઇતીહાસની વાતો ટાંકી બતાવી પુર્વ લેખને અસિદ્ધ કરી બતાવવો જોઇએ. આવા ગ્રથોનું અવલોકન અને તેનું ખંડનમંડન વિશાળ બુદ્ધિવાળા વિદ્વાનોથીજ બની શકે છે અને તે જો વાસ્તવિક હોય તો તેમાંથી કોઇએ દુરાગ્રહી બનવું તે કોઇ પણ રીતે ઉચીત નથી.

૪. ક્રિયમાણુ સંબંધી લખાયલાં પુસ્તકો-જેમાં જુદા જુદા ધર્મના મુખ્ય અથવા સામાન્ય સિદ્ધાંતોના રહસ્યને અગ્રપદ આપી મોક્ષપદની અથવા તો સ્વર્ગાદિ સુખની અભિલાષાની લાલચ બતાવી ધર્મક્રિયાઓના બંધારણોના લેખ લખાય છે, જે ક્રિયમાણુનો હેતુ ધર્મસાધન ગણાય છે, તે ધર્મસાધન પૂર્વોક્ત મોક્ષ અથવા સ્વર્ગના સુખને દેનારો હોય છે, તેમા પણ જેટલે અંશે દુરાગ્રહી બુદ્ધિ વાપરવામાં આવે છે તેટલે અંશે તે યોગ્ય નથી, કેમકે તે બુદ્ધિથી પોતાનું ક્રિયમાણ સત્ય અને બીજાઓનુ ક્રિયમાણુ અસત્ય બતાવવાની કુત્સિત ક્રિયામાં ઉતરી પડવાનો મિથ્યા પ્રયત્ન કરેલો કેટલાક ગ્રંથોમા જોવામા આવે છે. માટે આવા ક્રિયમાણુ સંબધી ગ્રથો સદા તકરારી ગ્રંથો ગણાય છે, જેથી તેવા ગ્રંથો માટે સત્યાસત્યની સિદ્ધિ કરવી અને તેમાં ઉતરવું એ વિદ્વાનોએ પોતાની જીંદગીને નિષ્ફલ કરવા જેવું છે. કેમકે તેવી બાબતો સર્વાંશે સર્વને કોઇ રીતે પણ સર્વ માન્ય થઇ શકતી નથી.

હવે વાચકવૃંદને જણાવવાનુ કે "શંકર દિગ્વિજય" નામના જે બે ગ્રંથો જુદા જુદા કર્તાઓ તરફથી બહાર પડેલા છે તે ગ્રંથોનો સમાવેશ, ઉપર બતાવેલી ગ્રંથોની ચાર જાત પૈકી ચરિત્ર રૂપે 'લખાયલા ગ્રંથમાં થાય છે, કારણ કે "શંકરદિગ્વિજય" નો ગ્રંથ એક આનંદગીરીએ બનાવેલો છે તે તથા બીજો માધવાચાર્યે બનાવેલો છે તે બન્નેમાં મુખ્ય કરીને શંકરાચાર્યનુ ચરિત્ર, શંકરાચાર્યની સ્તુતિ તથા શંકરાચાર્યના કર્તવ્યનો સમાવેશ ચરિત્ર રૂપે કરવામાં આવેલો છે, અને તેમા લેખકે મુખ્ય શંકરાચાર્યની સ્તુતિ અને પ્રશંસાનેજ અગ્રપદ આપી પોતાની શંકરાચાર્ય પ્રતિ અનન્ય ભક્તિ બતાવેલી છે. પણ અતિ ભક્તિ ઘણી વખત અંધની પંક્તિમાં ગ-

ણુવામાં આવે છે, કેમકે ભક્તિની અને સ્તુતિની પણુ અમુક હદ હોય છે. "શંકરદિગ્વિજય" ની સ્તુતિ કરતાં, શંકરાચાર્યના મતને ઉંચી સ્થિતિનું સ્વરૂપ આપતા પોતાના કરેલા "શંકર દિગ્વિજય" માં એક એવી ઘાતક કલ્પના લેખકે મુકેલી છે કે જે વાંચતાં વાચકોના શરીરના રોમેરોમ કંપીત થયા વિના રહે નહીં અને ગમે તેવી નીતિની દૃષ્ટિથી જોનાર વિદ્વાન્ પુરૂષને તે લેખ અનીતિની દુર્ગંધી આપ્યા વિના રહે તેમ નથી, અને આવા લેખ ઉપરથી જ માધવાચાર્ય પોતે કેવા અપવિત્ર હૃદયનો માણુસ હોવો જોઇએ તથા પોતાના ધર્મને ઉંચી સ્થિતિએ લાવવા માટે પાપ, પુન્ય અને અનીતિ, નીતિને કોઈપણુ પ્રકારે માન ન આપતા ગમે તે કરવા, કરાવવા તે કેવો તૈયાર હોવો જોઇએ, એ તેના લેખ ઉપરથીજ સિદ્ધ થાય છે. જ્યારે આવો ઉદ્ધત નિર્દય લેખક પોતે પોતાના ગ્રંથમા ગમે તે લખવાની શરૂઆત કરે અને તે વળી હડહડતું અસત્ય હોય તો પછી તેવા લેખકના સમગ્ર ગ્રંથને સાક્ષર ધર્મનિષ્ઠ વિદ્વાન્ કેવું માન આપે એ વાચકો પોતાની મેળે સમજી શકે તેમ છે.

શંકરાચાર્ય પોતે કેવા હતા અને તેમના વિચારો કઇ સ્થિતિની ટોચે પહોચેલા હતા તે સંબંધમાં અમો અત્રે કાંઇ પણુ લખતા નથી. કેમકે જે લેખ અમો બતાવવા માગીએ છીએ તેવો લેખ અમોએ શંકરાચાર્યના કરેલા ગ્રંથોમાં વાચેલો નથી, એટલે આ આરોપથી તેમને દુર રાખી માત્ર માધવાચાર્ય કૃત "શંકરદિગ્વિજય" કેટલે અંશે માન્ય રહે તેમ છે તેજ બતાવવાનુ અમારૂ પ્રયોજન અત્રે છે.

માધવાચાર્ય પોતાના કરેલા "શંકરદિગ્વિજય" માં લખે છે કે "કુમારીલે બૌદ્ધમત વિરૂદ્ધ ઉપદેશ આપ્યો એટલુંજ નહીં,

પણ બૌદ્ધ મતવાળા ઉપર ઘણો જુલમ ગુજાર્યો, અને તે માટે દ-ક્ષિણ હિંદુસ્તાનના રાજાના મનમાં એવો નિશ્ચય કરાવ્યો કે બૌદ્ધ-મતવાળા સર્વે, વૃદ્ધથી લઇને બાળકપર્યંત, શ્વેતુબંધ રામેશ્વરથી હિ-માલય સુધીમાં જ્યાં હોય ત્યાથી પકડી મારી નાખવા અને જે તે-મને ન મારતા તેમના ઉપર દયા લાવે અને રાજાના હુકમને માન ન આપે તેવા માણુસને પણ કતલ કરી નાંખવા." આને માટે મા-ધવાચાર્યે પોતાના "શંકરદિગ્વિજય" મા એક શ્લોક લખ્યો છે કે–

आसेतु रातु साद्रीश्च बौद्धानां वृद्ध बालकं
न हंती यः सहंतव्यो मृत्या नित्य वदन नृपाः

આમ માધવાચાર્યે પોતે પોતાના "શકરદિગ્વિજય" માં લખી પોતાના શાસ્ત્રને ખુલ્લી રીતે મિથ્યા શાસ્ત્ર કહેવરાવવા માગે છે. કે-મકે આ વાત વિચારબુદ્ધિથી અને ઐતિહાસીક દૃષ્ટિથી તદ્દન અ-સત્ય છે; ડાકટર હટર શકરાચાર્યને‌ા ઇતિહાસ લખતા લખે છે કે "કુમારીલ બ્રાહ્મણુ ઈ. સ. ૮૦૦ મા થયા અને શંકરાચાર્ય ઈ. સ. ૯૦૦ માં થયા." હવે ઇ. સ. ૮૦૦ માં કુમારીલ ભટે આ કાર્ય રાજાઓ પાસે કરાવેલુ છે એમ માધવાચાર્ય "શંકરદિગ્વિજય" મા લખે છે, ત્યારે ડાકટર હટર પોતાનો અભિપ્રાય એમ બતાવે છે કે દક્ષિણુ હીંદમાં ઘણુા રાજાઓ તે સૈકામાં હતા, પણ કોઇ રાજાએ આવો જુલમ ગુજાર્યો નથી. માટે એ ખુલ્લુ છે કે માધવાચાર્યે પો-તાની નાની વાતને મોટું રૂપ આપેલુ છે.

વળી શકરાચાર્યે પ્રત્યે બહુ માનની નજરથી જેનાર અને અ-દ્વૈતવાદી શીરોમણી મણીલાલ નભુભાઇ પોતે પોતાના "સિદ્ધાંત-સાર" મા ખુલ્લું લખે છે કેઃ—

"બૌદ્ધ ધર્મ ૧૫ મા સૈકા સુધી ઠેકાણે ઠેકાણે ચાલુ હતો એમ જણાય છે. હવે સાતમા, આઠમા સૈકામા શંકરાચાર્ય, કુમારીલ વગેરેએ એ ધર્મની સામે ઘણો પ્રયત્ન કરેલો છે, વખતે કોઇ કોઇ ઠેકાણે લડાઇ ટંટા પણ થયા હશે પણ બૌદ્ધધર્મને બ્રાહ્મણોએ રાજા પાસે હાંકી કઢાવ્યો, અને તે ધર્મના અનુયાયીઓને કતલ કરાવી નાખ્યા એ વાત તદ્દન કપોલકલ્પીત છે, કેમકે પુરાવાને અભાવે તે વાત સિદ્ધ થતી નથી." સ્વર્ગવાસી ભગવાનલાલનો પણ એજ મત હતો.

આવા આશયનો લેખ મણીલાલ નભુભાઇના "સિદ્ધાંતસાર" માથી ખુલ્લે ખુલ્લો મળી આવે છે, જે ઉપરથી વાચકો સમજી શકશે કે, આઠમા, નવમા સૈકામા બૌદ્ધમતવાળા બાળથી વૃદ્ધ પર્યંતની કતલ કરાવી હતી તો પછી પંદરમા સૈકાસુધી બૌદ્ધમત ઠેકાણે ઠેકાણે ચાલતો હતો એમ મણીલાલ નભુભાઈ લખે છે તે કેમ બને! જો તે વખતે બૌદ્ધોની કતલ થઇ હોય તો પંદરમા સૈકાસુધી તે ધર્મ ક્યાથી રહી શકે? વળી મણીલાલ નભુભાઈ "સિદ્ધાંતસાર"-મા લખે છે કે "બૌદ્ધધર્મ હીંદુસ્તાનમાથી લોપ થઈ ગયો તે માટે તે ધર્મનુ બધાગણુજ જવાબદાર છે. કેમકે મુળથી એ ધર્મની નીતિ બહુ સખ્ત હતી અને તેમા સાધુ થઇ રહેવુ બહુ મુસ્કેલ હતું. તેમાં સર્વોપરી ખોડ એ હતી કે એ ધર્મ કેવળ અભાવરૂપ હતો અને તેથી સામાન્ય લોકોને એકવાર તેના ઉપર જે રૂચી થઇ આવતી તે કાયમ રહેવાના સાધન ન હોવાથી તે લોકોની બુદ્ધિમાંથી તે ધર્મ ખસતો ગયો." જો કે મણીલાલ નભુભાઇ તે ધર્મના અભાવનુ માન, પોતાની વાક્પટુતાથી શંકરાચાર્યનો મત વધતો ગયો અને તેથી બૌદ્ધ મત ઓછો થયો એમ કહી શંકર મતને સમર્પે છે, તો

તે સાથે અમારે કાંઇ લેવા દેવા નથી. અમારે તો અત્રે બતાવવાનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે "શંકરદિગ્વિજય" માં ઘણી બાબતો માત્ર કપોલકલ્પીત લખાયલી છે, જે તેમના મતાનુયાયીઓના લેખોથીજ સિદ્ધ થાય છે

મુંબઈ સમાચારના તા. ૧૭ મી જુનના અંકમાં "જીજ્ઞાસુ" ના ઉત્તરમાં શાંકરમતાનુયાયી "તટસ્થે" એવું પણ લખેલું છે કે "સદ્‌ગત પ્રોફેસર મણીલાલ નભુભાઇ દ્વીવેદીએ પોતાના પુસ્તકોમાં શંકરાચાર્યે જૈનોને હરાવ્યા હતા એમ લખેલું છે" જેના ઉત્તરમાં અમારે "તટસ્થ" ને લખવાનું કે મણીલાલ નભુભાઇએ તેવું લખ્યું હોય એમ અમો માનતા નથી, તેમજ તેમના ગ્રંથમાં સ્પષ્ટ સ્પષ્ટ જણાતું નથી. ઉલટું તે પોતાના "સિદ્ધાંતસારમાં" એમ જણાવે છે કે "બ્રાહ્મણોના વેદ માર્ગને તથા યજ્ઞમાં થતી હિંસાને ખરેખરો ધક્કો જૈન ધર્મવડેજ લાગ્યો છે. બૌદ્ધધર્મે તો માત્ર વેદ માર્ગનો ઇનિકારજ કર્યો હતો, તેને અહિંસાનો આગ્રહ નહતો પણ એ મહાદયા રૂપ પ્રેમમય ધર્મ તો માત્ર જૈનોનો જ થયો કે જેનાથી આખા હિંદુસ્તાનમાંથી પશુયજ્ઞ નીકળી ગયા છે. ફક્ત છેક દક્ષિણમાં કે જ્યાં બૌદ્ધની કે જૈનની છાયા બરાબર પડી શકી નથી ત્યાંજ તે ચાલુ છે."

ઉપલા આશયના લેખથી મણીલાલ નભુભાઇ એક વાત એ પણ કબુલ રાખે છે કે વેદમાર્ગી બ્રાહ્મણો યજ્ઞના નામે હિંસાના કરનારા હતા, અને તે હિંસા અટકી તે માત્ર જૈન ધર્મના પ્રતાપનેજ લીધે. આ ખુલ્લા લેખ ઉપરથી વાચકવૃંદે સમજવું જોઇએ કે જૈનવિજય સાચો કે શંકરદિગ્વિજય સાચો ! કેમકે જૈનોએ યજ્ઞોમાં થતી હિંસા દૂર કરાવી પોતાનો વિજય કરેલો છે એમ, ઉપરથી

સ્પષ્ટ સમજાય છે, ત્યારે "શંકર દિગ્વિજયમાં" જૈનો ઉપર બ્રાહ્મણોએ શુ વિજય કર્યો તે વિષે મણીલાલ નભુભાઇએ કાંઇ લખ્યું નથી. પરંતુ "તટસ્થાનુયાયી" તે વખતે જો મણીલાલ નભુભાઇ પાસે હાજર હોત તો આ ભુલ થવા દેત નહીં.

હવે બીજી તરફ તપાસીએ તો મણીલાલ નભુભાઈ દક્ષીણ દેશ માટે જે લખે છે તેથી ખુલ્લુ દેખાય છે કે હાલ હજારો બકરા, ઘેટાં અને પાડાઓનો વધ, ધર્મના, દેવના તથા દેવીઓના નામે દક્ષિણ દેશમા હજી સુધી થાય છે અને તે દેખીને ગમે તે દયાળુનું હૃદય કંપી ઉઠે છે, માટે હવે જૈનોએ તો પોતાનુ કર્તવ્ય કર્યું પણ શંકરાચાર્ય મતાનુયાયી "તટસ્થે" તે દેશમા થતી આવી મહા નિર્દય હિંસાને અટકાવી નવો અને ખરો શંકરદિગ્વિજય બનાવી લોકોની દૃષ્ટિ આગળ મુકવાની જરૂર છે. જો કે જૈનો તો હજી પણ દેશમા અને દેશ માટે પોતાથી બનતા પ્રયત્નો કરી રહ્યા છે.

મુંબઇ સમાચારના તા. ૧૭ મી જુનના અંકમા તેજ "તટસ્થ" લેખક લખે છે કે "ગુજરાત પાટણમાં લાખા ખાઇ નામે હાલ પ્રસિદ્ધ જગ્યા છે. ત્યા શંકરાચાર્યે એક લાખ ગોરજીઓને પોતાની વિદ્યાથી પરાસ્ત કર્યા હતા અને તેઓએ આપોઆપ પોતાની મેળે પડીને જીવ ખોયા હતા, તેથી તે જગ્યાનુ નામ "લાખાખાઈ" ના નામે આખ્યાયિકા ઇતિહાસમા પ્રસિદ્ધ છે.

ઉપલા લેખમાં વાચકો જોશે કે હાલના જમાનાના વિદ્યાવિનોદી અને દયાળુ લોકોની દૃષ્ટિએ શંકરાચાર્ય હલકા ન પડે એવા હેતુથી લેખક "ગોરજીઓએ આપોઆપ પડી જીવ ખોયા હતા" એવા ડહાપણભરેલા શબ્દો લખી એમ જણાવવા માંગે છે કે લાખ ગોરજીઓ મરી ગયાનુ પાપ શંકરાચાર્યને શીર નથી, કેમકે તેઓ તો

પોતાની મેળે પડી મરી ગયા હતા. વાહ લેખકની ખુબી ! અને શં-
કરાચાર્યનો બચાવ ! ખરી હકીકત તે આખ્યાયિકાની એમ ચાલે છે
કે શંકરાચાર્યે પોતાની વિદ્યાના બળથી એટલુ બધુ પાણી ચડાવી
દીધું હતું કે એક લાખ ગોરજીઓ તે પાણીમાં ગુંગળાઇને મરી
ગયા હતા, એટલે ખાસ લાખ ગોરજીનો યજ્ઞ કરવા માટેજ તે વિ-
દ્યાને સફળ કરી હતી.

ખરી રીતે આ આખ્યાયીકાનુ જે લખાણુ છે તે કોઇ મુર્ખ-
નોજ કપોલ કલ્પીત ગપાટો લાગે છે અને બ્રહ્મનિષ્ઠ મહાત્મા શંક-
રાચાર્ય જેવા દયાળુ સંન્યાસીને મહાઘાતકી–મહાપાપી બનાવી શંકરા-
ચાર્યની નિંદાસૂચક આ લેખ લખેલો છે એમ ખુલ્લુ જણાય છે. કે-
ટલાક મુર્ખ લોકો પોતાના પુજ્ય પુરૂષોની ઉન્નતિ કરવા જતા પો-
તાનાજ હાથે તેમની અવનતિ કરી નાખે છે, તે મુજબ આ લાખા-
ખાઇની કલ્પના પણ કોઇ મુર્ખ શીરોમણીએજ બનાવેલી છે. પણ
“ તટસ્થે ” આવી મુર્ખાઇભરેલી કલ્પનાનો ઉલ્લેખ કરી જૈન મતને
હલકી સ્થિતિમાં મુકવાનો પ્રયત્ન કરતા પોતાના શંકરાચાર્યનેજ તથા
પોતાના ધર્મનેજ અધમ અવસ્થામાં મુકી દીધેલો છે.

વળી લેખક લખે છે કે જૈન મતનુ ખંડન શંકરાચાર્યે કરેલુ
છે તેના ગ્રંથો અમારા શંકરાચાર્યના આશ્રમમા અદ્વૈતવાદ સામ્રા-
જ્ય, પુરૂષાર્થ સંજીવિની, ત્રીદંડીયત વિનોદિની, વીમર્ષ, અને માધવ-
મત ખંડન તથા બ્રહ્મસુત્ર ભાષ્ય હયાત છે, જેમા જૈનો સાથે વાદ-
વિવાદ થયેલો પ્રસિદ્ધ છે. તે વાચી “ જીજ્ઞાસુએ ” આનંદ માનવો
જોઇએ. આના ઉત્તરમાં અમે વિશેષ કઇ ન લખતા એટલુજ લખીશુ
કે “ વાદવિવાદ થયેલો છે ” એ શબ્દનો અર્થ ઘરમાં બેસીને વાદી
પ્રતીવાદી રૂપ લખાણુ લખી તેણે પોતે જ પોતાની મેળે ખંડનમંડન

કરેલુ છે એમ છે. પણ જો તેઓ ખરેખરો વાદવિવાદ થયેલો છે એમ કહેવા માગતા હોય તો અમો ચેલેન્જ કરીએ છીએ કે કયા શહેરમાં કયા સૈકામાં કઈ રાજસભામાં અને કયા વિદ્વાનના અધ્યક્ષપણા નીચે કયા કયા પ્રસિદ્ધ આચાર્યો સાથે કરેલો છે, તે "તટસ્થ" ખુલ્લે ખુલ્લુ બતાવી આપે.

બાકી જો પોતે પોતાની મેળે ખંડનમંડન કરેલા ગ્રંથોને વાંચી તેને વાદવિવાદના ગ્રંથો માનતો હોય તો અમો પણ કહીશુ કે શંકરાચાર્યના મતાનુયાયીઓ સાથે જઇનોને હજાર વખત વાદવિવાદ થયા છે, જેના ગ્રંથો નીચે મુજબ અમારી પાસે પણ મોજુદ છેઃ—

સ્યાદ્‌વાદ મંજરી, રત્નાકરાવતારિકા, તત્વાર્થ વિશેષાવશ્યક, સમતિ તર્ક, ષડ્દર્શન સમુચ્ચય, દ્વીજમુખચપેટીકા, સર્વજ્ઞ સિદ્ધિ, ન્યાયખંડન ખાદ્ય, ન્યાયાલોક, અજ્ઞાન તિમિર ભાસ્કર, તત્વ નિર્ણય પ્રસાદ, જૈન તત્વાદર્શ, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, નયોપદેશ, જૈન તર્કપરિભાષા, આપ્તમીમાસા વીગેરે તૈયાર છે. આ લખવાની મતલબ એટલી જ છે કે લેખક મોટા મોટા ગ્રંથોના નામ આપીને બીજા ધર્મો સાથે વાદવીવાદ થયાનુ આડકતરી રીતે લોકોને સમજાવવા માગતો હોય તો તેવી રીતે અમો પણ લખી શકીએ છીએ. પણ તે લેખનશૈલીને અમો ઉચ્ચી માનતા નથી. આ તો માત્ર લેખકના લખાણના ઉત્તરરૂપે લખવા ફરજ પડી છે.

માધવાચાર્યકૃત "શંકર દીગ્વિજય" ના સંબંધમા અમારે જે વીશેષ લખવાની જરૂર પડી છે તેનુ કારણ એ છે કે "તટસ્થે" જૈન ધર્મ વીરૂદ્ધ ખંડનરૂપમા મુંબઈ સમાચારમા "જીજ્ઞાસુ"ના ઉત્તરમાં જે સ્લોકોના આંક લખી જૈન મતના ખંડનરૂપે "શંકર દિગ્વિજય" નો ઉતારો આપેલો છે તે ઉતારો માધવાચાર્યકૃત "શંકરદિગ્વિજય" મા-

હેલો છે. તેથી તે માધવાચાર્યકૃત શંકરદિગ્વિજયમાં કેવા કપોલ કલ્પિત ધાતકી લખાણો છે તે જણાવવાની જરૂર હતી, કેમકે આવો મતાંધ માણસ બીજા ધર્મોને માટે ગમે તે ખોટું લખી કાઢે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મુજબ જૈન ધર્મના સંબંધમાં શાસ્ત્રથી વિરૂદ્ધ લખાણ તે "શંકર દિગ્વિજયમાં" કરેલું છે.

લી. મુનિ ચારિત્રવિજયજી.

પ્રતિક્રમણ.

પ્રતિક્રમણ એક આવશ્યકી ક્રિયા છે. જે ક્રિયા સાંજે અને સવારે સાધુ અને શ્રાવકો બન્નેને કર્તવ્ય રૂપે પ્રચલિત છે. અને **વીર** પ્રભુ પછી માનાકાક્ષી આચાર્યો અને ઉપાધ્યાયો તેમજ બીજા વિદ્વાનો કાલક્રમે જેમ જેમ થતા ગયા તેમ તેમ પોતાના પક્ષને સબલ કરવાના હેતુથી કહો કે તથા પ્રકારની શ્રદ્ધાને લઇને કહો અથવા તો ભિન્નરૂચિના કારણને લઇને કહો અગર હેતુ તરફ લક્ષ રાખી ક્રમવ્યવસ્થા તરફ દુર્લક્ષ બનીને કહો અથવા બીજા અજ્ઞાત કારણને લઇને માનો પણ પાછલથી પ્રતિક્રમણની ક્રિયામા એટલો ભેદ અને ભિન્નતા તેમજ ક્રમ અવ્યવસ્થા, ગચ્છભેદોએ કરી થવા પામી કે જેમાથી સત્ય શું અને કેટલું તે શોધવું તટસ્થ પુરૂષોને દુઃશક્ય થઇ પડેલ છે; એટલે કે 'ઘરઘરનું પ્રતિક્રમણ થઈ ગયું' એમ કહેવામાં અતિશયોક્તિ નથી એટલું જ નહીં પણ પ્રતિક્રમણના અર્થની સાર્થકતાને બદલે તેજ ક્રિયા વિવાદને માટે અને એક બીજા સાથે વાગ્યુદ્ધથી લડવા માટે આત્માને કલુષિત બનાવવા થઇ પડી છે. અફસોસ! જે ક્રિયા

આત્મિક શુદ્ધિને માટે નિર્મિત થયેલી તેજ આત્મામા મલિનતાની ઉત્પાદક થઈ એવું આપણે અનેક ગચ્છોના લખાએલા ખંડન-મંડનનાં-ગાલી પ્રદાનનાં પુસ્તકો વાંચી માની શકીએ છીએ. આવો ગુંચવાડા ભરેલો વિષય લખતાં લેખકને ગુંચવાડો થાય એ સ્વાભાવિક છે, તો પણ વિચારશીલ ઉદાત્ત મનના વિદ્વાનોને વિચાર કરવાને કારણ મલે અને પડદા પાછલ રહેલી કેટલીએક હકીકત જુદા જુદા વિદ્વાનોથી જાણવાનો પ્રસંગ મલે તેથી આ વિષય હાથ ધર્યો છે.

પ્રથમ તો પ્રતિક્રમણ એટલે શુ ? એ શબ્દનો ભાવાર્થ તપાસીએ:-

स्वस्थानाद्यत् परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥

--આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વીર્ય ગુણ છે. જે ગુણોમા આત્મા શુદ્ધ ઉપયોગથી વર્તતો આચારમા પ્રવર્તતો કહેવાય તે આચાર (સ્વ-ગુણ) માં પ્રમાદના યોગથી પરસ્થાન-અતિચરિતપણુ થઇ જાય અને ફરી શુદ્ધ ઉપયોગ આવવાથી પોતે પ્રમાદ દૂર કરી સ્વાચારમાં ઉપસ્થિત થાય એવી જે ક્રિયા તેને પ્રતિક્રમણ કહે છે-એટલે પાછુ હઠવુ. અતિચારમાથી આચારમા આવવુ તે પ્રતિક્રમણનો હેતુ છે. હવે વિચારીએ કે ઉપર લખેલ અર્થની અને કર્તવ્યની સાર્થકતા જો તેના નામથી તેના નિમિત્તેજ કલેશાલય બનીએ તો કેવી રીતે થઇ શકે ? એ વાચકો પોતેજ વિચારશે. હાલમાં કેટલાએક વખતથી શુષ્કક્રિયાની મહત્તા એટલી બધી વધી ગઇ છે કે માત્ર બાહ્ય પ્રવૃત્તિ એ ધર્મ મનાઇ ગયો છે. વસ્તુતઃ તેવી ધાર્મિક ક્રિયાઓ ધર્મ નથી પણ ધર્મ પ્રાપ્તિનાં સાધનો છે. ધર્મ તો માત્ર આત્માને કર્મમલથી વિરહિત કરવો—શુદ્ધ બનાવવો અને છેવટ ભાવ સંવર પ્રાપ્ત કરવો તેજ છે. જો તન્નિમિત્તે કરાતી ક્રિયાઓથી તે નિમિત્ત સાધ્ય ન થઈ શકે તો

પછી તે ક્રિયાઓની મહત્તા કેટલી આંકવી એ સમજુ વર્ગ પોતેજ સમજી શકશે. પણુ અંધ શ્રદ્ધાનું પ્રાબલ્ય એટલુ બધુ વધી ગયુ છે કે યદ્વાતદ્વા કરાતી ક્રિયાના વિરૂદ્ધ બોલનારા કે લખનારાને તરતજ બીજાં ઉપનામો આપી મૂર્ખ મંડળોમા વગોવવાની શરૂઆત થઇ ચુકે છે. આથી ઘણીવાર સત્ય બાહેર આવી શકતું નથી. ક્રિયાની વિરૂદ્ધ બોલાયજ નહીં, અને ક્રિયાપાત્ર એજ બહુ માનપાત્ર ગણાય. પછી તેઓ કષાય કલેશ કંકાસ વિદ્રોહના કારણો ગમે તેટલા ઉત્પન્ન કરતા હોય, તેમની વૃત્તિ આર્ત રૌદ્ર ધ્યાનમાં લીન હોય, છતાં પણુ તેઓ પવિત્ર વર્ગમા ગણાય છે. લોકોને, તેવી ક્રિયાના હિમાયતીઓ શાસ્ત્રના પવિત્ર શબ્દોનો ગેરઉપયોગ કરી ક્રિયાની મહત્તા એકદેશીય બતાવે છે. અને કહે છે કે "ज्ञानक्रियाभ्याम् मोक्षः" જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે. શબ્દો સાચા છે પણુ વર્તન ખોટું છે જે ક્રિયાને ક્રિયાકારો ક્રિયા માનતા હોય, જે જ્ઞાનને તેઓ જ્ઞાન માનતા હોય તો તેવી ક્રિયા–તેવા જ્ઞાનથી મોક્ષ માનવું એ માન્યતામાં તેઓ છેતરાય છે. ખરી રીતે જ્ઞાન એવુ હોવુ જોઇએ કે જે જ્ઞાનથી કષાય, કપટ, વિગેરેનો અભાવ અને આત્મ સ્વરૂપનું સંવેદન થયુ હોય, જે પૂર્વક કરાતી ક્રિયા કોઇ પણુ કર્મના બંધનને ન કરતાં નિર્જરા માટેજ થઇ શકે-એટલે જે ક્રિયાથી કર્મની નિર્જરાજ થાય. જો કે શાસ્ત્રમાં સરાગ સંયમીને દેવલોકની ગતિ બતાવેલી છે પણુ તે સંયમનું કે ક્રિયાનું ફળ છે એમ બતાવેલ નથી. પણુ શેષ રહેલાં કર્મોને લઇને સરાગભાવથી થતા પુન્યબંધથી તેઓ દેવલોક વિગેરેની ગતિમાં ગમન કરે છે. આટલુ તો આપણે સમજીએ છીએ કે શુભ યા અશુભ એ કર્મજ છે, અને તેના બંધનના દ્વાર તે આશ્રવ કહેવાય. જ્યાં આશ્રવ ત્યાં સંવરનો અભાવજ હોય એ સ્વાભાવિક છે, તો તેવું

જ્ઞાન અને તેવી ક્રિયાઓથી મોક્ષ ન સંભવે એમા નવાઈ જેવી વાત નથી. તેથી શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા તેજ મોક્ષના હેતુ છે એમ સમજાવવું જોઇએ, કે જેથી શ્રોતાઓ તેમ કરવા પ્રેરાય-લલચાય, અને શુદ્ધ જ્ઞાન અને ક્રિયાના તેઓ સહગામી બને. આતો શ્રોતાઓના હૃદયમાં એમ ઠસાવાય છે કે અમારૂ જ્ઞાન અને અમારી ક્રિયાથી મોક્ષ મળી શકે છે, તેથી બને છે અને બન્યુ છે એવું કે જીવન-પ્રાણ વિનાની ક્રિયાઓ ન-.લિત થઈ ગઈ છે, તેમજ તેમા વિશેષે વિશેષે અશુદ્ધિ વધવા પામી છે. કે જે તરફ હાલની કેળવણીના પ્રભાવે વિચારબુદ્ધિ વધવાથી વિચારકોની સંખ્યાનો અમુક અંશે વધારો થવા પામ્યો છે અને તેઓ સમજતા થયા છે કે આવી શુષ્ક ક્રિયાઓ સમજ્યા વિના કરવી તે એક કાલક્ષેપ કરવા જેવુ છે. લોકોની માનસિક સ્થિતિ ક્રિયામા શાંત કેમ રહે? તેને માટે અર્થની જરૂર છે. આટલુ માનીને તેઓ કહેવા લાગ્યા છે કે પ્રતિક્રમણનુ શિક્ષણ અર્થ સહિત આપવું જો કે આ પ્રયાસ સ્તુતિપાત્ર છે, પણ તેટલાથી કાર્યની પરિસમાપ્તિ થતી નથી. જૈન નામ ધારક-પછી તે સાધુ હોય કે શ્રાવક હોય-તેની યોગ્યતા પાત્રાપાત્રતા તપાસ્યા વિના દરેકને ક્રિયા સંમુખ આકર્ષી ક્રિયાપાત્ર બનાવવા-આટલાથી ક્રિયાનો જે પવિત્ર હેતુ તે કોઈ રીતે સચવાતો નથી. હોવુ એમ જોઇએ કે પ્રથમ દ્રવ્યાનુયોગનુ જ્ઞાન અને તેમા પણ આત્મિક એટલે દ્રવ્ય, ગુણ-પર્યાયનું જ્ઞાન સુદ્રઢપણે પ્રાપ્ત કરવુ જોઇએ, કે જેથી શ્રદ્ધાની પ્રાપ્તિ અને શુદ્ધિ સુલભ થઈ પડે, આશ્રવ સંવર યથાર્થ સમજાય, આશ્રવ રોધી સંવરમાં ઉપસ્થિતિની ઇચ્છા પ્રગટે અને તેને માટેજ શ્રદ્ધા શુદ્ધિ અને જૈન બનવાને માટે સર્વ પહેલાં નવતત્વનુ જ્ઞાન પ્રાપ્ત કરાવવું જોઇએ, કે જેથી હેય ઉપાદેયનું જ્ઞાન મળે, તથા પ્રકારે પ્ર-

વૃત્તિ કરાય, અને તે પછી જો પ્રતિક્રમણ કરે તો પ્રતિક્રમણ કરનાર કોણ અને ક્યાંથી હુ પ્રતિક્રમ્યો એટલે ક્યા હતો અને ક્યાં આવ્યો એ કાંઇ સમજાય. જો કે આવી સ્થિતિવાળા બહુજ થોડા નીકળી શકે છતાં પણ જરૂર તેવાઓની છે. તેવા જૈનો જૈન ધર્મમા ઉત્પન્ન કરવાની જરૂર છે. કેમકે જ્યાંસુધી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પાચ આચાર આત્માના ગુણ છે ને તે આત્મિક ગુણ કેવી રીતે આત્મામાં ઉપલબ્ધ થઇ શકે છે એ જ્યા સુધી નથી સમજાણું ત્યાસુધી, તેમા લાગતા પ્રમાદદશાથી અતિચાર તે ક્યાથી સમજી શકાય ? જો કે સ્થળ અને વ્યવહારૂ જ્ઞાન આપનાર નોધ-વદિતા સૂત્ર (શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર) મા તેમજ ભાષામા અમુક વખત પછી અનુપલબ્ધક નામક કોઇએ બનાવેલા પાક્ષિક અતિચારમા જોવામા આવે છે જ ઘણા ભાગે બાહ્ય વ્યવહારને પુષ્ટી આપે છે. એટલે દ્રવ્યાચારમા લાગતા અતિચારોની વ્યાખ્યા ઘણા ભાગે સ્પષ્ટ થાય છે. પણ શ્રાદ્ધ પ્રતિક્રમણ સુત્રના પાછલા ભાગની કેટલીક ગાથાઓમા અતિ રહસ્ય સમજાવનારી હકીકતવાળી ગાથાઓ છે, કે જે ગાથાઓનુ મનન કરતા અત્યાનદ સાથે સ્વીકારવુ પડે છે કે અધ્યાત્મ દ્રષ્ટિથી તે આત્મ શુદ્ધિને માટે અતિ ઉપયોગી થઈ પડે તેમ છે.

પ્રસગોપાત લખવુ પડે છે કે પ્રતિક્રમણ કરનારાઓએ ગુરૂ સમક્ષ અથવા તો સ્થાપનાચાર્ય સમક્ષ દિવસમાં અથવા રાત્રિમા થયેલા, વાચ્ય-અવાચ્ય ગમે તેવાં પાપાચરણો ખુલ્લી રીતે કહેવા જોઇએ કે જેમાથી જે પાપોની વિશુદ્ધિ ‘ મિચ્છામિ દુક્કડ ’ થી થતી હોય તે તેનાથી કરવી અને કાયોત્સર્ગ રૂપ પ્રાયશ્ચિત્તથી થતી હોય તો તેનાથી કરવી, અને વિશેષ પાપનો બંધ પરિણામ વિશેષ કરીને થયો

હોય તો તેને માટે પ્રતિક્રમણુની ક્રિયા સિવાય અન્ય પ્રાયશ્ચિત પણુ ગુરૂ આપે તે સ્વીકારવું જોઇએ. આ વખતે અમારે પ્રતિક્રમણુમાં છ આવશ્યક આવે છે તેનો ક્રમ બતાવવાની જરૂર જણુાયાથી અત્ર સ્થાને લખીએ છીએ.

(૧) પ્રથમ સામાયિક આવશ્યક=એટલે તેની મતલબ એવી સમજાય છે કે સમભાવ (રાગદ્વેષની ઉપશાંતિ પ્રથમ કરવી જોઇએ) અને તેથી માનસિક શુદ્ધિ થયા પછી (૨) બીજુ આવશ્યક ચતુર્વિંશતિ સ્તવ (ચઉવીસથ્થો)નો ઉલ્લેખ કરવામા આવ્યો છે, એટલે માંગલિકને માટે ચોવીસ તિર્થંકરની સ્તુતિ કરી–દેવને વંદન કર્યા બાદ ગુરૂવદન કરવા માટે (૩) ત્રીજું વંદનક નામનું આવશ્યક લખવામા આવેલ છે, આથી ગુરૂને વદન કરવામાં આવે છે એટલે બીજા અને ત્રીજા આવશ્યકથી દેવ અને ગુરૂને વંદન કરી, (૪) ચોથુ આવશ્યક પ્રતિક્રમણુ નામનુ કહેલ છે કે જે આવશ્યકની ક્રિયાદ્વારા કરેલા પાપનું ગુરૂસમુખ નિવેદન કરવું અને તે શ્રવણુ કર્યા પછી પાપાચરણાનુકુલ, ગુરૂ જે કાંઇ માર્ગ બતાવે તે પ્રતિક્રમણુ કરનારે સ્વીકારવો જોઇએ અને તે પછી વિશેષ શુદ્ધિને માટે (૫) પાંચમુ કાયોત્સર્ગ નામનું આવશ્યક બતાવેલ છે. તે પછી (૬) છઠ્ઠું આવશ્યક પ્રત્યાખ્યાન (પચ્ચખાણુ) નામે છે જે એવું સૂચન કરે છે કે તેજ વખતે યથાશક્તિ બાહ્ય તપ સ્વીકારવું જોઇએ. સામાયિકથી જ્ઞાનાચારની શુદ્ધિ, ચોવીસ તિર્થંકરની સ્તુતિથી દર્શનાચારની શુદ્ધિ, પ્રતિક્રમણુથા ચારિત્રાચારની શુદ્ધિ, કાયોત્સર્ગથી તપાચારની શુદ્ધિ, અને પ્રત્યાખ્યાનથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. આ અનુક્રમ બહુ સ્તુત્ય અને આદરણીય છે, પણુ આટલુ તો મારે અહીઆ કહ્યા વિના ચાલતું નથી જ કે જે માણુસ તદન કપટ વિનાનો હોય તેજ ખરી રીતે પ્રતિક્રમણુ

કરી શકે. પોતાના દોષ પ્રગટપણે કહી દેવા એ કાંઇ સામાન્ય વાત નથી, અને જ્યાં સૂધી સરળતા આવી નથી ત્યાં સુધી કપટનો અ-ભાવ બહુ દુર કરી મનુષ્ય જાતમાં કપટનો પ્રાદુર્ભાવ કેમ થાય છે તેનું સામાન્ય અને વિશેષ જે કારણ સમજાય છે તે પણ અમો અત્ર લખીએ તો તે અસ્થાને નહી ગણાય. મનની નિર્બળતા એ એક મુખ્ય કારણ છે. સભય મનવાળો માણુસ દોષાચ્છાદન કરવા કપટને શરણે જાય છે. ઘણીવાર એવા દાખલાવાળા મનુષ્યો જોવામાં આવ્યા હશે કે જેઓ હૃદયબળથી જે કાંઇ હોય તે સાચેસાચુ કહેનારા અને ગમે તેવી પોતાની ભૂલનો બદલો સહન કરવા તૈયાર થયેલા હોવાથી તે ભુલ સ્વીકારતાં બીલકુલ પાછા હડતા નથી. જેઓમા આ શક્તિ નથી તેઓ જ કપટનુ સેવન કરે છે. મનને શુદ્ધ કરવા જ્ઞાની પુરૂષો જે કાંઇ ભાર મુકીને કથી ગયા છે તેનું કારણ પણ એ સમજાય છે કે નિર્મળ મન સબળ બની શકે છે. બીજુ ગૌણકારણ એ પણ જ-ણાય છે કે જુદા જુદા ધર્મ શાસ્ત્રોમા ક્રિયામાન (આચાર) ના બ-ધારણો જે કાંઈ લખ્યા છે તે જે જે કાળમા તે પુસ્તકો લખાએલા હોય તે તે કાલમા મનુષ્યોની શારીરિક અને માનસિક શક્તિ, તેમનુ તે વખતનું સાદુ અને સહેલુ વર્તન, તેમજ તથા પ્રકારનો તેમનો બંધાએલો સ્વભાવ વગેરેને અનુસરી તે આચારનિરૂપણુ રૂપે તત્તત્ કાલીય લખાએલા હોવા જોઇએ. કાલક્રમ, સંજોગો ફર્યા, વર્તન ફર્યા, સ્વભાવ ફર્યા, અને શારીરિક માનસિક શક્તિમા ઘટાડો થયો જેને લઇને તેવા નિયમો સાચવવા અસમર્થ હોવાથી તે નિયમોમાં પોતાની ઉપસ્થિતિ બતાવવાના કારણથી દંભસેવન કરવાનું બીજુ કારણ સમજાય છે. એક જ દાખલો આપણે લઇએ કે **વીર**પરમાત્મા ચોથા આરામાં હતા. તેમના ગૌતમ આદિક મુનિઓ પણ તેજ વખતમાં વજરિષભનારાચ

સંઘેણુવાલા હોવાથી તેમને અનુકૂલ અને તેઓ જેને સમ્યક્ પ્રકારે સેવી શકે-પાલી શકે તેવા નિયમો વીરપ્રભુએ કહ્યા હોય તો તે વાસ્તવિક છે. જો કે આ હકીકત દરેક નિયમોને લાગુ પડતી નથી કેમકે કેટલાએક નિયમો સર્વદા સર્વસામાન્ય પણ છે, પણ ખાસ તપશ્ચર્યાના સંબંધમા અને પરિષહ જે બાવીસ બતાવવામા આવેલા છે તેના સબંધમાં, અને યતિધર્મના જે દશ પ્રકાર બતાવવામા આવેલા છે, નવકોટી શુદ્ધ વ્રત પાળવાના સંબંધમા જે ઉત્સર્ગ માર્ગ બતાવવામા આવેલ છે તે સબંધમા જો વિચાર કરીએ તો એમ સમજી શકાય છે કે તે નિયમો સર્વદા સર્વ સામાન્ય હેતુથી કહ્યા હોય એમ વર્તમાનકાલની સ્થિતિના નિર્બળ મનુષ્યોને માટે તો તે દુર્વહ છે હવે પછી આ અસ્તનો ઉદય થશે એમ જે આશા આ સબંધમા રાખવી એ એક રીતે મનને ફોસલાવવા જેવુ છે, કેમકે બીજી રીતે કહેવુ પડે છે કે કાલ અને તેને લગતા પદાર્થમા રહેલા વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ વિગેરેની હાનીજ થવાની છે તો પછી તેમા ઉદયની આશા રાખવી એ માર્ગને અનુચિતપદ આપવા જેવુ છે. આત્મિક શક્તિ અનંતી છે અને તે જો સ્વરૂપમા પ્રકાશે અને અમુક અંશે યા દેશાંશે કે સર્વાંશે નિરાવરણીય થઈ ખીલે તો ત્યાં શારીરિક અપેક્ષા રહેતી નથી. પણ તેનેજ ખીલવવા વ્યવહારને બીજી રીતે અગ્રપદ અપાય છે અને તેને માટે જ નિયમોમા નિયમિત રહેવા ફરમાવવામા આવે છે. આ રીતે પાછા ફરીને પણ આપણે નિયમો આગલ ઉભા રહીએ છીએ, જેને માટે પહેલા લખાઇ ગયેલ અડચણોનુ અસ્તિત્વ ઉભુ જ છે. આથી નિર્બળોને તથા પ્રકારના નિયમો પાળવામાં અસમર્થતાને લઇને સ્વભાવિક રીતે દંભસેવનની વૃદ્ધિ થવા સંભવ છે. અત્ર સ્થલે કોઇ એમ કહેવા ઉઠશે કે શાસ્ત્રોમા લખેલા નિયમો મુજબ વર્તવા

અમે તૈયાર છીએ તો તેવા બોલનારાઓ પણ એક રીતે બોલવામાં દંભ સેવનજ કરે છે એમ આ લેખક માનશે, અને જો દ્રવ્ય ક્ષેત્ર, કાલ ભાવના વિશેષણો આપી બચાવ કરવામા આવશે તો તે વાત લેખક અંતઃકરણપૂર્વક સ્વીકાર્યા વિના પણ નહિ રહે. વાસ્તવિક રીતે બને છે એવું કે પોતાના બચાવમાં વ્યક્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને, અગ્રપદ આપે છે, અને બીજાઓને લોકદષ્ટિમા હલકા પાડવામા અ-થવા તો પોતા તરફ પૂજ્યભાવ વધારવા બીજાની ન્યૂનતા બતાવવામા મૂળ શાસ્ત્રોના પાઠના ઉલ્લેખો કરી આક્ષેપ માર્ગ સ્વીકારવામાં આવે છે, તો તેથી એક બીજા પોતપોતાને ગમતાં એકએકથી વિરોધી શાસ્ત્રવાકયો શોધી કાઢી કલેશ, કંકાસ, કુસપ અને ઝગડારૂપ જૈન માર્ગમા કંટક વેરે છે. આને લઇને થવું શુ જોઇએ કે જો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવ માનનીય હોય તો તદનુસારે સર્વમાન્ય અને સર્વ-પાલનીય એક બંધારણ બાંધવું જોઇએ, જેથી કપટની થયેલી વૃદ્ધિ ઓછી થાય. બંધારણનુ સાકડાપણુ એજ અસત્ય બોલાવે છે અને કપટ કરતા શીખવે છે. આ હકીકત પ્રસંગોપાત લખવાની મતલબ એજ છે કે પ્રતિક્રમણની ક્રિયા જે કપટ રહીત હોય તેનાથી જ શુદ્ધ રીતે થઇ શકે છે, નહિતો શાસ્ત્રોમાં લખેલા શૂન્ય, દગ્ધ, અવિધિ, અતિપ્રવૃત્તિ વિગેરે દોષોના ઓઘને સેવન કર્યા વિના કોઇકજ ભાગ્યે રહી શકે.

અલ્પ કાળમા આપણે કેટલુ ખોઈ બેઠા છીએ અને ભુલી ગયા છીએ તેનુ સ્મરણ હાલ તો પ્રતિક્રમણના અંગેજ કરીએ. જો કે અમે લખી ગયા છીએ કે પ્રતિક્રમણ ઘરઘરનાં થઇ ગયાં છે, તો લેખકે કયા ક્રમ ઉપર દ્રષ્ટિ રાખી લખવું જોઇએ કે જેથી લેખનો સામાન્ય હેતુ જળવાય? પણ તેમ કરવામાં ઘણી અગવડતા દ્રષ્ટિ આગળ તરે છે જેથી જે સંબંધી વિશેષ અનુભવ લેખક ધરાવે છે તે તરફ

દ્રષ્ટિ રાખી લખવામાં આવશે. અથી બીજાઓએ એમ ન માનવું કે આ લખવાથી સ્વપક્ષ પ્રતિપાદન કરાય છે. આટલુ લખી આગળ ચાલીએ તો પ્રથમ પ્રતિક્રમણના આવશ્યક રૂપે મુળ કેટલાં સુત્રો હોવાં જોઇએ તે વિચારીએ અને તદુપરાત કયા કયા સુત્રો પાછળથી દાખલ થયા છે, તે પણ વિચારીએ. મુખ્ય સુત્રો લેખક જ્યા સુધી સમજે છે. ત્યા સુધી નીચે મુજબ માને છે.

નવકાર, ઇરીયાવહી, તસ્સઉત્તરી, અનત્થ ઉસ્સસ્સીયેણ, લોગસ્સ, કરેમિભતે, નમુથ્થુણં, જયવીયરાય (આભવમખડા સુધી), અરિહતચેઇયાણ, પુખ્ખરવરદ્દી, સિદ્ધાણ બુદ્ધાણ (આદિની ત્રણ ગાથા), સવ્વસવી, વાંદણા, ઇચ્છામિઠામિ, વંદિતુ આટલા સૂત્રો પહેલાથી હોવા જોઇએ. કેમકે આવશ્યક સૂત્રની કેટલીક ટીકાઓમા આટલા સત્રોની ટીકા કરવામા આવેલી છે, અને જેમ જેમ પાછલ પાછલથી ટીકાઓ થતી ગઇ, તેમ તેમ તે તે ટીકા કરનારાઓના કાળમા જે જે સૂત્રોના ઉમેરા થયેલા તેની પણ ટીકાઓ કરવામા આવેલી છે.

હવે પાછળથી સુત્રો અથવા ગાથાઓ જે દાખલ થયેલી છે તે કયા કયા વખતે અને કયા આચાર્યે કરેલ અને કેવા સજોગો વચ્ચે મૂળ પ્રતિક્રમણ સાથે જોડી દેવામા આવેલ છે તે સંબધી ઘણી હકીકત ભૂલી જવાણી છે. જેમકે સિદ્ધાણ બુદ્ધાણમા "ઉજ્જત સેલસીહરે" એ ગાથા બોલાય છે તે કયારે થઇ તેનો ઉલ્લેખ મળી શકે છે કે એક વખત શ્વેતાબરી અને દિગમ્બરી બનેના સઘો ગિરનાર તીર્થ ઉપર ભેગા થયા. તે વખતે બને સઘો વચ્ચે તકરાર થઇ 'કે તીર્થ હમારૂ છે'. આ તકરારના અગે રાજ્ય આગળ તે સબંધી ઇન્સાફ લેવા ગયા. રાજ્ય તરફથી જવાબ મળ્યો કે પોતાનુ તીર્થ છે એવુ જે પક્ષ સાબીત કરી આપે તે પક્ષને તીર્થ સોપવામા

આવશે. તેથી શ્વેતામ્બરી સંઘાધિપતિએ શાસન દેવતાની આરાધના કરી, શાસન દેવતાએ પ્રગટ થઈ સંઘાધિપતિને પૂછ્યુ કે 'મારી આગળ તારી શું માગણી છે'? સંઘાધિપતિએ કહ્યું, આ તીર્થ શ્વેતાંબરીઓનુ છે એવા પુરાવો જોઇએ છે. દેવતાએ કહ્યુ કે 'એક કુંવારી કન્યાને રાજા આગળ લઈ જજો, તે પુરાવો આપશે'. તે પ્રમાણે કુંવારી કન્યાને રાજા આગળ લઇ ગયા અને તે છોકરી "ઉજ્જતસેલસીહરે" એ ગાથા બોલી જેથી તીર્થ શ્વેતાંબરીઓનું છે એમ રાજાએ કબુલ કર્યું અને શ્વેતાંબરીઓને સોંપવામા આવ્યુ. તેની યાદી રાખવા આ ગાથાનો ઉમેરો થયેલો છે.

'ઉવસગ્ગહર' ભદ્રબાહુ સ્વામીએ બનાવેલુ છે, તેની મતલબ એવી છે કે ભદ્રબાહુ સ્વામિ અને વરાહમિહિર બને સગા ભાઇઓ હતા, તેઓએ સાથે દીક્ષા લીધેલી. પાછળથી ભદ્રબાહુ સ્વામિને યોગ્ય જાણી આચાર્ય પદવી આપી. વરાહમિહિરને તે પદવી ન મળવાથી ક્રોધિત બની જૈનીય દીક્ષાનો ત્યાગ કરી પાછો બ્રાહ્મણ બન્યો. એક વખત રાજ્યસભામા ભદ્રબાહુ સ્વામિએ તેના જ્યોતિષના વર્તારાને ખોટો ઠરાવ્યો, જેથી તેનુ અપમાન થયુ. કાલાંતરે વરાહમિહિર મરીને વ્યંતર થયો. ક્રોધથી તે વ્યંતર જૈન સંઘમા ઉપદ્રવ કરવા લાગ્યો, તેની ઉપશાંતિને માટે "ઉવસગ્ગહર" ભદ્રબાહુ સ્વામીએ બનાવ્યો છે-એટલે તે ત્યારપછી દાખલ થયેલ છે.

એવીજ રીતે "લઘુશાંતિ" માનદેવ સુરીએ કરેલ છે 'સંસારદાવા' હરિભદ્ર સૂરિએ બનાવેલ છે. "અજીતશાંતિ" નંદિસૂરિએ કરેલ છે. "સકલાર્હત" હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ઠી પુરૂષ ચરિત્ર બનાવેલ છે તેના આદિ ભાગનુ મંગલાચરણ છે. 'મોટી શાંતિ'ને માટે એમ કહેવામા આવે છે કે તે બૌદ્ધમાથી આવેલ છે-સત્ય શું છે તે વિશેષજ્ઞો જાણે. "સ્નાતસ્યાની સ્તુતિ"ને માટે એક એવી વાત ચાલે છે કે.—

કુમારપાળના ગુરૂ હેમચંદ્રાચાર્યનો શિષ્ય બાલચંદ્ર કરીને હતો. કુમારપાળના ભત્રીજા અજયપાળે રાજ્યના લોભથી, બાલચંદ્રને સમજાવ્યું કે જો કુમારપાળનો જીવ લેવાની કોઇ યુક્તિ કરો તો કુમારપાળના મરણ પછી હુ ગાદીએ આવુ અને કુમારપાળ હેમચંદ્રાચાર્યને ગુરૂ તરીકેનું જેટલુ માન આપે છે તેટલું હુ તમોને માન આપીશ. આ લોભથી બાલચંદ્રે એક વખત પ્રતિષ્ટાના મુહુર્ત્તમાં ગડબડ કરી દીધી, જેથી કુમારપાળનુ મૃત્યુ થયુ અને અજયપાળ ગાદીએ આવ્યો પણ બાલચંદ્રને આપેલ વચન પાળ્યું નહીં. તેમજ બાલચંદ્રને સંઘે પણ સંઘ બહાર કર્યો. તેથી તેની અપકીર્તિ થઇ તેથી બાલચંદ્ર ક્રોધ સહીત મરણ પામ્યો અને વ્યંતર દેવ થયો, સંઘ ઉપર વેર લેવા વાસ્તે સંઘમા ઉપદ્રવ કરવા મંડયો. સંઘે ઉપદ્રવ ટાળવા તેજ વ્યંતરનુ આરાધન કર્યું ત્યારે તેણે કહ્યુ કે મારી કરેલ સ્નાતસ્યાની સ્તુતિ સંઘમા દાખલ કરો અને મારૂ નામ રાખો તો ઉપદ્રવ દૂર થાય. તે પ્રમાણે સંઘે કબુલ કર્યું અને તે સ્તુતિ સંઘમા બોલવા ગોઠવણુ કરી.

બીજી વાત એમ પણ છે કે બાલચંદ્રનુ માન અજયપાળે ન રાખવાથી બાલચંદ્ર અજયપાળ ઉપર ક્રોધિત થયો હતો અને સર્વાનુભૂતિ નામના યક્ષનું આરાધન કરવાથી યક્ષે વર આપેલ ત્યારે માગણી કરી કે અજયપાળનો જીવ લેવો છે. યક્ષે અજયપાળના ઘોડામા પ્રવેશ કર્યો, અને જ્યારે અજયપાળ ઘોડા ઉપર બેઠો ત્યારે અજયપાળને પછાડયો જેથી તે મરણ પામ્યો. સંઘનો તે દુશ્મન્ હતો તેથી આ વાત સંઘને ગમી તેથી સર્વાનુભૂતિ યક્ષનું નામ રાખવા બાલચંદ્રની કરેલ "સ્નાતસ્યાની સ્તુતિ" સંઘમાં દાખલ કરી.

આવી રીતે બીજાં જે જે સૂત્રો, ગાથાઓ, અને શ્લોકો પ્રતિ-

ક્રમણુમાં કેટલાક કારણોને લઇને દાખલ થતા ગયા છે, તે દરેકના કર્તાનાં નામ, અને કઈ સાલમાં, કેવા સંજોગોને લઇને દાખલ કરવામાં આવેલ છે, એમ અનેક હકીકત અનુપલબ્ધ થતી જાય છે, એ થોડું શોચિનીય નથી. તેમ "નમોસ્તુ વર્ધમાનાય"ને બદલે સ્ત્રીઓ "સંસારદાવાની" ત્રણ ગાથાઓ કહે છે તેનુ સબલ કારણ સમજાતું નથી. નિર્બળ બચાવમા સસ્કૃત "નમોસ્તુ વર્ધમાનાય" હોવાથી સ્ત્રીઓને સંસ્કૃતનો અધિકાર નથી–આમ આ .વાત હસી કાઢવા જેવી લાગે છે. કેમકે "સકલાર્હત્" "સ્નાતસ્યાની સ્તુતિ" "લઘુશાતિ" "મોટીશાતિ" અને 'ભક્તામર' વિગેરે વિગેરે સસ્કૃત હોવા છતાં સ્ત્રીઓને શીખવાનો અને બોલવાનો ક્રમ ચાલ્યો આવતો આપણે નજરે જોઇએ છીએ. બીજી એક આશ્ચર્ય ઉત્પન્ન કરનારી વાત એ પણ છે કે 'સુયદેવયા'ની અને 'ક્ષેત્ર દેવતા' ની સ્તુતિ ન બોલતાં 'કમલદલ' ની સ્તુતિજ સ્ત્રીઓએ બોલવી જોઇએ વિચાર કરતાં શ્રુતદેવતાની અને ક્ષેત્ર દેવતાની સ્તુતિ માગધીમાં હોવા છતા સસ્કૃત 'કમલદલ'ની સ્તુતિ શુ કામ સ્વીકારવામાં આવી હશે ? એ સમજી શકાતું નથી. જે પ્રતિક્રમણ નિત્યની ક્રિયા છે અને તેમા બોલાતા સૂત્રોના સંબધમા આપણામાં જ અજ્ઞાનતા વધતી જાય છે તેજ સુચવી આપે છે કે આપણે ક્રિયાના હેતુ તરફ લક્ષ નહીં રાખતાં શુન્યદોષયુક્ત ક્રિયા કરીએ છીએ તેમજ પ્રતિક્રમણમા બોલાતા સૂત્રોના છદોનુ જ્ઞાન અને તેજ છદમા બોલવુ એ પદ્ધતિ સમજુવર્ગમાં પણ ઓછી જોવામાં આવે છે. છદમાં સૂત્રો બોલવાથી ગુરૂ લઘુનો ઉચ્ચાર સ્પષ્ટ થઇ શકે છે અને તેથી અશુદ્ધિના દોષમાંથી ઘણાભાગે બચી શકાય છે. 'અજીતશાતિ' મા છદો સાથે બોલવાની પદ્ધતિ રહી ગઇ છે તો તેથી છંદોના નામ જળવાઇ રહ્યા છે. જો કે તે તે છદોનુ જ્ઞાન

બોલનારાઓમાં ઓછુ દેખાય છે અને મન ગમતા રાગોમાં બોલવામા આવે છે, તોપણુ છંદોનાં નામોનો નાશ નથી થયો એજ આપણે સતોષ માનવાનો છે. જો 'અજીતશાંતિ' માથી છંદો બોલવાની પદ્ધતિ ન રહી હોત તો આજે 'અજીતશાતિ'ની કઇ કઈ ગાથા કયા કયા છદોમાં છે તે પિંગલનો પૂર્ણજ્ઞાની જો શોધવા બેસત તો ઘણી મહેનતે સમજી શકત. બીજા સૂત્રોને માટે હાલ તેમજ બનેલ છે.

બીજી રીતે એક પદ્ધત્તિ એવી પણુ ચાલી છે અને ચોપડીઓમાં છપાવા માંડી છે કે સુત્રોનાં કેટલાંએક મુખ્ય નામ નષ્ટપ્રાય થઇ ગયા છે. જેમકે 'લોગસ્સ'નું નામ 'ચઉવીસથ્થો' (ચતુર્વિંશતિસ્તવ) અગર નામસ્તવ એ નામ મુખ્ય છે 'નમુથ્થુણું'નું શક્રસ્તવ અથવા ભાવસ્તવ નામ છે. વાદણાનુ દ્વાદશાવર્ત વંદન નામ છે. વદિતુતું શ્રાદ્ધ પ્રતિક્રમણુ સૂત્ર નામ છે, એવી રીતે બીજા સુત્રોના પણુ મૂલ નામ જુદા હોવા છતા હાલમા તેમ ન બોલાતા પ્રથમપદને અગ્રપદ આપી તે નામથીજ સુત્રોના નામ કલ્પી લીધેલા છે, એ ખેદનો વિષય છે. બીજી હકીકત એવી છે કે પ્રતિક્રમણુમા 'ભગવાન હ, આચાર્ય હ,' વિગેરે ચાર શબ્દો બોલાય છે તેનો અર્થ વિચાર કરતા કોઈ રીતે બધબેસતો થતો નથી. "ભગવાન આચાર્ય" શબ્દો સસ્કૃતમાં પ્રથમાના એક વચન સૂચક છે ત્યારે "હં" પ્રત્યય સસ્કૃતમા હોવાનો સભવ નથી પણુ તે માગધી ચતુર્થીના અર્થમા હોવો જોઇએ એમ લાગે છે. તો સસ્કૃત માગધીનુ મિશ્રણુ એ કેવો વિચિત્ર દેખાવ આપે છે? અન્ય વિદ્વાનોને તો ઉપહાસ્યનુ જ સ્થાન થઇ પડે તેમ છે. આના સબધમા લેખકની સમજ ફેર થતી હોય તો બીજા સાક્ષરો નવો પ્રકાશ પાડશે તો

તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવશે. આવી વાતો તરફ દુર્લક્ષ રાખવામાં આવશે તો જેવી રીતે હાલમાં અમુક અમુક આચાર્યોના કરેલાં સુત્રો જે પ્રતિક્રમણુમાં બોલાય છે તેને ઠેકાણે તે પહેલાં કયા કયા સુત્રો બોલાતા હશે તેનુ નામ કે નિશાન સ્મરણુમા રહેલ નથી, તેવીજ રીતે ચાલતાં સુત્રોના સંબંધમા ઉપેક્ષા કરવામા આવશે તો ભવિષ્યમા જે કાઇ હાલ સ્મરણુમા છે તે પણુ ખોઇ બેસીશુ.

હવે અશુદ્ધિને માટે—૧) વ્યાવિદ્ધત્વદોષ-વિપરીત બોલવું. ૨) વ્યુત્પ્રામેંડિત્વદોષ-એક આલાવો-આલાપ બીજા સાથે બોલવો તે. ૩) હીનાક્ષરદોષ-ઓછા અક્ષર બોલવા તે. ૪) અતિ અક્ષરદોષ-વધારે અક્ષર બોલી જવા તે. ૫) પદહીન દોષ-પદ વધારે અથવા ઓછા બોલવા તે. ૬) વિનયહીન દોષ-વિનય વિના ગમે તેવા પ્રકારે જે બોલીએ તેને માત્ર મોઢાથી બોલી જવું તે. ૭) ઉદાત્તાદિ દોષ-ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણુ પ્રકારના દોષ છે, તેમા ઉદાત્ત—ઉંચે સ્વરે બોલવુ તે, અનુદાત-નીચે સ્વરે બોલવુ તે, સ્વરિત-સમરીતે બોલવું એટલે અતિ ઉંચે સ્વરે નહિ, તેમજ અતિ નીચે સ્વરે નહી તે. ૮) યોગ હીન-એક પદ અથવા એક અક્ષરને બીજા સાથે યોગ હોય તે તોડી નાંખીને બોલવુ, એટલે કરેલી સંધિ તોડી નાખી બોલવુ તેઃ-ઇત્યાદિક ઉચ્ચારના દોષો અવશ્ય જાણુવા જોઇએ કે જેથી અર્થનો અનર્થ ન થાય. ઘણી વખત વાર્તામા વાચીએ છીએ તો ઘણા ઠેકાણે એમ વાત આવે છે કે આકાશમા ઉડતા કેટલાક વિદ્યાધરો વિદ્યાનો અમુક પાઠ અથવા અક્ષર ભૂલી જવાથી તેઓ જમીન ઉપર આવી પડયા છે અને જ્યારે તેમને તે પદનુ અથવા તે અક્ષરનુ પાછુ સ્મરણુ થયુ છે ત્યારે તેઓ પાછા ઉડી શક્યા છે.

શ્રી શ્રમણુ સુત્રમા પણુ લખેલ છે કે, **हीणक्खरं अच्चक्खरं पयहीणं विनयहीणं घोसहीणं जोगहीण।** હીણુ અક્ષર, હોય

તેના કરતાં ઓછુ બોલવું, હોય તેના કરતા ઉમેરીને બોલવું, પદ કરીને હીણ બોલવું. વિનય રહીત બોલવું એટલે હાથ જોડયા વગર યદ્વાતદ્વા બોલી જવું, ઘોષ એટલે ઉચ્ચાર જેની પહેલાં ઉદાત્ત અનુદાત્ત વિગેરેની સમજણ આપેલી છે તે પ્રમાણે તથા યોગ વહન કર્યા વિના બોલવું એ અનુચિત છે. યોગવહન એટલે તે તે સુત્રો બોલવાની યોગ્યતા પ્રાપ્ત થયેથી ગુરૂ આજ્ઞા આપે કે હવે આ સુત્ર ભણવાને તું લાયક છે, તે પછી તે સુત્રનો ઉપયોગ કરવો તેને માટે યોગવહન અને ઉપધાનની ક્રિયા છે. હાલમા તથા પ્રકારે સચવાતી નથી. માટે પ્રતિક્રમણના સુત્રોચ્ચારની શુદ્ધિ તરફ વિશેષ લક્ષ આપવાની જરૂર છે, અને તે પણ અર્થ સાથે, સમજણ સાથે, હેતુ સાથે, સમજીને બોલાય તોજ શ્રેષ્ઠ ગણાય. જેવા તેવા ઉચ્ચારથી અથવા તો આગળ પાછળ પદ અથવા અક્ષરની વ્યવસ્થા સાચવ્યા વિના બોલવાથી અર્થનો અનર્થ થઈ જાય છે તેને માટે નીચેના એક બે સાદા દાખલા બસ છે –

आग, लगाडी બીજી રીતે **आगल, गाडी** આમા આગની સાથે લ બોલવાથી "આગળ" બોલાય છે અને આગને જુદોજ બોલીએ તો "આગ" એટલે અગ્નિ સળગાવી એમ સમજાય છે.

તેમજ '**दिवानथी**' **दरबारमां छे अंधारुं घोर.** આ ઠેકાણે દીવાનથી દરબારમા અધારૂ ઘોર છે એટલે દીવાન સારો નથી એવો અર્થ થાય છે. પણ જો **दीवा** જુદો પાડી **नथी** બોલીએ તો "દીવા" ન હોવાથી દરબારમા અધારૂ છે એમ અર્થ થાય છે. માટે ઉચ્ચાર શુદ્ધિની ઘણી આવશ્યકતા છે, અને તેટલા માટેજ દરેક સૂત્રોની સંપદા (વિશ્રામસ્થાન) શાસ્ત્રમા નક્કી કરેલ છે, જે હાલ પ્રાય ભુલી જવા જેવુ થઇ ગયુ છે. ઉચ્ચારના સંબધમા આટલુ કહી એક બીજી

ઉપયોગી હકીકત તરફ વાચનારાઓનુ લક્ષ ખેચીએ છીએ કે પ્રતિ-ક્રમણમાં–સામાન્યતઃ દેવસિક રાત્રિક પ્રતિક્રમણમા સાત લાખ એટલે જીવાયોનીની આલોચના અને અઢાર પાપસ્થાનકની આલોચના કરી મિચ્છામિ દુક્કડ દેવામાં આવે છે તેમ પ્રતિક્રમણ સૂત્રમા વ્રતના અતિચાર આલોચવામાં આવે છે. પાક્ષિક, ચાતુર્માસિક અને સાવ-ત્સરિક પ્રતિક્રમણમાં ભાષામા લખાએલ મોટા અતિચાર શ્રાવક અને સાધુ બનેના છે, તે એક વ્યક્તિ બોલી જાય છે અને બીજાઓ ઉપયોગ શુન્ય મનથી પ્રાયશ શ્રવણ કરી 'મિચ્છામિ દુક્કડ' દે છે. એટલે થાય છે એવું કે જેને જે દોષ લાગ્યો ન હોય તેનું પણ 'મિચ્છામિ દુક્કડં' દેવાઇ જવાય છે. તેથી અતિપ્રવૃત્તિ દોષ લાગે છે. હોવું એમ જોઇએ કે અતિચાર અને દોષ આલોચતી વખત અને તે સામાન્ય પાઠ બોલાતી વખત બોલનાર અને સાભળનારાઓએ પોત પોતાને માટે પોત પોતાના મનમા જે જે અતિચાર લાગ્યા હોય તેનુ ખાસ સ્મરણ કરવુ અને તેટલા પરત્વેજ મિચ્છામિ દુક્કડ દેવું. સિવાય જે દોષોથી –જે અતિચારોથી પોતે દુર રહેલ હોય તેની અનુમોદના પોતાના મનમાં કરી આનદ માનવો જોઇએ કે 'હુ આટલા દોષોથી બચ્યો છુ, તેથી હું તે સંબંધમાં આનદ માનુ છુ અને હવે પછી ઇચ્છુ છુ કે જેટલા દોષ મને લાગ્યા છે તેટલા પણ હવે પછી ન લાગો, એવી ઉપયોગ સહિત પ્રવૃતિ મારી થાય.'

એક બીજી વાત લક્ષમા રાખવાની છે કે પ્રતિક્રમણમાં હાલ મિચ્છામિ દુક્કડ દેવાનીજ પ્રધાનતા મનાઇ ગઇ છે, અને તે માત્ર વિવેકના રૂપમાં મનાય છે–કરાય છે. સાવત્સરિક પ્રતિક્રમણ પછી તેવા પત્રો લખવાની પણ પદ્ધત્તિ હાલ ચાલે છે અને તે જો કે સ્તુત્ય છે પણ તેમા પણ સુધારો થવાની આવશ્યકતા લાગે છે. તે સુધારો આટલો જ કે જે પત્રો

પ્રતિક્રમણ કર્યાં પછી લખાય છે કે 'પ્રતિક્રમણ કરી અમોએ તમોને ખમાવ્યા છે,' તેજ પત્રો પ્રતિક્રમણના પહેલાં લખાઈ જવાં જોઇએ અને સામાના પત્રો પણ આવી જવા જોઇએ કે જેથી સકલ જીવ સાથે ખમતખામણાં કર્યાં પછી પ્રતિક્રમણનો અધિકારી બની શકે. પ્રતિક્રમણ પહેલા કરી લેવું અને ખામણાં પછીથી કરવા એ વિપરીત ન્યાય લાગે છે. આ રૂઢી પ્રશસવા જેવી છે અને તેની જરૂર પણ છે. ફક્ત મિચ્છામિ દુક્કડંની જ પ્રધાનતા મનાઈ ગઈ છે. સિવાયના અનેક દોષો જે પ્રમાદવશાત્ લાગ્યા હોય તે તરફ તેવું લક્ષ ખેંચાતુ નથી આટલુ શોચનીય છે. મિચ્છામિ દુક્કડની માફક દરેક દોષોને માટે ઉપયોગ સહ પ્રધાનતા અર્પવામાં આવે તો તે વધારે ઉત્તમ ગણાય.

પ્રતિક્રમણના સંબધમા આ લેખ લખવામા આવેલ છે તેમા બહુધા હાલમાં જણાતી ખામીઓ બતાવવામાં આવેલી છે. તેથી લેખકની માન્યતા અથવા ઇચ્છા એવી નથી કે આ ક્રિયા ઉપયોગી નથી. ક્રિયા અતિ ઉપયોગી છે, નિત્ય નિયમ પ્રમાણે તે અવશ્ય કર્તવ્ય છે, અને ઇષ્ટ છે, પણ થયેલી અને થતી ખામીઓ ક્રિયાને ભવિષ્યમા અસમજસ બનાવનારી છે, તો તેમ ન થાય તેને માટે ખામીઓનુ દિગ્દર્શન કરાવી લેખક ઇચ્છે છે કે તે ખામીઓ નષ્ટ થાઓ અને પ્રતિક્રમણના ખરા સ્વરૂપને પ્રકાશિત કરવાનો સમય મલો, તે વધારે શ્રેયસ્કર નિવડો. જો કે કેટલાએક જુના વિચારકો એમ પણ માની બેઠા છે કે જેમ તેમ જેવી તેવી પણ ક્રિયા કર્યાં કરવી, કરતા કરતા કોઇ દીવસ સુધરશે, તો તે વાત અથવા માન્યતા અમુક અશે ભલે સત્ય હોય પણ તેવા બોલનારાઓને આટલુ તો સ્વીકારવું પડશે કે આપણા ઉઘમ વિના ક્રિયાશુદ્ધિ સ્વત થઇ શકનાર નથી. કેમકે દરેક કાર્ય ઉઘમસાધ્ય છે તો ખામી દુર કરવા ઉઘમ

કરવામાં આવે તો વધારે સારૂં એ જ આ લેખનો હેતુ છે. કેટલાએક ક્રિયાશિથિલો અને ક્રિયાવિહીનો ચાલતી ક્રિયાઓમાં ખામી બતાવી ક્રિયાને નિંદે છે. પોતે કરતા નથી, અને બીજા કરનારાઓને આડે આવે છે, તેઓની બુદ્ધિ ભ્રષ્ટ કરે છે. તો તેઓ ક્રિયા ઉપર અભાવ દર્શક હોવાથી અરૂચીપણાને લઇને વિરાધક ભાવને પામવા સંભવ છે. તેમ જ તેવાઓ ઉત્સુત્ર ભાષણના દોષમાંથી બચી શકતા નથી. જો તેવાઓને અશુદ્ધ ક્રિયા ઉપર અનાદર હોય તો તેમને પોતાને શુદ્ધ ક્રિયા કરતા કોણ અટકાવે છે? જો તેઓ શુદ્ધ ક્રિયાના પ્રેમી હોય તો તેમણે શુદ્ધ ક્રિયા કરી બતાવી બીજાઓને તેવુ અનુકરણ કરતા શીખવવું જોઇએ, બલ્કે નહિ કે પતીતપાતક બનવુ—એટલે જેઓ ક્રિયા પ્રત્યે અભાવ દર્શાવનારા છે તેઓ પણ પોતાના વિચારમા આગ્રહી છે એમ કા ન માનવુ? અને જેઓ શુદ્ધાશુદ્ધ નિરપેક્ષ ક્રિયાઅભિનંદી છે તેઓ પણ પોતાના એક પક્ષી વિચારમા આગ્રહી છે એમ માનવાને કારણ મળે છે. બન્ને પક્ષકારોએ આગ્રહ તજી એક જ સાધ્યબિંદુ સ્વીકારવુ જોઇએ કે શુદ્ધ ક્રિયા કરવી. આમ જો વિચારએકતા થઇ જાય તો સામસામા આક્ષેપ નિક્ષેપો થતા અટકે. આ લેખ લખતા લેખક પોતે પણ પ્રતિક્રમણના ઘણા વિષયના સંબંધમા અજ્ઞાતપ્રાય છે, તેથી અન્ય સાક્ષરો તરફથી મૃદુ ભાષામા સુધારો વધારો કરવામાં આવશે તો તેઓ લેખક અને વાચક બન્નેના ઉપર ઉપકાર કર્તા ગણાશે. તથાસ્તુ.

સમાપ્ત.

વાંચવા લાયક પુસ્તકો.

પ્રેમથી મુક્તિ—સુપ્રસિદ્ધ વકતા મુનિ મહારાજ શ્રી ચારિત્ર વિજયજી કૃત. એ નામનું પુસ્તક ખાસ વાંચવા વિચારવા, અને મનન કરવાજોગ છે. તેમા પ્રેમના પૃથક્કરણપૂર્વક મુક્તિની સાધનામા પ્રેમ કેટલે અંશે ઉપયોગી છે તે ઘણી જ અસરકારક અને બળવાન દલીલોથી પુરવાર કર્યું છે. જૈન તેમજ જૈનેતર વિચારકો કિંવા વિદ્વાન્ પુરૂષો એક સરખા પ્રેમ અને ઉત્સાહથી વાંચી શકે એવો રસ અને પ્રબંધ ફત્તેહમંદ રીતે સાચવ્યો છે. **પુસ્તક માટે અનેક ઉત્તમોતમ અભિપ્રાયો મળ્યા છે,** જેમના થોડા **અભિપ્રાયો વાંચો.** "પ્રસિદ્ધ વકતા શ્રી મુનિરાજ ચારિત્રવિજયજી હમેશાં ઉત્તમ લેખો અને ભાષણો આપી જૈનસમાજ ઉપર ઉપકાર કરે છે. આ ગ્રંથમાં પ્રેમ એ શુ છે અને પ્રેમદ્વારા મુક્તિ કેમ પ્રાપ્ત થાય તે બતાવ્યુ છે. લેખ વિદ્વત્તાભર્યો છે. કિંમત વિશેષ નથી. **ધી "જૈન"** "મુંબાઈ."

" * * * * પ્રેમ એ બે આત્માઓનો અધ્યાત્મિક સયોગ છે—ઉષ્મા છે-આંતર્ જ્યોતિ છે. મુક્તિમાર્ગના યથાર્થ પ્રેમીઓ પ્રેમને એક યોગ તરીકે જ લેખે છે. પ્રસ્તુત પુસ્તકમા પ્રેમ એ શુ છે—કઇ સ્થિતિમા વિકૃત, કૃત્રિમ, કે પવિત્ર છે, ઇત્યાદિ વિષયો સારી રીતે છણવામાં આવ્યા છે. પ્રસગોપાત ગઝલો એ પણ નવા ચિત્ર-રગો પૂર્યા છે। પ્રેમથી મુક્તિ એ સિદ્ધાત જૈનસમાજમા પ્રથમ પ્રસારવાનુ માન મહારાજશ્રીને જ ઘટે છે. **આનંદ—** પાલીતાણા."

" * * * * પુસ્તક મળ્યુ વાચ્યુ–વિચાર્યું તેથી પરમાનંદ થયો છે. ભાષા ઘણીજ ઉંચી વાપરી છે, તેથી વિચારશીલોને

ઘણું જ ઉપયોગી પુસ્તક છે, એમ મારૂ માનવુ છે, દરેક વ્યક્તિને વિચાર પૂર્વક વાચવા મારી ભલામણ છે. **શ્રી નાગજી સ્વામી (સ્થા. જૈન મુનિ) ઘાટકુપર.**"

" * * * * નામનુ અસરકારક પુસ્તક વાંચ્યુ. મારે નિષ્પક્ષપાતપણે કહેવું જોઇએ કે પુસ્તક ઘણી જ સભાળ તથા વિદ્વ-તાથી લખાયેલુ છે વિષય ઘણો ચોખ્ખો છે અને મને ખાત્રી છે કે આ પુસ્તક જનસમાજને સારી રીતે આનદ સાથે લાભકારક થઈ પડશે.

કે. એચ. શાહ. M. A. વઢવાણુસીટી."

કિંમત આઠ આના છે પુસ્તકના પ્રમાણમાં ઓછી છે.

૨. પ્રવૃત્તિ નિવૃત્તિ—લેખક શ્રી ચારિત્રવિજયજી મહારાજ. પૂર્વ તથા પશ્ચિમના દેશોમા પ્રવૃત્તિ તથા નિવૃત્તિ વિષે જે ભૂલભર્યા વિચારો પ્રવર્ત્યા છે તેનો આ ગ્રંથમા પ્રૌઢ-શૈલીથી ઉહાપોહ કરવામાં આવ્યો છે. લેખકનું માનવું એવુ છે કે હિન્દવાસીઓ પ્રવૃત્તિનો યથાર્થ આશય નહિ સમજી શકવાથી આજે ઉદ્યોગહીન તેમજ દરિદ્ર બની ગયા છે.

શ્રીમદ્ **રાજચંદ્ર** જે પ્રવૃત્તિને એક સ્થળે "સાધન બહુ બધન થયાં" એ નામથી વ્યવહરે છે તેનું પ્રકારાંતરે સ્પષ્ટિકરણ કર્યું છે, અને જેઓ માત્ર બાહ્ય ક્રિયાઓમાં જ પરમ નિવૃત્તિ માની બેઠા છે, તેઓને વાસ્તિવિક નિવૃત્તિની યોગ્ય સમજ આપવામાં આવી છે. દરેક વ્યક્તિને ખાસ વિચારવાજોગ વિષય છે. મૂલ્ય ૦—૬—૦.

૩. **આગમ સાર**—શ્રી દેવચદ્ર સુરી કૃત. જૈન ધર્મને લગતી સઘળી બાબતોનું જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનારને માટે આ પુસ્તક

ખાસ મનન કરવા લાયક છે તેના નામ પ્રમાણે તેમાં સઘળા શાસ્ત્રના સાર આવી જાય છે. કીંમત ૦–૧૦–૦

૪. **દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ**—આ ગ્રંથના કર્તા અગાધ શક્તિ ધરાવનાર શ્રીમદ્ યશોવિજયજી છે. આ ગ્રંથમાં દ્રવ્ય, ગુણ, પર્યાય, નય, તત્ત્વ, પ્રમાણુ, સાત ભંગી અને ત્રિભંગી આ દરેક વિષયો ઘણા ઉચ્ચ રીતે વર્ણવેલા છે. ન્યાયનો આ સર્વોત્તમ ગ્રંથ છે. પાકું સોનેરી પુંઠું, પૃષ્ટ ૩૨૫ નો મોટો ગ્રંથ. કીંમત ૧–૪–૦.

૫. **વ્યાખ્યાન (ભાષણ) સંગ્રહ**—મુંબાઇની સઘળી પ્રજામાં અને જાહેર છાપાઓમા જે ભાષણોને માટે ભારે વખાણ થઈ રહેલા છે તે પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્ મુનિ મહારાજ શ્રી **ચારિત્ર વિજયજી** નાં ઉત્તમ ભાષણોનો મોટો સંગ્રહ એક ઘણા જ ઉત્તમ પુસ્તકના આકારમા પ્રગટ થયેલો છે. ધર્મ અને વ્યવહારને લગતા ઘણા જ ઉચા વિષયનો સમાવેશ કરવામા આવ્યો છે. આવૃત્તિ બીજી સુધારા વધારા સાથે. કીંમત ૧–૮–૦

૬. **ચોસઠ પ્રકારી પુજાસંગ્રહ**—શ્રી વીરવિજયજી કૃત આ પૂજા સંગ્રહના અર્થ પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ પોતાની અપૂર્વ શક્તિથી ભાષાંતર કરેલ છે. કીમત ૧–૪–૦

૭. **સમાધી શતક, સમતા શતક અને અનુભવ શતક**—ત્રણેના કર્તા શ્રીમાન યશોવીજયજી છે. ગ્રંથ અતિ ઉત્તમ છે. કીંમત ૦–૮–૦

૮ **સમ્યકત્વ બાર વ્રતની ટીપ**—પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજશ્રી ચારિત્ર વિજયજીએ આ બુક ખાસ તૈયાર કરી છે. આ પુસ્તકની પ્રભાવના કરનારને ઉત્તમ લાભ મળશે. કીંમત ૦–૧–૦

વાંચવા, વિચારવા અને સંગ્રહ કરવા માટે ઉત્તમોત્તમ પુસ્તકો.

૧	પ્રેમથી મુક્તિ પ્રસિદ્ધ વક્તા ચારિત્રવિજયજી કૃત			૦—૮—૦
૨	પ્રવૃત્તિ નિવૃત્તિ...	...	...	૦—૬—૦
૩	વચનામૃત મુનિશ્રી બુદ્ધિસાગરજી કૃત		...	૦—૧૪—૦
૪	યોગદીપક ...	...	...	૦—૧૪—૦
૫	પરમાત્મા દર્શન ..	...	...	૦—૧૨—૦
૬	પરમાત્મ જ્યોતિ	„	...	૦—૧૨—૦
૭	આત્મ પ્રદીપ	„ ...		૦—૮—૦
૮	અનુભવ પચ્ચીશી	„ ...		૦—૮—૦
૯	ભજન સંગ્રહ ભા. ૬	„ ...		૦—૧૨—૦
૧૦	ભરતેશ્વર વૃત્તિ ભાષાંતર,	...	...	૨—૮—૦
૧૧	વર્ધમાન દેશના ભાષાંતર	...	...	૨—૦—૦
૧૨	કથા સંગ્રહ ભાગ ૧	...	...	૧—૦—૦
૧૩	સજ્ઝાય માળા ભાગ ૧	...	..	૧—૦—૦
૧૪	„ ૨	...	...	૧—૦—૦
૧૫	„ ૩	...	...	૧—૦—૦
૧૬	„ ૪	...	...	૧—૦—૦
૧૭	આત્મ વબોધ કુલક	...	...	૦—૮—૦
૧૮	આચારંગ સુત્ર...	...	...	૪—૦—૦
૧૯	ધર્મ રત્ન પ્રકરણ ભાગ ૧-૨-૩		...	૮—૮—૦
૨૦	જૈન તત્વાદર્શ ભાગ ૧-૨ ...		...	૩—૦—૦
૨૧	ધર્મ સંગ્રહ ભાગ ૧	...	...	૧—૦—૦
૨૨	ઉપદેશપદ ભાગ ૧	...	...	૧-૧૨—૦
૨૪	પુજા સંગ્રહ ભાગ ૧-૨-૩-૪		...	૧—૮—૦
૨૫	દેવ વંદન માળા	...	...	૧—૦—૦

૨૬ દેવસીરાઇ પચ પ્રતિક્રમણુ વિધી સહિત આ પુસ્તક જેમને દેવસી, રાઇ, પાક્ષીક ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણુ ન આવડતું હોય તેના માટે ખાસ આ પુસ્તક તૈયાર કરવામા આવ્યુ છે ગુજરાતીમા અક્ષરો છે અક્ષર મોટા છે પાકી સુદર બાઇંડીગ

કીમત માત્ર બાર આના.	...	...	૦-૧૨—૦
૨૭ વૈરાગ્ય શતક...	...	...	૧—૦—૦
૨૮ અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાતર...			૧—૪—૦
૨૯ ગુણવર્મા ચરિત્ર ..	...	...	૧—૮—૦
૩૦ વિદ્યાચદ્ર સુમતિ અદ્દભૂત સચિત્ર નવલકથા.			૧—૦—૦

મહાન પુરૂષો અને સતીઓનાં ઉત્તમ જીવન ચરિત્રો.

શ્રી ચદ્રકુમાર આનંદ મંદીર આવૃત્તિ બીજી		..	૧—૪—૦
,, દાનવીર રત્નપાળ .	.	...	૧—૧૨-૦
,, ઉત્તમ કુમાર ચરિત્ર	...	...	૧—૧૦-૦
,, અભય કુમાર ચરિત્ર	...	..	૧—૪—૦
,, પ્રદ્યુમ્ન ચરિત્ર ભાગ ૧-૨	...	...	૧—૧—૦
,, ધના ચરિત્ર પ્રભાવના માટે અતિ ઉત્તમ		...	૦—૩—૦
,, સતિમડળ ભાગ ૧	..	...	૧—૪—૦
,, ,, ૨	...	...	૧—૦—૦
,, રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર		..	૦—૮—૦
,, જૈન ઇતિહાસ ...	...	...	૦-૧૦—૦

અમારે ત્યા તમામ પુસ્તકો મળે છે. એ દરેક વ્યક્તિની ધ્યાન બહાર નથી માટે જે પુસ્તકો જોઇએ તે અમારે ત્યાથી વિ, પી થી મગાવી લેવુ અમારૂ સુચીપત્ર તૈયાર છે અર્ધા આનાની ટીકીટ માકલનારને મોકલી આપવામા આવે છે.

મેઘજી હીરજીની કંપની

પુસ્તકો વેચનાર અને પ્રગટ કરનાર

મુંબઈ પાયધોની ન. ૫૬૬.

મનોરમા.

મનોરમા, એ કોઇ કીસ્સો કે કહાણી નથી, પણ તેમાં એક બાઇએ પોતાનું જીવનચરિત્ર દિલને ઉસ્કેરે તેવી ભાષામાં અને મર્મભેદક ભાવમાં પોતેજ લખ્યું છે, તેથી તેના વાંચન-વડે સાંસારીક સુધારાની દિશાઓ ઉપરાંત દિલમાં અવનવા ભાવો ઉત્પન્ન થાય છે.

કોણ અજાણ્યું છે?

શ્રી સમરાદિત્ય કેવલીના રાસ કે જે વૈરાગ્યથી અને કરૂણા રસથી ભરપુર છે, અને જેના વાંચનથી તથા શ્રવણથી હાજર રહેલા શ્રોતાઓ ગદ્દ! ગદ્દ!! થઈ જાય છે, તે કથાથી કોણ અજાણ્યું છે!

આ સમરાદિત્ય કથાનું નવલકથાના રૂપમાં અવતરણ કરી હાલમાં અમોએ બે જુદા જુદા ભાગોમાં પ્રગટ કર્યું છે. તેનું નામ અને મૂલ્ય નીચે પ્રમાણે છે.

શ્રી પુન્ય	પ્રભાવ	ભાગ ૧	કિંમત	રૂ. ૧-૦-૦
,, ,,	,,	,, ૨	,,	રૂ. ૧-૦-૦

પોસ્ટેજ જુદું.

રત્નમાળ.

આ પુસ્તકમાં ગુજરાતના રાજ્યો તથા રાજવંશીઓની છુટક તવારીખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ અલેકઝાન્ડર કિન્લોક ફાર્બસ સાહેબે મેળવેલો અને કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ લખેલો. તેની બીજી આવૃત્તિ છપાવી સુંદર છપાઈ ઉંચા કાગળ અને સારા બાઇંડીંગમાં પ્રગટ થઇ છે.

કિંમત બાર આના.

પોસ્ટેજ જુદું.

અમરસિંહ.

આ નામનુ પુસ્તક નોવેલ અથવા વાર્તાના રૂપમા છે, અને કાળા માથાનો માનવી દીર્ઘ વિચારપુર્વક કયાં સુધી દ્રષ્ટી પોહોચાડી કાર્ય કરે છે તેનો આબેહુબ ચિતાર રજુ કરે છે. તેમજ છુપી પોલીસના અમલદારો સરકારની સત્ય નિષ્ઠાથી નોકરી બજાવતાં, સત્ય, દયા, અને નીતિને અનુસરી કેવાં અદ્‌ભુત કાર્યો કરતાં યશ સપાદન કરે છે, તેનું આબેહુબ દિગ્‌દર્શન છે.

કિંમત ૦-૧૨-૦
પોસ્ટેજ જુદું.

ઇંદ્રકુમાર.

આ પુસ્તકમાં મુખ્ય નાયક ઇંદ્રકુમાર અને નાયીકા તારાસુંદરીના વૃત્તાતથી દંપતીના પરસ્પર શુદ્ધ ધર્મોનું સત્ય સ્વરૂપ વાંચનારની દ્રષ્ટી આગળ તાદૃશ્ય ખડું થાય છે. ધૈર્ય અને પવિત્રતાની મૂર્તિ તારાસુંદરીનું પાત્ર આર્યબાળાઓને ઉત્તમ બોધ આપનારૂં છે. નિમકહલાલ કારભારી લક્ષ્મીપ્રસાદનું પાત્ર પ્રત્યેક મનુષ્યને તેવા નિમક-હલાલ અને સત્યવાદી થવાનો બોધ આપે છે. એ પ્રમાણે આખી નવલકથા વ્યાવહારીક, ધાર્મિક અને નૈતિક વિષયો ઉપરજ લખાયલી છે. વાંચનારને અતિ લાભદાયક થશે.

કિંમત ૦-૧૪-૦ પોસ્ટેજ જુદું.

લઘુ ગ્રંથમાળા.

આ ગ્રંથમાળામા નાના પણ ઉપયોગી વિષયો પ્રકટ થાય છે. દાખલા તરીકે.—

નીતિ સૂત્રમાળા	૦-૨-૦
પરમાત્માને પગલે	૦-૨-૦
વૈરાગ્ય શતક	૦-૨-૦
આત્મ નિરીક્ષણ.	
ભજન ધુન.	

લખો—

મેસર્સ મેઘજી હીરજીની કું.
પાયધુની, નં. ૫૬૬. મુંબાઈ.

श्रीप्रभाचन्द्राचार्यविरचित

प्रमेयकमलमार्तण्ड।

जैनदर्शनका यह बहुतही विलक्षण और उच्चकोटिका न्यायग्रन्थ है। श्रीमाणिक्यनन्दि, आचार्यका जो परीक्षामुख नामका प्रसिद्ध ग्रन्थ है, उसकी यह बृहद्वृत्ति है। इसके कर्ता धाराधीश महाराज भोजदेवके समयमे हुए है। अर्थात् यह लगभग ८००-९०० वर्षका प्राचीन न्यायग्रन्थ है। जैनधर्मके मान्य सिद्धान्तोका इसमे बडेही पाण्डित्यके साथ निरुपण किया गया है। अन्यान्य धर्मोका खंडन भी बडी प्रबल युक्तियोंसे किया गया है। यह श्रीहर्षके खंडनखाद्यकी शैलीका अपूर्व ग्रन्थ है। प्रत्येक नैयायिक विद्वान्‌को यह अपूर्व ग्रन्थका अवलोकन करना चाहिये। खुले पत्रोमें बहुतही सुन्दरताके साथ छपा है।

(मूल्य मय पुंठोके केवल ४)
रुपया, डाकखर्च ॥

સન્નતા અને વય, સ્ત્રીને અનુકુળ રાખવા બાબત, ગધ અને કેશથી સ્ત્રી વશ કેવી રીતે રહે, સ્ત્રી પર પ્રીતિનુ પ્રયોજન, મર્કટ સમાન, કામાતુરનાં લક્ષણુ, કામપ્રિય સ્ત્રીઓ સાથે શુ ન કરવું, સ્ત્રીનો પ્રેમ ક્યારે તુટે, રાગવિનાની સ્ત્રીનાં લક્ષણુ, સ્ત્રીઓ પાસે દુર્ગંચ્છા ન કરવી, કુલીન સ્ત્રીઓએ શુ શુ કરવું. પતિ પરદેશ હોય ત્યારે કેમ વર્તવુ, રજસ્વળા ટાઇમમા શુ વર્જવુ ગર્ભાધાન ક્યારે કરવુ, કેવા વખતમા ગર્ભાધાન થયુ હોય તો કવી કેવી પ્રજા થાય, ઉદરમાં ગર્ભ કેવી રીતે ઉછરે છે, ગર્ભાશય રહે છે, જન્મ વખતે કયા કયા નક્ષત્રો હોય તો શુ શું થાય, સતતીની ઓળખ, દાતનો સમય અને લક્ષણુ, નિદ્રા ક્યારે અને કેવી રીતે લેવી.

આ ગ્રથ દરેક વ્યક્તિનો સજ્જન મિત્ર છે, સલાહકાર છે, અને જે ઇચ્છા થાય તે સમ્પૂર્ણ ફતેહમદ રીતે પુરી પાડનાર તો આજ ગ્રથ છે. આવો ગ્રથ હજી સુધી એકે બહાર પડયો નથી અને અને પડવાના સભવ નથી, કારણકે પૂર્વના આચાર્યોમાં અગાધ શક્તિ હતી જેના આધારે તેઓ ધારતા તે કરી શકતા હતા.

પ્રિય સજ્જનો !

આ ગ્રંથ જોવા માટે ખાસ અમો આપને ભલામણ કરીએ છીએ, માટે અવશ્ય ગ્રથ જોવા અમારી કુપનામા પધારી સેવકોને આભારી કરશો. આવા ઉત્તમ ગ્રથો જો હાથમાંથી નિકળી ગયા તો ભવિષ્યમાં મળવા સંભવ નથી.